માનવમાત્રના

# શરણાનંદ

નલિન ઉપાધ્યાય



# માનવતાના મૂળ સિદ્ધાંત

૧. આત્મનિરિક્ષણ, અર્થાત્ પ્રાપ્ત વિવેકના પ્રકાશમાં પોતાના દોષોને જોવા.

૨. કરેલી ભૂલને ફરીથી ન કરવાનું વ્રત લઈ સરળ વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરવી.

૩. વિચારનો પ્રયોગ પોતાના પર અને વિશ્વાસનો બીજાઓ પર અર્થાત્ ન્યાય પોતાના પર અને પ્રેમ તથા ક્ષમા અન્ય પર.

૪. જિતેન્દ્રયતા, સેવા, ભગવત્ ચિંતન અને સત્યની ખોજ દ્વારા પોતાનું નિર્માણ.

૫. બીજાઓનાં કર્તવ્યને પોતાનો અધિકાર, બીજાઓની ઉદારતાને પોતાનો ગુણ અને બીજાઓની નિર્બળતાને પોતાનું બળ ન માનવું.

૬. પારિવારિક તથા જાતીય સંબંધ ન હોવા છતાં પણ પારિવારિક ભાવનાને અનુરૂપ જ પારસ્પરિક સંબોધન તથા સદ્ભાવ અર્થાત્ કર્મની ભિન્નતા હોવા છતાં પણ સ્નેહની એકતા.

૭. નજીકના જનસમાજની યથાશક્તિ, ક્રિયાત્મકરૂપે સેવા કરવી.

૮. શારીરિક હિતની દૃષ્ટિથી આહાર, વિહારમાં સંયમ તથા દૈનિક કાર્યોમાં સ્વાવલંબન.


૯. શરીર શ્રમી, મન સંયમી, બુદ્ધિ વિવેકવતી, હૃદય અનુરાગી તથા અહમ્‌ને અભિમાનશૂન્ય કરીને પોતાને સુંદર બનાવવા.

૧૦. સિક્કાથી વસ્તુ, વસ્તુથી વ્યક્તિ, વ્યક્તિથી વિવેક, વિવેકથી સત્યને વધારે મહત્ત્વ આપવું.

૧૧. વ્યર્થ ચિંતનનો ત્યાગ તથા વર્તમાનના સદુપયોગ દ્વારા ભવિષ્યને ઉજ્જવળ બનાવવું.

માનવમાત્રના

# શરણાનંદ



બ્રહ્મલીન પૂજ્યપાદ સ્વામી શ્રી શરણાનંદજી મહારાજ

# પ્રાર્થના

મારા નાથ !
તમે તમારી
સુધામયી
સર્વ સમર્થ,
પતિત પાવની,
અહૈતુની કૃપાથી
દુઃખી પ્રાણીઓનાં હૃદયમાં
ત્યાગનું બળ
તેમજ
સુખી પ્રાણીઓના હૃદયમાં
સેવાનું બળ
પ્રદાન કરો,
જેથી તેઓ
સુખ-દુઃખનાં
બંધનથી
મુક્ત થઈ,
તમારા પવિત્ર પ્રેમનું
આસ્વાદન કરી
કૃતકૃત્ય થઈ જાય.

મારા નાથ !
તમે તમારી
સુધામયી
સર્વ સમર્થ,
પતિત પાવની,
અહૈતુની કૃપાથી
માનવમાત્રને
વિવેકનો આદર
તથા
બળનો સદુપયોગ
કરવાનું સામર્થ્ય
પ્રદાન કરો,
તથા હે કરુણાસાગર !
આપની અપાર કરુણાથી
તુરત જ રાગ-દ્વેષનો
નાશ કરો.
બધાંનું જીવન
સેવા, ત્યાગ, પ્રેમથી
પરિપૂર્ણ થઈ જાય.

## માનવમાત્રના

# શરણાનંદ

લેખન - સંપાદન

નલિન ઉપાધ્યાય

પ્રકાશક

શરણાનંદ પ્રેમી પરિવાર

*Manavta Matra na : Sharananand*

***by Nalin Upadhyay***

© નલિન ઉપાધ્યાય

કિંમત : અમૂલ્ય

મુદ્રણસજ્જા
**અમિત ઓઝા**
મીડિયા પીપલ
૧૦૩, મંગલમૂર્તિ, કાળવા ચોક, જૂનાગઢ.

પ્રકાશક
શરણાનંદ પ્રેમી પરિવાર

મુદ્રક
ચંદ્રિકા પ્રિન્ટરી, અમદાવાદ

# સાધનાની પગદંડી

સંતો આપણા જીવનની ખડકીએ જાણે દીપ મૂકવા આવે છે જેથી અંતરબહિર ઉજાસ પથરાય. પ્રભુપ્રેમમસ્ત સંતોનું આપણી વચ્ચે હોવું એ પણ કેવી મોટી મિરાત અને અમીરાત ! તેમની અહંશૂન્ય જાગ્રત ચેતનાનો સંસ્પર્શ તેમના દેહવિલય પછી પણ થતો જ રહે છે. આપણે આપણા મૂળ લક્ષ્યને, સ્વરૂપને ભૂલીને ભટકતા હોઈએ છીએ ત્યારે આવા સંતો આપણને રાહ દેખાડી જાય છે, રાહ પર ચડાવી જાય છે. સ્વામી શરણાનંદજી એક અનોખા ક્રાંતિકારી સંત હતા. પ્રભુપ્રેમરસથી લબાલબ ભાવિત, જ્ઞાનના પ્રકાશથી ભરપૂર પ્રકાશિત અને પરહિતભાવનાથી આકંઠ દ્રવિત આ સંત પાસેથી જીવન અને સાધનાનો, ધર્મ અને અધ્યાત્મનો, સમસ્યાઓ અને વેદનાનો જે વિમર્શ આપણને મળે છે તે સમગ્ર માનવજાત માટે રસાયણ છે. જાગૃતિપૂર્વક, હોંશપૂર્વક જીવવું એ જ ક્ષણેક્ષણની સાધના છે. સાધક માટે તો રોજબરોજનું જીવાતું જીવન જ પૂજાહોમ સામગ્રી છે અને તેમાં અવધાનની જ્યોત જલતી રહે એ જ યાત્રા છે. પ્રસ્તુત પુસ્તક 'માનવમાત્રના શરણાનંદ' આવા સાધકો માટે, જીવનયાત્રીઓ માટે જાણે સરળ રીતે કેડી કંડારી આપે છે.

સ્વામીજી સ્વયં રૂઢિગત જડતાથી સર્વથા મુક્ત હતા. 'માનવતામાં જ પૂર્ણતા' એ તેમનો કેન્દ્રવર્તી સંદેશ હતો અને સેવા, ત્યાગ અને પ્રેમ તે તેનો માર્ગ. સેવા એટલે : મેરા કુછ ભી નહીં, ત્યાગ એટલે : મુઝે કુછ ભી નહીં ચાહિએ અને પ્રેમ એટલે : મૈં કુછ ભી નહીં હૂં ! આ પુણ્યસલિલા ત્રિવેણીમાં સ્નાન કરતા રહીએ તો ભવબાધા હરાઈ જાય. સ્વામીજીએ સમગ્ર ધર્મ-અધ્યાત્મની યાત્રામાં 'માનવ' અને 'માનવતા'ને મૂકી નવો જ આયામ આપ્યો. કારણ કે તેમની સામે પ્રશ્ન હતો : વ્યક્તિનું કલ્યાણ અને સુંદર સમાજનું નિર્માણ કેમ થાય અને વ્યક્તિ શાંતિ અને મુક્તિ કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? કરુણાપ્રેરિત, સર્વાત્મભાવથી ભાવિત આ સંતે તેનું ગહન ચિંતન કર્યું અન આપણને વહેંચ્યું. તેમાંથી દરેક પ્રકારના સાધકને માર્ગદર્શન મળે છે. સાધક કર્મપ્રધાન હોય, વિચારપ્રધાન હોય કે ભાવપ્રધાન હોય, પણ જ્યારે તે સહાયતા-લાચારી, મૂંઝવણ-પીડા, થાકોડો-

અશક્તિ અનુભવે ત્યારે આવા સંતો પ્રેરણા અને શક્તિ, ઉષ્મા અને સ્ફૂર્તિ પ્રેરી રહે છે. સ્વામીજીના ચર્મચક્ષુ તો શૈશવથી જ વિલાયાં હતાં પણ જાણે દિવ્ય લોચનિયાં ઊઘડી ગયાં હતાં. આજે તો ગુરુ, શાસ્ત્ર, સંપ્રદાય, યોગ, ધર્મ, અધ્યાત્મને નામે જે અનુભવાય છે તેમાંથી આ પુસ્તકના વિચારો જુદી ભાત પાડનારા છે. જીવનદેવતા કેન્દ્રમાં છે અને માનવતા દ્વારા તેને જ અર્ઘ્ય અપાયો છે. આ નાના-શા ગ્રન્થમાં સ્વામીજીના જીવન અને દર્શનની તેમજ તેમના દ્વારા પ્રેરિત સંસ્થા માનવ સેવા સંઘની થોડી ઝલક વાચકને મળશે.

સાધકો માટે આ નાની પુસ્તિકા જાણે ભોમિયો બની રહે છે. સ્વામીજી તો સતત વાર્તાલાપો આપતા રહ્યા હતા અને પ્રશ્નોત્તર કરતા રહ્યા હતા. અહીં તે વિચારોનું થોડું દોહન છે. સ્વામીજીએ સાધકોના જીવનના રોજબરોજના પ્રશ્નોનું ટૂંકમાં છતાં સરળ અને મર્મશીલ માર્ગદર્શન આપ્યું છે. અહીં દેવકીજીનો જે પ્રશ્ન છે તે જાણે બધાનો છે : 'હું ઈચ્છું છું તે થતું નથી અને જે થાય છે તે ગમતું નથી અને જે ગમે છે તે રહેતું નથી તો હું શું કરું ?' એક ખાલીપો, અભાવ, અસલામતી, ભય જાણે આપણે બધા અનુભવીએ છીએ. શું કરવું ? સ્વામીજી કહે છે : 'આપણે આપણા અભાવને પોતાના જ વિવેકદીપથી જોવા-સમજવા-પરખવાનો છે. અને તો જણાશે કે અભાવનું મૂળ કારણ છે સ્વની ઓળખ નથી તે. સ્વની ઓળખ, સ્વજ્ઞાન થાય તો કોઈ ભય કે અભાવ ન રહે. જે વ્યક્તિ પોતાના સુખનો આધાર બીજાને માને છે તે સુખી ન કહેવાય. સુખી-ઉન્નત એ છે કે જે પ્રાપ્ત વિવેકનો આદર કરે અને શક્તિનો સદુપયોગ કરે.'

'માનવ સેવા સંઘ'ની સ્થાપના જીવનની મૂળ ખોજ માટે છે. આપણી મૂળ ખોજ શી છે ? સ્વામીજી અનુસાર : 'પોતાનું વ્યક્તિગત કલ્યાણ અને સુંદર સમાજનું નિર્માણ.' સ્વામીજી કહે છે : 'માનવતામાં જ પૂર્ણતા નિહિત છે અને તેની પ્રાપ્તિ એ જ તો છે આપણા જીવનનો ચરમ ઉદ્દેશ અને તે પ્રાપ્ત કરવા માટે આપણે સ્વાધીન અને સમર્થ છીએ.' સુંદર સમાજના નિર્માણ માટે સ્વામીજી નાની અને જાદુઈ વાત કહે છે : 'પોતાના અધિકારોનો ત્યાગ અને અન્યના અધિકારનું રક્ષણ.' સઘળાં વેદના અને પરિતાપ, યુદ્ધ અને અશાંતિ પછી રહે ખરાં ? સેવા, ત્યાગ અને પ્રેમ તેમાંથી અનાયાસ આવે. સ્વામીજી 'અચાહ' અને 'અપ્રયત્ન'ની વાત કરે છે પણ કર્મક્ષેત્રને છોડવાની વાત તેમની નથી. કર્મ કરતાં કરતાં શાશ્વત શાંતિ અને મુક્તિ પ્રતિ કેવી રીતે જવું તેની જ ચાવી સ્વામીજી આપે છે.

સેવા, ત્યાગ અને પ્રેમનો સંદેશ કાંઈ નવો નથી. સ્વામીજી તેને નવી રીતે મૂકી આપે છે અને સેવા, ત્યાગ અને પ્રેમ એ કાંઈ અલગ અલગ વિભાગ નથી, સઘળું એકમેવ એકાકાર છે. સ્વામીજી

કહે છે, સેવાની શરૂઆત તો પોતાની જાતથી જ કરવાની છે અને પોતાની જાતથી સેવા કરવી એટલે 'બૂરાઈરહિત થવું.' બુરાઈરહિત થવું એ ચિત્તશુદ્ધિ માટેનું, શાશ્વતીના સ્પંદનો ઝીલવા માટેનું પ્રથમ પગથિયું. અને બૂરાઈરહિત થવા માટે શું કરવું ? 'સુખીઓને જોઈ પ્રસન્ન થાઓ, દુ:ખીઓને જોઈ કરુણાવાન થાઓ.' ક્યાંય પ્રતિક્રિયા, અધિકારભાવ, નકારભાવ ન આવે. સેવા એ માન, સન્માન, અભિમાન, રુચિપૂર્તિનું સાધન નથી. પણ પ્રભુપ્રાપ્તિ માટે છે. મહાત્મા ગાંધીજીએ આ કરી બતાવ્યું. સ્વામીજી કહે છે : 'સેવાનો અર્થ છે આપણને જે કાંઈ મળેલું છે તે પ્રભુના સંબંધથી બીજાની સેવામાં લગાડી દઈએ. આ જ છે પ્રભુની પૂજા અને આ જ છે ભજન.' આપણે સતત સ્મરણમાં રાખવું પડશે કે આ શરીર હું નથી. પ્રભુપ્રાપ્તિનાં સોપાન તેનાથી ચડાય છે અને પછી પરમ વિશ્રામ, જ્ઞાન, વિવેક ઉજાગર થાય છે. સેવા એટલે પ્રાપ્ત સામર્થ્યથી, સદ્‌ભાવપૂર્વક રાગમુક્તિની સાધના. સ્વામીજી કહે છે : સેવામાં 'શરીરથી સહયોગ અને મનથી સદ્‌ભાવ.' સહયોગને સીમા રહેશે પણ સદ્‌ભાવ તો અસીમ છે. જીવનની સાર્થકતા સેવામાં છે. આ શરીર એ સંસારરૂપી વાટિકાની સેવાસામગ્રી છે અને સેવામાં સામર્થ્ય નહીં, ભાવ મહત્વનો છે. આપણા શરીર અને સમગ્ર સૃષ્ટિ વચ્ચે એક અભિન્નતા, જાતિગત એકતા છે. એટલે આ શરીરથી તેની સેવા કરવાની છે અને પ્રભુપ્રાપ્તિનું તે જ માધ્યમ છે. જો ગાફેલિયત આવી જાય તો સેવા એ અહમહિમકાનું મેદાન બની જાય ! એટલે સ્વામીજી લાલબત્તી ધરે છે કે સેવાને રુચિપૂર્તિનું સાધન ન બનાવશો. સેવા એ તો પ્રેમનો સહજ પ્રકર્ષ છે. પ્રેમમાંથી તે સહજ પ્રવાહિત થાય. વ્યક્તિ તે વિના રહી ન શકે, એવી વ્યાકુળતા અનુભવે. સેવા એ જીવનની કોઈ અલાયદી પ્રવૃત્તિ નથી, તે જ જીવનશૈલી છે, તે જ ધર્મ છે, તે જ સાધના છે અને તેમાં જ જીવનની સાર્થકતા છે. મન, વચન, કર્મથી બૂરાઈરહિત થવું અને મેરા કુછ ભી નહીં હૈ એ ભાવ સ્વભાવ બની જાય તે સેવાધર્મનું સાર્થક્ય.

અને ત્યાગ એટલે ? ત્યાગનું સૂત્ર છે : 'મુઝે કુછ ભી નહીં ચાહિએ.' 'મેરા કુછ ભી નહીં હૈ'ની સહજ પરિણતી છે 'મુઝે કુછ ભી નહીં ચાહિએ.' જાગૃતિપૂર્વક આગળ વધતા સાધક માટે આ સહજ પ્રક્રિયા છે. સાધક એટલે જ ઊર્ધ્વ પ્રતિ ગતિ કરનાર. અને આ ઊર્ધ્વગતિ કરવી એટલે આખરે તો પોતાના સ્વરૂપને પિછાનવું, પોતાની સ્વાધીનતા મેળવવી અને પોતાનું સામર્થ્ય વિકસાવવું. જીવન એ કાંઈ સતત સતત દોડધામ, સંકલ્પની પૂર્તિ કરવી તે નથી. સ્વામીજી કહે છે : 'જીવન તો છે સર્વસંકલ્પ નિવૃત્તિ' આ માટે સેવાના ફળનો ત્યાગ એ પ્રારંભિક અવસ્થા પણ 'નિજવિવેકના પ્રકાશમાં અસત્‌નો ત્યાગ' કરવાનો છે. અસત્‌નો ત્યાગ થશે એટલે સત્‌ની પ્રાપ્તિ સ્વંય થશે. આપણે બધા દેહભાવથી બંધાયેલા છીએ અને તેને સત્ માનીને વર્તીએ છીએ. સ્વામીજી

આ વાતને સરસ રીતે સમજાવે છે કે શરીરમાં સતત ફેરફાર થાય છે તે આપણે જોઈએ-અનુભવીએ છીએ એટલે તે સત્ નથી. સત્ એટલે અપરિવર્તનિય, શાશ્વત. શરીર સત્ ન હોવાથી તે શાશ્વત જીવનનો આધાર ન બની શકે. આનું નામ ત્યાગ. જે વસ્તુ સત્ નથી તે પેદા થતાંની સાથે જ નાશ તરફ ગતિ કરે છે તે વસ્તુને પોતાની ન માનવી તે ત્યાગ.

આપણે આગળ જોયું કે સ્થૂળ શરીરની શુદ્ધિ કરવાની છે અને તે માટે બૂરાઈરહિત થવાનું છે. સ્થૂળ શરીરની શુદ્ધિ માટે અચાહ થવાનું છે. અચાહ એટલે સમર્પિત થવું - સૃષ્ટિ માટે. કારણ કે પ્રભુનો વાસ તો સમગ્ર સૃષ્ટિમાં છે. સૃષ્ટિ એ જ છે પરમાત્માનું સાકાર સ્વરૂપ. આ અચાહ, સમર્પિતભાવ વ્યક્તિને બૂરાઈરહિત બનાવશે, શુદ્ધ કરશે અને જે જીવનશક્તિ બહિર્મુખ વહી રહી હતી તેને અંતર્મુખ કરશે અને તે ઊર્જા પોતાના મૂળ રૂપ તરફ જવા માટે સામર્થ્ય આપશે. સ્વામીજી કહે છે : 'હે સાધકો ! વસ્તુ, વ્યક્તિ, અવસ્થા, પરિસ્થિતિ એ સઘળું પરિવર્તનશીલ છે. એટલે તે સ્થાયી આધાર ન બની શકે.' એક માધ્યમ લેખે વિકાસ માટે તેનો સદુપયોગ કરવાનો છે અને જે સંકલ્પો પૂરા નથી થતા એ પ્રભુને સમર્પિત કરી દઈ નિશ્ચિત થઈ જવાનું છે. આથી નિર્ભયતા અને આત્મવિશ્વાસ આવશે. અને પ્રેમ એટલે શરણાગતિ, સર્વસમર્પણભાવ રાશિમાં નિમગ્નતા. मैं कुछ भी नहीं हुं - આ પ્રેમનો આંતર અવાજ. સેવાથી જગત પ્રસન્ન થાય છે, ત્યાગથી આપણામાં પ્રસન્નતા આવે છે અને પ્રેમથી પરમાત્મા પ્રસન્ન થાય છે અને સેવા, ત્યાગ અને પ્રેમનું એક થવું તે ભજન. પરમાત્માની અખંડ સ્મૃતિ અને અનંતપ્રિયતા જાગે તે ભજન. અને એ ભજનની વિધિ એટલે પ્રભુમાં આસ્થા, વિશ્વાસ અને આત્મીયતા, તેથી સૂરતા રહે અને ભજન આપોઆપ થાય, અજપાજાપની જેમ. જેના પ્રત્યે પ્રીતિ હોય તેના સ્મરણ માટે પ્રયત્નની જરૂર રહે ખરી ?

✣

શરણાનંદજી સાથેની પ્રશ્નોત્તરી માણવા જેવી છે. કોઈએ પૂછ્યું : 'મૃત્યુનો ડર શા માટે લાગે છે ?' સ્વામીજી કહે : 'પ્રાણશક્તિનો નાશ થઈ જાય તેમ છતાં વાસનાઓ શેષ રહી જાય તેનું જ નામ મૃત્યુનો ડર. જો સાધક પ્રાણશક્તિ રહે ત્યાં સુધીમાં વાસનાઓનો નાશ કરી નાખે તો મરવાનો ડર ન રહે.' એક ભાઈએ પૂછ્યું : 'સાધના માટે શું કરીએ ?' મહારાજ કહે : 'કાંઈ ન કરો !' અને પછી કહે : 'બૂરાઈ ન કરો, ભલાઈનું અભિમાન ન રાખો, પોતાના હક્ક ન માગો અને ઉદાર બનો.' પ્રશ્ન : 'ભગવાનના નામનો જપ કરવો એ જ ભક્તિ ?' જવાબ : 'જેના પ્રત્યે પ્રેમ હોય તેના નામનો જપ નથી કરવો પડતો !' વળી એક પ્રશ્ન : 'મોહ અને પ્રેમ વચ્ચે શું ભેદ છે ?'

જવાબ : 'મોહ ફસાવે છે, પ્રેમ મુક્ત કરે છે.' કોઈએ પૂછ્યું : 'શારીરિક રોગ વખતે દુઃખ શા માટે થાય છે ?' જવાબ : 'હું શરીર છું' અથવા 'શરીર મારું છે' એમ સમજવાથી. તો પ્રશ્નકર્તા કહે : 'રોગનો સદુપયોગ શું ?' મહારાજ કહે : 'રોગ દેહની ક્ષણભંગુરતા અને વાસ્તવિકતાનો અનુભવ કરાવે છે. શરીરથી અસંગ થવા માટે રોગ મદદરૂપ થાય છે.' 'શુ સાધના માટે ઘરગૃહસ્થી છોડવા પડે ?' 'દરેક પરિસ્થિતિમાં માનવમાત્ર સત્સંગ કરી શકે છે.' 'પરિસ્થિતિ એટલે શું ?' જવાબ : 'વ્યક્તિગત વિકાસની સાધનસામગ્રી.' પ્રસ્તુત પુસ્તકમાં આવા પ્રશ્નોત્તર, સ્વામીજીનું એક વ્યાખ્યાન, દેવકીજીનું એક વ્યાખ્યાન, સેવા-ત્યાગ-પ્રેમની સમજૂતી, સ્વામીજીનાં ચિંતનકણો અને તેમના જીવન-પ્રસંગોની વાતો પણ છે. આ સઘળું સાધક માટે નોળવેલસમ નીવડશે.

'સાધકોના શરણાનંદ' બાદ રચાયેલ આ નવીન પુસ્તક 'માનવમાત્રના શરણાનંદ' વિશેષ ઉપકારક બની રહેશે તેવી અપેક્ષા છે કારણ કે તે માનવ માત્રને કેન્દ્રમાં રાખી વાત કરે છે.

સંપાદક-અનુવાદક શ્રી નલિનભાઈએ આચમનીરૂપ પણ નિચોડ તારવીને સાથે સરળ ભાષામાં મૂક્યો છે. પ્રસ્તુત પુસ્તકમાં 'સેવા', 'ત્યાગ', 'પ્રેમ', 'મૂક સત્સંગ' તથા શરણાગતિ અંગેનું મહારાજશ્રીનું મૂળભૂત ચિંતન ઉમેરાતાં સોનામાં સુગંધ ભળી છે.

આશા છે કે માનવમાત્ર આ 'માનવમાત્રના શરણાનંદ'ને વાંચી જીવનને વિવેકદૃષ્ટિ આપી આ પૃથ્વી પર શાંતિ તથા સહિષ્ણુતાનાં નવા યુગને જન્મ આપી 'માનવ સેવા સંઘ'ના મંચને વિશ્વવ્યાપી બનાવશે.

**જગકી સેવા, ખોજ અપની, પ્રીતિ પ્રભુસે કીજિએ,**
**જિંદગીકા રાજ હૈ યે, જાનકર જી લીજિએ.**

૧ ઓગસ્ટ, ૨૦૧૩

- રમેશ સંઘવી

પ્રાસ્તાવિક

# માનવમાત્રના શરણાનંદ

કદાચ આજના અશાંતિગ્રસ્ત સમાજના રોગોની ઔષધિરૂપ છે શરણાનંદજી મહારાજનું ચિંતન. તેથી જ ૨૦૦૮માં પ્રકાશિત થયેલ 'સાધકોના શરણાનંદ' પુસ્તક વ્યાપકતાથી વંચાયું અને છેલ્લે તો સમાચાર મળ્યા કે પુસ્તકની ઝેરોક્ષ કોપી કરીને વિતરણ કરવું પડે છે. કારણ કે પુસ્તક હવે અપ્રાપ્ય છે. તેથી જ આ પુસ્તક કે જે શરણાનંદજી મહારાજના ચિંતનની પ્રવેશિકા સમાન છે તેની બીજી સંવર્ધિત આવૃત્તિ કરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

અનેક સંપ્રદાયમાં વિભાજિત સમસ્ત સમાજની આજે અવદશા થવા પામી છે. કારણ કે દરેક સંપ્રદાય પોતાને શ્રેષ્ઠ ગણે છે અને પોતાના ગ્રંથોને અંતિમ માને છે અને તેથી સતત સ્પર્ધામાં રહે છે. વ્યાપક રીતે જોઈએ તો સનાતની હિન્દુ માટે જેટલી ગીતા અલૌકિક અને અંતિમ છે તેટલું જ મુસ્લિમ ભાઈઓ માટે કુરાનેશરીફ, ખ્રિસ્તીભાઈઓ માટે બાઈબલ કે શીખ ભાઈઓ માટે ગુરુ ગ્રંથસાહેબ છે. જો કે આ બધા જ પવિત્ર ગ્રંથો એક જ ઈશ્વરરૂપી સૂર્યનાં અનેક કિરણો જ છે, જે સૂર્યથી જુદાં નથી તેમ છતાં ઈશ્વરને આરાધી અને ભજવાની જુદી જુદી વિધિઓથી અનેક વિરોધાભાસો પેદા થયા છે. વળી જે કુળમાં જે જન્મે તેને ગળથૂથીમાંથી જ તેનો ધર્મ અને તેનાં પુસ્તક અંતિમ છે એવી તાલીમ અને ઉપદેશ પણ સતત અપાય છે. કદાચ આમાંથી જ ધાર્મિક અસહિષ્ણુતાનો જન્મ થયો છે.

આ સંજોગોમાં આ બધા ધર્મો યથાવત રહે પરંતુ તેમ છતાં તે બધા વચ્ચેનો વિરોધ ઓગળી જાય અને સંવાદ તથા સમજણનો સેતુ શી રીતે રચાય તે પ્રાણપ્રશ્નનો જવાબ કદાચ આ સદીના માનવતાના મસિહા સમાન શરણાનંદજી મહારાજના ચિંતનમાં જ છે.

આ ચિંતન જન્મ્યું હિંદુસ્તાન-પાકિસ્તાનના ભાગલા વખતે થયેલ લાખો માનવોની બેફામ કત્લેઆમથી.શરણાનંદજી મહારાજનું કરુણાસભર હૃદય આ કત્લેઆમ જોઈને વલોવાઈ જઈ ગહન ચિંતનમાં ડૂબી જઈ ઈશ્વરના શરણે ગયું. તેઓ ઈશ્વરને પ્રાર્થી રહ્યા 'હે ઈશ્વર ! ભાઈચારા અને શાંતિ પર રચાયેલ ઈસ્લામના અનુયાયીઓ આ શું કરી બેઠા ?' અને 'અહિંસા પરમો ધર્મ'

ઉચ્ચારનારા હિંદુઓએ આવું ઘાતક આચરણ કેમ કર્યું ? હે માલિક ! એકબીજાના ધર્મનો આદર કરે તેવા માનવધર્મને વરેલા માનવનો ઉદય ક્યારે અને કેમ થાય ? મનુષ્યને શાંતિ-મુક્તિ-ભક્તિ-ઈબાદત કેમ પ્રાપ્ત થાય ? આ કરુણ પોકારના જવાબમાં ઈશ્વરે તેમનાં હૃદયમાં દિવ્ય ઈશ્વરીય વાણી અને દૃષ્ટિ પ્રદાન કર્યા. જેમાંથી રચના થઈ 'માનવ સેવા સંઘ'ની. જગતભરના બધા જ ધર્મોના માનનારા પોતાના ધર્મનું યથાયોગ્ય રીતે પાલન કરીને આ માનવધર્મને પણ અપનાવી શકે છે; શરણાનંદજીએ પ્રદર્શિત કરેલા માર્ગથી.

અદ્‌ભૂત છે આ શરણાનંદજી મહારાજનું આવનારી સદીઓના માનવ માટેનું માનવધર્મનું ચિંતન. એને ટૂંકમાં સમજીએ તો આ ચિંતનની વિશિષ્ટતા એ છે કે આ દર્શનમાં ઈશ્વર માટે કોઈ ખાસ પ્રકારની ધારણા નથી આપવામાં આવી, પરંતુ પ્રત્યેક મનુષ્યમાં કરવા-જાણવા તથા માનવાની જે ઈશ્વરદત્ત શક્તિઓ છે તેને સમજીને સાધનાપંથની કેમ પસંદગી કરવી તેનું સ્પષ્ટ માર્ગદર્શન છે. આ દર્શનની સૌથી પહેલી અને મહત્ત્વની વાત એ કહે છે કે સર્વપ્રથમ તમે માનવ છો અને પછી જ હિંદુ, મુસ્લિમ કે ખ્રિસ્તી. અત્યાર સુધી અનેક મહાનુભાવોએ વિશ્વમાનવની વિભાવના કલ્પી છે પરંતુ વિશ્વ માનવ બનવાનો રાજમાર્ગ તો માત્ર શરણાનંદજી મહારાજે કંડાર્યો છે.

તેઓ પ્રબોધે છે, 'પોતપોતાનો ધર્મ વ્યક્તિગત રીતે પાળો પરંતુ એકમેકને વિભિન્ન ધર્મોવાળા મળે ત્યારે,'માનવ સેવા સંઘ'ના મંચ પર માત્ર માનવધર્મનું સાથે મળીને ચિંતન અને પાલન કરો.' આ માટે શરણાનંદજી મહારાજે માનવતાના મૂળ ૧૧ સિદ્ધાંત આપ્યા છે જેનું પાલન વિના સંકોચે કોઈ પણ ધર્મમાં માનનારો કરી શકે છે.

શરણાનંદજી મહારાજે આગળ એ પણ અનુભૂતિ કરી કે બધા જ ધર્મો એક જ ઈશ્વરની; પ્રેમની; ભાઈચારાની અને શરણાગતિની વાત કરે છે, તેમ છતાં વિખવાદ થવાનું મૂળ કારણ છે ઈશ્વરને ભજવાની જુદી જુદી રીતો. જેમકે નમાજથી ધ્યાન અલગ છે અને દેવળની પ્રાર્થનાથી હવન અલગ છે. આથી તેમણે માનવધર્મના પાલન માટે જે સાધન આપ્યું તે પણ પોતાની રીતે અનુપમ છે. કારણ કે એ સાધનમાં કોઈ પણ વિધિવિધાન કે આદેશ નથી, તેમાં માત્ર ક્રિયા અને વિચારનો ત્યાગ કરી રાત્રે સૂતી વખતે અને પ્રભાતે જાગતી વખતે અંદરબહારથી મૌન બની જવાનું છે. આને તેઓ 'મૌન સત્સંગ' કહે છે. આ મૌન સત્સંગમાં ઈશ્વર વિશેની કોઈ અવધારણા ન હોવાથી કોઈ પણ ધર્મમાં માનનારી કોઈપણ વ્યક્તિના પોતાના ધર્મમાં પ્રબોધેલા સાધન ઉપરાંત આ સાધન પણ વિના સંકોચે અપનાવી 'માનવ ધર્મ સાધના' કરી શકે છે.

શરણાનંદ વાણીમાં જગતના કોઈપણ અત્યાર સુધીનાં શાસ્ત્રનો આધાર લઈ તેનાં ઉદ્ધારણો અપાયાં

નથી. શરણાનંદજીનું મૌલિક ઈશ્વર પ્રણિત દર્શન નિરપેક્ષ, નિર્ભેળ સત્ય પર આધારિત છે જે માનવમાત્રને માન્ય છે. તેથી જ 'માનવ સેવા સંઘ'ના મંચ પર સમસ્ત માનવ સમાજ એકત્ર થઈને ઈશ્વરને પામી પણ શકે છે અને વ્યક્તિગત કલ્યાણ કરી એક નવા સુંદર સમાજની રચના પણ કરી શકે છે.

વ્યક્તિગત કલ્યાણ તથા સુંદર સમાજના નિર્માણ માટે શરણાનંદજી બે જ વાક્યમાં મહાન દૃષ્ટિ પ્રદાન કરે છે.

૧. સુખીને જોઈ પ્રસન્ન થાવ; દુઃખીને જોઈ કરુણાવાન, તથા

૨. પોતાના અધિકારનો ત્યાગ કરો, સામેનાના અધિકારનું રક્ષણ કરો.માત્ર આ બે સૂત્રોને સમજી, તેનું મનન-ચિંતન કરી જીવનમાં ઉતારવાથી પોતાનું કલ્યાણ તથા સુંદર સમાજનું નિર્માણ અવશ્યંભાવી છે.

અંતમાં માત્ર અદના સાધક તરીકે એટલું જ ઉમેરીશ કે આ અશાંત યુગની અચૂક ઔષધિ શરણાનંદજી મહારાજે પ્રબોધેલ માનવધર્મમાં છે. આશા છે કે મહારાજશ્રીની ઈચ્છા મુજબ આ સમગ્ર જગત માનવ સેવા સંઘનો મંચ બને, જેના પર એક બ્રિટિશર, અમેરિકન, ચીની, જપાની, હિન્દુસ્તાની, પાકિસ્તાની, અરબસ્તાની વગેરે. જગતના બધા જ લોકો પ્રેમ અને શાંતિ-સમજણથી ભેગા થઈ 'માનવ ધર્મ'ની આરાધના કરી નિજનું કલ્યાણ કરશે અને સુંદર સમાજનું નિર્માણ કરશે.

આ નાનકડું પુસ્તક 'માનવમાત્રના શરણાનંદ' બહાર પડે છે તેમાં હું તો માત્ર એક નિમિત્ત છું અને આ તો શરણાનંદજી મહારાજના વ્યાપક ચિંતનની એક અંજલિમાત્ર છે. આશા છે કે આનું વાંચન કરી માનવી માત્ર શરણાનંદજીના વ્યાપક સાહિત્યનું સેવન કરી સાચો માનવ બનશે. બસ ! એ જ એક માત્ર અભ્યાર્થના.

અંતમાં તો બધા જ ધર્મો ઈશ્વર શરણતાની વાત કરે છે અને મહારાજશ્રી પણ અન્ય મહાપુરુષો, પયગંબરની જેમ જ ઈશ્વરના અનન્ય શરણાગત હતા, તેમના જેવો શરણાગત વિશ્વે કદાચ ભાગ્યે જ જોયો હશે. એવી વિભૂતિના ચરણકમળમાં આ 'માનવમાત્રના શરણાનંદ' અર્પણ જેથી એમનું ચિંતન વિભુ બની વિશ્વ વ્યાપક બની માનવ માત્રનું કલ્યાણ કરે. અને ઈશ્વરીય તત્ત્વ જોડે કોઈને કોઈ રીતે આત્મીય સંબંધ બાંધી જીવન ધન્ય બનાવે.

આપનો સાધકમિત્ર
નલિન ઉપાધ્યાય

**નલિન જે. ઉપાધ્યાય**
૧૮, સાંનિધ્ય સોસાયટી, અમરજ્યોતિ બિલ્ડિંગ, પહેલે માળે,
ગાયત્રી શક્તિપીઠ સામે, ભુજ, પીન. ૩૭૦૦૦૧ (કચ્છ) ગુજરાત.
ટેલિફોન : ૦૨૮૩૨-૨૫૩૧૬૮, મો. ૯૫૩૭૭ ૫૨૨૭૫

## આભાર

સર્વ પ્રથમ આભારી છું હું માનવ સેવા સંઘના અધ્યક્ષ શ્રી અદ્વૈત ચૈતન્યજી તથા મહામંત્રી સાધ્વી અર્પિતાજીનો કે જેમણે ૮ નવેમ્બર ૨૦૧૨ના પત્ર લખી સસ્નેહ આ 'સાધકોના શરણાનંદ'ની દ્વિતીય ધારાને જે હવે 'માનવમાત્રના શરણાનંદ' નામ ધારણ કરે છે, આશિષ વચન પાઠવ્યા છે.

પ્રથમ આવૃત્તિને પ્રેમપૂર્વક આવકાર આપી તેને આ બીજી ધારા તરફ દોરી જવા માટે સાધકો-વાચકોનો પણ હું આભારી છું. અંતમાં આ સંપાદન માનવ સેવા સંઘ દ્વારા પ્રકાશિત પુસ્તકોમાંથી સાધકો માટે જે ઉપયોગી લાગ્યું તેનું પ્રભુકૃપાએ નિમિત્ત બનીને થયું છે. લેખન અને સંપાદનની અભિવ્યક્તિ મારી છે પણ ઉદ્‌ઘોષિત સત્યો છે 'માનવ સેવા સંઘ'ના. આથી વાચકોને વિનંતી કે ત્રૂટિઓ જે કાંઈ જોવામાં આવે તે મારી માનશો અને પ્રાપ્તિ જે કાંઈ થાય તો તે માનવ સેવા સંઘની છે.

અસ્તુ,

આપનો સાધકમિત્ર
નલિન ઉપાધ્યાય

**શ્રદ્ધાંજલિ : ૧**

**લોકનાયક શ્રી જયપ્રકાશ નારાયણ**

પરમ પૂજ્ય શરણાનંદજી મહારાજે ઈ.સ. ૧૯૫૨માં ગીતા જયંતીના પાવન અવસર પર માનવ સેવા સંઘની સ્થાપના કરી હતી. આ વર્ષના ગીતા જયંતીના પુનિત દિવસે માનવ સેવા સંઘ પોતાના જીવનનાં પચ્ચીસ વર્ષ પૂરા કરી છવ્વીસમાં વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે.

સ્વામીજી એક સાચા પ્રભુપ્રેમી અને માનવ સેવક હતા. એમને મળવાના પ્રસંગ અવારનવાર મને મળ્યા અને હંમેશ હું એમની સહજપ્રિયતા તથા સરળ, હૃદયગ્રાહી, મનોગ્રાહી વિચારોથી પ્રભાવિત થયો. તા. ૧૫-૦૨-૭૩ના પટણામાં જ મારી તેમની જોડે એક કલાક સુધી વાતચીત થઈ. તે વખતે મેં એમને બિહારને થોડો વધુ સમય ફાળવવા હૃદયપૂર્વક અનુરોધ કરેલો. જો તેમ થઈ શક્યું હોત તો આ પ્રાંતનું મોટું કલ્યાણ થયું હોત.

સ્વામીજી કહેતા કે મનુષ્યે વિચાર કરી પોતાની જે બૂરાઈ સમજાય તેનાથી રહિત થવું જોઈએ અને ત્યારબાદ નિરાભિમાન ભાવથી પોતાના સામર્થ્ય મુજબ સમાજની સેવા કરવી જોઈએ. મનુષ્યે એમ સમજવું જોઈએ કે એને જે કાંઈ મળેલું છે તે બધું સમાજની સેવા માટેના સાધનરૂપે મળેલું છે. પોતા માટે તો માનવના જીવનમાં માત્ર સ્વાધીનતાની જ માંગ હોવી જોઈએ. જે સ્વાશ્રય દ્વારા સંભવે છે. સ્વામીજીના આ વિચારોમાં જીવનનું સત્ય શોભે છે અને તેનાથી આ માર્ગ પરના ચાલનારાઓના જીવનમાં કોઈ જ અંતર્દ્વન્દ્વ નથી થતો કારણ કે સ્વાધીનતાની માંગથી ભયનો નાશ થઈ આત્મબળનો ઉદય થાય છે. જેથી મનુષ્યને પોતાના સત્ય માર્ગે ચાલવાની નિરંતર પ્રેરણા અને શક્તિ મળતી રહે છે. સ્વામીજીના વિચારોમાં કોઈ પણ મતનું કે કોઈ પણ દર્શનનું ખંડન નથી, અવશ્ય રીતે તેમાં અસત્યનું ખંડન જરૂર છે.

સ્વામીજી પરમ ભગવદ્ ભક્ત હતા, પરંતુ તેમનામાં ભગવાનને માનવા જ જોઈએ એવો આગ્રહ નહોતો. એમની દૃષ્ટિએ સાચા ભૌતિકવાદી, અધ્યાત્મવાદી અને આસ્તિકવાદી વચ્ચે કોઈ પણ વિરોધ હોઈ જ ન શકે. સાચો ભૌતિકવાદી એને કહેવાય જે ભૂતમાત્રની સેવાને પોતાના

જીવનનું લક્ષ્ય માને અને જે ભૂતમાત્રને પ્રેમ કરે તે શું કોઈ પ્રત્યે હીનભાવથી જોશે ખરો કે કોઈને નુકસાન પહોંચે તેવું ઈચ્છે ખરો ? એ જ મુજબ જે અધ્યાત્મવાદી હોય તે સર્વમાં પોતાના આત્માનું જ દર્શન કરશે અને આસ્તિકવાદી પોતાના પ્રિય પ્રભુના નાતે એની સૃષ્ટિની સેવા કરવી તે એકમાત્ર વાતને પોતાનું કર્તવ્ય માનશે. સ્વામીજીના વિચારોમાં ક્રાંતિ, જીવનનું પૂર્ણ દર્શન અને તેની પ્રક્રિયા છે. જો આપણે જીવનના આ સત્યને અપનાવી લેવા સમર્થ બનીએ તો પૂરી કાયાપલટ જ થઈ જાય.

મેં યુવાનોની સામે, સમાજની સામે, સંપૂર્ણ ક્રાંતિનો વિચાર અને કાર્યક્રમ મૂકેલ છે. તે સ્વામીજીના વિચારોથી ભિન્ન નથી, પરંતુ સ્વામીજીના વિચારો અપનાવવાથી જ સંપૂર્ણ ક્રાંતિ પેદા થશે. જયારે હું બિહારના સંઘર્ષમાં ઝૂઝતો હતો ત્યારે સ્વામીજીએ પોતાના શરીર ત્યાગના એક માસ પૂર્વે તા. ૨૬-૧૧-૭૪ના દિવસે જનતાને નામે એક સંદેશ આપેલ જેની એક નકલ તેમણે મને પણ મોકલેલી તેમાં તેમણે કહ્યું હતું :

'ગુજરાત અને બિહારના સંતાનોની હત્યાનો મારા પર એવો ઘેરો પ્રભાવ થયો છે કે હું ઈચ્છું છું કે ગુજરાત અને બિહારની જનતા જનાર્દન નિષ્પક્ષ બની, ઈમાનદાર બની સરકારને ચૂંટી કાઢે, જેનાથી પ્રજાતાંત્રિક સરકાર જનતાના અવાજને આદર આપે અને પ્રજા તથા રાષ્ટ્રમાં આત્મીયતા સ્થાપિત થાય. આ જ મારી સર્વ સમર્થ પ્રભુને પ્રાર્થના છે. એ પ્રજાતંત્ર સરકાર નથી જે જનતાના પોકારનો અનાદર કરે અને એ પ્રજા પણ નિર્જીવ છે જે આવી સરકારના શાસનનો સ્વીકાર કરે. અસહયોગ આપણા નેતાનું અચૂક શસ્ત્ર છે જે હરહંમેશ બધા પર વિજયી થઈ શકશે. આ સત્યને અમે અમારી આંખોથી જોયેલ છે.

કોઈ પણ પ્રજાતંત્રનો નેતા જાતિનો, પાર્ટીનો કે પ્રાંતનો નથી હોતો, પરંતુ જનતા માત્રનો પોતાનો હોય છે. આવા જ લોકોને મત આપવો જોઈએ. કોઈ પણ શક્તિશાળી સરકારને પોતાની બેઈમાની સુરક્ષિત રાખવા માટે અધ્યાદેશ બનાવવાનો અધિકાર ન રહેવો જોઈએ. દરેક પાર્ટીના સદસ્યે પોતાની પાર્ટીના અસત્ય વિરુદ્ધ અવાજ બુલંદ કરવો જોઈએ. સત્ય માનવનો સ્વધર્મ છે, પાર્ટીનો નહીં.

બેઈમાન બની ખાવું, પીવું અને આરામથી રહેવું મહાન પાપ છે અને ઈમાનદારીપૂર્વક મહાનમાં મહાન મુસીબતોનો સામનો કરતાં ભુખ્યાં, નિર્વસ્ત્ર રહેવું કે મરીને ખપી જવું મહાપુણ્ય છે.'

આજે સ્વામીજી આપણા વચ્ચે શરીરથી નથી તેમ છતાં આપણી પાસે એમના વિચાર, એમનું દર્શન અને એમનું ક્રાંતિકારી જીવન વારસાના રૂપમાં છે. જેનાથી આપણે હંમેશ પ્રકાશ અને શક્તિ મેળવી શકીશું. સ્વામીજીના મહાપ્રયાણના આ પુણ્યપર્વ પર હું મારી આ શ્રદ્ધાંજલિ એમની પુનિત સ્મૃતિના રૂપમાં ભેટ આપું છું. એમના વિચારોમાં હું મારી આસ્થા વ્યક્ત કરું છું તથા માનવ સેવા સંઘના રજત જયંતીના શુભ અવસરે પ્રભુને પ્રાર્થના કરું છું કે એ આપણને સત્યને જોવાની દૃષ્ટિ પ્રદાન કરે અને એ માર્ગ પર ચાલવાની શક્તિ આપે.

- જયપ્રકાશ નારાયણ

શ્રદ્ધાંજલિ : ૨

# એક અદ્વિતીય સંત શરણાનંદજી મહારાજ :

પરમ શ્રદ્ધેય શ્રી રામસુખદાસજી મહારાજ

શ્રી શરણાનંદજી મહારાજ એક ક્રાંતિકારી સંન્યાસી હતા. તેઓ અવધૂત કક્ષાના મહાત્મા હતા. એમના જેવો સંત પૂર્વે નથી થયો. એમની વાણી વિલક્ષણ છે. મેં અનેક સંતોની વાણી વાંચેલી છે પરંતુ તેમાં શરણાનંદજીની વાણી બધાથી વિલક્ષણ છે. તેમની શબ્દ પસંદગી ખાસ પ્રકારની છે અને તેમના શબ્દો સવિશેષ અર્થ ધરાવે છે. તેમનું વિવેચન આદિ શંકરાચાર્યથી પણ તેજસ્વી જણાય છે. તેમની સાધના વિવેકપ્રધાન હોવાથી તેમની વાણીમાં વિવેકની જ પ્રધાનતા છે. હું પણ તેનું જ અનુસરણ કરું છું.

શરણાનંદજીની બુદ્ધિ અત્યંત વિલક્ષણ હતી. તેઓ સ્વયં કહેતા હતા કે ભગવાને મને આવશ્યકતાથી વિશેષ બુદ્ધિ પ્રદાન કરી છે. તેમની બુદ્ધિની જેમ જ તેમની (વિષય પરની) પકડ પણ તેજ હતી. જેમ વણિકોમાં ધન પચાવવાની શક્તિ હોય છે, તેમ તેમનામાં (જ્ઞાન) પચાવવાની શક્તિ હતી. એટલા માટે આટલો ઊંડો બોધ થયા બાદ પણ તે તેને પ્રગટ નહોતા કરતા. એનું કારણ એટલું જ કે એમની દૃષ્ટિમાં બધું જ વાસુદેવ હતું. તેઓ કોઈ વાતને પોતાની વ્યક્તિગત વાત નહોતા માનતા.

શરણાનંજીની વાણીમાં યુક્તિઓની, તર્કની પ્રધાનતા છે. તેને કોઈપણ કાપી શકે તેમ નથી. મને પણ તર્ક પસંદ છે, પરંતુ હું તર્કની સાથે શાસ્ત્રવિધિ જોડીને રજૂઆત કરું છું.

શરણાનંદજીના પુસ્તકોમાં એ વાત જોવા મળે છે કે તેઓ બોધ કરાવવા આતુર છે, શીખવવા નહીં. તેમની વાતો બંદૂકની ગોળી જેમ વાગીને અસર કરે છે ! તેઓ પોતાની વાતને પરોક્ષરૂપથી કહે છે જેથી સાધક માત્ર વાતો જ ન શીખી જાય. તેઓ 'અભ્યાસ' નહીં 'સ્વીકાર' કરાવે છે. 'બૌદ્ધિક વ્યાયામ' નથી કરાવતા, 'અનુભવ' કરાવે છે.

શરણાનંદજીની ભાષા મુશ્કેલ લાગવાનાં બે કારણ મને જણાય છે - પહેલું કારણ ભણાવવાની કળાની અનભિજ્ઞતા અને બીજું કારણ એ કે ગૂઢ ભાષા લખવાથી પાઠક વધુ વિચાર કરવા પ્રેરાય

જેથી વાત એની બુદ્ધિમાં ઉતરી જાય. એમણે જાણીબૂઝીને એવી ભાષાનો પ્રયોગ કર્યો છે, જેથી વાંચવાવાળાને અવશ્ય બુદ્ધિ લગાવવી પડે. એનું કારણ એટલું જ કે સરળ ભાષા પ્રયોજવાથી વાંચનાર માત્ર વાતો શીખે છે, બુદ્ધિ નથી લગાડતો. હવે મને એવું દેખાય છે કે જ્યારે એમની નજરમાં બધું જ વાસુદેવ છે તો પછી કોને એ અજ્ઞાની કે નાસમજ સમજે ? તેઓ આપને પહેલા બેસમજ માને તો જ પછી પોતાની વાત સમજાવેને !

શરણાનંદજીની સમકક્ષ કોઈ નથી ! એમના સમાન કોઈ દાર્શનિક થયેલ નથી. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય આદિ જેટલા પણ આચાર્ય થયા છે તે બધાથી અને ષટ્દર્શનથી પણ શરણાનંદજીનું દર્શન તેજ છે. એમની વાતો સંપૂર્ણ શાસ્ત્રોનું અંતિમ તાત્પર્ય છે. હજુ સુધી વેદાંતનું જેટલું વિવેચન થયું છે, શરણાનંદજીની વાણી તેનાથી આગળ છે. શરણાનંદજી કહેતા કે એક નવા લોકનું નિર્માણ થઈ રહ્યું છે. કારણ કે અહ્‌મનો આટલો અભાવ આના પહેલાં કોઈ દાર્શનિકમાં નથી થયો ! એમણે ક્રિયા અને પદાર્થના આશ્રયનો સંપૂર્ણ ત્યાગ કરેલ જે અત્યાર સુધી કોઈ સંતે નથી કર્યો ; એટલા માટે જ તેઓ ક્રાંતિકારી સંન્યાસી હતા. એમનો જે આટલો વિકાસ થયો એમાં કારણભૂત છે એમનો શરણાગતિનો ભાવ.

હું સત્યનો અનુયાયી છું. વ્યક્તિ અથવા સંપ્રદાયનો નહીં. મને કોઈ પણ સંતની વાતથી પૂરેપૂરો સંતોષ નહોતો થતો. આદિ શંકરાચાર્યના સિદ્ધાંતથી પણ સંતોષ નહોતો થતો પરંતુ શરણાનંદજીની વાતોથી સંપૂર્ણ સંતોષ થઈ ગયો ! તેઓ કર્મયોગ, જ્ઞાનયોગ તથા ભક્તિયોગ - આમ ત્રણે યોગના આચાર્ય હતા. તેઓ ભક્તિ એટલે કે પ્રેમને અંતિમ તત્ત્વ માનતા હતા. તેમનામાં ક્રિયાનો આગ્રહ નહોતો. મને શરણાનંદજીનો મત માન્ય છે. કર્મયોગની વાત મેં શરણાનંદજી પાસેથી શીખી છે. તેમનું પુસ્તક 'માનવકી માંગ' વાંચીને મને તેમનામાં શ્રદ્ધા જન્મી.

શરણાનંદજીએ એક વખત મને કહેલ કે તમે મારા જ ભાવોનો પ્રચાર કરો છો. તેમનું કહેવું સાચું હતું. કર્ણના પગ કુંતીના પગથી મળતા હતા. એટલે યુધિષ્ઠિરને કર્ણના પગ સ્વાભાવિક પ્રિય લાગતા હતા. પરંતુ કેમ પ્રિય લાગતા હતા એના કારણની યુધિષ્ઠિરને ખબર નહોતી. એ જ રીતે શરૂઆતથી જ મને શરણાનંદજીની વાતો પ્રિય લાગતી હતી પરંતુ એ વાતની પાછળથી મને જાણ થઈ કે શરણાનંદજીની વાત ગીતાજીની જ વાત છે અને ગીતા તો મને સદૈવ પ્રિય લાગે છે !

શરણાનંદજીની વાતો મારી પ્રકૃતિને પણ અનુકૂળ રહે છે. આવી પ્રકૃતિ મારી શરૂઆતથી જ રહી છે.

શરણાનંદજીની વાતો ખૂબ માર્મિક અને ગહન છે. ગહન વિચાર કર્યા વિના દરેકને એમની

વાતો સમજાતી પણ નથી. તેઓ જે વાતો કહે છે તે ષટ્દર્શનમાં નથી મળતી. તે માત્ર ગીતામાં કે ભાગવતના દશમા સ્કંધમાં મળે છે. પરંતુ આ પણ શરૂઆતમાં દૃષ્ટિમાં નહીં આવે. જ્યારે શરણાનંદજીની વાતો વંચાઈ જાય ત્યારે તે વાતો ગીતાને ભાગવતમાં હોવાનું જણાય. તેઓ સીધા મૂળને જ પકડે છે (ડાળને નહીં) સીધું કલેજું જ પકડમાં લઈ લે છે ! આટલું પ્રચંડ જ્ઞાન હોવા છતાં આ વિશેષતાને તેઓ નિજી નથી માનતા.

શરણાનંદજીમાં આ વિલક્ષણતા ઈશ્વરની શરણાગતિમાંથી આવી હતી. એમણે એકવાર કહેલું કે, 'મારો સ્વભાવ જ છે કે જે વાતને હું એક વખત પકડી લઉં છું, એને પછી છોડતો નથી.' તેમણે શરણાગતિને પકડી લીધેલી. ભગવાનના શરણાગત હોવાથી તેમનામાં જ્ઞાનનો પ્રવાહ પ્રગટ થયો ! એમની વાણીમાં ગીતાનું તત્ત્વ સ્વતઃ ઉતરી આવ્યું ! એમની વાતોથી ગીતાનું રહસ્ય ખૂલે છે. એમણે જડ-ચેતનનું જેવું વિશ્લેષણ કર્યું છે તેવું બીજા કોઈ સંતની વાણીમાં નથી મળતું.

શરણાનંદજીની વાતોનો આ સાર છે - 'આપણી વ્યક્તિગત કોઈ જ વસ્તુ નથી અને એક 'હૈ'ની સત્તાના સિવાય બીજું કાંઈ છે જ નહીં.'

શરણાનંદજીએ 'માનવ સેવા સંઘ'નું નિર્માણ કર્યું જેનો સંપૂર્ણ પ્રસાર પ્રચાર બાકી છે. એમને સાચી રીતે સમજનાર દેવકીમાં મળ્યા.

આપણે કોઈ વાત કહીએ તો તેને પ્રમાણની આવશ્યકતા કહે પરંતુ, શરણાનંદજીને પ્રમાણની આવશ્યકતા જ નથી ! તેમણે જે કાંઈ લખ્યું છે તેનાથી આગળ બીજું કાંઈ જ નથી - એવી મારી ધારણા છે. તેમની વાતો મનુષ્યમાત્ર માની શકશે. એમની યુક્તિઓમાં કોઈનો વિરોધ નથી.

જેમકે શરણાનંદજીએ કહ્યું છે કે, 'ભગવાન શું છે એને તો ખુદ ભગવાન પણ નથી જાણતા' બરાબર તેમજ શરણાનંદજી શું છે તેને ખુદ શરણાનંદ પણ નથી જાણતા ! શરણાનંદજી જેવું બીજું કોઈ મને નથી દેખાતું. દેખાવું દુર્લભ છે.

શરણાનંદજી મહારાજ આપણને મળી ગયા, તેમનાં પુસ્તકો આપણને વાંચવા મળી ગયાં - એ ભગવાનની આપણા પર મોટામાં મોટી કૃપા છે.

- રામસુખદાસજી મહારાજ

## પ્રિય વાચકોને તેઓ 'માનવમાત્રના શરણાનંદ' પુસ્તકને વાંચવું શરૂ કરે તે પહેલા એક નમ્ર વિનંતી

પ. પૂ. શરણાનંદજી મહારાજ એક વિલક્ષણ અને ખૂબજ ક્રાંતિકારી સન્યાસી છે. સમગ્ર ભારતના સાધુસમાજના માન્ય અને જેનું ભાષાંતર ભારતભરની બધી જ ભાષામાં થયું છે તે 'સાધક સંજીવની'ના રચયિતા પ. પૂ. રામસુખદાસજી મહારાજનો તેમના અંગેનો અભિપ્રાય પુસ્તકમાં મૂકેલો છે તે મુજબ વાંચકોને શરણાનંદજીની વાણી સમજતાં શરૂઆતમાં કદાચ થોડીક મુશ્કેલી જરૂર અનુભવમાં આવશે. કારણ કે શરણાનંદજીએ જેને પ્રચલિત રીતે કહીએ તે રીતે શિક્ષણ કે ભાષાજ્ઞાન લીધું નથી એ ખરું પણ વધુ યથાર્થ કારણ એ જણાય છે કે શરણાનંદજીનો ઉદ્દેશ અનુભવ કરાવવાનો છે. માત્ર માહિતીનો વધારો કરવાનો નહિં. આથી જ તેઓએ ઘણી વખત સામાન્ય શબ્દોને વિશિષ્ટ અર્થ સાથે વાપર્યા છે. ઘણીવાર તેઓએ નવા જ શબ્દોનો પ્રયોગ કર્યો છે. આવી ભાષા વાપરવા પાછળનો તેમનો કૃપાપૂર્ણ ઉદ્દેશ એક જ છે : મહત્ત્વના વિચાર તથા અનુભવબિંદુઓ પાસે સાધક; વાચક અનાયાસપણે અટકી જાય અને શબ્દ પાછળ રહેલ અર્થ અને અનુભવનો વ્યક્તિગત અનુભવ કરે અને માત્ર માહિતી જ એકત્ર ન કરે.

આથી પ્રિય વાચક, વાંચતા વાંચતા ક્યાંક ભાષા આવી જણાય તો પ્રેમથી ત્યાં અટકી પોતાની જાતમાં ચિંતન, મનન અને નિદિધ્યાસનની મદદથી જરૂર ડૂબકી મારવી. આનાથી અપરંપાર લાભ થશે. આમ કરવામાં ન તો થાકવું કે ન તો કંટાળો અનુભવવો. છેલ્લા ૨૦ વર્ષના સાધક - વાચક તરીકેના આ વાંચન છતાંયે હજુયે અનેક નવા નવા અર્થો શરણાનંદવાણીમાંથી નીકળતા રહે છે. કારણ કે આ શ્રુતિવાણી; ઉપનિષદ વાણી છે.

બીજું પ. પૂ. રામસુખદાસજી કે જેઓ ૧૬ વર્ષની ઉંમરે જ વેદ વેદાંતનો અભ્યાસ કરી વેદાંતાચાર્ય બન્યા. તેઓ પણ મધુરતાથી લખે છે કે શરણાનંદજી જેવો અદ્‌ભૂત શરણાગત ભક્ત ન તો ભૂતકાળમાં થયો છે ન ભવિષ્યકાળમાં થશે. શરણાનંદજી પરમાત્મા સાથે આત્મીય સખાભાવે જીવનભર જોડાયેલા રહ્યા. આથી નમ્રપણે એવું કહી શકાય કે સખા અર્જુનને જેમ શ્રીકૃષ્ણે ગીતા સંભળાવી, બરાબર તે જ રીતે સખા શરણાનંદને પણ આ શ્રુતિવાણી સંભળાવી છે. કારણ કે શરણાનંદજી એક જગ્યાએ બોલ્યા છે : "હું જ્યારે બોલતો હોઉં છું ત્યારે હું નથી હોતો. હું પણ આ

વાણીને તમારી જેમ જ સાંભળતો હોઉં છું.'' આથી જ પ.પૂ. રામસુખદાસજીએ તો શરણાનંદ દર્શનને સાતમું દર્શન કહ્યું છે. તેમણે એ પણ ઉમેર્યું છે કે માત્ર શરણાનંદજીના દર્શનથી જ એમને પૂર્ણ સંતોષ થાય છે; અન્ય દર્શનથી નહિં. તેથી જ તેમણે હિન્દુસ્તાનના ચારે ખૂણે શરણાનંદજીના આ સાહિત્યને સુરક્ષિત રાખી તેનું અનન્ય જતન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આમ શરણાનંદ વાણીમાં પરમવાણીનો પમરાટ છે. તે વાંચક જરૂર જાણે.

એમની અનન્ય શરણાગતિનો દાખલો છે પ્રજ્ઞાચક્ષુ હોતાં ચોમાસાની ઋતુમાં એમનું ધસમસતા યમુનાનાં પ્રવાહમાં પડી જવાનો પ્રસંગ. મૃત્યુથી જરાયે ડર્યા વિના પોતાના જીવનને તેઓ સહજતાથી પરમપ્રભુના હાથમાં મૂકી દે છે અને પરમકૃપાળુ પરમાત્મા પણ ભક્તવત્સલ હોવાથી એમનો હાથ પકડી કિનારે લાવી મૂકે છે. આમ શરણાનંદજીમાં જ્ઞાની અને ભક્તનો વિરલ સમન્વય છે. તે વાંચકો જરૂર જાણીને વાંચન કરે.

ત્રીજી અને મહત્ત્વની વાત વાંચકો માટે એ છે કે શરણાનંદજી સાર્થક જીવન જીવવા માટે અનેકાનેક સરળ પ્રયોગો પણ સૂચવે છે. દા.ત. બૂરાઈ રહિત જીવન જીવવાની વાત. આ એક જ પ્રયોગના આચરણથી જીવન ધન્ય બની જાય તેમ છે.

ચોથી મહત્ત્વની વાત એ છે કે આ પુસ્તકનું નામ રાખ્યું છે, 'માનવમાત્રના શરણાનંદ'. એનું ખાસ કારણ છે. માત્ર શરણાનંદજી એક એવા મહાત્મા છે જેમણે નિરપેક્ષ સત્યની એટલે કે પરમાત્માની પ્રાપ્તિ માટે કોઈ શાસ્ત્ર કે ગ્રંથનો આધાર નથી લીધો. કર્મ, વિચાર અને વિશ્વાસ ત્રણ સ્વતંત્ર માર્ગ છે. અને એથી ત્રણ પ્રકારના સ્વભાવના સાધકો પણ છે. આ ત્રણે માર્ગનું સમન્વીત ચિંતન શરણાનંદજીએ મૂકેલું છે. આ માટે તમારો જે પણ ધર્મ હોય - હિંદુ, મુસલમાન, શીખ, ઈસાઈ, જૈન - કે તમારો કોઈ પણ સંપ્રદાય હોય તેને બીલ્કુલે છોડવાનો નથી. છોડવાની છે એ કટ્ટરતા કે માત્ર મારો ધર્મ કે મારો સંપ્રદાય જ અંતિમ સત્ય ધરાવે છે, અન્ય નહિં. શરણાનંદજીએ રચેલ માનવસેવા સંઘ એક એવો મંચ છે જેના પર બેસી કોઈપણ દેશવાસી કે કોઈપણ ધર્મમાં માનનાર સાથે બેસી જરૂર પ્રીતિની એકતા રાખી પરમાત્માનું ચિંતન પણ કરી શકે અને પ્રાપ્તિ પણ. આથી જ અંતિમ મહાસમાધિ વખતે શરણાનંદજીના અંતિમ ઉદ્‌ગાર હતા : ''યા અલ્લાહ ! યા ખુદા ! કોઈપણ એવું ના સમજે કે શરણાનંદનો કોઈ મઝહબ કે સંપ્રદાય છે. જે ખુદાનો છે તે શરણાનંદનો છે. 'માનવ સેવા સંઘ' માનવ માત્રનો છે.''

સાધકમિત્ર નલિન ઉપાધ્યાય

# અનુક્રમણિકા

## પ્રકરણો


| | | |
|---|---|---|
| ૧. | ભૂમિકા | ૧ |
| ૨. | શરણાનંદજી મહારાજના પ્રેરક પ્રસંગો | ૪ |
| ૩. | માનવ સેવા સંઘ : માનવતામાં જ પૂર્ણતા | ૧૦ |
| ૪. | માનવતાના મૂળ સિદ્ધાંત : માનવ સેવા સંઘના ૧૧ નિયમ | ૧૩ |
| ૫. | સેવાનો સાધન માર્ગ : મારું કાંઈ જ નથી | ૧૭ |
| ૬. | સેવા વિશે ચિંતન : પ.પૂ. શરણાનંદજી મહારાજ | ૨૬ |
| ૭. | ત્યાગ સાધના : મુઝે કુછ ભી નહીં ચાહિએ | ૩૩ |
| ૮. | ત્યાગ વિશે ચિંતન : પ.પૂ. શરણાનંદજી મહારાજ | ૪૩ |
| ૯. | પ્રેમનો ભક્તિમાર્ગ : મૈં કુછ ભી નહીં હૂં | ૪૬ |
| ૧૦. | પ્રેમ વિશે ચિંતન : પ.પૂ. શરણાનંદજી મહારાજ | ૫૫ |
| ૧૧. | સત્સંગનું સ્વરૂપ અને સાધન | ૬૮ |
| ૧૨. | મૂક સત્સંગ : પ.પૂ. શરણાનંદજી મહારાજ | ૭૪ |
| ૧૩. | સમાજદર્શન | ૮૦ |
| ૧૪. | વિશ્વશાંતિ વિશે ચિંતન | ૮૭ |
| ૧૫. | પ્રશ્નોત્તર સત્સંગ | ૯૨ |
| ૧૬. | સત્સંગ પ્રસંગ અને પ્રશ્નોત્તર | ૧૦૧ |
| ૧૭. | થોડા વિશેષ પ્રશ્નોત્તર | ૧૦૫ |
| ૧૮. | પ્રવચન : શરણાનંદજી મહારાજ | ૧૧૪ |
| ૧૯. | પ્રવચન : દિવ્ય જ્યોતિ પૂ. દેવકીજી | ૧૨૫ |
| ૨૦. | શરણાનંદજીનું સાધક પાથેય | ૧૩૫ |
| ૨૧. | અમીસંચય | ૧૪૨ |
| ૨૨. | શરણાનંદજીનું મહાપ્રસ્થાન | ૧૪૫ |
| ૨૩. | શરણાગતિ વિશે ચિંતન : પ.પૂ. શરણાનંદજી મહારાજ | ૧૪૯ |
| ૨૪. | હૃદયપૂર્વક (શરણાગત ભગતજી સાથે જીવંત સત્ચર્ચા) | ૧૫૩ |

# ભૂમિકા

બહુ જ આસાનીથી ઉપલબ્ધ દશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા રોજબરોજના જીવનમાં ટેલિવિઝન ચેનલો, ઓડિયો સી.ડી. અને કેસેટો દ્વારા અનેક મહાપુરુષોના સદ્‌વચનોનો ધોધ ધોધમાર ઠલવાતો રહે છે. દરેક સંતો અને કથાકારોની આસપાસ લાખોની સંખ્યામાં લોકો ટોળે મળીને સાંભળતા જોવામાં આવે છે, ત્યારે 'શરણાનંદજી મહારાજ'નું નામ તો સદંતર ન સાંભળેલું અને અજાણ્યા જેવું લાગે છે. કોઈ અધ્યાત્મપ્રેમી પૂછી પણ ઉઠે કે 'કોણ છે આ શરણાનંદજી મહારાજ ?' અને સત્ પ્રવચનો સાંભળીને થાકેલ, કંટાળેલ કોઈ સત્સંગપ્રેમી વળી એમ પણ કહી ઉઠે, 'વળી પાછા એક વધારાના મહારાજ ? Please now no more ! સાંભળી સાંભળીને હવે તો થાક લાગે છે !'

વાતે વિચારવા જેવી જ છે. સંતો અને કથાકારોની આસપાસ લાખો લોકો ધ્યાનથી બેસીને સદ્‌વચનો સાંભળતા જણાય છે. તે છતાં સમાજનાં મૂલ્યો દિનપ્રતિદિન કેમ ઊતરતાં જતાં હોય તેવું લાગે છે ? કેમ પ્રજાના ચારિત્ર્યના સ્તરને વધુમાં વધુ લૂણો લાગતો જાય છે ? આ તો અતિ જટીલ પ્રશ્નો છે અને બહુ વિશદ અભ્યાસ માંગે છે.

હું પોતે તો એક અતિ સામાન્ય કક્ષાનો સાધક છું, આપણા બધા માંહેનો એક. એટલે તમારી બધાની વ્યથા કથા મને દાખલો બનાવીને કહું તો એક સાધક તરીકે સાધનાના માર્ગ પર મને સતત અનેક પ્રશ્નોએ મૂંઝવ્યા કર્યો છે. દરેક સાધકના હૃદયમાં ઈશ્વરને પામવાની ઈચ્છા હોય જ છે, પરંતુ આપણું પોતાનું વ્યક્તિત્વ દ્વંદ્વાત્મક, મૂંઝવણની સ્થિતિમાં હંમેશ હોય છે. એક બાજુ પ્રભુને પામવાની ઈચ્છા છે, બીજી બાજુ જગતનું એનાથીયે વધુ ખેંચાણ અનુભવમાં આવે છે. એ ખેંચાણ એવું તો પ્રબળ છે કે જગત કેમે કરીને છૂટતું નથી. સંપત્તિ મેળવવાની કામના, પદ-પ્રતિષ્ઠાની લાલસા, લોકોમાં માન મેળવવાની ઈચ્છા, રોજબરોજની જિંદગીની ઘટમાળમાં થતાં સુખદ અને દુઃખદ અનુભવોની અસર રોજ બદલાતી પરિસ્થિતિઓ, સંબંધોમાં ઘટતી જતી લાગણીઓ, ઉષ્માની ઓછપ - આ બધાથી જન્મતી એકલતા અને વિષાદની લાગણી... કોણ જાણે કેટલા ઈચ્છાના

સમુદ્રો અને તે સામે સતત નબળું પડીને ઝૂકી જતું, હારી જતું મનોબળ. આમા કેમ કરીને ચાલતું ઈશ્વરને પામવા ?

આથી બધા સાથે બને તેમ શરૂ થાય જીવન પાર કરાવી દે અને ઈશ્વરને મેળવી દે તેવા ગુરુની શોધ. આપણી સંસ્કૃતિમાં તો ગુરુ બ્રહ્મા, વિષ્ણુ, મહેશથીયે મોટા. હાલના સંજોગોમાં ગુરુઓ મળી પણ રહે સહેલાઈથી. જેટલા આપણે શિષ્ય બનવા આતુર તેટલા જ ગુરુઓ જાણે શિષ્યોની સંખ્યા વધારવા આતુર. બિચારો સાધક આ ગુરુથી તે ગુરુ પાસે જાય, પરંતુ ગુરુનો સહવાસ ન પામે. થોડા ઉપદેશાત્મક વાક્યો યાદ કરીને સાધના માર્ગ પર ચાલે, પણ પ્રગતિ ન થતાં એનું મન મૂંઝાય. એની મૂંઝવણનો જવાબ એ ક્યાંય ન પામે. ઘણા બધાનું તો આખું આયખું જ આ ગુરુથી તે ગુરુ કરતાં પસાર થઈ જાય ને હાથમાં કાંઈ ન આવે. સાધના પદ્ધતિની વિભિન્નતાઓ મનને મૂંઝવી મારે. તેમાં વળી દરેક સંપ્રદાય પોતે સર્વશ્રેષ્ઠ હોવાનો દાવો કરતાં કહે કે -

. આધુનિક ધર્મનું પ્રચારતંત્ર પાછું મોર્ડન મેનેજમેન્ટની પણ સહાય લે. એટલે રહીસહી કસર પણ થાય પૂરી. કોઈ બૌદ્ધિક આ બધું જોઈને તિરસ્કારથી કટાક્ષ પણ કરે, 'યાર, આજકાલ તો ધર્મના નામે જ મોટામાં મોટી હાટ મંડાય છે.'

યોગને નામે તત્કાળ સમાધિ, શક્તિપાત, હિમાલયની યોજનાઓ, મંત્ર-મર્મજ્ઞો, તાંત્રિકો, સાક્ષાત્કારીઓ બધા જ હાથવગા. આમાં મરો થાય બિચારા સાધકનો. શું કરવું ? ક્યાં જવું ? કયા ગુરુ કરવા ? કોની પાસે ગુરુમંત્ર લેવો? કયો સાધના માર્ગ અપનાવવો ?

આપણા જેવો લોકો કે જે મોટા ભાગનો સમય આજીવિકા મેળવવા પાછળ ખર્ચે છે. સુખ-દુઃખ પામે છે, બદલાતી અવસ્થા-પરિસ્થિતિઓ અનુભવે છે એણે શું કરવું ?

આપણા બધાના સદનસીબે રામકૃષ્ણ પરમહંસ જેવા ગુરુને જેમ સ્વામી વિવેકાનંદ મળ્યા ને એક ધાર્મિક ક્રાંતિ સર્જાઈ. તેમ એક અવકાશ બાદ અનુપમ ગુરુ-શિષ્ય જોડી બની શરણાનંદજી મહારાજ અને દેવકીમાની. બન્ને ગુરુ-શિષ્ય જોડી વચ્ચેની સમાનતા પણ ધ્યાન દોરે તેવી છે. રામકૃષ્ણદેવ સાદા-સીધા, અભણ. શરણાનંદજી મહારાજ નાનપણથી જ પ્રજ્ઞાચક્ષુ, બન્ને આંખે અંધ. બન્નેમાં ધર્મ અનુભવના રૂપમાં આવ્યો. સ્વામી વિવેકાનંદ અતિ ભણેલાગણેલા અને વિદ્વાન તે જ રીતે દેવકીમા માનસશાસ્ત્રનાં પ્રોફેસર, અતિ મેધાવી બુદ્ધિ ધરાવનારા. જેમ વિવેકાનંદે રામકૃષ્ણને પૂછ્યું, 'આપે ઈશ્વર જોયો છે ? મને બતાવી શકો ?' રામકૃષ્ણનો જવાબ હતો એકાક્ષરી 'હા.' તેમ ભરસભામાં શરણાનંદજીને દેવકીમા ઊભાં થઈને પ્રશ્ન પૂછે છે, 'દુઃખ નિવૃત્તિનો ઉપાય શું ? હું તો સતત અનુભવું છું,

શરણાનંજી તત્ક્ષણ પ્રત્યુત્તર વાળે છે, "લાલી, જબ તેરા ખુદકા યહ અનુભવ હૈ તો ફિર ચાહકો છોડ ક્યોં નહિં દેતી?" બસ ! સાધકોને ત્યારથી શરણાનંદજી મહારાજ અને દેવકીમા રૂપે અદ્‌ભુત માર્ગદર્શક સાંપડે છે.

દેવકીમાએ એ બધી જ વ્યથાઓ અનુભવી છે, જે હું અને તમે એક સાધક તરીકે અનુભવીએ છીએ. આજની આ એકવીસમી સદીમાં આપણા બધાના જે પ્રશ્નો છે, જે મૂંઝવણો છે, જે હતાશાઓ છે, તેની વિસ્તૃત છણાવટ ને વ્યવહારુ ઉપાયો શરણાનંદજી મહારાજ અને દેવકીમા પાસે છે.

અતિ સુંદર અને ઉત્તમ વાત તો એ છે કે તમે જે કોઈ પણ સંપ્રદાયમાં માનતા હો, માનો. તમારી જે કોઈ ઉપાસના પદ્ધતિ હોય તે ચાલુ રાખો, જે કોઈ વિધિવિધાનમાં માનતા હો માનો, ચર્ચમાં જાવ, મંદિરમાં જાવ કે મસ્જિદમાં જાવ, કોઈ પરવા નથી. શરણાનંદજી મહારાજે પરમકરુણાથી 'માનવ સેવા સંઘ'ની સ્થાપના કરી છે, જેમાં માનવ હોવાને નાતે બધા જ સમાન છે. જેમાં કર્મની ભિન્નતા છતાં પ્રીતિની એકતા છે, જેમાં પોતાની વાત મનાવવા કે સ્વીકારવાની ગંધ પણ નથી, જેમાં પોતાની વિચારધારાને બળજબરીથી મનાવવાનો કોઈ આગ્રહ નથી, પરંતુ મનુષ્યમાત્રને સુલભ સેવા-ત્યાગ અને પ્રેમના માર્ગની વિશદ વિચારણા કરી ઉદ્‌ઘોષ કરાયો છે કે કર્મ કર્યા વિના ન રહેવાય તો સેવા માર્ગ; વિચાર પ્રધાન હો તો ત્યાગનો માર્ગ અને પ્રભુપ્રેમી ભક્ત હો તો પ્રેમમાર્ગ અપનાવી જીવનને કૃતકૃત્ય બનાવી લો અને જાણી લો કે "
"

આમ, શરણાનંદજી તથા દેવકીમાનાં પુસ્તકોમાં આ જગતના દરેક સાધક માટે વિચાર કરાયો છે, તેનો સાધનામાર્ગ સ્પષ્ટ રીતે સૂચવાયો છે, તે પર ચાલવાના વ્યવહારુ માર્ગો જણાવાયા છે, તે માર્ગ પરનાં વિઘ્નો અને તેનાં નિવારણો સૂચવાયાં છે અને પરમપ્રેમતથા ભગવત્‌તાની પ્રાપ્તિ વર્તમાનમાં જ શક્ય છે તે નિર્વિવાદ રીતે સાબિત કરાયું છે તેઓનાં જીવન દ્વારા. ખરેખર એક સાચા સાધક માટે અતિ મોટું આશ્વાસન છે, માનવ સેવા સંઘ. તેના પ્રવર્તક સ્વામી શરણાનંદ અને દેવકીમા. આશા છે કે આ અર્ક સાધકના જીવનને મધુર બનાવશે.

# 2 શરણાનંદજી મહારાજના પ્રેરક જીવન પ્રસંગો

મહારાજશ્રીનો વિગતવાર પરિચય તો સ્વાભાવિક રીતે ઉપલબ્ધ નથી જ, પરંતુ સંક્ષિપ્ત પ્રસંગો જે તેમના જીવન વિશે જાણવામાં આવ્યા છે, તે કાંઈક ઝાંખું રેખાચિત્ર તેમની તેજસ્વી પ્રતિભાને દોરી આપશે......

બાળક શરણાનંદજી ત્રણેક વર્ષના હતા તે સમયે કોઈ રમતો જોગી તેમના ઘેર આવી અલખ જગાવે છે. 'ભિક્ષાન્ન દેહી' યોગીની નજર એકદમ વિશાળ નેત્રવાળા બાળક પર પડતાં થંભી જાય છે, તે તેનું લલાટ નિહાળી રહે છે. માતા ગભરાઈ જાય છે. યોગીને ભિક્ષા આપવા આગળ આવે છે. યોગી કહી ઊઠે છે, 'તેરે લાલ કો હાથ દેખનો ચાહૂં હૂં મૈયા !' મા બાળકની જમણી હથેળી સંકોચાઈને આગળ ધરે છે. જનની બાળકનું ભવિષ્ય જાણવા આતુર છે. યોગીને વંદન કરી ભવિષ્ય પૂછે છે, તો જવાબ મળે છે - 'મૈયા, તારો લાલ કાં તો મોટો રાજા થશે, નહીં તો જરૂર થશે સિદ્ધ યોગી. એમાં કોઈ સંશય નથી. વિધિના વિધાનને કોણ ટાળી શકે છે મૈયા ?'

લાંબા ડગલાં ભરતો યોગી ચાલી નીકળે છે.

✣

બચપણથી જ 'આ શરીર વિશ્વની સેવા માટે છે'નું બીજ તેમનામાં જોવા મળે છે. સારી કેરીઓ મળે છે તો પોતે નથી ખાતા, મિત્રોને ખવડાવે છે. ગામમાં મોટા ભાગના લોકો નિરક્ષર, ગામમાં જ્યારે ટપાલી આવે ત્યારે બાળક શરણાનંદ ટપાલીની પાછળ પાછળ દોડતા જાય. પોતે થોડું વાંચતા-લખતાં જાણે એટલે સમગ્ર ગામના નિરક્ષર લોકોની ટપાલ વાંચીને સંભળાવે. તેમાં બાળકને બહુ જ આનંદ આવે. બીજાને કામ આવવાની આ લગનનું બીજ આગળ વધતાં જ્યારે તેઓ ત્રિગુણાતીત સંતત્વને પામ્યા ત્યારે વિશ્વે તેમને મૃત્યુવેળાએ, શરીરનાશની વેળાએ પણ તેમને પરમાત્મા પાસે સર્વાત્મભાવથી સર્વનું કલ્યાણ માગતા સાંભળ્યા.

✣

'યોગઃ કર્મસુ કૌશલમ્' લક્ષણ એમના નાનપણના એક પ્રસંગમાં નજરે ચડે છે. એમના જ શબ્દોમાં : 'મને ભણવા જવાનો ખૂબ શોખ. પિતાના ઘરથી થોડે દૂર આવેલ, બીજા ગામમાં હું લાલટેન હાથમાં લઈ અભ્યાસ માટે જતો. લાલટેન હાથમાં લઈ ચાલવાનું ખૂબ ગમે એટલે સ્કૂલમાં જાણીબૂઝીને રમતગમતમાં મોડું કરું અને પછી અંધારું થાય એટલે લાલટેન લઈ ચાલવા માંડું. એક દિવસ ઘેર આવ્યો તો ખબર પડી કે લાલટેનનું ઢાંકણું ખોવાયું હતું. બીજે દિવસે હતો રવિવાર, મને તો ક્યાંય ચેન ન પડે. કેમ થઈ મારાથી આવી ભૂલ ? ભૂલની તકલીફ નિવારવા નાનકડું ઢાંકણું શોધવું જ રહ્યું. આખો દિવસ, આખી રાત હું બેચેન રહ્યો. સોમવારની સાંજે નિશાળેથી નીકળ્યો ને આંખો ફાડીફાડીને ખાડા-ટેકરામાં ઢાંકણું શોધ્યા કર્યું. વસ્તુ નાનકડી અને પાછા બે દિવસ ખોવાયાને થઈ ગયેલા. સંભવ છે, કોઈએ ઢાંકણું ઉઠાવી લીધુંયે હોય. મળવાની આશા તો ખૂબ ઓછી હતી, પરંતુ શોધવાની ઈચ્છા પ્રબળ હતી, કારણ કે ભૂલ થયેલી. ચાલતાં ચાલતાં અચાનક ઢાંકણું મળી આવ્યું ને ચિત્ત પ્રસન્ન થયું.'

વિચાર કરો, તેઓ સંપન્ન પરિવારના હતા. ઢાંકણું ખોવું કોઈ મોટી વાત તો ન હતી. તેઓ એકમાત્ર સંતાન હતા. મા-બાપે બે-ચાર લાલટેન લાવી દીધાં હોત, પરંતુ બાળકને દુઃખ હતું કાર્યકુશળતાની કમીનું. આથી જ જ્યારે સંત થયા ત્યારે કહેતાં કે જો તમે પાણીનો એક ગ્લાસ પણ સારી રીતે નહીં પીવડાવી શકો તો તમારાથી ધ્યાન નહીં સધાય. તેમના પ્રિય મિત્રો જાણતા કે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં પોતાની વસ્તુઓની તેમની સાચવણી આંખવાળા કરતાંય વિશેષ હતી.

✤

અદ્‌ભૂત મોટી અને તેજસ્વી આંખો ધરાવતા શરણાનંદ નાનપણથી જ આંખો ગુમાવી બેસી અંધ થયા. પછી તો એ વાંસની છડીને ટેકવતા વસતીથી દૂર એકાંતમાં ચાલ્યા જતા અને પોતાનો સમય વિતાવતા. માતા-પિતા ખૂબ દુઃખમાં ડૂબ્યાં. શિયાળાની સાંજે બાળક ઘેર પાછો આવે તો કોઈ વખત શરીર પર પહેરેલ પહેરણ ન હોય, તો કોઈ દિવસ વીંટાયેલ શાલ ગાયબ હોય. મા-બાપ બહુ પૂછે તો કોઈ વખત જવાબ મળે, 'કોઈ એકાકી ભિક્ષુકને રસ્તાની પાસે ઠંડીથી થરથરતાં અનુભવ્યો. એને આ વસ્તુઓની જરૂરત મારાથી વિશેષ હતી.

✤

આંખો ગુમાવવાથી અસમર્થ બનેલ બાળક શરણાનંદના બાળ મનમાં પ્રશ્ન ઘુમરાવા લાગ્યો, 'શું કોઈ એવું પણ સુખ હોઈ શકે કે જેમાં દુઃખની સંપૂર્ણ ગેરહાજરી હોય ?' કુદરતે જાણે એનો પ્રત્યુત્તર આપ્યો હોય તેમ એના પિતા એક વાતચીત દરમિયાન બોલી રહ્યા હતા, જે તેમણે સાંભળ્યું

અને એ સોંસરવું તેમના કોમળ હૃદયમાં ઊતરી ગયું કે 'આવું સુખ તો માત્ર સાધુઓને પ્રાપ્ત થાય છે. જેમાં લેશમાત્ર પણ દુઃખ ન હોય.'

બાળકને થયું, 'આંખો તો ચાલી ગઈ. હવે ભણીગણીને વકીલ બનવું તો શક્ય નથી. બધા દરવાજા મારા માટે બંધ થઈ ગયા, એમાં તો હું કાંઈયે નહીં કરી શકું, પણ કાંઈ વાંધો નહીં, સાધુ તો હું બની જ શકીશ.'

આ જ અસમર્થ બાળકે સાધુ શરણાનંદ બની દુઃખરહિત સુખ પ્રાપ્ત કર્યું અને પ્રાપ્ત થયેલ સર્વાત્મ ભાવથી જગતને એવા સિદ્ધાંત અને સાધનપ્રણાલીઓ શીખવી, જે દ્વારા અસમર્થમાં અસમર્થ પણ સ્વાધીનતાપૂર્વક સ્વાધીનતાના સામ્રાજ્યમાં પ્રવેશ પામી શકે.

✣

પછી તો બાળકના મનમાં તીવ્ર ધૂન લાગી કે કેમ કરીને જલદી બની જાઉં સાધુ ? આંખની જ્યોતિ ચાલી જવાથી ઘર બહાર નીકળવું મુશ્કેલ અને સાધુ થવાની વાતથી મા-બાપ દુઃખી દુઃખી. રાત-દિવસ બાળકના મનમાં કસક ઉઠે, 'કેમ મળું સંતજનોને ? ક્યાં જાઉં ? મને કોણ લઈ જાય ?' રાતદિવસ બેચેની ઘેરી વળે, પણ બાળક અતિ સ્વમાની, એને બીજાના દયાપાત્ર થઈને જીવવું પણ બિલકુલ નાપસંદ.

કુદરતમાં કામનાની પૂર્તિ થાય પણ ખરી અને ન પણ થાય, પરંતુ આર્ત હૃદયનો પોકાર તો સંભળાય જ. એક દિવસ એક સંત એમને ઘેર પધાર્યા. દરવાજા પાસેના તખ્ત પર એમનું આસન લાગ્યું. દુઃખી બાળક તખ્ત પકડીને પાસે જ જમીન પર બેઠેલો. હિતચિંતકોએ સંત પાસે બાળકનું દુઃખ વર્ણવ્યું. સંત બોલી ઉઠ્યા, 'ભૈયા, રામ રામ કહા કરો.' બાળકે જવાબ આપ્યો, 'મેરા રામનામ મેં વિશ્વાસ નહીં હૈ.' સંતે જવાબ આપ્યો, 'કોઈ બાત નહીં, ઈશ્વર કો તો માનતે હો ?' બાળકે કહ્યું, 'હા, ઈશ્વર કો માનતા હૂં.' એ પર સંત બોલી ઊઠ્યા, 'અચ્છી બાત હૈ, ઈશ્વર કે શરણાગત હો જાઓ.'

આ વાક્યથી વીજળી પડી, ને સત્યની સ્વીકૃતિ હૃદયમાં થઈ ને યોગી શરણાનંદનો જાણે જન્મ થયો. સંપૂર્ણ જીવન એમણે પરમ સત્યના શરણાગત થઈને વિતાવ્યું ને દુઃખરહિત શાશ્વત સુખ પ્રાપ્ત કર્યું. સત્યની હૃદયપૂર્વકની સ્વીકૃતિ માત્રથી સાધનની અભિવ્યક્તિ થઈ જાય છે. એમને ન જરૂર પડી જપની, ન ધ્યાનની, ન સ્મરણની.

✣

સંતની વાણીએ જાણે જાદુ કર્યો. જીવનમાં સાધુતાનો વિકાસ થવા માંડ્યો, પણ વિધિવત

સંન્યાસ લેવો બાકી હતો. એ દરિમયાન માર્ગદર્શન માટે સંત આવતા રહ્યા. એક દિવસ બાળકની સંન્યાસ લેવાની ઉત્સુકતા સાંભળી સંતે આદેશ આપ્યો, 'માતા-પિતા હયાત છે, ત્યાં સુધી એમને ન છોડતો. ધીરજ રાખ; જે તને છોડતાં જાય એને તુંય છોડતો જા.' ગુરુના આદેશમાં એમને અવિચલ નિષ્ઠા હતી. થોડા સમયમાં જ મોહના ઘેરામાં રાખનાર કુટુંબીજનો એક બાદ એક દિવંગત થવા લાગ્યાં. અંતે અતિ વિકટ પરિસ્થિતિ સામે આવી; રહી ગયાં મા-બાપ. પરપીડાથી પીડાતા બાળકમાં ચિંતન શરૂ થયું, 'મા નહીં રહે તો પિતાજી દુઃખી થશે અને પિતાજી ચાલ્યા જશે તો માતા રડી રડીને અંધ થશે. હું આંધળો બાળક કરી પણ શું શકીશ ? માનું દુઃખ મારાથી કેમ સહન થાશે ? કુદરત કરે ને આનો યોગ્ય ઉપાય તો એક જ છે કે બન્ને સાથે વિદાય લે.' કુદરતના કરવાથી એમ જ થયું. માતા-પિતા બન્નેનો દેહાંત સમયાંતરે બે-ત્રણ કલાકના ગાળામાં જ થયો. કોણ કહી શકે કે આ કેમ થયું ? કોણે કર્યું ?

✣

ઉંમર અઢાર -ઓગણીસ વર્ષની થઈ ગઈ. ખૂબ ઉત્સુકતાથી તેઓ ગુરુદેવની રાહ જોવા લાગ્યા. સગાં-સંબંધી, આડોશી-પાડોશી, વડીલો તરફથી જાતજાતની ભલામણો આવવા માંડી. સંપત્તિ આખી જિંદગી ચાલે તેટલી છે. 'બેન્કમાં જમા કરાવી દો અને પછી દરવાજા પાસે બેસી રામનું નામ લો.' સુઝાવ સાંભળી મનમાં આગ લાગી જતી, કારણ કે એણે તો ક્યારની યે સર્વ સામર્થ્યવાનની શરણાગતિ લીધેલી. એનો આંતરિક સંન્યાસ તો ક્યારનીયે સિદ્ધ થઈ ચૂક્યો હતો, માત્ર બહારના સંસ્કાર કરવાના બાકી હતા. એ અટલ નિશ્ચયથી જવાબ વાળતો, 'તમે બધા મને સંપત્તિને આધીન રાખવા માંગો છો, તે હું સમજું છું. હું એવું નહીં જ કરું.'

એક દિવસ સંતમંડળી સાથે ગુરુદેવ પધાર્યા અને તેમણે આદેશ આપ્યો, 'અબ સમય આ ગયા હૈ, ઘર કે દરવાજે સબ ખોલ દો. ગાંવ કે લોગ જો ચાહે સબ ઊઠા લે જાયેં. તુમ મેરે સાથ ચલો.' યુવકે એમ જ કર્યું. કારણ કે શરણ્યને મળવાની તીવ્ર લગને અને સંન્યાસી થવાની તીવ્ર અભિલાષાએ હૃદયમાંથી લોભ-મોહનો ખાત્મો તો પહેલાં જ કરી નાખેલ. શિષ્યે ગુરુઆજ્ઞાનું અક્ષરશઃ પાલન કર્યું. લોકોની આંખમાં સ્નેહનાં આંસુ આવ્યાં. યુવકે બધાની પ્રેમપૂર્વક સાંત્વના કરી. ગુરુદેવ પાછળ પ્રયાણ કર્યું. એ સમયથી માંડી છેક અંત સુધી શરણાનંદજીએ સંન્યાસધર્મનું પૂરી દૃઢતાથી સાંગોપાંગ પાલન કર્યું.

સંન્યાસ આપવાવાળા ગુરુએ ચાલતાં ચાલતાં આ વચન કહ્યાં, 'બેટા ! જ્યારે તું આઝાદ બની જઈશ, ત્યારે સમગ્ર પ્રકૃતિ તારી સેવા માટે લાલાયિત રહેશે. ચરાચર જગત તારી

આવશ્યકતાની પૂર્તિ માટે તત્પર રહેશે. વૃક્ષો તને ફળ-ફૂલ આપશે અને ખૂંખાર સિંહો તને ગોદમાં ધારણ કરી તારું રક્ષણ કરશે.' સાંભળ બેટા !

**જીતે જી મર જાય, અમર હો જાવે,**
**દિલ દેવે સો દિલબર કો પાવે.**

સ્વામીજીએ ગુરુવાણીને સર્વાંશે જીવનમાં ધારણ કરી અને તેને શતપ્રતિશત ફલિત થતી જીવનભર અનુભવી.

✣

કેવી તીવ્ર હતી એમની પ્રભુમિલનની લગની તેને લગતા પ્રસંગો સાધકો માટે અતિ મનનીય અને પ્રેરણાદાયક છે.

● ગામની બહાર ખેતર પાસે એક વખત પ્રભુવિરહી શરણાનંદજીનું રાત્રીરોકાણ હતું. તેમણે જોયું, અનાજની રક્ષા કરવા ખેડુ ચોકિયાતો આખી રાત જાગરણ કરે છે. તેમનું વિરહીચિત્ત ચિંતનમાં ડૂબે છે, 'અરે ! મુઠ્ઠીભર અનાજ માટે આ ચોકિયાતો રાતભર જાગે છે અને મારે તો પ્રભુને મળવું છે, હું કેમ ઊંઘી શકું ભલા ?'

● એક પરિચિત પરિવાર. ભર્યુંભાદર્યું ઘર. નવવિવાહિતા નણંદ સાસરેથી પિયર આવી છે. ભાભીઓ મજાક કરે છે, 'બહેન ! કેવું લાગે છે તને ?' નવોઢા દુઃખી દિલથી કહે છે, 'ભાભી ! ભર દિવસેય અંધારા જેવું લાગે છે.' પ્રભુવિરહી શરણાનંદ વિચારે છે, 'અરેરે ! પ્રેમ કરતાં તો આ ભોળી બાળાને આવડે છે. જેને પોતાના પ્રિયતમ વિના દિવસેય અંધકાર લાગે છે અને બીજો હું ! કહું છું પોતાની જાતને શરણાગત અને શરણ્ય વિના આરામથી દિવસો પસાર કર્યે રાખું છું !'

● આ તીવ્ર વિરહમાં એક વખત ભર ઉનાળામાં કોઈ બે માળના મકાનમાં ઉપલે માળે ઉતારો મળે છે. ઉપર ટીનની છત છે. સખત પાણીની તરસ લાગી છે, ગળું સૂકાય છે. બાજુમાં જ પાણી પણ છે, તેમ છતાં પી નથી શકતા. કારણ પ્રભુ મિલનની તીવ્ર ઉત્કંઠાની જ્યોતિ અંદર એટલી તો પ્રજ્વલિત છે, જે કહી રહી છે, 'પાણી પીશ પછી ! પહેલાં સત્યને મેળવી એનાથી અભિન્ન થઈ જાઉં. કોને ખબર પાણી પીતાં પીતાં પ્રાણ નીકળી જાય તો ?' બસ ! પ્રભુ પ્રાપ્ત કરવા આવી તડપ જો એ સાધકમાં હોય તો પછી શરણાનંદજી સ્વાનુભવથી કહે છે તેમ 'માંગની જાગૃતિમાં જ માંગની પૂર્તિ છૂપાયેલી છે, સાધકો !'

✣

ગુરુના સાંનિધ્યમાં એક દિવસ યુવાન તેજોમય સંન્યાસીના મનમાં ઉપનિષદ ભણવાનો સંકલ્પ

જાગ્યો. સદ્‌ગુરુદેવે એ પૂછે તે પહેલાં જ પ્રત્યુત્તર વાળ્યો, 'શાંત થયેલ બુદ્ધિમાં બધા જ વેદશાસ્ત્રો અને ઉપનિષદોનું જ્ઞાન આપમેળે પ્રગટે છે. એની પાઠશાળા છે એકાંત અને એનો પાઠ છે મૌન.' સંન્યાસીને ઉત્તર મળી ગયો. ગુરુદેવે જે કહ્યું, તે તેમણે કર્યું અને તેઓ ચક્ષુ વિનાય પ્રજ્ઞાવાન બન્યા. 'મૈં', 'યહ', અને 'વહ' (આત્મા, જગત અને પરમાત્મા)નું પ્રત્યક્ષ જ્ઞાન તેમને પ્રાપ્ત થયું.

✣

પ્રભુપ્રેમનો પ્યાલો પી મસ્ત થયેલા શરણાનંદજી બાહ્ય દૃષ્ટિથી હંમેશ ખૂબ સજાગ, પરંતુ આંતરિક રીતે હંમેશ પ્રેમનિમગ્ન રહેતા. નિર્ભિકતાપૂર્વક રસ્તા પર ચાલી રહેલ તેમને કોઈ ભોળા વ્રજવાસીએ પૂછયું, 'બાબા, લાલા-લાલી પરત્વે આપનો શો ભાવ છે ?' સ્વામીજી મધુર હસતાં પ્રત્યુત્તર વાળ્યો, 'હું તો પ્રિયા-પ્રિયતમનો ફૂટબોલ છું. એ મને જ્યાં ફેંકે ત્યાં હું ચાલ્યો જાઉં છું. આમાં જબરદસ્ત આનંદ છે, કારણ કે બન્ને રમતાં હોય છે અને બન્નેની દૃષ્ટિ સદા મારા પર જ હોય છે. પ્રિયતમ પ્રિયાની તરફ ફેંકે અને પ્રિય પ્રિયતમની તરફ. હું તો બન્નેના ચરણસ્પર્શથી આનંદિત રહું છું. મારી અંદર મારું પોતાનું ક્યાં કાંઈયે છે ?' હું તો અનુપમ ખેલાડીઓનું હાથ-રમકડું છું. તેઓ બન્ને મને ખૂબ ચાહે છે.'

✣

એમની શરણાગતિ કેટલી ગહન હતી અને કેટલી જીવનમાં ઓતપ્રોત હતી કે એક દિવસ મથુરાથી આગ્રા જતાં શ્રી શરણાનંદજી મહારાજ યમુના નદીને કિનારે કિનારે ચાલી રહ્યા હતા. એક સ્થાન પર અચાનક કિનારાની માટી ધસી ને તેઓ યમુનામાં પડી ગયા. નદીમાં જબરદસ્ત પૂર આવ્યું હતું અને એમના હાથની લાઠી પણ છૂટી ગઈ. એ તો પ્રજ્ઞાચક્ષુ, સમજણ જ ન પડે કે કઈ બાજુ તરીને જવું ? એમણે ભગવાનને ભરોસે શરીરને છોડી દીધું 'તારી મરજી.' થોડીવારમાં એમને જણાયું કે કોઈએ એમનો હાથ પકડી સૂકી જમીન પર લાવી દીધા. જમીન પર પડેલા જેવા ઊભા થવાની કોશિશ કરી તો તણાઈ ગયેલ લાઠીની જગ્યાએ નવી લાઠી હાથમાં આવી ગઈ.

ગીતામાં પ્રભુવાણી છે કે 'જે લોકો અનન્ય ભાવથી મારું ચિંતન કરતાં, મારા ચરણાશ્રિત થઈ, મારી ઉપાસના કરે છે, તે જીવોના યોગ અને ક્ષેમનું વહન હું કરું છું.' આ વાત મહારાજશ્રીને તે પ્રત્યક્ષ થઈ ગઈ. ગીતામાં પ્રભુએ જે કહેલ તે મહારાજશ્રીના જીવનમાં પ્રભુએ કરીને દર્શાવ્યું. શરણ્ય અને શરણાગતની આ જગત પાછળની મધુમયી લીલાની ધન્યતા સાધકોના હૃદયને અનેરી શ્રદ્ધા, જોમ અને વિશ્વાસ આપે છે.

✣

# 3 માનવ સેવા સંઘ : માનવતામાં જ પૂર્ણતા

શ્રી શરણાનંદજી મહારાજ સમાન બ્રહ્મલીન, પરમ વિરક્ત, એકાકી, સર્વથા સ્વતંત્ર, અવધૂત જીવન જીવતા સંન્યાસી કે જેઓ કઠોર સંન્યસ્ત નિયમોનું પાલન કરતા, માત્ર કૌપીન, કમંડલ અને પ્રજ્ઞાચક્ષુ હોવાથી અનિવાર્ય સહારારૂપ દંડ ધારણ કરતા અને એક ફૂટી કોડી કે એક સમયનું ભોજન પણ લીધા વિના લાંબી લાંબી તીર્થયાત્રાઓ કરતા તેમને વળી 'માનવ સેવા સંઘ' જેવી સંસ્થા સ્થાપવાનો કેમ વિચાર આવ્યો એવો પ્રશ્ન સ્વાભાવિક મનમાં ઊઠે જ.

મહારાજશ્રીના પરમ કરુણાવાન અંતઃકરણમાં બીજા વિશ્વયુદ્ધમાં જે ભીષણ નરસંહાર થયો અને ત્યારબાદ જાપાનમાં હીરોશીમા અને નાગાસાકી શહેરો પર અણુબોંબ ઝીંકાયા, જેમાં લાખો જીવન ક્ષણાર્ધમાં હતાં ન હતાં થયાં, તે અનુભવથી અતિ આઘાતની લાગણી થઈ આવી. ત્યારબાદ ભારત દેશનું જે વિભાજન થયું, તેમાં ઉત્પન્ન થયેલ કોમી વૈમનસ્યથી જન્મેલ દાનવીય બર્બરતાથી જે રક્તપાતી હિંસા થઈ, તેનાથી તેમનું કોમળ હૃદય સ્તબ્ધ અને દુઃખી થયું. તેમની સામે દુનિયાભરના દેશોની સંકીર્ણ જૂથબંધી, પરસ્પરનો વેરભાવ, જાતિભેદ, રંગભેદ, સમર્થ દેશો દ્વારા થતું શોષણ, આપસી અવિશ્વાસ, અસહિષ્ણુતા વગેરેનું વાતાવરણ પણ તરવરતું રહ્યું.

સ્વામીજી જેવા ઉચ્ચ વિચારક અને સાક્ષાત્કારી સંતનું ધ્યાન આમાં મૂળ કારણો અને તેના નિરાકરણના ઉપાય પર ગયું. તેમને ખ્યાલ આવી ગયો કે આ બધાનું મૂળ છે મનુષ્યના મનમાં, તેના બદલાતા વિચારોમાં. મનુષ્યની મૂળ ખોજ તો હોવી જોઈએ 'પોતાનું વ્યક્તિગત કલ્યાણ અને તે દ્વારા સુંદર સમાજનું નિર્માણ.' સુંદર માનવસમાજનું નિર્માણ ત્યારે જ શક્ય બને, જ્યારે બધા જ ધર્મના અનુયાયીઓ માનવીય એકતાનો આદર કરે અને તે માટે બીજાના અધિકારનું રક્ષણ કરવાના કામને પોતાનું પરમ કર્તવ્ય સમજે. જાતિ, સંપ્રદાય, વિચાર, કાર્ય અને સામર્થ્યની ભલે ભિન્નતા હોય, પરંતુ પરસ્પર પ્રત્યેની પ્રીતિની એકતાનો ભાવ હંમેશા હોય.

આમ 'વ્યક્તિનું પોતાનું કલ્યાણ અને સુંદર સમાજનું નિર્માણ' એ ધ્યેયમંત્ર સાથે 'માનવ

સેવા સંઘ' સ્થાપવાનો વિચાર સ્વામીજીમાં પ્રેરિત થયો. માનવ સેવા સંઘના સિદ્ધાંતોમાં માનવ જ કેન્દ્રબિંદુને સ્થાને છે.

માનવ માત્રના સામાજિક, પારિવારિક કે વ્યક્તિગત બધા જ પ્રશ્નોનો ઉકેલ માનવ સેવા સંઘના સિદ્ધાંતોનું અનુસરણ કરવાથી સહજ રીતે જ પ્રાપ્ત થાય છે.

બહુ જ ટૂંકમાં શરણાનંદજી મહારાજ દ્વારા સ્થાપિત માનવ સેવા સંઘ માટે એમ કહી શકાય કે તે સંસ્થાના માધ્યમથી જનસમાજને સર્વહિતકારી ભાવ, વિચાર તથા કર્મની પ્રેરણા આપવામાં આવે છે. જેનો ઉદ્દેશ છે વ્યક્તિનું કલ્યાણ અને સુંદર સમાજનું નિર્માણ. એના દ્વારા પૂર્ણ વિકસિત માનવજીવનનું ચિત્ર એટલે :

(૧) શરીર વિશ્વ સેવામાં કામ આવી જાય.

(૨) અહમ્ અભિમાન શૂન્ય બની જાય.

(૩) હૃદય પ્રેમથી પરિપૂર્ણ બની જાય.

શું ભાગ્ય ગણીએ ગુજરાતનું કે તા. ૨૭ નવેમ્બર, ૧૯૫૨ના દિવસે ગીતા જયંતીના અવસરે સ્વામીજી રાજકોટ હતા. સવારે ૮.૦૦ વાગે સ્વામીજી દ્વારા માનવ સેવા સંઘનું પ્રાગટ્ય થયું. ૨૮ તારીખે દ્વારકા જઈ સ્વામીજીએ દ્વારકાધીશને ચરણે મસ્તક નમાવી પ્રાર્થના કરી કે 'આ માનવ સંસ્થાનો છોડ સદા પાંગરતો રહી નિતનવા રસરૂપ ધારણ કરતો રહે.' પ્રભુકૃપાથી અનંતની અહેતુકી કૃપાથી આજ દેશના વિભિન્ન પ્રાંતોમાં સંઘના આશ્રમ અને શાળાઓ કાર્યરત છે.

આમ કહીએ તો આ સમગ્ર વિશ્વ માનવ સેવા સંઘ છે અને માનવ હોવાને નાતે આપણે સૌ એના સભ્ય છીએ. વળી વ્યવહારિક રીતે પણ આમાં પ્રત્યેક જાતિ, વર્ગ, રાષ્ટ્ર, મત, સંપ્રદાય, વાદ કે ધર્મનાં ભાઈ બહેન સમ્મિલિત થઈ શકે છે. માનવ સેવા સંઘનો ઉદ્‌ઘોષ છે, 'માનવતામાં જ પૂર્ણતા નિહીત છે. આથી માનવતાની જાગૃતિ તથા પ્રાપ્તિ જ માનવજીવનનો ઉચ્ચત્તમ આદર્શ છે, જે પ્રાપ્ત કરવામાં માનવ સ્વાધીન અને સમર્થ છે.'

આપણે વર્તમાન પરિસ્થિતિનું અવલોકન કરીશું તો તરત જ દેખાઈ આવે છે કે આપણા બધાનું જીવન દુઃખ, અશાંતિ, પરાધીનતા અને આસક્તિથી જડબેસલાક રીતે જકડાયેલું છે. આ જ તો છે મનુષ્યની જીવનની મૌલિક સમસ્યા કે વર્તમાનકાળમાં જ આનાથી મુક્ત કઈ રીતે થઈ શકાય ? આનો ઉકેલ ભવિષ્યમાં નહીં, આજ અને અત્યારે વર્તમાનકાળમાં જ છે. આનો ઉપાય છે વર્તમાનનો સદુપયોગ કરી ભવિષ્યને ઉજ્જવળ બનાવવું. માનવજીવનની મૌલિક સમસ્યાઓના સમાધાન માટે માનવ સેવા સંઘ અસત્‌નો ત્યાગ કરી સતનો સંગ કરવાનું કહે છે. માનવ સેવા

સંઘની સત્સંગ યોજના મુજબ સત્સંગ દરેક ભાઈ-બહેનને કોઈ પણ પરિસ્થિતિમાં સહજ તથા સુલભ છે. એટલા માટે જ જીવનના પ્રશ્નોથી નાસીપાસ થવું એ શરમની વાત છે. પ્રત્યેક પરિસ્થિતિમાં સજગ રહી સતત જીવનના પ્રશ્નો ઉકેલવા અથાગ પ્રયત્નશીલ રહેવાથી સફળતા ચોક્કસ મળશે. આથી 'માનવ સેવા સંઘ' માનવની સમસ્યાઓના ઉકેલ માટે છે તેને દળ, સંગઠન, મઝહબ કે ઈઝ્મની દીવાલોમાં કેદ નહીં કરી શકાય. એનો અર્થ રખે કોઈ એમ કરે કે માનવ સેવા સંઘ મઝહબ કે ઈઝ્મનો આદર નથી કરતો. માનવ સેવા સંઘ એ સ્પષ્ટ કરે છે કે આ સઘળું વ્યક્તિગત રીતે સુંદર બનવા માટે છે. જેને કોઈ પણ વ્યક્તિ પોતાની રુચિ, યોગ્યતા અને સામર્થ્યના આધાર પર અપનાવવા સદા સ્વતંત્ર છે, પરંતુ એનો અર્થ એ નથી કે પોતાની સ્વીકૃતિના આગ્રહી થઈ એને જ અહંકારપૂર્વક અન્ય પર ઠસાવી, સમાજમાં સંઘર્ષને જન્માવીએ નહીં ! એ તો અમાનવીયત છે, માનવ સેવા સંઘ માનવતાનો પૂજારી હોવાથી જાણે છે કે માનવતા સેવા, ત્યાગ અને પ્રેમમાં છુપાયેલ છે. એટલે જ માનવ સેવા સંઘ બધા જ મત, સંપ્રદાય તથા વિચારધારાનો આદર કરી માનવમાત્રને આર્જવભરી વિનંતી કરે છે કે માનવ પોતાના મત મુજબ જીવનને એટલું તો સુંદર બનાવે કે જીવન બધા માટે ઉપયોગી અને કલ્યાણકારણ બની રહે.

વ્યક્તિ પોતાના ત્રણ વિશિષ્ટ ગુણો દ્વારા સમાજની સેવા કરી શકે :

(૧) વ્યક્તિની નિર્દોષતાથી સમાજ નિર્દોષ થાય છે.

(૨) વ્યક્તિઓ વચ્ચે સ્નેહની એકતાથી સંઘર્ષનો નાશ થાય છે.

(૩) પોતાના અધિકારનો ત્યાગ કરી અન્યના અધિકારનું રક્ષણ કરવાથી સુંદર સમાજનું નિર્માણ થાય છે.

મતલબ કે આપણે આપણા કલ્યાણ માટે કાંઈક કરવાનું છે અને સમાજને સુંદર બનાવવા બીજું કાંઈ કરવાનું છે એમ નથી, પરંતુ જે સાધનાથી વ્યક્તિનું કલ્યાણ થાય છે, તેનાથી જ સુંદર સમાજનું નિર્માણ થાય છે.

# 4

# માનવતાના મૂળ સિદ્ધાંત : માનવ સેવા સંઘના ૧૧ નિયમ

કોઈ પણ વ્યક્તિ જ્યારે નિષ્ઠાપૂર્વક સાધના માર્ગ પર ચાલવું શરૂ કરે છે, ત્યારે સર્વપ્રથમ તેના મનમાં એ મૂંઝવણ હોય છે કે અધ્યાત્મયાત્રા તો નિરંતર ચાલવાની. દરેક યાત્રાના પોતાના નિયમો હોય જ, જે પાળવાથી યાત્રા સુખેથી પાર પાડી શકે, તો માનવતાની પૂર્ણતા દ્વારા માનવ બનવાના જીવન વિકાસના નિયમો કયા જે મારે એક સાધક તરીકે પાળવા જોઈએ ? શ્રી શરણાનંદજી મહારાજે આ માટે કોઈ પણ માન્યતાના સાધકને ઉપયોગી નીવડે ને તે દ્વારા મંજિલ હાંસલ કરી શકાય તે માટે સર્વસ્વીકૃત ૧૧ નિયમો આપેલા છે. જે સાધકની અનેક મૂંઝવણ ઉકેલી દે તેવા છે. તે નીચે મુજબના છે,

૧. આત્મ-નિરીક્ષણ, અર્થાત પ્રાપ્ત વિવેકના પ્રકાશમાં પોતાના દોષોને જોવા.

૨. થયેલ ભૂલ ફરી વાર ન થાય તે માટે સરળ વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરવી.

૩. વિચારનો પ્રયોગ પોતાની જાત પર અને વિશ્વાસનો પ્રયોગ અન્ય પર કરવો અથવા તો પોતાની જાતનો ન્યાય અને અન્ય પર ક્ષમા તથા પ્રેમ.

૪. જીતેન્દ્રિયતા, સેવા, ભગવદ્‌ચિંતન અને સત્યની ખોજ દ્વારા પોતાની જાતનું નિર્માણ.

૫. બીજાના કર્તવ્યને પોતાનો અધિકાર, બીજાની ઉદારતાને પોતાના ગુણ તથા બીજાની નિર્બળતાને પોતાનું બળ ન માનવું.

૬. પારિવારિક તથા જાતિગત સંબંધ ન હોય તે છતાં પણ પારિવારિક ભાવનાને અનુરૂપ પારસ્પરિક સંબોધન તથા સદ્‌ભાવ અર્થાત કર્મની ભિન્નતા હોવા છતાં પણ સ્નેહની એકતા.

૭. નિકટવર્તી જનસમાજની યથાશક્તિ ક્રિયાત્મક રૂપથી સેવા કરવી.

૮. શારીરિક હિતની દૃષ્ટિથી, આહાર-વિહારમાં સંયમ તથા દૈનિક કાર્યોમાં સ્વાવલંબન.

૯. શરીર શ્રમી, મન સંયમી, બુદ્ધિ વિવેકવતી, હૃદય અનુરાગી તથા અહમ્ ને અભિમાન શૂન્ય કરી પોતાને સુંદર બનાવો.

૧૦. સિક્કાથી વસ્તુ, વસ્તુથી વ્યક્તિ, વ્યક્તિથી વિવેક તથા વિવેકથી સત્યને વધુ મહત્ત્વ આપવું.
૧૧. વ્યર્થ ચિંતન ત્યાગ તથા વર્તમાનના સદુપયોગ દ્વારા ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવું.

હવે સંક્ષેપમાં જોઈએ. આ નિયમોનો ઉપયોગ સાધકો માટે. પ્રથમ પગથિયું છે આત્મનિરીક્ષણ. દરેક સાધક પોતાની અંદર રહેલ સારાસાર વિવેકના પ્રકાશમાં સર્વ પ્રથમ પોતાના દોષને, પોતાની ત્રૂટીઓને સમજે. આપણી અંદર રહેલ વિવેક આપણને નિરંતર દર્શાવે જ છે કે આપણા માટે શું સાચું છે ને શું ખોટું ? આ વિવેકનો અનાદર કરી વિવેકવિરોધી કર્મ કરવાથી જ જીવનમાં ભૂલો નિર્માણ થાય છે. ભૂલો પ્રારબ્ધ નથી, પરંતુ સમજવા છતાં પણ સાધકે એટલે આપણે કરેલ વિવેકના અનાદરનું ફળ છે.

બીજો નિયમ કહે છે કે એ સાચું છે કે આસક્તિઓના તોફાની વેગ પાસે સાધક વિવેકના પ્રકાશની સમજણ હોય છતાં પોતાની જાતને સામર્થ્યવિહિન અનુભવે ત્યારે એણે સરળતાપૂર્વક પ્રાર્થનાનો સહારો લેવો કે, 'હે ! સર્વ સમર્થ પ્રભુ ! એક સાધક તરીકે હું મારી ભૂલો સમજ્યો છું. એણે મને પારાવાર નુકસાન પહોંચાડ્યું છે, એટલે એ ભૂલોનું હે પ્રભુ ! પુનરાવર્તન ન કરવાનું વ્રત હું લઉં છું. તેમ છતાં આ વ્રત હું પૂરેપુરું પાળી શકું અને ભૂલો વિદારી શકું તે માટેનું બળ આપ મને પ્રદાન કરજો. મારી રક્ષા કરજો પરમાત્મા.'

હવે જોઈએ સાધક માટેનો ત્રીજો નિયમ. એ સાધકને એમ સૂચિત કરે છે કે 'હે સાધક ! ન્યાયાધીશ તું માત્ર તારી જાતનો જ થજે, અન્ય કોઈનો નહીં. એટલે વિચાર-આલોચના તું માત્ર તારા જ કરજે, અન્યનાં નહીં. અન્ય પર વિશ્વાસ રાખજે, પ્રેમ અને ક્ષમા રાખજે, એમાં જ એક સાધક તરીકે તારું કલ્યાણ છે.' આ નિયમનું વ્યવહારના રૂપ અને પરિણામ જુઓ. સામાન્ય રીતે આપણે અન્યનાં કર્મોની કઠોર આલોચના જ કરતાં હોઈએ છીએ કે ફલાણી વ્યક્તિએ આ કર્યું ને આ ન કર્યું. સાધક ધ્યાનથી જોશે તો સમજાશે કે આપણને પૂરતી માહિતી માત્ર આપણી જાત વિષે જ છે, માટે ન્યાયાધીશ તો એના જ બની શકાય જેના વિશે પૂરેપૂરી માહિતી હોય. લાખ કોશિશ કરીએ તો પણ આપણા અતિ પ્રિય સંબંધો - માતાપિતા, સગાસંબંધી, મિત્રો, સંતાનો, પત્ની, પતિ સુદ્ધામાં તેઓએ અમુક કાર્ય શા માટે કર્યું ? તે દરમ્યાન તેમની શી મજબૂરીઓ હતી ? તે આપણે ક્યારેય જાણી ન શકીએ. આથી જ સાધકે અન્ય પર પ્રેમ અને ક્ષમાનો ભાવ ધારણ કરવો જ યોગ્ય ગણાય.

ચોથો નિયમ સમજાઈ જાય તેવો છે. તે પોતાની જાતના નિર્માણ માટે સાધકને ઉપયોગી થશે. ઈન્દ્રિયો પર કાબૂ, સેવાભાવના, પરમાત્મા વિષે ચિંતન અને સત્યની ખોજ કરવી.

પાંચમો નિયમ સમજવા જેવો છે. વ્યવહાર અને સાધના બન્નેમાં ખૂબ ઉપયોગી છે. આપણી સમજણ-અસમજણ દ્વારા આપણે જે ભૂલો કરી બેસીએ છીએ, તેનું સૂક્ષ્મ વિવેચન અને ઉપાય એમાં છે. જીવનમાં આપણે દુ:ખ ક્યારે અનુભવીએ છીએ ? જ્યારે આપણને એમ લાગી આવે કે સામેની વ્યક્તિ સમય આવે પોતાના કર્તવ્યનું પાલન આપણા તરફ નથી કરતી. આથી આપણને તરત ક્રોધ આવે. જેમ કે પુત્ર પિતા તરફ ફરજ ન બજાવે, પત્ની કે પતિ એકબીજા તરફ ફરજ ન બજાવે. મહારાજશ્રીનું સૂચન છે કે એના કર્તવ્ય પર તમારી જે અધિકારભાવના છે, તે ન રાખો, તો દુ:ખ નહીં થાય. ઘણી વખત એવું પણ બને કે સામેની વ્યક્તિ ઉદાર બની તમને મદદગાર થાય, ત્યારે મનમાં એવી ભાવના ન રાખવી કે 'એ તો હું ગુણવાન છું એટલે મદદ કરી રહી છે એ વ્યક્તિ.' એ જ રીતે ઘણી પરિસ્થિતિ અને અવસ્થામાં સામેની વ્યક્તિ મજબૂર હોય અને નિર્બળ હોય ત્યારે એમ ન માનવું કે હું બળવાન છું. આ ત્રણે દ્વારા સાધક અધ્યાત્મયાત્રામાં આગળ વધી શકતો નથી. વિપરીત ભાવનું સેવન કરવાથી એ જ્યાં હોય ત્યાં જ સ્થગિત થઈ જાય છે. સાધકે હંમેશ પોતાને બજાવવાના કર્તવ્ય પ્રત્યે આગ્રહી રહેવું.

છઠ્ઠો નિયમ પણ એટલો જ સુંદર છે. આપણે કુટુંબમાં કેવા ભાવથી રહીએ છીએ. કુટુંબમાં પણ જુદી જુદી વ્યક્તિ જુદું જુદું કામ કરતી જ હોય છે. તેમ છતાં સ્નેહ અને સદ્‌ભાવ કાયમ રહે જ છે ને ? એ જ રીતે સમાજને બૃહદ પરિવાર માની તેમાં કુટુંબમાં રહેતા હોઈએ તે જ રીતે સ્નેહ અને સદ્‌ભાવથી રહેવું અને સંબોધન પણ કુટુંબ જેમ જ 'ભાઈ', 'બહેન', 'મિત્ર' કે વડીલો પ્રત્યે માતા-પિતા જેવાં કરવાં.

સાતમો નિયમ સાધકને એટલું જ સમજાવે છે કે 'ભાઈ સાધક ! તારાથી સમગ્ર દુનિયાને ન બદલાવી શકાય. તેમ છતાં તું જ્યાં વસવાટ કરતો હોય ત્યાંના નિકટવર્તી સમાજના લોકોની યથાશકિત, ક્રિયાત્મકરૂપથી સેવા કરજે. કારણ કે પરમાત્માએ શરીર જગતની સેવા માટે આપેલું છે.'

આઠમો નિયમ સાધકને સ્વાસ્થ્યની જાળવણી માટે આહાર-વિહારમાં સંયમ સૂચવે છે. મતલબ કે શરીરને હિતકર સાત્ત્વિક આહાર લેવો અને જરૂરી વ્યાયામ તથા ફરવાનું રાખવું. આ ઉપરાંત પોતાનાં કામ પોતે જ કરી સ્વાવલંબી બનવું.

નવમા નિયમમાં શરીરને શ્રમી રાખવું. બેઠાડુ જીવન, આળસુ જીવન ન જીવવું. મનને જ્યાં ત્યાં ન દોડાવતાં સંયમિત રાખવું, બુદ્ધિ પર હંમેશા વિવેકનું શાસન રાખવું, હૃદયમાં બધા પ્રત્યે પ્રેમભાવ દાખવવો તથા કોઈ પણ બાબતમાં પદ, યોગ્યતા, વસ્તુ, સામર્થ્ય-અભિમાનની ભાવનાથી

દૂર રહેવાની વાત છે, કારણ કે દેનાર તો એક પરમાત્મા જ છે.

દસમો નિયમ અદ્‌ભુત છે, એ ક્રમબદ્ધ રીતે મહત્ત્વ કોનું વધારે છે તે સાધકને સમજાવે છે. જેમ કે પૈસા કરતાં વસ્તુ મહત્ત્વની, વસ્તુ કરતાં વ્યક્તિ, વ્યક્તિ કરતાં વિવેક ઊંચો ગણવો અને વિવેક કરતાં સત્ય. જો કોઈ વ્યક્તિ કરોડપતિ છે એટલે તમે માન આપો છો તો મોટું કોણ થયું ધન કે વ્યક્તિ ? સત્યની ખોજ નિરંતર જારી રહેવી જોઈએ.

છેલ્લો અને અગિયારમો નિયમ કહે છે કે દરેક સાધકના મનમાં સતત વિચારોના વંટોળિયા વાયા જ કરતા હોય છે. એ જન્મજન્માંતરની ભુક્ત અભુક્ત ઈચ્છાઓ છે, જે વ્યક્ત થઈ રહી છે મટી જવા માટે. એનાથી ગભરાવું નહીં. તટસ્થતાથી સાક્ષી બની તેને નિહાળતા રહેવું, એ આપમેળે શમી જશે. સાધકનું એટલું જ કર્તવ્ય છે કે સત્યની પ્રાપ્તિ વર્તમાનમાં જ થશે. માટે સાધકે સતત વર્તમાનનો ઉપયોગ ઉપરના અગિયાર નિયમોમાં કરી ભવિષ્યને ઉજ્જવળ બનાવવું. આ નિયમોના પાલન માત્રથી બધી જ પ્રાપ્તિ સાધકને થઈ જશે, એવું મહારાજશ્રીનું અભય વચન છે.

5

# સેવાનો સાધનમાર્ગ : મારું કાંઈ જ નથી

પૂ. શરણાનંદજી મહારાજે 'સેવા'ને ઈશ્વરપ્રાપ્તિનો સ્વતંત્ર માર્ગ કહ્યો છે. એમણે સાધકોને આશ્વાસન આપ્યું છે, પોતાના દ્વારા અનુભૂત સત્યથી કે માત્ર 'સેવા' અપનાવી લો. તમને અધ્યાત્મ માર્ગમાં એ બધું જ આવી મળશે, જે તમે એક સાધક તરીકે જીવનમાં પામવા ઈચ્છો છો.

વર્ષોથી 'સેવા'ને આપણાં શાસ્ત્રો તથા સંતોએ 'ગહન ધર્મ' કહ્યો છે, પણ સાધકોના સદ્ભાગ્યે પૂ. શરણાનંદજીએ આ ગહન ધર્મને અતિ સરળ શબ્દોમાં સમજાવ્યો પણ છે અને એ માર્ગે ચાલવા માટે વ્યવહારુ પ્રયોગો અને ઉપાયો પણ સૂચવ્યા છે. સેવાને ઈશ્વર પ્રાપ્તિના આધ્યાત્મિક માર્ગ તરીકે સમજીએ એ પહેલાં થોડો વિચાર કરી લઈએ કે 'સેવા' વિશે અત્યાર સુધી શું સમજીએ છીએ ?

આપણી ચારે બાજુ સમાજમાં અનેક સેવાભાવી સંસ્થાઓ જુદી જુદી સેવાકીય પ્રવૃત્તિઓ કરતી નજરે પડે છે. જેમ કે જુદા જુદા રોગોના નિવારણ માટેના સામૂહિક કેમ્પો, જેમાં આંખના રોગો, હાડકાંના રોગો, પેટના રોગો, સ્ત્રીઓ-બાળકોના રોગો વગેરે અનેક સદ્પ્રવૃત્તિઓ થતી આપણે જોઈએ છીએ. આ કાર્ય ખૂબ જ સમાજ ઉપયોગી છે. જેમાંથી અનેક અસમર્થ લોકોનાં દુ:ખદર્દ દૂર કરવામાં આવે છે. આમાં જોડાતી વ્યક્તિને પણ સંતોષની લાગણી થાય છે કે એણે દુ:ખી ભાઈ-બહેનો, વડીલોની મદદ કરી અને પોતાનો સમય સાર્થક રીતે પસાર કર્યો. સમાજ પણ આવી વ્યક્તિઓ અને સંસ્થાઓની કદર કરવા તેને સન્માન આપે છે.

પૂ. શરણાનંદજી મહારાજ એમ સૂચવે છે કે જો તમે સાધક છો, તો સેવા એ માત્ર પ્રવૃત્તિ ન રહેવી જોઈએ. સેવા ધર્મમાં પરિવર્તિત કરવી જોઈએ. કઈ રીતે ? આ માટે સેવાનાં અનેક સ્તરો એક સાધક તરીકે સમજવાં પડશે.

આજે આપણે સમાજમાં વ્યાપક રીતે વ્યક્તિગત વિકાસનાં ઉચ્ચતમ શિખરો કયાં માન્યાં છે ? એક તો આપણી માન્યતા એ છે કે શરીર નિરોગી અને બલિષ્ઠ હોય, બીજું ખૂબ ભણીએ-ગણીએ

અને તે દ્વારા ઊંચામાં ઊંચા પગારની નોકરી મેળવીએ કે કોઈ વ્યવસાય કરી હરણફાળ ભરીએ અને એ દ્વારા પુષ્કળ લક્ષ્મી મેળવીએ. આ લક્ષ્મી આપણને બધું જ અપાવી દેશે - રહેવા માટે ઉત્તમ ભવન, જે માગીએ તે ચીજવસ્તુઓ, સમાજમાં માન-સન્માન અને પ્રતિષ્ઠા. મહ્‌દઅંશે સમાજમાં આવું બનતું પણ આપણે જોઈએ છીએ. શું આ ખરેખર સાચું છે ?

શરણાનંદજી મહારાજ પર સ્વિત્ઝર્લેન્ડના પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક શ્રી બોસ્સનો પત્ર આવ્યો. તેઓ ત્યાંની ગાતબર સાઈકિયાટ્રીક ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર પદે હતા. તેમની પાસે તે સમયે જગતની દષ્ટિએ જેને વિકાસ અને પ્રાપ્તિ કહીએ તેવું બધું જ હતું. ભૌતિક રીતે બધી જાતનું સુખ, સુંદર સ્વાસ્થ્ય, પોતા પાસે ઊંચામાં ઊંચી અભ્યાસની ડિગ્રી, તે દ્વારા હાંસલ કરેલ ઊંચામાં ઊંચુ પદ. તે સમયે મનોવૈજ્ઞાનિક ક્ષેત્રે એમના શિષ્યો પણ વિશ્વભરમાં નામાંકિત હતા. છતાં શ્રી બોસ્સ સતત જીવનમાં એક ઊંડા અભાવની, અવસાદની લાગણી અનુભવતા. તેઓ શરણાનંદજી મહારાજને પોતાના પત્રમાં લખી રહ્યા છે કે...

'જેમ જેમ અમે માનસશાસ્ત્રોનો વધુ ને વધુ અભ્યાસ કરીએ છીએ, તેમ તેમ અમને એવું લાગે છે કે જાણે અમે હવામાં અદ્ધર લટકી રહ્યા છીએ, અમારી ખોજો પાયા વિનાની ને નિરાધાર જણાય છે. આથી અમે ભારતીય સંતોને મળવા આતુર છીએ. જેથી કાંઈ 'નક્કર આધાર' (solid) જીવનમાં પામી શકીએ. એવું કાંઈ પામી શકીએ જે વિદ્યાર્થીઓને આપી શકાય.'

શું છે આ અભાવ ? ક્યો છે આ નક્કર આધાર ? આપણા નિજી જીવનના અનુભવથી જ વિચારીએ તો જ્યારે જ્યારે એકધારું લાગે ત્યારે આપણે કાંઈક પરિવર્તન (change) ઈચ્છીએ છીએ ? કોઈ કલબની મિટિંગ, કોઈ સારા રેસ્ટોરન્ટમાં ભોજન, કોઈ હિલ સ્ટેશનમાં ભ્રમણ, કોઈ મિત્રને મળવા જવું, કોઈ મનગમતી વસ્તુઓની ખરીદી, નાટક, સિનેમા, ટેલિવિઝન જોવાં વગેરે દ્વારા આખા જીવનમાં આપણે ચેઈન્જ-પરિવર્તન કરતા રહીએ છીએ. આ પરિવર્તન કોણ કરાવે છે ? આપણી અંદરનો અજંપો અને અભાવ. આપણી અંદર આપણે જે ખાલીપણું ને અભાવ અનુભવીએ છીએ તેને ભરી દેવા માટે, દૂર કરવા માટે જ જીવન ચેઈન્જની ઘટમાળ બની જાય છે. શરણાનંદજી કહે છે, દરેક વ્યક્તિ આ અંદરના અભાવને અનુસરીને જીવન જીવે છે. એક સાધક તરીકે આ અભાવને તમારી અંદર રહેલ વિવેક દીપના પ્રકાશમાં પરખો. આ અભાવ છે પરમથી વિખુટા પડવાનો. આ તલસાટ છે સ્વની ઓળખનો. આ બેચેની છે ઈશ્વર પ્રાપ્તિની. આથી એક સાધકે સર્વ પ્રથમ એ તો સ્પષ્ટ રીતે સમજી લેવાનું જ રહ્યું કે 'ચેઈન્જ' દ્વારા જીવનમાં જે એ 'સમથિંગ એલ્સ' શોધી રહ્યો છે તેનું એક જ કારણ છે 'અથાતો બ્રહ્મ જિજ્ઞાસા'. એનું પરિણામ

કાળક્રમે જ્યારે પણ પ્રાપ્ત થશે તે એક જ છે. ભલે એની અભિવ્યક્તિઓ કુદરત જેટલી અનેક છે. અંતે તેને સ્વની ઓળખ કહો, સાક્ષાત્કાર કહો, નિર્વાણ કહો, ઈશ્વર કહો, અલ્લાહ કહો, ગોડ કહો, વાહે ગુરુ કહો... જે કહો તે એ પરમ તત્ત્વ એકનું એક છે. જે અનેક નામે ઓળખાય છે. ઈશ્વરપ્રાપ્તિ સમજી લો હિમાલયનું ગૌરી શંકર શિખર છે અને અનેક ધર્મો એ શિખર સુધી જતા પર્વતભૂમિ પરના જુદા જુદા માર્ગ છે. પહોંચવાનું તો શિખરે જ છે. મંજિલ એકની એક છે. માર્ગની પસંદગી વ્યક્તિગત છે. પસંદ પડે તે માર્ગ લો, પહોંચાડશે એક જ મંજિલે.

આટલું સમજી લીધા બાદ સાધકે હવે શું કરવાનું છે ? શરણાનંદજી મહારાજ સૂચવે છે કે સાધકે સર્વ પ્રથમ તો 'પોતાની જાતની સેવા કરવી.' પોતાની જાતની સેવાનો માનવ સેવા સંઘ માર્ગ સૂચવે છે, 'બૂરાઈ રહિત થઈને.' આ માટે સાધકે કોઈનું પણ બૂરું ન ઈચ્છવું. કોઈને પણ બૂરા ન સમજવા અને કોઈની પણ બૂરાઈ ન કરવી. આનાથી સૌ પ્રથમ તો સાધકના ચિત્તની શુદ્ધિ થશે.

ત્યાર બાદ માનવ સેવા સંઘ કહે છે કે શરીર પર જગતની માલિકી છે; શરીર અને જગત વચ્ચે પ્રકૃતિગત એકતા છે. કઈ રીતે?વ્યવહારનો જ દાખલો લઈએ. આપણે કોઈ રોગમાં સપડાઈએ ત્યારે ડોકટરના દવાખાને જઈએ છીએ. ડોકટર સાહેબ રક્ત પરીક્ષણ માટે મોકલે છે. તપાસનો મેડિકલ રિપોર્ટ આવે છે, એ શું જણાવે છે ? લોહીમાં લોહતત્ત્વ ઓછું છે, હાડકાંમાં કેલ્શિયમ પર્યાપ્ત નથી કે સ્યુગર છે. આ બધાં જ પૃથ્વીનાં તત્ત્વો છે. શરીર આખામાં જે જે તત્ત્વો છે, એ બધાં જ જગતમાં છે. આથી સાધકને સમજાવે છે કે શરીર અને જગત વચ્ચે એકતા હોવાથી શરીર જગતનું છે. આથી શરીર દ્વારા જગતની સેવા જ કરાય. જગત માલિક આપણે સેવક.

સેવાની શરૂઆત કરતાં પહેલાં સાધકે અમુક સમજણો ગાંઠે બાંધવી પડશે. એમાં સૌથી પ્રથમ વાત આવશે સાધકે 'અકિંચન' બનવું. અકિંચન માનવ સેવા સંઘે વાપરેલો ખાસ શબ્દ છે. એમાં મુખ્ય ભાવ સમજવાનો એ છે કે 'મેરા કુછ ભી નહીં હૈ' આ વાત સમજીએ. ખરેખર જ આ જગતમાં આપણું કાંઈ હોય એવું આપણે સાબિત નહીં કરી શકીએ.

માની લઈએ કે હાલે આપણી પાસે પદ છે, યોગ્યતા છે અને પર્યાપ્ત સામર્થ્ય છે. સૌથી પહેલાં શરીર વિષે વિચારીએ એ શું આપણે આપણા પુરુષાર્થથી મેળવ્યું છે ? હરગિઝ નહીં, પ્રાકૃતિક પ્રેરણા હેઠળ એ માતા-પિતા દ્વારા મળેલું છે. બચપણની આપણી અસહાય અવસ્થામાં તેઓએ જ આપણું હરેક પ્રકારે રક્ષણ કર્યું. એનું પોષણ ધરતીમાતા દ્વારા ઊપજતી વસ્તુઓ દ્વારા થયું. ધાન્ય, ફળ, જળ, ઘી, તેલ, દૂધ, શાકભાજી... અનેક વસ્તુઓ માતા પ્રકૃતિ દ્વારા આપણું પોષણ કરતી

રહી. અભ્યાસમાં ઉચ્ચ યોગ્યતા મેળવીએ તો તેમાં પ્રાથમિક શાળાના શિક્ષકથી માંડી કોલેજના પ્રોફેસરો સુધીનું માર્ગદર્શન જવાબદાર છે. જો ધન સંપત્તિ પ્રાપ્ત કરીએ તો તેની પાછળ આ ભણતરની યોગ્યતા છે. સાધક જેટલું જેટલું ઊંડાણથી વિચારશે તો જણાશે કે તેણે જે કાંઈ મેળવ્યું છે, તેમાં સમાજનો ફાળો છે. એને તરત ખ્યાલ આવી જશે કે સાચેસાચ 'મેરા તો કુછ ભી નહીં હૈ.' આથી સમાજની ઉદારતા એને કૃતકૃત્ય બનાવશે અને એનું મન કૃતજ્ઞ થઈ સેવા કરવા પ્રેરાશે. આમ સેવા એ શરીરધર્મ બની જશે. એને સમજાઈ જશે કે શરીર તો સેવાની સામગ્રી છે, સંસારરૂપી વાટિકાને સજાવવા માટે.

હવે સાધકે એ વિચાર કરવાનો રહ્યો કે સેવા કરવા માટે મારે શાં સાધનો કરવાં પડશે ? અકિંચનપણાનો ભાવ સમજ્યા પછી હૃદયવિકાસ અને કર્તવ્યનિષ્ઠ થવા માટે માનવ સેવા સંઘ બે મહત્ત્વનાં સૂત્રો સાધન માટે આપે છે.

(૧) દુઃખીઓને જોઈ કરુણિત-કરુણાવાન થાવ; સુખીઓને જોઈને પ્રસન્ન થાવ.

(૨) પોતાના અધિકારનો ત્યાગ કરો અને બીજાના અધિકારની રક્ષા કરો.

જગતમાં થયેલ દરેકે દરેક સંત અને મહાપુરુષોના જીવન પર સાધક ધ્યાન આપશે તો તેને તરત ખ્યાલ આવશે કે તેમનામાં મુખ્યત્વે સેવા, કરુણા તથા પ્રસન્નતા નજરે પડશે.

પહેલું સૂત્ર સાધક માટે છે, 'દુઃખીઓને જોઈ કરુણિત થાવ, સુખીઓને જોઈ પ્રસન્ન થાવ.' મનુષ્યના હૃદયના વિકાસ માટે બે ગુણ મહત્ત્વના છે, કરુણા અને પ્રસન્નતા.

સેવક સમજી જ જશે કે જેવું પોતાના શરીરમાં દુઃખ-દર્દ અનુભવાય છે, બરાબર એ જ રીતે અન્ય શરીરોમાં પણ અનુભવાય. આથી અન્યનાં દુઃખ દર્દ સામે આવતાં જ સેવકના હૃદયમાં સંવેદનાની હલચલ મચી કરુણા વ્યાપશે જે એને સેવા કરવા પ્રેરશે. દાખલો સામે જ છે. ગુજરાતમાં કચ્છના ભૂકંપ બાદ અતિ પીડા અનુભવતા લોકસમુદાયની મદદે કરુણાવાન થઈ વિશ્વ સમસ્ત કેવું દોડી આવ્યું ! જે પૂરનો પ્રકોપ સૂરત તથા અન્ય સ્થાને થયો ત્યારે સહાય કરવા માટે દેશભરમાંથી લોકો કેવા દોડી આવ્યા ને બધું કેટલું ઝડપથી થાળે પડવા લાગ્યું ! પરંતુ સાધક જરા ઊંડી દૃષ્ટિથી ચિંતન કરશે, કારણ કે એના માટે સેવા ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ છે. કરુણા દ્વારા જીવનમાં શું સધાય છે ? કરુણા દ્વારા નિજી સુખભોગની જે પ્રવૃત્તિ છે, તે નિવૃત્તિમાં ફેરવાઈ જાય છે. જે બીજાની વ્યથાથી વ્યથિત થશે તેને વ્યથા નહીં સતાવે અને એ પણ એટલું જ સાચું છે કે જે અન્યની વ્યથા જોઈ એને સહાય નહીં કરે તે પોતાની વ્યથાથી પણ નહીં બચી શકે. સાધકે વ્યક્તિગત દુઃખથી જો દુઃખી ન થવું હોય તો બીજાના દુઃખથી દુઃખી થવું અને સેવા કરવી. આનાથી સાધકની અંદરનું

વ્યક્તિગત સુખનું પ્રલોભન નાશ પામશે.

આ જ મુદ્દાના બીજા ભાગમાં સુખીને જોઈ પ્રસન્ન થવા નિર્દેશ છે. સામાન્ય રીતે માણસ અન્ય પાસે પોતાથી વિશેષ સંપત્તિ, પદ કે સન્માન જુએ છે, ત્યારે એ દુર્યોધનની જેમ ઈર્ષ્યા અનુભવે છે. આ અદેખાઈ આપણે જે ઈચ્છતા હતા એ ન મળ્યું તેના અભાવમાંથી જન્મેલી છે. આનાથી મનુષ્યમાં સ્પર્ધા અને વેરભાવના તથા અસંતોષ જન્મે છે. જે એની માનસિક શાંતિ છીનવી લે છે. આ ઈર્ષ્યાથી અનેક કામનાઓ જન્મશે, પરંતુ સાધક જો અન્યને જે મળ્યું છે તેનાથી પ્રસન્નતા અનુભવશે, ઈશ્વરની કૃપારૂપે એને જોઈને આનંદિત થશે તો સાધકના મનમાંથી કામનાઓનો નાશ થઈ જશે. આમ 'કરુણા' અને 'પ્રસન્નતા' બન્ને ગુણો સેવા માટે અનિવાર્ય છે.

કરુણા અને પ્રસન્નતા સાધકને સેવાનો મૂળમંત્ર શીખવશે કે મને જે કાંઈ મળ્યું છે, એ મારું નથી, મારા માટે નથી. જે મળ્યું છે એની સાર્થકતા છે બીજાની સેવા કરવામાં. આ સાધકનો 'સ્વસુધાર' એ જ મોટામાં મોટી સેવા થશે. સ્વસુધાર દ્વારા બૂરાઈરહિત જીવન જીવતો સાધક સુખીઓને જોઈ પ્રસન્ન થશે, દુઃખીઓને જોઈ કરુણાવાન.

હવે સાધકે અવગાહન કરવું પડશે, 'પોતાના અધિકારનો ત્યાગ તથા બીજાના અધિકારની રક્ષા'ના સૂત્રમાં. જેને આપણે સામાન્ય ભાષામાં 'ધર્માત્મા' તરીકે ઓળખીએ છીએ એ ખરેખર તો કર્તવ્યનિષ્ઠ વ્યકિત છે. કર્તવ્ય વિજ્ઞાનનું સંપૂર્ણ રહસ્ય ઉપરના સૂત્રમાં છુપાયેલ છે. વ્યવહારિક જગતમાં આનો વ્યાપક ઉપયોગ કરવાથી સુંદર સમાજનું નિર્માણ થાય.

આપણે સાદા દાખલાથી સમજીએ તો આજે સમાજમાં જૂની પેઢી અને નવી પેઢી વચ્ચે વ્યાપક પ્રમાણમાં સંઘર્ષ નજરે પડે છે. આનો શો ઉપાય ? આનો ઉપાય છે, 'પોતાના અધિકારનો ત્યાગ અને બીજાના અધિકારની રક્ષા.' દા.ત. ધારો કે એક કુટુંબમાં પિતા-પુત્ર વચ્ચે સંઘર્ષ છે. આ સૂત્રને ધ્યાનમાં લેતાં પિતા તરીકે જે વ્યક્તિ છે, એ વિચારશે કે પિતા તરીકે મારો અધિકાર છે, પુત્ર મને માન આપે,મને પૂછીને, મારી સલાહ લઈને બધું કરે. ચાલો ! આ અધિકારને હું જતો કરું છું હવે મારા પુત્રનો મારા પર શો અધિકાર છે ? એ કે મારે મારા પુત્રનું હર હાલમાં રક્ષણ કરવું, એના વિકાસમાં ભાગીદાર થવું, એને સમજવો. જો પિતા પિતા તરીકેના પોતાના અધિકારનો ત્યાગ કરશે અને પુત્રના પુત્ર તરીકેના અધિકારની રક્ષા કરવા તત્પર થશે તો સંઘર્ષ કાયમને માટે વિદાય લેશે. આ શાંતિ માટેનું વ્યાપક સૂત્ર છે. આને પતિ-પત્ની વચ્ચે, વિદ્યાર્થી-શિક્ષક વચ્ચે, વેપારી-ગ્રાહક વચ્ચે, નેતા-નાગરિક વચ્ચે, સમાજ અને નાગરિક વચ્ચે, રાજ્ય અને રાષ્ટ્ર વચ્ચે, રાષ્ટ્ર અને વિશ્વ વચ્ચે. એમ અનેક સ્તરે વાપરી શકાય તેમ છે. દરેક પ્રકારના સંબંધમાં અમૃત

ઉતારવાનો મહામંત્ર છે, 'પોતાના અધિકારનો ત્યાગ અને સામેનાના અધિકારની રક્ષા.' સાધક આનાથી નિષ્કામ થશે, એનો વિદ્યમાન રાગ નિવૃત્ત થશે અને નવો રાગ ઉત્પન્ન નહીં થાય.

**સેવાભાવ વિશે થોડી સ્પષ્ટતા :**

સેવા વિષે અમુક ખાસ પ્રકારે વિચારોની સ્પષ્ટતા કરી લેવાથી સમજણપૂર્વકની સેવા સાધક કરી શકશે.

જેમ કે સામાન્ય રીતે જેને પુણ્યકર્મ કહીએ છીએ તેના અને સેવામાં શો ફરક છે ?

પુણ્યકર્મ એ છે, જેમાં વ્યક્તિ વસ્તુ, યોગ્યતા કે સામર્થ્યને પોતાનું માનીને કર્મ કરે છે. આનાથી વિપરીત જેના માટે કર્મ કરાય તે આપણા આત્મીય છે અને વસ્તુ, યોગ્યતા અને સામર્થ્ય આ ત્રણે જેની સેવા કરવામાં આવે છે તેની માલિકીના છે, હું એને પાછા આપી રહ્યો છું - આ થઈ 'સેવા'.

બીજી વાત મુખ્ય એ છે કે જેની સેવા કરીએ તેની રુચિપૂર્તિ નથી કરવાની, પરંતુ તેમની આવશ્યકતાઓની પૂર્તિ કરવાની છે. મતલબ કે માંગે એ નથી આપવાનું; જરૂરિયાત પ્રમાણે આપવું.

ત્રીજી વાત મુખ્યત્વે સાધકને મૂંઝવે છે, પોતાના સામર્થ્યની. સાધકને એમ થાય છે કે જેની પાસે બળ, સત્તા, સંપત્તિ, પદ આદિનું મોટું સામર્થ્ય હોય એ સેવા કરી શકે. મારું તો શું ગજું ? સેવકે સમજી લેવું કે સેવામાં સામર્થ્ય નહીં પણ ભાવનું પ્રાધાન્ય છે. સેવાનું પરિણામ પણ ભાવ દ્વારા નક્કી થાય છે, સામર્થ્ય દ્વારા નહીં. જેમ કે કોઈ ધાર્મિક વ્યક્તિ એક મોટું બરફનું કારખાનું લોકોને ઠંડું પાણી પાવા માટે ખૂલ્લું મૂકે, પરંતુ તેના મનમાં પોતાની સંપત્તિનું અભિમાન હોય, એ દ્વારા એ પોતાની તાકાતનું પ્રદર્શન કરી સમાજની 'વાહ વાહ' મેળવવા ઈચ્છતો હોય અને સામેના છેડે કોઈ છેવાડાની ગરીબ વ્યક્તિ કોઈ ખૂબ તરસી વ્યક્તિને હૃદયના ભાવથી પાણીનો પ્યાલો પાશે તો પાણીનો પ્યાલો બરફના કારખાનાને પાછળ રાખી દેશે. આમ સામર્થ્ય કરતાં ભાવ સેવામાં ચડિયાતો છે.

આ સંબંધમાં મહાભારતનો બહુ જાણીતો દાખલો સોનાના નોળિયાનો છે. જેનું અર્ધું શરીર ગરીબ બ્રાહ્મણ કુટુંબની ઝૂંપડી પાસેની ધરતી પર આળોટવાથી સોનાનું થયું, પરંતુ બાકીનું શરીર ધર્મરાજ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞની ભૂમિ પર આળોટવા છતાં સોનાનું ન થયું.

સાધકના આત્મદીપનો પ્રકાશ સૌ પ્રથમ તો પરિવારને અજવાળશે. સમાજસેવાની પૂર્વ શરત

છે નિષ્કામ ભાવે પરિવાર સેવા. વ્યવહારિક વિશ્વમાં ઘણી વખત આ વિસંગતતા નજરે પડે છે કે ઉત્કટ સમાજ સેવકો પરિવારને સંપૂર્ણ બાજુએ મૂકી તેના તરફ ઉદાસીનતા અને બેદરકારી દાખવતા હોય છે. ઘરમાં સંબંધ ભૂલીને સેવા કરવી. મતલબ કે મમતા ન રાખવી ને સેવા કરવી.

**સમાજસેવા તરફ ગતિ :**

આ પછી સાધકે સમાજસેવા તરફ અગ્રેસર થવું, આનો વ્યાવહારિક માર્ગ છે, પોતાની આજુબાજુના, પરિચયમાં અને સંસર્ગમાં આવનાર વ્યક્તિઓની ક્રિયાત્મક સેવા કરવી.

સેવા માટે બે પાયાની વાત છે. શરીરથી સહયોગ કરવાનો છે, મનથી સદ્ભાવ રાખવાનો છે કે 'હે પ્રભુ ! બધાનું મંગલ થાઓ.' સહયોગ શક્તિ મુજબ કરવો. જેવાં આપણી પાસે વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય હોય તે મુજબ સહયોગ કરવો. આમ સહયોગને સીમા રહેશે, પરંતુ સદ્ભાવ અસીમ છે, તેને કોઈ સીમા નથી. સદ્ભાવની કામના તો પરિવાર, જ્ઞાતિ, ગામ, નગર, રાજ્ય, રાષ્ટ્ર, વિશ્વથી બ્રહ્માંડ સુધી વ્યક્ત કરી શકાય. સદ્ભાવનું બીજું માધુર્ય એ છે કે ધારો કે શારીરિક અસમર્થતા આવે, શરીર રોગથી નિર્બળ થાય ત્યારે પણ સાધક સદ્ભાવ તો વ્યક્ત કરી જ શકે. આ એને સેવા જેટલું જ ફળ પ્રદાન કરશે.

સાધકે સેવા કરતાં એક વાતનો ખાસ ખ્યાલ રાખવો કે 'અન્યના કાજી' ન થવું. સેવાકર્મ વખતે બીજા પ્રત્યે તો હંમેશ પ્રેમ તથા ક્ષમા દાખવવાં, પરંતુ કાજી થવું ખુદ પોતાના, ન્યાય તોળવો ખુદ પોતાનો. તો જ આધ્યાત્મિક પ્રગતિ સધાશે.

સમાજસેવા કરતાં સેવા રુચિપૂર્તિનો આહાર ન બની જાય તે સાધકે જોવું. સતત જોવું કે ન તો સમાજ માન આપે તેથી અભિમાન જન્મે અને ન તો સમાજ પાસે સન્માનની આશા રાખવી.

**સેવામાં અધ્યાત્મ દૃષ્ટિ :**

પૂ. શરણાનંદજી મહારાજ સેવાને પ્રભુપ્રાપ્તિનો સહજ, સરળ અને વ્યાવહારિક માર્ગ ગણે છે.

પ્રિયજનોની સેવા કરવાથી એમના પ્રત્યેના રાગ નિવૃત્ત થશે. શરીર, મન, પ્રાણ બુદ્ધિ, યોગ્યતા, સામર્થ્ય પોતાનાં ન માની સાધકે માનવું કે (૧) શરીર મારું નથી. (૨) શરીર પર મારો અધિકાર નથી. (૩) શરીર સાથે મારો સંબંધ નથી. (૪) મારે કાંઈ જોઈતું નથી. (૫) મારે મારા માટે કાંઈ કરવું નથી. આનાથી સંસારથી સંબંધ તૂટશે. ત્યારબાદ સેવામાં પૂજાનો ભાવ રાખી

સેવકબુદ્ધિ કે મુનીમબુદ્ધિ ધારણ કરી કર્મ કરવાથી સાધકને પ્રભુપ્રેમ પ્રાપ્ત થઈ શ્રમરહિત ચિરવિશ્રામ, જ્ઞાન અને વિવેકનો આદર આવી મળશે. આની ફળપ્રાપ્તિ હશે હૃદયમાં બધા માટે પ્રેમભરી આત્મીયતા તથા જીવનમાંથી વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ તથા અવસ્થાની દાસતાથી મુક્તિવાળું સ્વાધીન જીવન. ટૂંકાણમાં સાધક માટે સેવા એટલે પ્રાપ્ત સામર્થ્ય દ્વારા રાગમુક્તિની સાધના. પ્રભુનો પ્રેમી સંસારને પ્રભુના રૂપમાં જોઈ તેની સેવા કરે છે. સેવક દરેક સેવામાં સેવ્યનો રહી ધન્યધન્ય બને છે.

**સાધકે સેવા કેમ કરવી ?**

સેવામાં બે મુખ્ય વાતો સમાયેલી છે, (૧) પોતા પાસે જે કાંઈ વસ્તુ, પદ કે સામર્થ્ય હોય તેનો સદુપયોગ કરવો. (૨) વ્યક્તિઓની સેવા કરવી.

સર્વ પ્રથમ 'સુખીઓને જોઈ પ્રસન્ન, દુઃખીઓને જોઈ કરુણિત થવું.' તથા 'પોતાના અધિકારનો ત્યાગ કરી સામેનાના અધિકારની રક્ષા કરવી.'

આ સૂત્રના પાલનથી સાધક બૂરાઈરહિત થઈ કોઈનું બૂરું નહીં ઈચ્છે, બૂરું નહીં વિચારે, બૂરું નહીં કરે. બૂરાઈરહિત થતાં જ સાધકના જીવનમાં ચમત્કારો સર્જાશે. હવે એનામાં વેરભાવની ઉત્પત્તિ નહીં થાય, આનાથી તરત જ નિર્વેરતાની પ્રાપ્તિ થશે. જેવી નિર્વેરતા પ્રાપ્ત થશે, તેવી નિર્ભયતા ઊતરી આવશે. નિર્ભયતાનો વિકાસ સમતાની પ્રાપ્તિ કરાવશે. " " સમતા દ્વારા મુદિતા અને અખંડ પ્રસન્નતા પ્રાપ્ત થશે. સાધકને બધું જ આત્મીય જણાશે. પરદોષ દર્શન અદશ્ય થઈ જશે.

વ્યવહારિક રીતે સાધક પરિવારમાં રહેતો હોય છે. પારિવારિક જીવન બીજું કાંઈ જ નથી, સેવાની તાલિમશાળા - ટ્રેનિંગ સ્કૂલ છે. જે સાધક પોતાના ભાઈ-બહેન, સગાંસંબંધી, માતા-પિતા, મિત્રો કે સેવકોને પ્રેમ અને આદર નથી આપતો. એ શું સમાજની સેવા કરી શકશે ? હરગિજ નહીં.

સેવકે પોતાના પ્રિયજનોની સેવા નિષ્કામ ભાવે કરવાની છે. કાંઈ પણ બદલાની અપેક્ષા વિના. આ માટે 'પોતાનો અધિકાર છોડવો અને સામેનાનો અધિકાર રક્ષવો' ઉત્તમ સૂત્ર છે. પરિવારમાં તકલીફ અને ક્લેશનું કારણ એક જ છે, વ્યક્તિ સેવા કરવા તૈયાર નથી, પરંતુ એ હંમેશા એવું ઈચ્છે છે કે એના અધિકારોનું રક્ષણ થાય. જેમ વડીલો માને કે પુત્ર-પુત્રીઓએ

એમની સેવા કરવી જોઈએ એ વડીલોનો અધિકાર છે, પરંતુ જો વડીલ અધિકાર છોડી દે, પુત્ર-પુત્રીઓને, યુવાન પેઢીને સમજે અને તેના વિકાસમાં માર્ગદર્શક અને ભાગીદાર થાય તો અંતે પ્રેમ આપોઆપ જ મળશે. જેવો અધિકારનો ત્યાગ કર્યો કે તરત અધિકાર પ્રાપ્ત થશે.

**સેવાની સમજણમંજૂષા :**

૧. શરીર સંસારરૂપી વાટિકાની સેવાસામગ્રી છે.
૨. સેવામાં સામર્થ્ય મહત્ત્વનું નથી, ભાવ મહત્ત્વનો છે.
૩. સેવાને રૂચિપૂર્તિનું સાધન નથી બનાવવાનું.
૪. સેવા શરીરધર્મ છે એ માટે સહયોગ કરો, સદ્ભાવ ધરો.
૫. દુઃખીને જોઈ કરુણિત થાવ, સુખીને જોઈને પ્રસન્ન.
૬. પોતાના અધિકારનો ત્યાગ કરો, બીજાના અધિકારની રક્ષા કરો.
૭. જે બીજાની વ્યથામાં ભાગીદાર થાય છે, તેને પોતાની વ્યથા ભોગવવી પડતી નથી.
૮. સેવાનો મૂળમંત્ર છે, જેમ આપણે પોતાના શરીરની સંભાળ લઈએ છીએ,બરાબર એ રીતે જ અન્યના શરીરની સંભાળ લઈએ.
૯. પ્રિયજનોની સેવા કરવાથી તેમનો રાગ નિવૃત્ત પામે છે.
૧૦. શરીર અને જગત વચ્ચે પિંડગત એકતા છે, આથી શરીરથી જગતની સેવા કરો.

# 6 સેવા વિશે ચિંતન

પ.પૂ. શરણાનંદજી મહારાજ

૧. જો તમને વસ્તુ નથી મળતી તો તેનો અર્થ એ છે કે તમે બળ બીજાઓની સેવામાં વાપર્યું નથી. - સંતવાણી ૩

૨. મોહયુક્ત સેવા વાસ્તવમાં સેવા નથી. એ સેવાથી તો જેની સેવા કરવામાં આવે છે, તેનામાં પણ મોહની વૃદ્ધિ થાય છે. - પાથેય

૩. તમે પોતે બધા જ સંબંધ તોડીને 'તેનાથી' સંબંધ જોડી શકો છો. અને જ્યારે તેનાથી સંબંધ જોડશો તો બધાયની સેવાની જવાબદારી તમારા પર આવી જશે; કેમ કે બધા જ તેના છે. ..... પરંતુ કોઈ બીજાને પોતાના ન માનવાથી કોઈનાથી સુખની આશા રાખી શકાતી નથી. - સંતવાણી ૫

૪. સેવક આપણે ક્યારે બની શકીશું ? જ્યારે એ અનુભવ કરીશું કે મારું કંઈ નથી, મારે કંઈ જોઈતું નથી. - સંતવાણી ૭

૫. સેવા કરવાથી મોહનો નાશ થાય છે, અને પ્યારથી પુષ્ટ થાય છે. - સંતવાણી ૭

૬. સૌથી મોટી સેવા ધનથી, યોગ્યતાથી, બળથી, કાયદાથી થઈ શકતી નથી પરંતુ કોઈનું અહિત ન કરવું, કોઈનું બૂરું ન ઈચ્છવું અને કોઈની પણ સાથે બૂરાઈ ન કરવાથી થઈ શકે છે. - સંતવાણી ૭

૭. જેને પોતાને માટે કંઈ નથી કરવાનું હોતું, એ જ સેવા કરી શકે છે. - સંતવાણી ૭

૮. તમે ભલે ગમે તેની સેવા કરો, પરંતુ સેવાનો અંત ત્યાગમાં થવો જોઈએ. જ્યારે સેવાનો અંત ત્યાગમાં થશે, ત્યારે ત્યાગનો અંત બોધમાં થશે અને બોધનો અંત પ્રેમમાં થશે. - સંતવાણી ૭

૯. જો તમારી કોઈ શારીરિક સેવા કરશે તો તમે તેનો ઉપકાર એ માટે નથી માનતા કે તેણે સેવા કરી છે, તમે એટલા માટે તેનો ઉપકાર માનો છો કે શરીરને તમે તમારું માન્યું છે.

એવી જ રીતે સેવા કરનારો તમારા પર ઉપકાર કરે છે એમ સમજે તો સમજો કે તે સેવા નથી કરતો. તે પરમાત્માની આપેલી શરીરરૂપી વસ્તુને પોતાની માનીને બેઈમાની કરીને સંસારમાં મિથ્યા અભિમાન કરે છે. - પ્રેરણા પથ

૧૦. સેવા એ તત્ત્વ છે, જેનો હલકામાં હલકો ભાર પણ સેવ્ય પર ન જાય. - જીવન પથ

૧૧. ભલાઈનું ફળ ન ચાહો અને બૂરાઈરહિત થઈ જાઓ, એ જ તો સેવાનું સ્વરૂપ છે. - સાધનત્રિવેણી

૧૨. જો તમે અકિંચન અને ઈચ્છારહિત ન હોત તો શું પોતાની સેવા કરી શકો છો ? જો તમે ઉદાર નથી બનતા તો શું તમે વિશ્વની સેવા કરી શકો છો ? જો તમે પ્રભુને પોતાના નથી માનતા તો શું તમે પ્રભુની સેવા કરી શકો છો ? - સાધનત્રિવેણી

૧૩. મન, વાણી, કર્મથી જો આપણે બૂરાઈરહિત થઈ જઈએ તો એ 'સકળ વિશ્વની સેવા' કહેવાય છે. જ્ઞાન અને સામર્થ્ય મુજબ બીજાઓને કામ આવી જઈએ તો 'સમાજસેવા' કહેવાય છે. જો ઈચ્છારહિત થઈ જઈએ તો એ 'પોતાની સેવા' કહેવાય છે. જો આપણે પ્રભુની પ્રિયતા પ્રાપ્ત કરી લઈએ તો એ 'પ્રભુની સેવા' કહેવાય છે. - સાધનત્રિવેણી

૧૪. સેવા કરવાનું સામર્થ્ય તેવા જ સાધકોને પ્રાપ્ત થાય છે, જે દુઃખીઓને જોઈ કરુણિત અને સુખીઓને જોઈ પ્રસન્ન થાય છે. - સંત ઉદ્‌બોધન

૧૫. વાસ્તવમાં જ્યાં સુધી સંસાર સાથે આપણો સંબંધ રહે છે અને તેની પાસેથી આપણે કંઈક લેવા ચાહીએ છીએ, ત્યાં સુધી તેની સેવા કરવાનું આપણું કર્તવ્ય રહે છે. - સંત ઉદ્‌બોધન

૧૬. શરીરથી કામ કરી દેવાનું તથા વસ્તુ આપી દેવાનું નામ જ સેવા નથી. સેવા તો હૃદયનો ભાવ છે, જે દરેક પરિસ્થિતિમાં માનવ સારી રીતે કરી શકે છે. - સંત ઉદ્‌બોધન

૧૭. સેવાનો મૂળ મંત્ર એ છે કે જે આપણને મળ્યું છે, તે મારું નથી અને મારા માટે પણ નથી. અહીંથી સેવાની શરૂઆત થાય છે. - સંત ઉદ્‌બોધન

૧૮. પોતાનો સુધારો કરી લેવો જ સાચી સેવા છે. જેણે પોતાનો સુધારો કરી લીધો, તેને પૂરા વિશ્વની સેવાથી પેદા થનાર ફળની પ્રાપ્તિ થાય છે. - સંત ઉદ્‌બોધન

૧૯. સંસારની સેવાનો અર્થ છે - સંસારથી મળેલી વસ્તુઓને સંસારને ભેટ કરી દેવી અથવા એમ કહો કે ઈમાનદાર બની જવું, જે વાસ્તવમાં માનવતા છે. - માનવ કી માંગ

૨૦. મને જે કંઈ મળ્યું છે, તે વ્યક્તિગત નથી, પરંતુ કોઈની સેવા સામગ્રી છે. - મૂકસત્સંગ

૨૧. માન અને ભોગની રુચિ રાખીને કદી પણ સેવક બનવું શક્ય નથી. - માનવદર્શન

૨૨. સંસારની તો માત્ર સેવા કરવાની છે. તેને પોતાનો માનવાથી ન તો પોતાને કોઈ લાભ થાય છે અને ન સંસારને. - માનવ કી માંગ

૨૩. ભોગી દ્વારા સેવાની વાત સેવાની મશ્કરી છે, બીજું કંઈ નહીં. - માનવ દર્શન

૨૪. જો કોઈ કહે કે રાગ વિના અમે પોતાના પ્રિયજનોની સેવા કેવી રીતે કરીશું ? તો કહેવું પડશે કે સેવા કરવાને માટે રાગ જરૂરી નથી, પરંતુ ઉદારતાની જરૂર છે. - માનવ કી માંગ

૨૫. જો આપણે કરેલી સેવા આપણા જીવનમાં પદ-લોલુપતા તથા જેમની સેવા કરી છે, તેમનાથી કોઈ પ્રકારની આશા ઉત્પન્ન કરી દે છે તો સમજવું જોઈએ કે આપણે સેવાના નામ પર કોઈ પોતાના સ્વાર્થની જ સિદ્ધિ કરી છે. એવી સેવા તો એવી બૂરાઈ છે, જે ભલાઈનું રૂપ ધારણ કરીને આવે છે. - માનવ કી માંગ

૨૬. અધ્યાત્મવાદની શરૂઆત ત્યાગથી થાય છે અને અંત સેવામાં થાય છે અને ભૌતિકવાદની શરૂઆત સેવાથી થાય છે અને અંત ત્યાગમાં થાય છે. - માનવ દર્શન

૨૭. જો પોતાને જગતપતિને અર્પિત કરવા છે તો શરીરને જગતની સેવામાં વાપરવાનું છે. વાસ્તવમાં તો જગત જગતપતિનો જ પ્રકાશ છે. શરીર દ્વારા જગતની સેવા કરવામાં પણ જગતપતિની જ સેવા છે.જગતપતિએ જગતનું નિર્માણ પોતાનામાંથી જ કર્યું છે. એ દૃષ્ટિથી જગતનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. તેથી જગતની સેવા જગતપતિની પૂજા છે. -સાધનનિધિ

૨૮. જન્મ આપનાર માતા-પિતાથી વધારે સાસુ-સસરાની સેવા સ્નેહપૂર્વક કરવી જોઈએ અને ભાઈ-બહેનથી વધારે નણંદ તથા દિયેર-જેઠ વગેરે પ્રિયજનોને સન્માન તથા સ્નેહ આપવો જોઈએ, કેમ કે જન્મ કરતાં ભાવનો સંબંધ શ્રેષ્ઠ હોય છે. - સંત પત્રાવલી ૨

૨૯. દુ:ખીઓને જોઈને કરુણાળુ અને સુખીઓને જોઈને પ્રસન્ન થવાનો સ્વભાવ બનાવો, જે ખરેખરી સેવા છે. - સંત પત્રાવલી ૨

૩૦. સેવાનો અવસર પ્રભુકૃપાથી જ મળ્યો છે, તે કદી પણ ખોવો ન જોઈએ. - સંત પત્રાવલી ૨

૩૧. સેવકના જીવનમાં પોતાના દુ:ખને માટે કોઈ સ્થાન જ નથી; કેમ કે તેનું હૃદય તો સદાય પરાયા દુ:ખથી કરુણાર્દ્ર રહે છે અથવા સુખીઓને જોઈને પ્રસન્ન રહે છે. - પાથેય

૩૨. સકળ વિશ્વ પોતાના અધિકારની પૂર્તિમાં પ્રસન્ન થાય છે. સૌના અધિકારોની રક્ષા જ વાસ્તિવક સેવા છે. - સત્સંગ ઔર સાધન

૩૩. પરાયા દુ:ખથી દુ:ખી થવા જેવી બીજી કોઈ ઉત્તમ સેવા નથી. પરંતુ આ સેવા એ જ સાધકો કરી શકે છે, જે વર્તમાન નિર્દોષતાના આધાર પર કોઈને બૂરા સમજતા નથી, કોઈનું બૂરું

નથી ચાહતા અને ન કોઈના પ્રત્યે બૂરાઈ કરે છે. - દુઃખ કા પ્રભાવ

૩૪. વ્યક્તિઓની સેવા આપણને મોહરહિત બનાવવામાં સમર્થ છે. - જીવન દર્શન

૩૫. 'સેવા' માનેલા સંબંધોને તોડવામાં અને 'પ્રેમ' જેની સાથે જાતીય એકતા છે, તેની સાથે અભિન્ન કરવામાં સમર્થ છે. - જીવન દર્શન

૩૬. સેવા ત્યાગમાં અને ત્યાગ એ પ્રેમમાં વિલીન થઈ જાય છે, જે અનંતથી અભિન્ન કરવામાં સમર્થ છે. - જીવનદર્શન

૩૭. શરીરની સેવામાં જ વિશ્વની સેવા રહેલી છે; કેમ કે શરીરની સેવા કરવાથી શરીર વિશ્વને કામ આવવા લાગે છે. હવે વિચાર એ કરવાનો છે કે શરીરની સેવાનું સ્વરૂપ શું છે? તો કહેવું પડશે કે જિતેન્દ્રિયતા, નિર્વિકલ્પતા અને સમતા દ્વારા જ શરીરની સાચી સેવા થઈ શકે છે. જિતેન્દ્રિયતા દ્વારા જ શરીરમાં 'શુદ્ધિ' આવે છે, મનની નિર્વિકલ્પતાથી 'સામર્થ્ય' આવે છે અને બુદ્ધિની સમતા દ્વારા 'શાંતિ' આવે છે. શુદ્ધિ, સામર્થ્ય અને શાંતિ આવી જવાથી સર્વહિતકારી પ્રવૃત્તિઓ આપમેળે થવા લાગે છે, જે વિશ્વની સેવા છે. - જીવન દર્શન

૩૮. સેવા ત્યાગની ભૂમિ તથા પ્રેમની જનની છે. - જીવન દર્શન

૩૯. જે સાધનોથી સેવા કરવામાં આવે, તેમનામાં પણ મમતા ન હોય અને જેમની સેવા કરવામાં આવે, તેમનામાં પણ મમતા ન હોય, ત્યારે જ સાચી સેવા થઈ શકે છે. - જીવન દર્શન

૪૦. લોભ અને મોહમાં બંધાયેલી વ્યક્તિ સેવા નથી કરી શકતી. - જીવન દર્શન

૪૧. સંસારની આપેલી વસ્તુ દ્વારા જો આપણે સંસારની સેવા નથી કરીશકતા તો આનાથી વધીને બીજી કોઈ બેઈમાની હોઈ શકતી નથી અને આનાથી વધીને બીજું કોઈ સહેલું સાધન પણ નથી હોઈ શકતું કે કોઈની આપેલી વસ્તુથી આપણે તેની પૂજા કરી દઈએ. - સફલતા કી કુંજી

૪૨. સેવકે સેવાના ફળની વાત તો જવા દો, સેવક કહેવડાવવાની લાલસાનો પણ ત્યાગ કરવો અનિવાર્ય છે. - દર્શન ઔર નીતિ

૪૩. સાચો સેવક એ જ હોઈ શકે છે, જેણે પોતાની સેવા કરી હોય, પોતાની સેવા કરવા માટે પોતે પોતાના વિશે જ વિચાર કરવો પડશે અર્થાત પોતે જાણેલા અસતનો ત્યાગ કરવાથી જ માનવ પોતાની સેવા કરી શકે છે. - દર્શન ઔર નીતિ

૪૪. જેની સ્વતંત્ર સત્તા નથી, તેની સેવા કરી શકાય છે; તેનાથી મમતાકરવી અથવા તેનાથી સુખની આશા કરવી ભૂલ છે. - ચિત્તશુદ્ધિ

૪૫. સેવાની પૂર્ણતામાં 'પૂજા'નો ઉદય પોતાની જાતે થાય છે. પૂજાની પૂર્ણતામાં 'પ્રેમ'નો

ઉદય થાય છે.

૪૬. સુખ-લોલુપતામાં બંધાયેલ વ્યક્તિ કદી પણ સેવા કરવામાં સમર્થ નથી હોતી. - ચિત્ત શુદ્ધિ

૪૭. સેવાનું મૂલ્ય પ્રભુ આપે છે, સંસાર આપી શકતો નથી. - સંત જીવનદર્શન

૪૮. સેવા એક ભાવ છે, કર્મ નથી. આ દૃષ્ટિએ નાની કે મોટી સેવામાં સમાન ભાવ હોય છે. સેવાનું સ્વરૂપ છે પ્રાપ્ત સુખ કોઈ દુઃખીને ભેટ કરી દેવું અને તેના બદલામાં સેવક કહેવડાવવાની પણ આશા ન રાખવી. - ચિત્તશુદ્ધિ

૪૯. જેનું હૃદય પરાયા દુઃખથી ભરાઈ જાય, તે સેવા કરી શકે છે; કેમ કે સેવા સુખ આપીને દુઃખ લેવાનો પાઠ ભણાવે છે. પરાયું દુઃખ પોતાનું થઈ જવાથી પ્રાણી દુઃખી નથી રહેતું; કેમ કે દુઃખથી દુઃખી થવામાં જે રસની નિષ્પત્તિ થાય છે, તેની તુલના કોઈ પણ સુખ-ભોગ સાથે થઈ શકે નહીં. - ચિત્તશુદ્ધિ

૫૦. જો કોઈ એમ કહે કે વ્યક્તિઓની સેવાથી તો મોહની વૃદ્ધિ થશે, પરંતુ હકીકત એવી નથી. કારણ કે મોહની વૃદ્ધિ તો વ્યક્તિઓ દ્વારા સુખની આશા કરવાથી થાય છે, સેવાથી નહીં. વ્યક્તિઓની સેવા વ્યક્તિઓના મોહથી રહિત કરી દે છે; કેમ કે સેવા એ જ કરી શકે છે, જે સુખની આશાથી રહિત છે. - ચિત્તશુદ્ધિ

૫૧. પ્રભુનું એક વિધાન છે કે અશરીરી જીવનથી સેવા થાય છે, શરીર-બદ્ધ જીવનથી નહીં. - સંત જીવનદર્પણ

૫૨. દુઃખીઓની સેવા એ કરી શકે છે, જેને પોતાના માટે સંસારની આવશ્યકતા નથી હોતી. - સંત સમાગમ ૧

૫૩. જે જાતે દુઃખી છે, તે 'સેવા' નથી કરી શકતો, પરંતુ 'વિચાર' કરી શકે છે. બિચારા સુખી પ્રાણીમાં સુખાસક્તિને કારણે વિચારનો ઉદય નથી થતો, જો કે તે 'સેવા' કરી શકે છે. - સંત સમાગમ

૫૪. જે રીતે પ્રકાશ સૂર્યનો અને ગંધ પુષ્પનો સ્વભાવ છે, એ જ રીતે સેવા સેવકનો સ્વભાવ છે. સેવા કરવામાં નથી આવતી, થવા લાગે છે. - સંત સમાગમ ૨

૫૫. સેવકને સેવા કરવાથી કદી થાક નથી લાગતો, બલકે જેમ જેમ સેવા વધે છે, તેમ તેમ તેની શક્તિ પણ વધતી જાય છે. - સંત સમાગમ ૨

૫૬. સેવક બે જાતના હોય છે - એક તો ગંગાની જેમ પ્રત્યક્ષ જનસમાજની સામે લહેરાય છે અને બીજા હિમાલયની જેમ અચળ થઈ મૂક સેવા કરે છે. - સંત સમાગમ૨

૫૭. સેવા કરવા માટે બાહ્ય વસ્તુઓની આવશ્યકતા નથી હોતી. બાહ્ય વસ્તુઓ દ્વારા તો પુણ્યકર્મ થાય છે. - સંત સમાગમ ૨

૫૮. વસ્તુઓનો સંગ્રહ કરવો એ વિશ્વના ઋણી થવું છે. તેથી વસ્તુઓને વિશ્વના કાર્યમાં લગાવી દેવી એ ઋણથી મુક્ત થવું છે, સેવા કરવાની નથી. - સંત સમાગમ ૨

૫૯. સેવક થવું ઉન્નતિનું સાધન છે; પરંતુ સેવક કહેવડાવવું અવનતિનું કારણ છે. - સંત સમાગમ ૨

૬૦. નોકરો દ્વારા સેવા થઈ શકતી નથી. જે બિચારો જાતે ઉપભોગથી ગ્રસિત છે, તે સેવા નથી કરી શકતો. સેવા એ જ કરી શકે છે જેનું જીવન ભિક્ષાના આધાર પર નિર્ભર હોય, એ જે ધન અને કામની વાસનાથી મુક્ત હોય. - સંત સમાગમ ૨

૬૧. સેવા એ જ કરી શકે છે, જેને પોતાની પ્રસન્નતાને માટે પોતાનાથી ભિન્નની આવશ્યકતા નથી હોતી. - સંત સમાગમ ૨

૬૨. આજકાલ માણસ શુભ કર્મને સેવા માની લે છે, આ જ કારણે તેમાં બંધાઈ જાય છે. સાચી સેવા વસ્તુઓ તથા ઈન્દ્રિયો દ્વારા નથી થતી. સાચી સેવાનો અધિકાર ત્યારે પ્રાપ્ત થાય છે જ્યારે પ્રાણીને પોતાના માટે કંઈ પણ કરવાનું બાકી નથી રહેતું. - સંત સમાગમ ૨

૬૩. સેવા સુખી પ્રાણીઓનું સાધન છે, દુઃખીઓનું નહીં. દુઃખીઓનું સાધન એકમાત્ર ત્યાગ છે. તેથી સાધકે ત્યાગ અપનાવી લેવો જોઈએ અર્થાત શરીર, મન વગેરે કોઈ પણ વસ્તુ તથા સંબંધીને પોતાના ન સમજો. - સંત સમાગમ ૨

૬૪. જેનાથી માનેલો સંબંધ છે, તેમની સેવા કરવી અનિવાર્ય છે, સંબંધ ચાલુ રાખવો અને સેવાથી પોતાને બચાવવા સાધનનિર્માણમાં વિઘ્ન છે. .... જેને કોઈ પણ કારણે સેવા ન કરવી હોય, તેને માટે માનેલા બધા જ સંબંધોનો વિવેકપૂર્વક અંત કરવો અનિવાર્ય છે. - સાધન તત્ત્વ

૬૫. કર્મનું મહત્વ માત્ર કરવાનો રાગ મટાડવા માટે તથા સુંદર સમાજના નિર્માણમાં જ છે, પણ તે ત્યારે જ બની શકે છે, જ્યારે કર્મ સેવાભાવથી કરવામાં આવે, તેમાં સ્વાર્થની ગંધ પણ ન રહે. - સંતવાણી (પ્રશ્નોત્તર)

૬૬. સંસારથી કંઈ ન લેવું - એ જ સેવા છે. - સંતવાણી (પ્રશ્નોત્તર)

૬૭. સ્કૂલ, હોસ્પિટલ ખોલવી સેવા નથી, એ તો સંગ્રહનું પ્રાયશ્ચિત છે. - સંતવાણી (પ્રશ્નોત્તર)

૬૮. માનવ જેમાં અવિચળ આસ્થા સ્વીકારે છે, એ જ એનું સેવ્ય છે અને તેના સંબંધે સેવા કરવામાં આવે છે. - માનવતા કે મૂલ સિદ્ધાંત

૬૯. બાળક, રોગી, વૃક્ષ અને પશુ - એમની સેવાની જવાબદારી માનવમાત્ર પર છે. એમની યથેષ્ટ સેવા કર્યા વિના ન તો દરિદ્રતાનો નાશ થશે અને ન સમાજ આવશ્યક વસ્તુઓથી પરિપૂર્ણ થશે. તેથી સંગ્રહિત સંપત્તિ રોગી, બાળક, વૃક્ષ તથા પશુઓની જ છે.

- દર્શન ઔર નીતિ

૭૦. પ્રાકૃતિક નિયમ મુજબ સંઘરેલી સંપત્તિ સમાજના એ વર્ગની છે, જે વર્ગ ઉપાર્જનમાં અસમર્થ છે અથવા જેમને અવકાશ નથી. જે વર્ગ ઉપાર્જનમાં સમર્થ છે, તેનો અધિકાર સંઘરેલી સંપત્તિ પર નથી. તેથી રોગીઓ, બાળકો અને સત્યની ખોજમાં લાગેલા વ્યક્તિઓની સેવા સંઘરેલી સંપત્તિ દ્વારા કરવી અનિવાર્ય છે. - દર્શન ઔર નીતિ

૭૧. સેવાનું ક્રિયાત્મક રૂપ ભલેને સીમિત હોય પરંતુ ભાવ અસીમ હોવો જોઈએ. સીમિત ભાવથી કરેલી સેવા પરસ્પર વ્યક્તિઓ, વર્ગો અને દેશોમાં સંઘર્ષ પેદા કરે છે. સેવાની પૂર્ણતા પ્રેમના પ્રાદુર્ભાવમાં છે, સંઘર્ષમાં નથી. - માનવતા કે મૂલ સિદ્ધાંત

૭૨. બૂરાઈરહિત થઈને ભલાઈનું ફળ ન માગીએ, ન ચાહીએ - એ સંસારની સૌથી મોટી સેવા છે. .... આ તો સંસારની સેવા થઈ. પછી આપણી સેવા કેવી રીતે થશે ? આપણી સેવા થશે ઈચ્છારહિત થવાથી. 'મારે કાંઈ નહીં જોઈએ' - આવા નિશ્ચય દ્વારા આપણે પોતાની સેવા કરી શકીશું. - સંતવાણી ૮

૭૩. 'પરમાત્મા'ના સંબંધે જગતની 'સેવા' કરીએ તો દરેક પ્રવૃત્તિ 'પૂજા' થઈ ગઈ, 'આત્મા'ના સંબંધે જગતની સેવા કરીએ તો 'સાધના' થઈ ગઈ અને 'જગત'ના સંબંધે જગતની સેવા કરીએ તો 'કર્તવ્ય' થઈ ગયું. - સંતવાણી ૮

૭૪. જેમ ગંગાજળથી ગંગાની પૂજા કરીએ તો વિચારો કે પૂજા કરવામાં શું ખર્ચ થશે ? તેવી જ રીતે સંસારની વસ્તુથી સંસારની સેવા કરવાની છે. - સંતવાણી ૭

૭૫. પુણ્ય-કર્મમાં અને સેવામાં શું ફેર છે ? પોતાની વસ્તુ માનીને તમે કોઈને મદદ કરો છો તો તે પુણ્ય કર્મ છે, સેવા નથી. - સંતવાણી ૫

૭૬. સેવાનો અર્થ એ કદી નથી થતો કે આપણે જેની સેવા કરીએ છીએ, તેને કંઈક આપીએ છીએ. સેવાનો અર્થ એટલો જ છે કે તેની થાપણજે આપણી પાસે છે, તે તેને ભેટ કરીએ છીએ. એટલે કે જેની જે વસ્તુ છે, તેને જ તે આપી દેવી - આનું નામ 'સેવા' છે.

- સંતવાણી ૫

(માનવ સેવા સંઘના પુસ્તક 'ક્રાંતિકારી સંતવાણી'માંથી સાદર)

7

# ત્યાગ સાધના : મુઝે કુછ ભી નહીં ચાહિયે

સાધકે સર્વ પ્રથમ તો સાધક કોને કહેવાય તે સ્પષ્ટ સમજી લેવું જોઈએ. સાધક એને કહેવાય જે સતત પોતાની જાતને જાણવા પ્રયત્નવાન હોય, જે પોતાની વર્તમાન દશાને જાણે, જે પોતાનું સામર્થ્ય તથા નિર્બળતા બન્ને તટસ્થતાથી સમજે, જે પોતાની ખામીઓ જાણી વર્તમાનમાં જ પોતાની ભૂલો મિટાવવા ઈચ્છે અને ભૂલજનિત અસાધનોનો નાશ કરવા તત્પર રહી જીવનના લક્ષ્ય- માનવતામાં જ પૂર્ણતાનિહીત છે - ની પ્રાપ્તિ માટે સતત પુરુષાર્થી રહે.

પૂર્ણ વિકસિત માનવજીવન કેવું હોય ? પૂર્ણતા એટલે એવો માનવી જેનું (૧) શરીર સમગ્ર વિશ્વની સેવામાં રહે. (૨) જેનું અહ્મ અભિમાનશૂન્ય બને. અને (૩) જેનું હૃદય પ્રેમથી પરિપૂર્ણ થઈ જાય.

સાધક માટે ત્યાગની સાધના શું છે ? ત્યાગની પૂર્વપીઠિકા છે સેવાની સાર્થક પ્રવૃત્તિ. સેવા કરવા માટે સાધક અકિંચન ભાવ ધારણ કરશે, 'મેરા કુછ ભી નહીં હૈ' - પોતા પાસે જે કાંઈ પણ છે તે બધું જ શરીર, યોગ્યતા, પદ, દરેક જાતનું સામર્થ્ય - પોતાનું નથી, તે સમજીને સાધક શરીર અને જગતની એકતા સમજીને સેવા કરશે અને સેવાની હિતકારી પ્રવૃત્તિ પૂરી થતાં જ સાધકે સહજ નિવૃત્તિમાં પ્રવેશ કરતાં સેવાના ફળરૂપે જે કાંઈ આવી મળે તેને નમ્રતાથી પ્રણામ કરી, 'મેરા કુછ ભી નહીં હૈ ઈસલિયે મુઝે કુછ ભી નહીં ચાહિયે' સમજી સેવાના ફળનો ત્યાગ કરી દેશે. આમ કરવાથી સેવા પોતે જ ત્યાગમાં પરિણમી જશે.

ત્યાગની સાધનાને શરણાનંદજી મહારાજે અનેક આયામો આપ્યા છે. જે કર્મ કર્યા વિના રહી ન શકે તેના માટે સેવા માર્ગ ઉત્તમ છે. ગીતામાં પણ પ્રભુ સ્પષ્ટ રીતે કહે છે કે દેહધારીથી ક્ષણાર્ધ માટે પણ કર્મ કર્યા વિના નહીં રહી શકાય. આથી જ સમજદારીપૂર્વકની સેવાપ્રવૃત્તિ એ સાધનાનું પ્રથમ સોપાન થયું. આ સાચી સેવા સાધક માટે ત્યાગમાં,નિષ્કામતામાં પરિણમવી જોઈએ.

દેવકીજીએ સત્સંગસભા વચ્ચે જ શરણાનંદજી મહારાજને સાધક તરીકે અતિ વ્યથિત થઈને

પૂછેલું, 'મહારાજજી, જીવન આવું કેમ છે ? આ જીવનમાં જેની ઈચ્છા રાખીએ છીએ એ થતું નથી; જો થાય છે તો હંમેશને માટે રહેતું નથી અને જે રહે છે તે હૃદયને જરાય ગમતું નથી.' મહારાજશ્રીનો જવાબ દરેક સાધક માટે બ્રહ્માસ્ત્ર જેવો છે કે 'લાલી! જ્યારે તારો પોતાનો જ અનુભવ તને આમ કહી રહ્યો છે, તો પછી ઈચ્છાને છોડી કેમ નથી દેતી ? અચાહ થઈ જા. કરી દે દરેક ઈચ્છામાત્રનો ત્યાગ.' વાત સો ટકા સાચી છે, પરંતુ જીવનમાં ઉતારીને સિદ્ધ કરવી સાધકને અતિ મુશ્કેલ લાગે તેવી છે. આથી શરણાનંદજી મહારાજ ત્યાગનાં અનેક પાસાંઓ સાધક સમક્ષ મૂકે છે. ત્યાગની વાતમાં તેઓ વિશ્વાસને વચ્ચે નથી લાવતા.

જે વિચારપ્રધાન સાધક છે, એના માટે ત્યાગનો જ્ઞાનમાર્ગ અતિ ઉપયોગી નીવડે છે. પૂ. શરણાનંદજી મહારાજે જે પ્રત્યુત્તર દેવકીજીને આપ્યો તે સાધક માટે વિચારનું સમગ્ર ભાથું પૂરું પાડે છે. શરણાનંદજી મહારાજે માનવ સેવા સંઘ દ્વારા એક મૂળભૂત સિદ્ધાંત રજૂ કર્યો છે, જે સાધનાપથ પર અજવાળું પાથરી દે છે. તેઓ કહે છે, 'સાધકે અસત્‌નો ત્યાગ કરવાનો છે, એટલે સત્‌ની પ્રાપ્તિ આપોઆપ થશે.' બીજી રીતે તેમણે આ જ વાતને વ્યવહારુ રૂપ આપતાં ઉદ્‌બોધન કર્યું કે, 'અસાધનાનો ત્યાગ કરતાંની સાથે જ સાધનાની ઉપલબ્ધિ થાય છે, બન્ને યુગ્મપદ છે, એક સાથે જ થાય છે.' ત્યાગ એટલે શું ? જાણવામાં આવેલ અસત્ અથવા અસાધનને સાધક દ્વારા છોડી દેવું તે ત્યાગ.

પહેલાં ટૂંકમાં 'સત્' અને 'અસત'ને સમજીએ તો સત્ છે, જે હંમેશ માટે એ જ સ્થિતિમાં રહે. શાશ્વત હોય, ત્રિગુણાતીત હોય તે સત્.

'અસત્' એટલે એ જેનામાં સતત પરિવર્તન નજરે પડે, જે કાળને આધીન હોય, નાશ તરફ ગતિ કરતું હોય. આમ 'સત્' કાલાતીત છે, અસત્ કાલાધીન છે.

'સાધન' અને 'અસાધન'ને સ્પષ્ટ કરીએ તો 'સાધન' વિવેકના પ્રકાશમાં જીવનને જોવાથી ઉપલબ્ધ થાય છે. એના પાયામાં છે સાચી સમજ અને તેનો હૃદયપૂર્વક સ્વીકાર.

'અસાધન' ખોટી સમજ, એટલે કે ગેરસમજણ છે. એના પાયામાં વિવેકનો પ્રકાશ નથી. મોહ એટલે આકર્ષણનો અંધકાર છે. 'સાધન' ધ્યેયપ્રાપ્તિ તરફ લઈ જાય છે, 'અસાધન' ધ્યેયપ્રાપ્તિથી દૂર લઈ જાય છે.

પૂ. શરણાનંદજી સાધનાને પોતાની પ્રખર પ્રજ્ઞા અને અનુભૂતિજન્ય સમજથી સાધકોને સરળ બનાવીને સમજાવે છે. તેઓ એમ નથી કહેતા કે સત્‌ની પ્રાપ્તિ કરો, પરંતુ એમ સૂચવે છે કે અસત્‌ને સમજો, સમજીને તેનો ત્યાગ કરો, એટલે સત્‌ની પ્રાપ્તિ આપોઆપ થશે.

મનુષ્ય એક સાધક તરીકે સમજી પણ ન શકે એટલી ગૂઢતાથી તે દેહભાવ વડે બંધાયેલો છે. આ એટલી હદ સુધી છે કે માણસ શરીરને જ 'હું' માની લે છે. શરણાનંદજી મહારાજ બિલકુલ સરળ રીતે સમજાવે છે કે અભ્યાસ કરો તમારી હરરોજની બોલચાલની ભાષાનો. તમે શું બોલો છો ? 'મારો હાથ', 'મારા પગ', 'મારા દાંત', 'મારો કાન'. તમે એવું તો ક્યારેય બોલતા નથી કે 'હું હાથ', 'હું પગ', 'હું દાંત', 'હું કાન' કેમ કે તમારી અંદર બેઠેલ ચૈતન્યને એ ખબર છે કે હું કંઈ હાથ, પગ, દાંત કે કાન નથી. આથી ચૈતન્ય 'હું', 'શરીર' નથી, પરંતુ 'હું' શરીર અને તેમાંની ઈન્દ્રિયો દ્વારા અભિવ્યક્ત થઈ રહ્યો છે.

આટલું સમજ્યા બાદ આગળ વધીએ તો શરીર સત્ નથી, અસત્ છે. સાધક વિચારશે તો તેને તરત જણાશે કે શરીરમાં સતત પરિવર્તન થયા કરે છે. જન્મ્યા ત્યારે કેવા ફૂલ જેવા કોમળ હતા કે જે કોઈ જુએ કે તરત તેડી લે અને રમાડવા લાગે. પછી શરીર વિકસતું ચાલ્યું, બદલાતું ચાલ્યું. બાળપણ ગયું, તરુણાવસ્થા આવી. તરુણાવસ્થા ગઈ, યૌવન આવ્યું. યુવાની ગઈ, પ્રૌઢ બન્યા. પ્રૌઢત્વ ગયું અને વૃદ્ધત્વ આવ્યું. બાળપણથી યુવાની સુધી શરીરના બળમાં વધારો અને પ્રૌઢત્વથી વૃદ્ધત્વ સુધી શરીરના બળમાં ઘટાડો ને નિર્બળતાનો પગપેસારો. આમ સતત બદલાતું રહે છે, શરીર. અરે ! કેવળ શરીર નહીં પણ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર પણ સતત બદલાતા રહે છે. આજે મન આનંદમાં તો કાલે ઘેરા શોકમાં. આમ કેમ થાય છે ? કારણ કે દેહ એટલે કે શરીર અસત્ છે. અસત્ છે એટલે એમાં સતત ફેરફાર-પરિવર્તન થાય છે અને જે સતત બદલે છે, તેનું સ્વરૂપ એકસરખું ન હોય. આથી તે જીવનના શાશ્વત આધાર ન બની શકે. આમ સાધકે સમજી લેવું જોઈએ કે હું દેહ નથી, પરંતુ દેહથી જુદો ચૈતન્ય સ્વરૂપ આત્મા છું.

બીજી રીતે સાદો દાખલો લઈએ તો દેહ જેમ કે મોટરકાર છે અને આત્મા એટલે સ્ટિયરિંગ વ્હીલ પર બેસી કાર ચલાવતો ડ્રાઈવર. આપણે કાર ચલાવીએ છીએ ત્યારે આપણને એ ખ્યાલ આવે છે કે 'હું' કાર નથી પણ 'હું' કાર ચલાવી રહ્યો છું. હું આ વાહનનો વાહન-ચાલક છું. તેમ છતાં શરીર વિશે એવો ખ્યાલ નથી આવતો, કારણ કે શરીરમાં આત્મા અણુએ અણુમાં વ્યાપ્ત છે. તેમ છતાં અમુક અનુભવો એકસરખા લાગે. જેમ કાર નવી નવી આવે તેમ એના પ્રત્યે વધુ લગાવ હોય તેમ યુવાવસ્થામાં દેહ પ્રત્યે વધુ મોહ હોય. જેમ જેમ કાર જૂની થાય તેમ લગાવ ઘટે, તેમ ઉંમર વધતાં શરીર પ્રત્યે મોહ ઘટે. છેલ્લે ૧૦-૧૫ વર્ષે જેમ કાર ખખડી જાય ત્યારે નવી કાર લેવાનું મન થાય, તેમ વૃદ્ધાવસ્થામાં દેહ ખખડી જાય ત્યારે જાણેઅજાણે દેહની પીડામાંથી છૂટવાનું મન થાય.

શરણાનંદજી મહારાજ એક વખત ગંગાતટ પર હતા ત્યારે કોઈએ વહેતી ગંગાના સૌંદર્ય વિશે વખાણ કર્યાં. ત્યારે મહારાજશ્રીના જે ઉદ્‌ગારો નીકળ્યા તે નોંધવા જેવા છે. મહારાજશ્રી બોલી ઉઠ્યા કે 'માતા ગંગા તો પોતાની રીતે દોડી જાય છે. તમને એનું વહન ગમી જશે તો શું એ ક્ષણવાર પણ તમારા માટે થોભશે ખરી? જરા વિચારો.' મહારાજશ્રી આ વાક્યો દ્વારા વિચારશીલ સાધકોને સમજાવી રહ્યા છે કે 'ત્યાગ' એટલે શું ?

શું ત્યાગ એટલે દિગંબર અવસ્થા ? સતત ઉપવાસો કરીને ભૂખ્યા રહેવું ? સંસારની સતત નિંદા કે ટીકા કર્યા કરવી ? નહીં, શરણાનંદજી ત્યાગના હાર્દમાં વિચારશીલ સાધકને દોરી જાય છે. જ્યારે તેઓ વિચારની વાત કરતા હોય ત્યારે તેમાં વિશ્વાસને ભેળવવો પસંદ નથી કરતા, એટલે કે જ્ઞાનની ચર્ચા કરતા હોય ત્યારે તેમાં ભક્તિની વાતની ભેળસેળ નથી કરતા. નિર્ભેળ વિચાર જ મૂકે છે.

એમની દૃષ્ટિએ ત્યાગ એટલે 'કોઈ પણ વસ્તુને પોતાની ન માનવી'. કારણ કે વસ્તુ તો ખરેખર પેદા થવાની સાથે જ તેનો નાશ પામવાની શરૂઆત થાય છે. આમ એ જ્ઞાની સમજશે કે વસ્તુ માત્ર એટલે ભૌતિક પદાર્થ જેના પર જગતનું આધિપત્ય છે. આપણે લોકભાષામાં સમજ્યા વિના બોલીએ છીએ કે 'ભાઈ ! સંસારમાંથી શું લઈ જવાનું છે ? ખાલી હાથે આવ્યા હતા, ખાલી હાથે જવાના છીએ.' સાધક વિચારશે તો એને જણાશે કે એના પોતાનામાં ચૈતન્ય તત્ત્વ 'હું' છે અને તે 'હું' જડ શરીરમાં છે. શરીર પણ આખરે એક વસ્તુ જ છે, કારણ કે જગત જેમ પંચ મહાભૂતનું બનેલું છે તેમ શરીર પણ પંચ મહાભૂતનું બનેલું છે. આથી જ શરણાનંદજી મહારાજ કહે છે, 'શરીર જગતનું છે, કારણ કે શરીર અને જગતની જાતિગત એકતા છે. આથી શરીર જગત-વાટિકાની સેવાસામગ્રી છે. એના દ્વારા ભોગ ન કરો, જગતની સેવા કરો.'

આનાથી આગળ વધતાં મહારાજશ્રી કહે છે કે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણે પ્રકારનાં જે શરીર છે, તેનાં ત્રણ રૂપ છે. સ્થૂળમાં એટલે દેહમાં કર્મ, સૂક્ષ્મ એટલે મનમાં ચિંતન અને કારણમાં સ્થિતિ. આ ત્રણે અવસ્થામાં પણ શરીરબુદ્ધિ ન રાખો, દેહબુદ્ધિ ન રાખો.

સ્થૂળ શરીરના શુદ્ધિકરણ માટે માનવ સેવા સંઘ સેવા કર્તવ્ય વિજ્ઞાન સૂચવે છે, જેના દ્વારા ધર્માત્મા બનાય. સૂક્ષ્મ શરીર એટલે કે મન માટે 'અચાહ' થવાની વાત મહારાજશ્રી કરે છે. ચાહરહિત થવાનો અર્થ આમ જોઈએ તો, માત્ર એટલો જ છે કે પોતાની જાત દ્વારા બધાને સમર્પિત થઈ જાવ, કારણ કે પ્રભુનો બધામાં વાસ છે, આથી જો તમે બધા માટે સમર્પણ નહીં કરો તો તમે પ્રભુના પણ નહીં બની શકો. આથી જ સાધકે વિશ્વની સાથે એકતાનો ભાવ રાખી વિશ્વની સેવા

વિશ્વનાથના સંબંધથી કરવી રહી.

સાધકવર્ગ હંમેશા ફરિયાદ કરતો હોય છે, મનની ચંચળતાની. મન કાબૂમાં નથી રહેતું. મન વશ નથી થતું વગેરે. ટૂંકાણમાં એવું લાગે છે કે જાણે મોટામાં મોટું દુશ્મન કોઈ હોય તો તે છે મન ! સાધક થોડું ઊંડાણથી વિચારશે તો જણાશે કે મનની આ ડામાડોળ સ્થિતિના મૂળમાં સાધકની પોતાની જ ભૂલ છે. શું ભૂલ કરી બેસે છે સાધક ?

ભૂલ એ છે કે સાધકના મનમાં બે પરસ્પર વિરોધી પ્રવાહો સાધક પોતે ચાલુ રાખે છે. એક બાજુએ વિવિધ પ્રકારની કામનાઓ રાખવી પસંદ કરી એ કામનાપૂર્તિથી થતાં સુખને ઈચ્છે છે. એ માટે સતત પ્રયાસ કરતો રહે છે. બીજી બાજુ તે મનની ચંચળતા મટાડવા પણ ઈચ્છે છે ! આમ તો ન જ થઈ શકે.

સાધકે બૂરાઈરહિત થવું જ પડશે, તો જ સ્થૂળ શરીર શુદ્ધ થશે. પછી જે જીવનશક્તિ જગત તરફ બહિર્મુખ થઈને વહેતી હતી તે આંતરમુખી થઈ અંદરની તરફ પોતાના ઉદ્‌ગમ તરફ વહેવા માંડશે. બધી જ ઈન્દ્રિયોની શક્તિઓ, બધી જ જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિયની - ઉદ્‌ગમમાં લીન થશે ને પ્રસન્નતાનો અનુભવ થશે. તો યોગનું પહેલું ચરણ છે વૃત્તિઓને બહિર્મુખી નહીં આંતરમુખી કરવી.

આ કેમ થાય તે માટે વિચારશીલ સાધકે સંકલ્પને સમજવા પડશે.

સંકલ્પનું સ્ફુરણ થાય છે અહંકારમાં, એટલે કે કારણ શરીરમાં. પછી એ સંકલ્પ કારણ શરીરમાંથી સૂક્ષ્મ શરીરમાં એટલે કે મનમાં આવે છે કામનાઓના રૂપમાં, ઈચ્છાઓના રૂપમાં, ચિંતનના રૂપમાં. પછી એ કર્મેન્દ્રિયોમાં અભિવ્યક્ત થાય છે, જ્ઞાનેન્દ્રિયોમાં અભિવ્યક્ત થાય છે ક્રિયાના રૂપમાં. આમ આપણે જગતમાં સતત કાર્ય કરતાં રહીએ છીએ.

હવે સાધકે જો સાચી વસ્તુસ્થિતિ જાણવી હશે તો પોતાના બધા જ સંકલ્પોને સારી રીતે જોવા પડશે. જે સંકલ્પ કોઈના પણ માટે અહિતકર જણાય તેને વર્તમાનમાં પૂરા ન જ કરો, તેનો ત્યાગ કરી દો.

હવે બીજા પ્રકારના સંકલ્પ એવા જણાશે જે કોઈના માટે અહિતકર નથી, એટલે વિવેકવિરોધી નથી, પરંતુ એ સંકલ્પ પૂરા કરવાનું સામર્થ્ય સાધકમાં નથી જેથી એ પૂરા થઈ શકે તેમ નથી. તો શું કરવું ? તો જે સંકલ્પ આપણે પૂરા ન કરી શકીએ, તેને વિશ્વ અથવા તો પરમાત્માને સમર્પિત કરી દો અને નિશ્ચિંત થઈ જાવ, કારણ કે સિદ્ધોએ અનુભવીને કહ્યું છે કે શુભ સંકલ્પ યોગ્ય સમય આવ્યે આપમેળે પૂરા થાય છે, એવું કુદરતનું વિધાન છે.

જેવો સાધક અશુદ્ધ સંકલ્પોનો ત્યાગ કરે છે, તેવી જ એનામાં નિર્વૈરતા અને નિર્ભયતા ઊતરી આવે છે. નિર્વૈરતાથી દ્વેષના શમન થી પ્રીતિ જાગ્રત થાય છે અને નિર્ભયતાથી આત્મવિશ્વાસ દૃઢ થાય છે અને પોતે જે સાધના કરી રહ્યા હોઈએ તેમાં અવિચલ શ્રદ્ધા થાય છે.

સાધક માટે અંતિમ સોપાન તો છે સર્વસંકલ્પ નિવૃત્તિ. કારણ કે સંકલ્પપૂર્તિ એ જ કાંઈ જીવન નથી. શું નીકળે છે તાત્પર્ય ? સૌથી પ્રથમ સાધકે પોતાના અહંકારમાં ઊઠતા સંકલ્પ પર ચિંતન-મનન કરવું. જે અશુદ્ધ અને અનાવશ્યક સંકલ્પ હોય તેનો ત્યાગ કરવો. જે શુદ્ધ અને આવશ્યક સંકલ્પ જણાય તેને પરિસ્થિતિ પ્રમાણે પૂરા કરી નિશ્ચિત બની જવું. જે સંકલ્પ સામર્થ્ય બહારના છે, પરંતુ છે સર્વહિતકારી તેને વિશ્વ અને વિશ્વનાથને સમર્પિત કરી નિશ્ચિંત થઈ જવું. આટલો જ સાધકનો પરમ પુરુષાર્થ છે. સામર્થ્ય બહારના સર્વહિતકારી સંકલ્પો માટે કર્તાપણું છોડી શરણાગતિ અપનાવવી જ રહી ને પરમ શક્તિના ન્યાયમાં, પ્રકૃતિના ન્યાયમાં અનન્ય શ્રદ્ધા ધારણ કરી ચિત્તને અવિચળ રાખવું.

હવે સાધક શો અનુભવ કરશે ? જ્યારે સાધક બધી જ કામનાઓનો ત્યાગ કરી દઈ 'અચાહ' બની જાય છે ત્યારે મનમાં ઊઠનારા સંકલ્પ-વિકલ્પ શમી જતાં મનની ગતિશીલતા ખતમ થઈ જાય છે. હવે મનમાં ઊઠનારા સંકલ્પ-વિકલ્પ હોય ત્યાં સુધી જ બુદ્ધિનું કામ હોય છે નિર્ણય લેવા માટે. જેવી મનની ગતિશીલતા ખતમ થાય છે કે તરત મન પોતાની શક્તિ સહિત બુદ્ધિમાં વિલીન થઈ જાય છે. સંકલ્પ-વિકલ્પ હોય ત્યાં સુધી જ તેના પર બુદ્ધિ વિવેચન કરે છે. આમ કરો, તેમ કરો, આ વ્યવસ્થા કરો વગેરે. પરંતુ જેવી બધી જ કામનાઓ ખતમ થઈ જાય છે, તેવું જ બુદ્ધિનું બધું કાર્ય પૂરું થઈ જતાં બુદ્ધિની કોઈ જરૂરત નથી રહેતી. આવું થાય છે ત્યારે બુદ્ધિ સમ તત્ત્વને પામી શાન્ત થઈ જાય છે. આને જ યોગીઓ સમાધિ કહે છે. આ સમાધિની શાંતિમાં પણ રમણ નથી કરવાનું તો પ્રેમ પ્રાપ્ત થશે.

તેમ છતાં વૃત્તિઓના દમનનો અભ્યાસ અલગ છે અને વૃત્તિઓની સમજણ દ્વારા સ્વાભાવિકતાથી ઉદ્‌ગમમાં વિલીન થાય તે બંનેમાં ઘણું અંતર છે.

છતાંયે એક વાત યાદ રાખવી પડશે જ કે સાધનાની શરૂઆત થશે મોટા ભાગે સ્થૂળ શરીરના સ્તરથી અને તેનો મહામંત્ર છે, 'બૂરાઈરહિત જીવન', ન કોઈનું બૂરું વિચારો, ન બૂરું ઈચ્છો, ન બૂરું કરો. મહર્ષિ દયાનંદજીને કોઈએ એકવાર પ્રશ્ન કર્યો કે, 'આપે કામ-વાસનાને કઈ રીતે જીતી ?' મહર્ષિનો જવાબ હતો, 'કામને જીત્યો કામ કરીને અને વાસનાને જીતી પરિશ્રમ કરીને.'

આથી સીધીસાદી વાત એટલી જ છે કે ખૂબ પરિશ્રમપૂર્વક કામ સેવા કાર્ય કરવું જરૂરી છે. જેમાં સેવાનો ભાવ સોનામાં સુગંધ સમાન થાય.

મહારાજશ્રીએ વિચારશીલ સાધકો માટે 'અસત્‌ના ત્યાગ'ની વખતોવખત ખૂબ વિસ્તારથી મીમાંસા કરી છે. અસત્ એટલે એ જે નાશવાન અને પરિવર્તિનશીલ છે. તેમાં તેમણે ઘણી વખત ઉદ્‌બોધન કર્યું છે કે, 'હે સાધકો ! વસ્તુ, વ્યક્તિ, અવસ્થા અને પરિસ્થિતિ પરિવર્તનશીલ છે. એ સ્થાયી આધાર નહીં બને. તેનો તો માત્ર સદુપયોગ થાય.'

રોજબરોજના જીવનથી વિચારીએ તો પરિસ્થિતિઓ હંમેશા એકસરખી નથી રહેતી, એવો તો આપણો પોતાનોય અનુભવ છે. આપણા મનમાં ડોકિયું કરતાં જ જણાશે કે 'આપણે જીવનમાં સતત સુખ માગીએ છીએ અને દુઃખથી દૂર રહેવા માગીએ છીએ.' સુખ આવે ને ચાલ્યું જાય તો પણ મનમાં સુખનું પ્રલોભન શેષ રહે છે અને આ સુખના પ્રલોભનને કારણે જ સતત દુઃખનો ભય રહે છે.

માનવ સેવા સંઘ વિશિષ્ટ ચિંતન કરીને કહે છે કે સુખ જે વિધાનથી આવે છે તે જ વિધાનથી ચાલ્યું જાય છે. દુઃખ આવીને ઘેરે છે. તેમ છતાં પણ માનવી પરિસ્થિતિનો સદુપયોગ કે દુરુપયોગ કરવા સ્વાધીન છે. પરિસ્થિતિ બદલવામાં એ પરાધીન છે. માટે સાધકે જે કાંઈ બની રહ્યું હોય તેનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરવો તેમાં જ એનું હિત છે. આ ઉપરાંત સાધકે મહત્ત્વની વાત એ જાણી લેવાની કે દરેક પરિસ્થિતિ સાધન-સામગ્રી છે એ પોતે જીવન નથી. સાધન-સામગ્રી ગમે તેવી હોય તેની સમજણ જો હોય તો તેનો સદુપયોગ થાય અને સફળતા મળે. સુખ અને દુઃખ પરિવર્તનશીલ જીવનની બે અવસ્થા છે. સાધકે સુખ અને દુઃખ બન્નેને સાધન-સામગ્રી સમજી તેનો ઉપયોગ કરવાનો છે.

જેમ કે જીવનમાં સુખ આવે છે ઉદારતાનો પાઠ શીખવવા માટે. સુખ વખતે સાધકે પોતા પાસે જે અંશમાં સામર્થ્ય આવ્યું હોય તેના દ્વારા સેવા કરવાની છે. સેવા કરતાં કરતાં ઉદારતા વધશે અને જીવનમાં કરુણા અને પ્રસન્નતાના ગુણો ઊતરી આવશે અને આનાથી જ અહંકાર અને મમતાનો નાશ થઈ નિર્વાસના પ્રાપ્ત થશે.

આનાથી વિપરીત જો સુખનો ઉપયોગ વ્યક્તિગત ભોગ માટે કરી સ્વાર્થી બન્યા તો કામનાઓની હારમાળા પેદા થશે. જીવનમાંથી સંતોષ દૂર થઈ અસંતોષ વ્યાપશે અને શાંતિ દૂર થઈ અશાંતિ ઘેરી વળશે. આનાથી અહંકાર અને મમતા શક્તિશાળી બનશે અને મનુષ્ય વસ્તુ અને વ્યક્તિની પરાધીનતા અને પરાશ્રયમાં આવી જશે.

શું થાય છે તે આપણી આસપાસ જ જોઈએ. જ્યાં સુધી સુખ હશે; વસ્તુ અને વ્યક્તિ રહેશે ત્યાં સુધી વ્યક્તિ અતિ અભિમાનમાં રહેશે, જેવાં વસ્તુ અને વ્યક્તિ ચાલ્યાં જશે કે વ્યક્તિ પોતાને દીન અને અનાથ માનવા લાગશે. આમ નિરંતર દીનતા અને અભિમાનના દાવાનળમાં વ્યક્તિ જલ્યા કરશે, જો એ સુખનો ભોગ કરશે તો. આનાથી રોગ અને શોક સિવાય બીજું શું ઉત્પન્ન થાય ? આથી સુખમય પરિસ્થિતિમાં સામર્થ્ય અનુસાર સેવા એ સાધકની જીવનરીતિ બનવી જોઈએ.

જુઓ જીવનયાત્રાને. સુખ અને દુઃખ ડાબા-જમણા પગ છે, જે દ્વારા તમારી જીવનયાત્રા ચાલી રહી છે. આપણે સાધક તરીકે એમ થાય કે સુખમાં સેવા તો બરાબર છે, પરંતુ દુઃખમાં શું કરીએ ? શું છે દુઃખનો સદુપયોગ ?

દુઃખનો સદુપયોગ છે ત્યાગ અને દુરુપયોગ છે વિષાદ, અકર્મણ્યતા. મહાપુરુષોનાં જીવન જુઓ તેમની સફળતાનો માર્ગ અવરોધોના માઈલસ્ટોન્સ દ્વારા જ આલેખાયેલો મળશે. જે વસ્તુની કામનાથી દુઃખ થતું હોય તેનો મનથી ત્યાગ કરવો પણ પુરુષાર્થ ન છોડવો. તે સાથે દુઃખ આવે છે 'સમજ' પ્રદાન કરવા, જીવનમાંથી ગેરસમજોનું ઉન્મૂલન કરવા. મહાપુરુષોનું જીવન દુઃખના અગ્નિમાં તપીને સોનું થયું છે. મોટા ભાગના મહાપુરુષોએ જીવનનાં જે રહસ્યો પ્રગટ કર્યાં છે તેની પૃષ્ઠભૂમિ છે દુઃખ. સુખ એ સમજ નથી આપતું, જે દુઃખ આપે છે. સુખથી તો મોટા ભાગે અંતરાત્મા બેહોશ થઈ જાય છે, દુઃખમાં અંતરાત્મા જાગે છે.

માનવ સેવા સંઘ કહે છે, 'દુઃખ આવે ત્યારે તમારા જીવન પર દુઃખનો પ્રભાવ પડવા દો. સમજ પ્રગટશે.' દુઃખનો પ્રભાવ એટલે શું અને દુઃખનો ભોગ એટલે શું ?

ગૌતમ બુદ્ધે દુઃખ જોયું અને એ દુઃખનો એમના પર પ્રભાવ પડ્યો તો એમણે દુઃખનિવૃત્તિનો ઉપાય શોધી કાઢ્યો. પ્રભાવથી સમજ આવશે, જ્યારે દુઃખભોગથી ખિન્નતા, ઉદાસી, અકર્મણ્યતા, પરદોષદર્શન, ક્રોધ વગેરે આવશે. સાધકે એ ભ્રામક માન્યતાનો પણ ત્યાગ કરવો રહ્યો કે મન આપણને નચાવે છે. મન કર્તા છે ? નહીં, મન 'કરણ' છે. આપણી જે સુખભોગની પસંદગી છે એનું જ નામ છે મન. આને કારણે આપણે વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિનું ચિંતન કર્યા કરીએ છીએ અને મન ત્યાં જ ભટકે છે. ગુણદોષ કર્તામાં છે કરણ તો માત્ર તેને દર્શાવે છે. દા.ત. કોઈ વ્યક્તિ કુરુપ હોય અને દર્પણ એ બતાવે કે કોઈ વ્યક્તિને ૧૦૪ ડિગ્રી તાવ હોય અને થરમૉમીટર એ દર્શાવે તો એના માટે શું તમે દર્પણ કે થરમૉમીટરને જવાબદાર ઠેરવશો ? નહીં. એ બન્ને તો પરિસ્થિતિની અસલિયત દર્શાવતાં સાધન માત્ર છે. બરાબર આમ જ મન પણ આપણી અસલિયત

દર્શાવતું કરણ છે. મન નિરંતર રસ અને શાંતિની શોધમાં રહે છે, એ રીતે એ પરમ હિતચિંતક છે. એની ચંચળતા અને ઊછળકૂદ બીજું કાંઈ નથી પણ તેની શાંતિ માટેની અને રસની ખોજ દર્શાવે છે, આપણે પોતાના દોષ મન પર આરોપિત કરી નિર્દોષ હોવાનો અભિનય કરીએ છીએ અને મિથ્યા સંતોષ માનીએ છીએ.

ટૂંકમાં ત્યાગ એટલે મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય મારાં છે તે ભાવનાનો ત્યાગ કરવો અને તેનો ઉપયોગ ફળની આશા રાખ્યા વિના વિશ્વવાટિકાની સેવા માટે કરવો. જે 'અસત્' છે તે સતત બદલાતું રહે છે, નાશ તરફ ગતિ કરતું રહે છે. સ્થાયી રીતે નથી રહેતું. એથી સાધકે 'અસતને સમજવું હશે તો શરીર પર દૃષ્ટિ કરવી. શરીર સતત બદલાય છે, જીર્ણ થઈ નાશ તરફ ગતિમાન છે. એનો તિરસ્કાર નહીં, સદ્દુપયોગ કરવો, એ સમજ સાથે કે એ 'અસત્' છે. આનાથી દેહભાવ જતાં અહં-મમ ભાવ પણ જશે. કુટુંબીજનોની આસક્તિ તો છૂટશે જો અંદરથી 'મમભાવ' છોડી તેમની સેવા કરાશે અને તે પણ પોતાના અધિકારનો ત્યાગ કરીને, એમના અધિકારની રક્ષા કરી. દેહભાવ છૂટતાં દેહાતીત જીવનમાં પ્રવેશ થશે એમ માનવ સેવા સંઘ જણાવે છે.

ખાસ તો એ વાત છે કે સેવા પણ સ્વાભાવિક રીતે કરાશે તો ત્યાગમાં જ પરિવર્તિત થશે. આમ ત્યાગ બીજું કાંઈ નથી, સેવા પછીનું દ્વિતીય સોપાન માત્ર છે. જે સેવાના પ્રથમ પગથિયે અકિંચન થઈ 'મેરા કુછ ભી નહીં હૈ' સમજશે એ ત્યાગના બીજા પગથિયે સમજણપૂર્વક કહેશે, 'મુઝે કુછ ભી નહીં ચાહિયે.'

**ત્યાગની સમજણમંજૂષા :**

૧. સુખ અને દુ:ખ જીવનની પરિસ્થિતિઓ છે; ડાબા અને જમણા પગ જેવી.
૨. પરિસ્થિતિ એ જીવન નથી.
૩. પરિસ્થિતિનું પરિવર્તન આપણા હાથમાં નથી, પરંતુ પરિસ્થિતિનો સદ્દુપયોગ આપણા હાથમાં છે.
૪. દુ:ખમય પરિસ્થિતિમાં ત્યાગ કરો, એટલે કે અચાહ થઈ જાઓ. સુખમય પરિસ્થિતિમાં સેવા કરો.
૫. વસ્તુ, વ્યક્તિ, અવસ્થા, પરિસ્થિતિ બધું જ પરિવર્તનશીલ હોવાથી અસત્ છે.
૬. ત્યાગની સાધના એટલે 'અસત્‌ને જાણી લઈ એને છોડી દેવું.'
૭. અસત્‌ના ત્યાગની સાથે જ સત્‌ની પ્રાપ્તિ થાય છે.

૮. આ જગતના ઈતિહાસમાં જન્મ પામેલ કોઈ પણ વ્યક્તિના બધા જ સંકલ્પો ક્યારેય પૂર્ણ નથી થયા.

૯. સંસાર ક્યારેય તમને એમ નથી કહેતો કે મને પસંદ કરો. તમે જ કારણ વિના 'મારું-મારું'નાં ગીત ગાવ છો.

૧૦. સાચું સન્માન, સાચો આદર, સાચો પ્રેમ એ પામે છે, જે 'અચાહ' બને છે.

૧૧. જોકે વસ્તુઓનો અભાવ જીવનમાં કષ્ટદાયક છે, તેમ છતાં વસ્તુઓનો પ્રભાવ (દાસત્વ) અભાવથીયે વધુ દુઃખદ છે.

૧૨. અહં અને મમનો સંબંધ જ ભોગ છે જે રોગ અને શોક આપે છે.

૧૩. ત્યાગનો અર્થ છે - કોઈ પણ વસ્તુને પોતાની ન માનવી. સ્થૂળ, સૂક્ષ્મ કે કારણ - ત્રણે પ્રકારનાં શરીરથી સંબંધ ન રાખવો; કર્મ, ચિંતન અને સ્થિતિ - કોઈ પણ અવસ્થામાં દેહબુદ્ધિ ન રાખવી. વસ્તુ કે વ્યક્તિનો આશ્રય ન લેવો અને કોઈથી પણ સુખની ઈચ્છા ન રાખવી.

8

# ત્યાગ વિશે ચિંતન

(પ.પૂ. શરણાનંદજી મહારાજ)

૧. એક શરીરને લઈને કુટિરની અંદર બંધ કરી દીધું અને આપણે ત્યાગી બની ગયા. હું તો કહીશ કે આમ તો તારા બાપ પણ ત્યાગી નથી બની શકતા. જો પૂછશે કે કેમ ત્યાગી નથી બની શકતા ? તો કહેવું પડશે કે તમે પોતાનો (અહમ્‌નો)તો ત્યાગ કર્યો નથી. મારા ભાઈ ! જો ત્યાગ કરવો હોય તો પોતાનો ત્યાગ કરો, અને પ્રેમ કરવો હોય તો બધાયને પ્રેમ કરો અને જો પોતે પોતાનો ત્યાગ નથી કરી શકતા તો તમે સંસારનો ત્યાગ કદી કરી શકતા નથી. - પ્રેરણા પથ

૨. ત્યાગ શું છે ? 'હું શરીર અને સંસારથી અલગ છું' આનું ફળ શું છે ? ઈચ્છારહિત થવું, નિર્મમ થવું અને નિષ્કામ થવું. - સંત ઉદ્‌બોધન

૩. ત્યાગનો અર્થ છે કે કોઈ વસ્તુને પોતાની ન માનો. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરથી સંબંધ ન રાખો. કર્મ, ચિંતન તેમ જ સ્થિતિ કોઈ પણ અવસ્થામાં જીવન-બુદ્ધિ ન રાખો. કોઈનો આશ્રય ન લો. કોઈથી સુખની આશા ન કરો. - સંત ઉદ્‌બોધન

૪. મમતા, કામના અને તાદાત્મ્યના ત્યાગનુ નામ જ 'સંન્યાસ' છે. - સંત ઉદ્‌બોધન

૫. માત્ર ઘર-ત્યાગ કરવો અને વસ્ત્રો રંગવા માત્રથી કોઈને યોગ-બોધ- પ્રેમની પ્રાપ્તિ થઈ શકતી નથી. આ ત્યાગ નથી પણ ત્યાગના વેષમાં પોતાના કર્તવ્યથી પલાયન થવું છે. - સંત ઉદ્‌બોધન

૬. માનવનું પોતાનું હિત તો ત્યાગમાં છે. - માનવ દર્શન

૭. જ્યારે પોતાનું-પોતાનું કરીને, પોતાનું કંઈ છે જ નહીં, તો ત્યાગ કેવો ! અને જે વસ્તુ જેની છે, તેને મળી ગઈ, તો સેવા કેવી ! - સાધનનિધિ

૮. અનેક પ્રિય વસ્તુઓ સ્વરૂપથી છૂટી ચૂકી છે; પરંતુ તેમની સુંદરતા અને આસક્તિ બાકી છે. એટલા માટે વસ્તુઓના ત્યાગનું ફળ કંઈ નથી મળતું. ખરેખર તો આસક્તિ ત્યાગ જ ત્યાગ છે. - સંત પત્રાવલી

૯. જે કર્યા વિના થાય, તે જ સાચો ત્યાગ છે; કેમ કે સાચો ત્યાગ કરવો નથી પડતો, થઈ જાય છે.

- સંત પત્રાવલી ૧

૧૦. કોઈ પણ વસ્તુને પોતાની ન સમજો. બસ આ જ ત્યાગ છે. કોઈ વસ્તુ તથા વ્યક્તિથી અલગ થવા માત્રથી ત્યાગ થઈ જતો નથી. પોતાનું ન માનવાથી ત્યાગ થાય છે.

- સંત પત્રાવલી ૨

૧૧. વિવેકપૂર્વક મમતા, કામના તથા તાદાત્મ્યનો ત્યાગ જ વાસ્તવમાં જાણેલા અસતનો ત્યાગ છે.

- પાથેય

૧૨. આ કેવી વિડમ્બના છે કે જેનો ત્યાગ આપમેળે થઈ રહ્યો છે, તેના ત્યાગમાં પણ અસમર્થતા પ્રતિત થાય છે. દેહભાવની આ અસમર્થતાના મૂળમાં છૂપાઈ રહેલી સુખ-લોલૂપતા છે, જે એકમાત્ર દુઃખના પ્રભાવથી જ નષ્ટ થાય.

- દુઃખ કા પ્રભાવ

૧૩. પ્રિયમાં પ્રિય વસ્તુ તથા વ્યક્તિનો ત્યાગ ગાઢ નિદ્રાને માટે ભલા કોણે નથી કર્યો?

- દુઃખ કા પ્રભાવ

૧૪. જે આપણા વિના રહી શકે છે, જે બરાબર આપણો ત્યાગ કરી રહ્યોછે, તેની સાથે સંબંધ ચાલુ રાખવો કઠિન છે કે તેનો ત્યાગ ?

- સફલતા કી કુંજી

૧૫. અકર્તવ્યને અકર્તવ્ય જાણીને જ તેનો ત્યાગ કરવો જોઈએ. કોઈ ભયથી ભયભીત થઈને અકર્તવ્યના ત્યાગનું કોઈ મૂલ્ય નથી. તે મિથ્યા અભિમાન જ પેદા કરે છે, જે અનર્થનું મૂળ છે.

- ચિત્તશુદ્ધિ

૧૬. મૃત્યુ અને ત્યાગનું સ્વરૂપ એક છે, માત્ર પરિણામમાં જ ભેદ છે. મૃત્યુનું પરિણામ જન્મ છે, અને ત્યાગનું પરિણામ અમરત્વ છે. ....મૃત્યુ તો વસ્તુનો નાશ કરે છે અને ત્યાગ વસ્તુના સંબંધનો નાશ કરે છે.

- ચિત્તશુદ્ધિ

૧૭. જો કોઈ સાધક પોતાને સેવા કરવામાં અસમર્થ માને છે તો તેણે ત્યાગને અપનાવી લેવો જોઈએ. ત્યાગને અપનાવી લેવાથી સેવા, પૂજા તથા પ્રેમનું સામર્થ્ય આપમેળે આવી જાય છે.

- ચિત્તશુદ્ધિ

૧૮. શરીર વગેરે કોઈ પણ વસ્તુને પોતાની ન માનવી અને કોઈથી પણકોઈ પ્રકારની સુખની આશા ન કરવી અર્થાત ઈચ્છા રહિત થવું અથવા એમ કહો કે 'અહમ્' અને 'મમ'નો અંત કરવો જ ત્યાગનું વાસ્તિવક રૂપ છે.

- ચિત્તશુદ્ધિ

૧૯. ઈશ્વર, ધર્મ અને સમાજ કોઈના ઋણી નથી રહેતાં. જે એમને માટે ત્યાગ કરે છે, તેમનો

એ જરૂર નિર્વાહ કરે છે. - સંતજીવન દર્પણ

૨૦. સત્યની શોધ કરનારા બધાએ ત્યાગ કર્યો છે. - સંત સમાગમ ૧

૨૧. ત્યાગ ક્રિયા નથી, બલકે અસંગતા છે. - સંત સમાગમ ૧

૨૨. ત્યાગ વર્તમાનમાં અને કર્મ ભવિષ્યમાં ફળ આપે છે. - સંત સમાગમ ૧

૨૩. જે નિત્ય આનંદ ફક્ત ત્યાગથી પ્રાપ્ત થાય છે, તેને માટે ભવિષ્યની આશા કરવી, એકમાત્ર પ્રમાદ સિવાય બીજું કાંઈ નથી. - સંત સમાગમ ૨

૨૪. ત્યાગ સ્વતઃ પેદા થનારી વસ્તુ છે. - સંત સમાગમ ૨

૨૫. ત્યાગ સમગ્રનો થાય છે, આંશિક નહીં. - સંત સમાગમ ૨

૨૬. જેની દૃષ્ટિ દૃશ્ય વિના સ્થિર છે, જેનું ચિત્ત આધાર વિના શાંત છે તેમજ જેનો પ્રાણ નિરોધ વિના સમ છે, તેને ગૃહત્યાગનો અધિકાર છે. - સંત સમાગમ ૨

૨૭. સદ્‌ભાવપૂર્વક મોહજનિત સંબંધ-વિચ્છેદ થઈ જતાં 'હું ભગવાનનો છું' - આ ભાવમાં સત્યતા આવી જાય છે; કેમ કે કોઈનો ત્યાગ કોઈની એકતા બની જાય છે. - સંત સમાગમ ૨

૨૮. મોહયુક્ત ક્ષમા અને ક્રોધયુક્ત ત્યાગ નકામો છે. - સંત સમાગમ ૨

૨૯. ત્યાગ થઈ જતાં ત્યાગનો ભાસ નથી રહેતો; કેમ કે ત્યાગની સ્મૃતિ અથવા તેનું અસ્તિત્વ ત્યાં સુધી જ પ્રતીત થાય છે, જ્યાં સુધી ત્યાગ થયો નથી. - સાધન તત્ત્વ

૩૦. સંબંધ વિચ્છેદથી કોઈ વસ્તુ, વ્યક્તિ વગેરેની ક્ષતિ થતી નથી અને ન તો પ્રાપ્ત વસ્તુઓનો સદુપયોગ અને વ્યક્તિઓની સેવામાં પણ બાધા આવે છે. - સાધન તત્ત્વ

૩૧. ત્યાગ સંસારના ચઢાવની તરફ લઈ જાય છે અને કર્મ સંસારના પ્રવાહની તરફ લઈ જાય છે. - સંતવાણી (પ્રશ્નોત્તર)

૩૨. શરીર અને સંસારને છોડવાનો પ્રશ્ન નથી, પ્રશ્ન છે શરીર અને સંસાર સાથે આપણો સંબંધ ન રહે. - સંતવાણી ૮

૩૩. એ નિયમ છે કે જેને જે આપવાનું છે, તે આપવાથી અને જેની પાસેથી લેવાનું છે, તેની પાસેથી ન લેવાથી આપમેળે સંબંધ-વિચ્છેદ થઈ જાય છે. - ચિત્તશુદ્ધિ

૩૪. ત્યાગથી વધીને સુલભ બીજું શું કોઈ સાધન દુનિયામાં છે ? ત્યાગકોનો કરવાનો છે ? જે તમારા વિના પણ રહે છે અને જે તમારો ત્યાગ કરે છે..... ત્યાગ કરનારનો રાગ મુશ્કેલ છે કે ત્યાગ કરનારનો ત્યાગ મુશ્કેલ છે ? - સંતવાણી ૭

(માનવ સેવા સંઘના પુસ્તક 'ક્રાંતિકારી સંતવાણી'માંથી સાદર)

9

# પ્રેમનો ભક્તિમાર્ગ : મૈં કુછ ભી નહીં હૂં

શરણાગત ભક્તની પ્રભુમાં કેવી શ્રદ્ધા હોય અને તેનામાં કેવો દઢ વિશ્વાસ હોય તેના મૂર્તિમંત આદર્શરૂપ જીવન જીવ્યા શરણાનંદજી મહારાજ. ક્યારેય તેમણે પોતાની આધ્યાત્મિક ઉપલબ્ધિઓની વાત નથી કરી તેમ છતાં તેમના જે થોડાક પ્રસંગો જાણવામાં આવ્યા છે તેનાથી મસ્તક નમી જાય છે. એમની શરણાગતિનો અદ્ભુત પ્રસંગ છે એક, જે આ પ્રમાણે છે :

મહારાજશ્રી અવિરત વિચરણમાં રહેતા તે દરમિયાન એક વખત તેઓ યમુનાતીરે વિચરણમાં હતા. ચોમાસાની ઋતુ, યમુનાજી ભરપૂર વહી રહ્યાં હતાં બે કાંઠે. પ્રજ્ઞાચક્ષુ શરણાનંદજી લાઠીને સહારે કિનારે કિનારે ચાલતા વિચરણ કરી રહ્યા હતા, ત્યાં અચાનક કિનારાની પાળી તૂટી ને મહારાજશ્રી ધસમસતી યમુનામાં પડી ગયા. પોતે બિલકુલ એકલા. પ્રજ્ઞાચક્ષુ હોવાથી એ પ્રવાહમાં ખબરે ન પડી કે કિનારો કઈ બાજુ છે ! અચાનક તણાતા જતા દેહના હાથમાંથી લાઠી પણ છૂટી ગઈ. મૃત્યુ લગોલગ આવીને ઊભું રહ્યું. હવે કોણ બચાવે ? પરંતુ શરણાનંદજી મહારાજનો વિશ્વાસ સજીવ હતો. તેમને ખબર હતી કે તેમનો સનાતન મિત્ર, સર્વ કાળમાં, સર્વ પ્રદેશમાં, હરક્ષણે તેમની સારસંભાળ લઈ રહ્યો જ છે. એને જે કરવું હોય તે કરે. એ જે કાંઈ કરે તે બધું જ સ્વીકાર્ય; શિરોધાર્ય. ધસમસતા પ્રવાહ વચ્ચે મહારાજશ્રીએ શરીર ઢીલું છોડીને કહ્યું, 'પ્રભુ ! હવે તારી મરજી ! જેમ કરવું હોય તેમ કર.' મઝધારમાં કોઈએ શરીરને સંભાળી કિનારે લાવી દીધું. હાથ પકડી કિનારે ચડાવ્યા. તે ઉપરાંત હાથમાંથી છૂટી ગયેલી લાઠીની જગાએ નવી લાઠી પણ આવી. જાણે ફરી એક વખત જેને આપણે હળાહળ કળિયુગ કહીએ છીએ તેમાં પરમાત્માએ સગુણ સાકાર થઈ શરણાગત ભક્તની રક્ષા કરી. આવો સજીવ પ્રેમ હતો શરણાનંદજીને પરમાત્મા પર.

તેઓ ઘણીવાર વ્યાખ્યાનમાં બોલી ઊઠતા, 'હું કટ્ટર ઈશ્વરવાદી છું, તેમ છતાં હું ઈશ્વરવાદનો પ્રચારક નથી. તમે શું માનો છો ? મારો ઈશ્વર એટલી હીન કક્ષાએ છે કે તેનો હોવાનો વળી પ્રચાર

પ્રસાર કરવો પડે? હરગિજ નહીં.'

મહારાજશ્રી કહેતા, 'જો પરમાત્મા મહંમદના દોસ્ત બન્યા, ઈસુના પિતા બન્યા, મીરાંના પતિ બન્યા તો શું એ તમારા થવા તૈયાર નથી ? એ તો તૈયાર જ છે હરક્ષણે. જરૂરત છે માત્ર એવી કે કોઈ ને કોઈ નાતે તેમની જોડે તમે આત્મીય સંબંધ જોડી લો.'

શરણાનંદજીએ પ્રેમના આ માર્ગને ભાવભર્યા હૃદયથી સાધકો સમક્ષ ખુલ્લો મૂક્યો છે.

તેમણે પરમાત્મા વિશે સાધકના મનમાં ઊઠતી અનેક મૂંઝવણોનાં હૃદયંગમ સમાધાન આપ્યાં છે. જેમ કે સાધકના મનનો પહેલો પ્રશ્ન એ છે કે પરમાત્માને કઈ રીતે માનવા ? એના વિશે સાધકને કાંઈ જ ખબર નથી પડતી. કેવો છે આપણો ભ્રમ ? કે જે નિત્ય પ્રાપ્ત પરમાત્મા કે જે આપણામાં પણ છે, સર્વત્ર છે, સર્વકાળે છે તે અપ્રાપ્ત જણાય છે અને જેને કોઈ કાળે પણ પ્રાપ્ત ન કરી શકાય તેવું નિત્ય પરિવર્તનશીલ જગત પ્રાપ્ત જણાય છે ! સાધક વિચારશે તો જણાશે કે મનુષ્યનો સંબંધ સંસાર સાથે છે તો ખરો જ, પણ તો પછી શો ફર્ક છે ? મહારાજશ્રી એટલે જ પરમાત્મા સાથે જે સંબંધ છે તેની આગળ 'નિત્ય' શબ્દને જોડે છે એ પછી સમજાવે છે કે આ દેખાતા સંસાર સાથે કાયમ રહેવાવાળો સંબંધ નથી. એ તો થોડા દિવસનો અને તે પણ માનેલો સંબંધ છે.

કોણ નથી જાણતું કે વસ્તુ, યોગ્યતા, પરિસ્થિતિઓ દ્વારા જણાતો આ સંસાર અને તેને અનુભવતું આપણું શરીર અને મન એક ક્ષણાર્ધ માટે પણ એકસરખું નથી રહેતું.અહીં બધું જ બદલાયા કરે છે. કાલે જેને પિતા કહ્યા, માતા કહ્યા તો કોઈને પુત્ર કહ્યો કે પુત્રી. તે થોડા સમયમાં જે તે મરણ દ્વારા કાયમી વિદાય લે છે અને માનેલ સંબંધ ખતમ થઈ જાય છે.

એનો અર્થ એવો નથી કે સાધકે સંસારને અસત્ય જાણી સંસારનો વિરોધ કરવો, એની નિંદા કરવી, એની ઘૃણા કરવી, એની ઉપેક્ષા કરવી. સાધકે પરમાત્મા સાથે નિત્ય સંબંધ માનવો અને એ દુઃખહારી પરમાત્માને નાતે સંસાર સાથે કર્તવ્યનો સંબંધ રાખવો.

સાધકને તરત થાય ક્યાં પોતાનું ક્ષુદ્ર, દીનહીન જીવન અને ક્યાં અનંત પરમાત્મા ? ક્યાં જોયા છે પરમાત્માને ? એને કેમ કરી માનવા ? મહારાજશ્રી કહે છે એને કાં તો શાસ્ત્રવચનથી માનો કે પછી ગુરુવાણીથી માની લો. ભાઈ ! દરેક વસ્તુનું નિર્માણ કરનાર કોઈકને કોઈક તો હોય જ છે તે મુજબ આ સંસારને નિર્મિત કરનાર કોઈ અનુત્પન તત્ત્વ પણ છે જ, એને તમે પરમાત્મા કહો, પરમ ચૈતન્ય કહો, જે કહો તે એક વખત એને માની લો બસ ! માનીને એને સાથે આત્મીય સંબંધ જોડી લો. કારણ કે આપણને સંસારના સંબંધોમાં પણ અનુભવ છે કે જેના પ્રત્યે

પ્રેમ હોય તેને સર્વપ્રથમ તો પોતાના માનવો પડે. પ્રેમમાર્ગના સાધકે પરમાત્માને પોતાના માનવા પડે પછી પોતાની જાતને તેને હવાલે કરવી પડે કે મારા પર તમારો પૂરેપૂરો અધિકાર છે, જેમ રાખવું હોય તેમ રાખો, આ જીવનનું જે કાંઈ કરવું હોય તે કરો. સાથે મારો તમારા પર કોઈ અધિકાર નથી. અને મને તમારા પાસેથી કાંઈ જોઈતું નથી.

મહારાજશ્રી પૂછે છે સાધકને કે ભાઈઓ ! બહેનો ! શું આમ કરવું બહુ મુશ્કેલ લાગે છે ? જુઓ તમારા શાસ્ત્રો અને પુરાણોને.

શબરીજીએ શું કર્યું ? શું શબરીએ તપ કર્યું ? ઉપવાસો કર્યા ? મંત્રજાપ કર્યા ? માળાઓ ફેરવી ? આવું કાંઈ તમે ક્યારેય સાંભળ્યું છે ? ના, આવું તો નથી સાંભળ્યું. શબરીજીના ગુરુ માતંગ ઋષિએ દેહ છોડતાં પહેલાં માત્ર એક જ વખત શબરીજીએ કહ્યું કે, 'રાહ જોજો, પ્રભુ પોતે અહીં આવશે.' શબરીજીને વધુ સમજાવવાની જરૂર ન પડી. એમણે ગુરુની વાતમાં શ્રદ્ધાપૂર્વક વિશ્વાસ મૂકી એ વાત માની લઈ પરમાત્મા જોડે આત્મીય સંબંધ માત્ર બાંધી લીધો ! ને એમના હૃદયમાં પ્રભુની અખંડસ્મૃતિ ઊતરી આવી, પ્રભુપ્રેમ એમના આ આત્મીય સંબંધથી પ્રગાઢ બન્યો ને એનાં પ્રચંડ મોજાંઓની છાલકોનો આનંદ એમના જીવનમાં લ્હેરાવા લાગ્યો. અભણ શબરીના આત્મીય પ્રેમે પરમ સત્તાને મજબૂર કરી એમની ઝૂંપડીએ આવવા માટે, એમનાં એઠાં બોર ખાવા માટે ! ગુરુવાણીથી શબરીએ જે સંબંધ માત્ર માન્યો એ અનુભવ દ્વારા કાળે કરીને જાણવામાં પણ આવી ગયો. આમ સાધક કોઈ ને કોઈ રીતે જો માની લે અને પરમ સત્તા સાથે કોઈ ને કોઈ રીતે આત્મીય સંબંધ જોડી લે તો એ માનેલ સંબંધ પ્રત્યક્ષ અનુભવ પણ ધારણ કરે છે.

મહારાજશ્રી થોડાં પ્રવચનોમાં અદ્‌ભુત દર્શન કરાવે છે, ભક્તિના અનુપમ ગ્રંથ ભાગવતનું. એ બધાં જ પ્રવચનો પ્રત્યક્ષ અનુભવનાં જ લાગે છે.

મહારાજશ્રી પ્રવચનમાં ઝૂમી ઊઠી સાધકોને કહે છે : 'હે સાધકો ! શી વિશિષ્ટતા હતી ગોપીઓમાં, ગોવાળિયાઓમાં, યશોદામાં અને નંદરાયમાં ? કે એમના પ્રેમનું ગાન શુકમુનિ જેવાને કરવું પડે, મોટા મોટા ઋષિ મુનિઓને કરવું પડે, વ્યાસને કરવું પડે, નારદને કરવું પડે, પરમ જ્ઞાની પ્રભુ સખા ઉદ્ધવને કરવું પડે ! હતા તો બધા જ અભણ ને ભલાભોળા ગામડિયા.'

મહારાજશ્રી સમજાવે છે કે કૃષ્ણચરિત્રમાં ત્રણ મુખ્ય વાતો જોવામાં આવે છે. પહેલી વાત 'કૃષ્ણ આપણા છે'. બીજી વાત એટલે 'બધું કનૈયાનું છે, અમને વ્રજવાસીઓને કાંઈ ન જોઈએ' અને ત્રીજી વાત 'કનૈયાનો પ્રેમ એ જ આપણું જીવન છે'. આપણે તો બસ ! કનૈયાને રાજી રાખવાનો છે.

વ્રજવાસીઓએ પણ નથી કર્યા જપતપ, નથી કરી માળાઓ કે ઉપવાસ. માત્ર તેમણે કૃષ્ણ સાથે પોતાનો આત્મીય સંબંધ માન્યો છે. આનાથી શું થયું ? પ્રેમીના હૃદયમાં પરમાત્મા સાથે આત્મીય સંબંધ જોડવા માત્રથી પ્રીતિની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે. જેને પરિણામે એની પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રીતિ આવી જાય છે. સમજવાની વાત એ છે કે પ્રીતિ એવી વસ્તુ નથી કે એને માટે તમારે તમારો કામધંધો છોડી દેવો, દૈનિક પ્રવૃત્તિઓ છોડી દેવી, છોડીને ભાગી જવું. ના ! એવું નથી કે તો જ પ્રેમ કરી શકાશે. ના ! ના ! માત્ર પ્રિયતમ સાથે સંબધ જોડવાથી જ દરેક પ્રવૃત્તિ પ્રીતિ બની જાય છે.

મહારાજશ્રી આ વાતને સુંદર દાખલા ને પ્રસંગથી સમજાવે છે, ભાગવતના બહુ જ જાણીતા પ્રસંગથી. બાળકનૈયો ગોવાળિયા સાથે માખણચોરી કરે છે તેની ફરિયાદ લઈને તેઓ યશોદા મૈયા પાસે આવે છે. જુઓ ! મહારાજશ્રી એ પ્રસંગને કેવા પ્રેમથી પ્રેમમાર્ગના રહસ્ય માટે ખુલ્લો કરે છે.

ગોપીઓ જ્યારે યશોદાને ફરિયાદ કરે છે, ત્યારે યશોદાજી પહેલાં તો એ વાતને માનવા જ તૈયાર નથી થતાં. પછી યશોદાજીને ફિકર થાય છે કે શું ખરેખર મારો લાલો આવું કરતો હશે ? જો લાલો એવું કરતો હોય તો એનો અર્થ એ છે કે લાલો ભૂખ્યો રહે છે ! એમાં મારો જ વાંક છે, હું લાલાને ભૂખ્યો રાખું છું. એને પેટ ભરાય તેટલું માખણ ખાવા માટે નથી આપતી. યશોદા મા શું કરે છે ? જુઓ તેમની એટલે ભક્તની દરેક પ્રવૃત્તિમાં પ્રીતિ કઈ રીતે ઊગી આવે છે ?

બીજે દિવસે યશોદાજી વહેલા ઊઠે છે, એમને ફિકર છે કે હવે પછી મારો લાલો ભૂખ્યો ન રહેવો જોઈએ. તેઓ નાહી-ધોઈને સારામાં સારી ગાયનું દૂધ દોહે છે. પછી એ દૂધને ચૂલે ચડાવી ગરમ કરે છે. ત્યાર બાદ ગરમ દૂધને ઠંડુ કરી દહીં જમાવે છે. પોતાને હાથે. આખો દિવસ એમને એક જ ચિંતા છે ક્યારે દહીં-છાશ મથીને માખણ બનાવું ? બીજે દહાડે માખણ માટે દહીં મથવા લાગે છે. ભક્તના હૃદયમાં પ્રીતિ દરેક પ્રવૃત્તિમાં ઊતરી આવી. દરેક સામાન્ય લાગતી પ્રવૃત્તિમાં પ્રેમ ઊતરી આવ્યો. જેવાં યશોદાજી દહીં વલોવવા લાગ્યાં કે વહેલી સવારે શ્રીકૃષ્ણની ઊંઘ ઊડી ગઈ, કારણ કે ભક્તના હૃદયમાં પ્રીતિ વધે તેટલે પરબ્રહ્મ અંતે મળવા બેચેન બને. કનૈયાના હૃદયમાં માખણ ખાવાની તીવ્ર ઈચ્છા જાગ્રત થાય છે. મહારાજશ્રી આ પ્રવચનમાં પોતાનું આગવું ને અદ્‌ભુત દર્શન મૂકી દે છે, આપણને અવાક્ કરી દે તેવું. મહારાજશ્રી કહી ઊઠે છે, 'જ્ઞાનમાર્ગમાં જીવ બ્રહ્મભાવને પામે છે જ્યારે પ્રેમમાર્ગમાં બ્રહ્મતત્ત્વમાં, પરમાત્મામાં જીવભાવનો ઉદય થાય છે. પરમાત્મા પ્રેમને વશ થઈ જીવકક્ષાએ આવવા મજબૂર બની જાય છે.'

યશોદાજી છાશ વલોવી રહ્યાં છે. કનૈયો ત્યાં આવીને કહે છે, 'મા, માખણ દે ! બહુ ભૂખ લાગી છે' યશોદાજી વ્યગ્ર બની જાય છે, કારણ કે માખણ તૈયાર નથી થયું ને કાનાને ભૂખ લાગી છે. શું કરવું ? એ કાનાને થોભી જવા કહી જલદી જલદી છાશ વલોવે છે તો કૃષ્ણ દોરડું પકડીને કહે છે, 'મા ! હવે નથી રહેવાતું. બહુ ભૂખ લાગી છે.' કૃષ્ણના મુખમંડળ પર છાશના ટીપાં પડે છે. બ્રહ્મ જીવભાવમાં આવી જાય છે. ભક્તની પ્રીતિને વશ થઈ તે વિહ્વળ થઈને કહે છે, 'મા ! રહેવા દે માખણને, તારું પોતાનું દૂધ પીવડાવ.' મહારાજશ્રી આમાં ભક્ત હૃદયની જે અવસ્થાઓ વર્ણવે છે અને પરબ્રહ્મમાં ઊઠતા જે જીવભાવની વાત રસાળ રીતે કહે છે તે એમના સ્વાનુભાવમાંથી જન્મેલું દર્શન છે. એટલે જ એક જગાએ તેઓ બોલ્યા છે, 'હું કટ્ટર ઈશ્વરવાદી છું પરંતુ ઈશ્વરનો પ્રચારક નથી. મારો ઈશ્વર એવો મુફલીસ થોડો છે કે એને પ્રચાર પ્રસારની જરૂરત પડે.'

વ્રજમાં ગોવાળિયાના સખાભાવના સંબંધની ગોપીઓનાં પરકીયાભાવની તથા નંદ-યશોદાના વાત્સલ્યભાવની જે આત્મીયતાથી મહારાજશ્રીએ છણાવટ કરી છે એ પ્રેમમાર્ગ પર જબ્બર સ્વીકૃતિની મહોર લગાવવા પૂરતી છે કે ભક્તિમાર્ગમાં, પ્રેમમાર્ગમાં કાંઈ જરૂરી નથી. જેમ મીરાંએ પતિ માન્યા, મુહમ્મદે મિત્ર માન્યા, યશોદાનંદે પુત્ર માન્યા, ઈસુએ પિતા માન્યા તેમ તમે પણ કોઈને કોઈ રીતે પરમાત્માને પોતાના માની તેમની સાથે આત્મીય સંબંધ બાંધી લો. બાકીનું બધું પરમાત્મા પોતે કરશે. શરણાનંદજીએ પોતાનું જીવન આ રીતે જ વિતાવ્યું છે. પરમાત્મામાં એમને વિકલ્પરહિત વિશ્વાસ હતો.

એમણે સાધકોને ઉદ્બોધન કરતાં કહ્યું, 'તમારા બધા જ સંબંધોને એક સંબંધમાં વિલિન કરી દો, તમારા બધા જ વિશ્વાસોને એક વિશ્વાસમાં મેળવી દો. પ્રભુસંબંધ અને પ્રભુવિશ્વાસ.'

મહારાજશ્રીએ સમજાવ્યું સાધક હંમેશ હૃદયમાં એક અભાવ અનુભવે છે અને એટલે જ એ સદાને માટે બેચેન રહે છે. જ્યાં સુધી સાધકના મનમાં કોઈ પણ પ્રકારનો અભાવ રહે એ કેમ ચેનથી રહી શકે ? મહારાજશ્રી કહે છે કે સાધક હંમેશા ઈચ્છે છે કે એનો અભાવ મટી જાય. કારણ કે અભાવનો પૂરેપૂરો નાશ થાય તો જ માનવજીવન પૂર્ણ બને. તો સવાલ એ ઊઠે છે કે આ પૂર્ણતા કેમ પ્રાપ્ત કરાય ? આ પૂર્ણતા તો માત્ર પ્રેમતત્ત્વની અભિવ્યક્તિમાં, રસની અભિવ્યક્તિમાં જ મળે. આ રસનું ઉદ્ગમસ્થાન કયું ? સ્વાભાવિક રીતે જ અગાધપ્રિયતા. હવે સવાલ એ છે કે મનુષ્યના જીવનમાં આ અગાધપ્રિયતાનો ઉદય કેમ કરીને થાય ? એક જ ઉપાય છે પરમાત્મા સાથે આત્મીય સંબંધની સ્વીકૃતિ.

મહારાજશ્રીએ પ્રેમપંથના સાધકો માટે બિલકુલ વ્યવહારુ પાંચ મહાવાક્યો દર્શાવ્યાં છે અને ચેતવણી આપી છે કે સાધકો જાણી લો કે કયા નામે એને પોકારશો, કયા રૂપથી આરાધના કરશો,

એને સાકાર માનશો કે નિરાકાર કે પછી મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા ક્યાં જશો એ કશુંય મહત્ત્વનું નથી, મહત્ત્વનું એ છે કે જો પાયામાં આ પાંચ મહાવાક્યોની સ્વીકૃતિ નહીં હોય તો કોઈ પણ રીતે પ્રેમતત્ત્વ અભિવ્યક્ત નહીં થાય, સાધના સજીવ નહીં થાય, પરમાત્મા પ્રાપ્ત નહીં થાય.

કયા છે આ પાંચ મહાવાક્ય ?

પ્રથમ વાત : આપણા લોકોની પરમાત્મા સાથે જાતિગત એકતા છે.

બીજી વાત : આપણી પરમાત્મા સાથે આત્મીય એકતા પણ છે અર્થાત આપણે બધા એમના આત્મીય છીએ. આપણા એ એકમાત્ર આત્મીય સંબંધી છે. એ જ આપણા સૌના નિત્યસંબંધી છે.

ત્રીજી વાત : એમની પાસેથી મને કાંઈ જ નથી જોઈતું.

ચોથી વાત : બધું જ એમનું છે.

પાંચમી વાત : હું પણ તેમનો જ છું.

હવે જરા છણાવટ કરીને લઈએ આ પાંચ મહાવાક્યોને :

**(૧) આપણા લોકોની પરમાત્મા સાથે જાતીય એકતા છે.**

આપણે જે હંમેશને માટે 'હું' (આત્મા) એવી જે અસ્તિત્વની અનુભૂતિ કરીએ છીએ, એ શુદ્ધ ચૈતન્ય છે, શરીર નથી. શરીર છે ત્યારેય આ 'હું' અનુભવાય છે અને શરીર નહીં રહે ત્યારે પણ આ ચૈતન્ય 'હું' રહેશે જ, કારણ કે આ જે અસ્તિત્વ છે એ પરમ સત્તામાંથી નીકળેલું છે. કારણ કે આપણું નિર્માણ આપણે પોતે તો કર્યું નથી. એટલા માટે જ પરમાત્માની સત્તાને સ્વીકારવી જ પડશે. જેમાંથી અસ્તિત્વ નીકળ્યું, આમ 'હું' સાથે 'તે' એટલે અસ્તિત્વ સાથે પરમાત્માની જાતીય એકતા છે. 'હું' શરીર નથી, ચૈતન્ય છે. પરમાત્મા સાથેની આ જાતીય એકતા જ મનુષ્યજીવનમાં સૌથી મહત્ત્વનો સંબંધ છે.

શરીર પંચમહાભૂતનું બનેલું છે અને જગત પણ પંચમહાભૂતનું બનેલું છે. આમ શરીરની સંસાર સાથે એકતા છે. જેથી શરીર સંસારની જાતિનું છે. આથી એક સાધકે ક્યારેય શરીરના આધારે પોતાનું મૂલ્યાંકન ન કરવાનું હોય બલ્કે શરીરની જાત-પાત, ગોત્ર, દશા વગેરે સાથે પણ પોતાનો સંબંધ માનવાનો નથી, કારણ કે શરીરમાં રહેલ 'હું' (આત્મા) પરમાત્માની જાતિનો છે. ઈશ્વર વિશ્વાસની દૃષ્ટિએ નિત્ય સંબંધી તો એકમાત્ર ઈશ્વર જ છે.

**(૨) આપણો પરમાત્મા સાથે આત્મીય સંબંધ છે.**

જ્યારે સાધક એમ સ્વીકારે છે કે 'પરમાત્મા છે' ત્યારે એ આસ્તિક બને છે, પરંતુ ભક્ત એ ત્યારે બને છે જ્યારે એને એવો દૃઢ વિશ્વાસ બેસે છે કે પરમાત્મા જોડે મારો આત્મીય સંબંધ છે. આ

ભાવના ભક્તિનો મૂળ આધાર છે. પહેલા વાક્યમાં આવી સજાતીયતા અને ત્યારબાદ સજાતીયતામાં ઓતપ્રોત થઈ આત્મીયતા.

આ જગતમાં જેટલા પણ ભક્તો થયા એમનું જીવન તપાસીશું તો એક તથ્ય નિર્વિવાદ રીતે સામે આવશે કે અતિ વિદ્વાન ભક્ત કે સાવ અભણ ભક્ત, સંપન્ન ભક્ત કે નિર્ધન ભક્ત, બધાએ સહજ ભાવથી પરમાત્મા સાથે આત્મીય ભાવ બાંધેલો છે. જુઓ મીરાંબાઈએ પ્રભુને 'પતિ' માન્યા, ગોસ્વામી તુલસીદાસે'સ્વામી' માન્યા, મૈયા યશોદાએ 'લાલા' કહી એમનો સ્વીકાર કર્યો, પયગંબર મહમ્મદે 'દોસ્ત' માન્યા, ઈશુએ 'પિતા'સ્વરૂપે માન્યા. ભલે જૂદું જૂદું જણાય, પરંતુ દરેક ભક્તનો છે આત્મીય સંબંધ. બસ ! આ જ રીતે સાધકે નિર્દ્વંદ્વ અને નિશ્ચિંત બની પૂરા અધિકાર સાથે પરમાત્માને પોતાની રૂચિ અનુસાર સગા-સંબંધી બનાવવાના છે, જો એ ભક્તિના પ્રેમપંથને અનુસરીને પરમાત્મ પ્રાપ્તિ કરવા ઈચ્છતો હોય તો.

**(૩) મને પ્રભુ પાસેથી કાંઈ જ નથી જોઈતું.**

આ તો બિલકુલ સ્વાભાવિક નિષ્પત્તિ માત્ર છે. જ્યારે ભક્ત પરમાત્માને આ જગતના સ્વામી માની એમનો સ્વીકાર કરે પછી આ જગતની કોઈ પણ વસ્તુ પર એનો અધિકાર હોઈ જ કઈ રીતે શકે ? ન જ હોઈ શકે; નથી જ. કારણ કે આ તો એક જ મિલકતના બે સ્વામી જેવો તાલ થશે. સાધક થોડો વિચાર કરશે તો પણ તેને તરત જણાશે કે પરિવર્તનશીલ આ જગતમાં એનું વ્યક્તિગત માલિકીનું કહી શકાય તેવું કાંઈ જ નથી.

સાધકની ભૂલ એ થાય છે શરીર એની બહુ પાસે હોવાથી એ શરીરને પોતાનું માની બેસે છે. આ ભૂલને કારણે જ એને ઘણીબધી વસ્તુઓ અને અનેક વ્યક્તિઓ સાથે એક જાતનો મોહનો લગાવ પેદા થઈ જાય છે. પંચમહાભૂતોનું આ શરીર કાંઈ આપણે પોતે તો બનાવ્યું નથી. વળી આપણે ગમે તેટલું ઈચ્છીએ તોપણ આપણે રાખવા ચાહીએ એટલો સમય એને રાખી શકવા સમર્થ નથી. અરે ! પોતાની ઈચ્છા અનુસાર તેનો ઉપયોગ પણ આપણે નથી કરી શકતા. કારણ કે શરીર તો પ્રાકૃતિક કાયદા કાનૂનથી સંચાલિત થાય છે. આ બધું જાણવા છતાંયે શરીરને પોતાનું માનવાથી આપણી શરીરમાં આસક્તિ બંધાઈ છે. જેને કારણે જન્મજન્માંતરની વસ્તુઓ અને વ્યક્તિઓ મોહમાં આબદ્ધ થઈ આસક્તિમાં ઘેરાયેલ આપણે ફરી ફરી જન્મી રહ્યા છીએ, ફરી ફરી મરી રહ્યા છીએ અને તેથી જ આવાગમનના આ ચક્રથી મુક્તિ નથી મળતી. એટલા માટે જ સાધક આ મોહ અને આસક્તિના ચક્રવ્યૂહને ભેદવા ઘોષણા કરે છે.

'હે પરમાત્મા, મને તારા સિવાય કાંઈ જ નથી જોઈતું.'

(૪) બધું જ એમનું છે.

અહીં જે કાંઈ છે, એ બધું એમનું જ છે. થોડુંક પણ વિચારીશું તો તરત સમજાશે કે આ વિશાળ વસુંધરાના એક ટુકડાને લઈને આપણે ઘોષણા કરીએ છીએ કે 'આ જમીન મારી છે.' એ જ પ્રમાણે અસંખ્ય વસ્તુઓથી ભરેલ આ સંસારની થોડી વસ્તુઓનો સંગ્રહ કરી આપણે અભિમાનથી ફુલાઈએ છીએ કે 'આ વસ્તુઓ મારી છે.' એ તો નક્કી છે કે સમસ્ત જગતની બધી જ વસ્તુઓને તો આપણે પોતાની નહીં જ કરી શકીએ. હમેશા માટે તો કાંઈ જ પોતાનું નહિં કહી શકીએ.

એ જ રીતે અસંખ્ય શરીરધારીઓ છે આ વિશ્વમાં. એમાંના થોડા લોકો માટે આપણે કહી ઉઠીએ છીએ કે 'આ મારા છે.' આ ભૂલથી ઉત્પન્ન થયેલ આસક્તિએ જ આપણા હૃદયમાં શુષ્કતા, નીરસતા અને અભાવ ઉત્પન્ન કર્યા છે. એને કારણે જીવનમાં સતત ભય અને ચિંતાથી છુટકારો નથી મળતો. કેમ કે જે વસ્તુઓ તમે મેળવવા ઈચ્છો એ જો ન મળે તો અભાવને લઈ દરિદ્રતા અને દીનતા અનુભવાય છે અને પ્રકૃતિના વિધાનથી એ વસ્તુ મળી જાય તો એ વસ્તુ ચાલી જશે એનો ભય સતત જીવનમાં રહે છે. સાધકને એક સમયે ચોક્કસ નિશ્ચય બંધાઈ જાય છે કે 'આ તે કાંઈ જિંદગી છે ?' વસ્તુ ન મળે તો તેનો અભાવ સતાવે છે અને મળી જાય તો એ નષ્ટ થશે તેનો ભય સતાવે છે.' સાધક સમજી જાય છે કે વ્યક્તિ અને વસ્તુઓને આધાર બનાવવી એ જીવનનો સૌથી મોટો ભ્રમ છે. સાથે કોઈ આધાર નિર્માણ ન થયેલો હોવાથી વસ્તુ-વ્યક્તિ ખોવાથી એને ભય પણ લાગે છે.

બરાબર ત્યારે સંતજન કહે છે કે 'હે ભાઈ ! કોઈને પણ પોતાનું ન માન. બધું ઈશ્વરનું માન. આમ કરવાથી તારું અતિ કલ્યાણ થશે. તું ભય અને ચિંતા છોડી દે.'

રસ્તા પણ બે જ છે. જો ભૌતિકવાદને આધારે જોઇએ તો બધું જગતનું છે અને આસ્તિક થઈ ઈશ્વરની સત્તાનો સ્વીકાર કરીએ તો બધું ઈશ્વરનું છે. આમાં કોઈ પણ પરિસ્થિતિમાં આપણું તો કાંઈ છે જ ક્યાં ? અને સંતો આવું કાંઈ ફોગટ આશ્વાસન આપવા કે સાધકનું મન બહેલાવવા નથી કહેતા. એમણે આવું કરીને પોતાનાં દુઃખોનો અંત કરી અને નિત્ય આનંદના પ્રદેશમાં વાસ કરેલો છે. આપણું દુઃખ જોઈ કરુણાથી દ્રવિત સંતહૃદય ઘોષણા કરે છે. 'અહીં જે કાંઈ છે એ બધું ઈશ્વરનું છે.' બધું ઈશ્વરનું છે એ સત્યની જ્યારે સ્વીકૃતિ થઈ જશે ત્યારે સંસારની જે કોઈ વસ્તુ પર સાધકની દૃષ્ટિ પડશે એ તેને પરમ પ્રિય પરમાત્માની યાદ આપશે. 'જીત દેખું તીત તૂ હી તૂ.'

(૫) હું પણ તેમનો છું.

છેલ્લે આસ્તિક સાધકના મનમાં હજુય એક દ્વિધા રહે છે કે કેમ કરીને હું કહી દઉં કે હે પ્રભુ !

હું તારો છું. મારામાં તો કેટલીયે ગંદગી છે, અનેક દોષો છે; અભિમાન, લોભ, મોહ. મહારાજશ્રીએ બહુ સુંદર માર્ગદર્શન કર્યું.

જુઓ જે સામર્થ્યવાન ભક્તો છે એ તો ઘોષણા કરશે કે 'હે પ્રભુ ! તું મારો છો.' પણ અસમર્થ એમ નહીં કહી શકે, એ તો એમ કહેશે કે 'હે પ્રભુ ! હું તારો છું.'

આ બન્ને કક્ષાભેદ મહારાજશ્રી સમજાવે છે. જેમ કે સામર્થ્યવાન ભક્ત પ્રભુ પર પોતાનો અધિકાર રાખશે. જ્યારે જે અસમર્થ છે એના પર પ્રભુનો અધિકાર છે, એનો પોતાનો કોઈ અધિકાર નથી. આપણા જેવા સાધકો તો અસમર્થતાની વેદનાથી ઘેરાયેલા છે. અનેક દોષો અને મર્યાદાઓથી ભરેલ જીવન છે આપણાં. આપણે તો માત્ર એમ જ કહી શકીએ કે 'હે પરમ પ્રિય ! અમે જેવા છીએ તેવા, અમારો સત્કાર કરો, હે પ્રભુ.' આમ કહેવાથી અહંકાર જેમ જેમ ઓગળશે તેમ તેમ સંતકૃપા અને પરમ કરુણાવાન દુઃખનું હરણ કરનાર પ્રભુ આપણને પગલે પગલે સંભાળી રહ્યા છે તેવી પ્રતીતિ થશે અને એવા અનુભવ પણ થશે. સાચી વાત તો એ છે કે પ્રેમનું પાન માત્ર પરમાત્મા જ કરે છે અને પ્રેમનું દાન સકળ સૃષ્ટિમાં માત્ર મનુષ્ય જ કરી શકે છે અને આ સકળ જગત એની સમગ્ર વસ્તુઓ સહિત પરમાત્માએ મનુષ્યના આનંદ માટે બનાવ્યું છે, પરંતુ મનુષ્યનું નિર્માણ સર્વોત્તમ એટલે છે કે મનુષ્યને બનાવ્યો છે પરમાત્માએ પોતાને રસ મળે એ માટે. કારણ કે બિનશરતી પ્રેમ પરમાત્માને સકળ જગતમાં માત્ર મનુષ્ય જ કરી શકે છે. આ છે મનુષ્યજીવનનું માહાત્મય. કોઈ પ્રાણી પ્રભુને પ્રેમ આપવા સમર્થ નથી.

શરણાનંદજી મહારાજનું સમગ્ર જીવન એક સમર્પિત અને શરણાગત ભક્તનું છે. એમના જીવનના અનેક પ્રસંગોમાં એમનો નિષ્કામ પ્રભુપ્રેમ જે રીતે વ્યાપક છે તે સાધકોને જબરદસ્ત શ્રદ્ધા પ્રદાન કરતો રહ્યો છે અને રહેશે.

મહારાજશ્રીએ કહેલું છે કે તમે જાણો છો કે ભજન એટલે શું ? ભજન એટલે સેવા, ત્યાગ અને પ્રેમ ત્રણેનું જીવનમાં એકરૂપ થઈ જવું. એનાથી પરમાત્માની જે અખંડ સ્મૃતિ અને અનંતપ્રિયતા જાગે તેનું નામ ભજન. આવા ભક્તમાં પરમાત્માના ત્રણે ગુણ ઐશ્વર્ય, સૌંદર્ય અને માધુર્ય ઊતરી આવે છે.

ભક્ત નિર્વિકાર થાય છે તેમાંથી ઉદયમાન થાય છે સૌંદર્ય. ભક્ત નિષ્કામ થાય છે ત્યારે ઐશ્વર્ય પ્રગટ થાય છે અને ભક્ત ચરાચર જગત સાથે આત્મીયતા અનુભવે છે ત્યારે પ્રગટ થાય છે માધુર્ય. આ સૌંદર્ય, ઐશ્વર્ય અને માધુર્યની પ્રાપ્તિ એટલે જ પૂર્ણ પ્રાપ્તિ. ત્યારબાદ કાંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી.

# 10 પ્રેમ વિશે ચિંતન

## (પ.પૂ. શરણાનંદજી મહારાજ)

૧. જ્યાં સુધી મિલનમાં વિયોગ ન ભાસે તો પ્રેમ કેવો ? અને વિયોગમાં મિલન ન ભાસે તો પ્રેમ કેવો? - સંતવાણી ૫

૨. પરસ્પરમાં (શરીરનાં અંગોમાં) પ્રીતિની કેટલી ઊંડી એકતા છે કે પગમાં કાંટો વાગે છે તો આંખમાંથી આંસુ નીકળે છે. આંખમાં જ્યારે ઈજા થાય છે, તો પગ લથડે છે. આ રીતે પૂરા વિશ્વની સાથે આપણી સ્નેહની એકતા થાઓ. - સંતવાણી ૬

૩. જ્યાં આપણું પોતાપણું થઈ જાય છે, ત્યાં પ્રિયતા ઉદય થાય છે. - સંતવાણી ૭

૪. અલગ-અલગ સાધન જ્યારે એકમાં વિલીન થઈ જાય છે, તેને કહે છે, સાધન તત્ત્વ. તો સમસ્ત સાધન કોનામાં વિલીન થાય છે ? તો માનવું પડે છે કે પ્રેમની પ્રાપ્તિમાં, પ્રેમની જાગૃતિમાં. તો પ્રેમ થયું સાધન-તત્ત્વ. - સંતવાણી ૫

૫. જે લોકો એમ કહે છે કે 'શું કહીએ, તેમણે તો એટલું વહાલ કર્યું કે અમે લાચાર થઈ ગયા.' તેમને નિવેદન છે કે કોઈ માણસ તમને લાચાર કરે, શું તે પણ કોઈ વહાલ છે ? નહીં મહારાજ, આજે તો ખાઈ જ લો. અરે મહારાજ ખાઈ જ લે, તો આ વહાલ છે કે શાસન છે ? વહાલ છે કે આસક્તિ છે ? - પ્રેરણા પથ

૬. પ્રેમમાં એક વિલક્ષણતા છે, તે વિલક્ષણતા એ છે કે તેનો આરંભ ગમે ત્યાંથી થાય પણ તે સર્વવ્યાપક બની જાય છે. - જીવન પંથ

૭. જે પરમાત્માને પ્રેમ નથી કરતો, સંતોને પ્રેમ નથી કરતો, પોતાને પ્રેમ નથી કરતો, સાચું પૂછો તો તે કોઈને પ્રેમ નથી કરતો. - સંતવાણી ૭

૮. આ નિર્વિવાદ સત્ય છે કે પ્રેમની પ્રાપ્તિમાં જ જીવનની પૂર્ણતા છે. - સંતવાણી ૫

૯. જો પોતે પોતાનું પ્રિય નથી કરી શકતો તો પ્રેમની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય જ નથી. - સંત ઉદ્‌બોધન

૧૦. પ્રેમીઓની સૂચિમાં નામ લખાવવા નીકળ્યા અને કામનાને સાથે રાખી તો શું પ્રેમ થશે ? પોતાની ઈચ્છા સંતોષીને શું પ્રેમ થાય છે ? કદાપી નહીં. - સંત ઉદ્બોધન

૧૧. કામનાપૂર્તિ અને મોક્ષ ચાહનાર પ્રાણી ઈશ્વરપ્રેમી નથી બની શકતો, ઈશ્વર સાથે પ્રેમ નથી કરી શકતો. - સંત ઉદ્બોધન

૧૨. જ્યાં પોતાના જ લાભનું ધ્યાન છે, ત્યાં ઈમાનદારી રહી શકતી નથી. ઈમાનદારી વિના પ્રેમનો પ્રાદુર્ભાવ થતો જ નથી. - સંત ઉદ્બોધન

૧૩. પ્રેમનો ઉદય થવાથી એક જ બે દેખાય છે. એવું નથી કે બે થાય તો જ પ્રેમ થશે. - સંત ઉદ્બોધન

૧૪. કોઈ પણ વિચારક એ સિદ્ધ નથી કરી શકતો કે બે હોવાથી પ્રેમ થઈ શકે છે. બેમાં તો ન્યાય થઈ શકે છે, પ્રેમ નહીં; કેમ કે પ્રેમનો ઉદય ત્યાં જ થાય છે, જ્યાં એક જ બે માલૂમ પડે છે. - માનવ કી માંગ

૧૫. જીવનમુક્ત બન્યા પછી મનુષ્ય પ્રેમપ્રાપ્તિનો અધિકારી બને છે. - સંત ઉદ્બોધન

૧૬. જેના હૃદયમાં ભોગ-સુખોની લાલચ અને કામ-ક્રોધાદિ વિકારોનું અસ્તિત્વ છે, તે પ્રેમની પ્રાપ્તિ તો શું પ્રેમની ચર્ચા કરવા તથા સાંભળવાનો પણ અધિકારી નથી. હકીકતમાં તો જેના હૃદયમાં મમતા, આસક્તિ, કામના અને સ્વાર્થની ગંધ પણ ન હોય, તે જ પ્રેમી બની શકે છે. - સંત ઉદ્બોધન

૧૭. અહમ્‌નો નાશ થયા વિના ભેદનો નાશ નથી થતો અને તેના વિના અનંતના પ્રેમની પ્રાપ્તિ થતી નથી. - સંત ઉદ્બોધન

૧૮. ઈચ્છા-રહિત પ્રાણી જ પ્રેમ કરી શકે છે. - માનવ કી માંગ

૧૯. ઈચ્છા-રહિત થયા વિના માનવ પ્રેમનો અધિકારી થતો નથી. - માનવ દર્શન

૨૦. પ્રભુનો મહિમા સાંભળીને જે ઈશ્વરવાદી થાય છે, તે કામી છે, તે પ્રેમી નથી. - જીવન પંથ

૨૧. જેને ભગવાન તો પ્યારા લાગે અને સંસાર ખારો લાગે. તેને પ્રેમી નથી કહેતા. - સંતવાણી ૫

૨૨. પ્રેમી આપણે ક્યારે બનીશું ? જ્યારે આપણે એ સ્વીકાર કરીએ કે પ્રભુ આપણા છે. - સંતવાણી ૭

૨૩. પ્રેમનો એ સ્વભાવ છે કે પ્રેમ પ્રેમીનું સર્વસ્વ હરી લે છે. એનો અર્થ એ નથી કે પ્રેમીનો વિનાશ થઈ જાય છે. પ્રેમ અને પ્રેમીની વચ્ચે જે અંતર હતું, તે દૂર થઈ જાય છે અર્થાત

પ્રેમી પણ ગળીને પ્રેમ જ બની જાય છે. - માનવ કી માંગ

૨૪. જેવી રીતે નદીનું નિર્મળ જળ કોઈ ખાડામાં ભરાઈ જવાથી ઝેરીજંતુઓનું ઘર બની જાય છે. એ જ રીતે પ્રેમરૂપી તત્ત્વ કોઈ વસ્તુ તેમજ કોઈ વ્યક્તિ વગેરેમાં બંધાઈને લોભ, મોહ વગેરેનું રૂપ ધારણ કરી અનેક વિકારો પેદા કરે છે. - માનવ કી માંગ

૨૫. આસક્તિનો અત્યંત અભાવ થયા વિના અનુરક્તિના સામ્રાજ્યમાં પ્રવેશ જ નથી થતો. - માનવ દર્શન

૨૬. જેના જીવનમાં પ્રેમનો પ્રાદુર્ભાવ થઈ જાય છે, તેના જીવનમાં મોક્ષ વગેરે કોઈ પણ કામના બાકી નથી રહેતી. - માનવ કી માંગ

૨૭. બોધમાં પ્રેમ અને પ્રેમમાં બોધ ઓતપ્રોત છે. - માનવ દર્શન

૨૮. પ્રીતિના જેવું બીજું કોઈ અલૌકિક મહાન તત્ત્વ નથી. - માનવ દર્શન

૨૯. તેની પ્રાપ્તિ તેની પ્રિયતામાં જ રહેલી છે, જિજ્ઞાસામાં નથી. - માનવ દર્શન

૩૦. પ્રેમ જ ભગવાનને અત્યંત પ્રિય છે. એ જ તેમનો માનવ પર અધિકાર છે. - માનવ કી માંગ

૩૧. પ્રિયતા પ્રાપ્ત કરવાને માટે સેવા અને ત્યાગ તથા આસ્થાપૂર્વક આત્મીયતા અનિવાર્ય છે. - માનવ દર્શન

૩૨. પ્રેમની શરૂઆત કોઈ પણ પ્રતીકમાં કેમ ન હોય, પરંતુ પ્રેમ સ્વભાવથી જ વ્યાપક બની જાય છે. તેથી વિશ્વપ્રેમ પણ વિશ્વથી અતીત આત્મરતિ તેમજ પ્રભુપ્રેમના રૂપમાં પરિણત થાય છે. કારણ કે પ્રેગ તત્ત્વને કોઈ સીમામાં બાંધી શકતું નથી. - માનપ દર્શન

૩૩. પ્રેમની અંતિમ ભેટ છે - 'અહમ્' અને 'મમ'ને અર્પિત કરી દેવાં. - માનવ દર્શન

૩૪. જેને ભોગ અને મોક્ષ પણ નથી ગમતા, તેને કરુણામય પોતાની પ્રીતિ પ્રદાન કરે છે. - સાધનનિધિ

૩૫. જે પ્રિયતા કાયમ નથી રહેતી, તે હકીકતમાં પ્રિયતા નથી, પરંતુ આસક્તિ છે. - મૂક સત્સંગ

૩૬. શરણાગત થયા વિના શરણ્યની અગાધ પ્રિયતા કેવી રીતે મળી શકે છે ? કદાપી નહીં. - મૂક સત્સંગ

૩૭. જ્યાં સુધી જીવીત શરીર મૃતક જેવું ન માલૂમ પડે ત્યાં સુધી પ્રેમ પેદા થઈ શકતો નથી એવો મારો વિશ્વાસ છે. - સંત પત્રાવલી ૧

૩૮. પ્રેમીના હૃદયમાં કામના તથા ક્રોધ પેદા નથી થતા, એવો મારો અનુભવ છે. - સંત પત્રાવલી ૧

૩૯. જે રીતે ગંગાનું પવિત્ર જળ, જે આનંદનું કારણ છે, ખાડામાં બંધાઈ જવાથી અનેક જંતુઓને

પેદા કરી દુ:ખનું કારણ બને છે, એ જ રીતે પવિત્ર પ્રેમ મળ-મૂત્ર ભરેલા શરીરમાં બંધાઈ જવાથી અનેક વાસનારૂપી કીડાઓને પેદા કરી મહાન દુ:ખનું કારણ બને છે.

- સંત પત્રાવલી ૧

૪૦. જ્યાં સુધી કોઈ પ્રકારની વાસના બાકી છે, ત્યાં સુધી સમજવું જોઈએ કે પ્રેમ પેદા નથી થયો; કેમ કે પ્રેમ પેદા થવાથી હૃદય આનંદ તથા સમતાથી ભરાઈ જાય છે અને ચારેબાજુ પોતાનું સ્વરૂપ જ નજરે પડે છે. - સંત પત્રાવલી ૧

૪૧. પવિત્ર પ્રેમને શરીરમાં કેદ કરવાથી મોહની ઉત્પત્તિ થાય છે. - સંત પત્રાવલી ૧

૪૨. વૃદ્ધિ પામેલો રોગ આરોગ્યતામાં અને વૃદ્ધિ પામેલો પ્રેમ પ્રેમપાત્રમાં વિલિન થઈ જાય છે. - સંત પત્રાવલી ૧

૪૩. પ્રેમીનું સ્નાન શું છે ? રડવું. પ્રેમીનું ધ્યાન શું છે ? પોતે પોતાને મટાડી દેવું. પ્રેમીની પૂજા શું છે? સાચી વ્યાકુળતા. પ્રેમીનું ભોજન શું છે ? હર્ષ અને શોક. પ્રેમી નિવાસ ક્યાં કરે છે ? જ્યાં બીજું કોઈ ન હોય. પ્રેમીનો પાઠ શું છે ? મૌન. - સંત પત્રાવલી ૧

૪૪. પોતાના પ્રિયતમને પોતાનાથી ભિન્ન કોઈ બીજામાં અનુભવ ન કરો. - સંત પત્રાવલી ૧

૪૫. પ્રેમરૂપી ધન અત્યંત છુપાવીને રાખવું જોઈએ. ત્યાં સુધી કે મન, ઈન્દ્રિયો વગેરેને ખબર પણ ન પડે. નહીં તો એ નિર્મળ પ્રેમને ગંદો કરી દેશે. - સંત પત્રાવલી ૧

૪૬. પ્રેમાસ્પદથી ભિન્નની અસ્વીકૃતિને માટે વિવેક અપેક્ષિત છે અને પ્રેમાસ્પદથી નિત્ય સંબંધ સ્વીકાર કરવા માટે વિશ્વાસ હેતુ છે. - પાથેય

૪૭. પ્રીતિ સ્વરૂપથી દિવ્ય, ચિન્મય તથા અનંત છે. એ નિયમ છે કે જે ચિન્મય છે, તે વિભુ છે. જે વિભુ છે, તેનાથી દેશ-કાળનું અંતર તથા ભેદ રહી શકતા નથી. હા, એક વાત જરૂર છે કે પ્રીતિ એવું અલૌકિક તત્ત્વ છે, જે વિયોગમાં મિલન અને મિલનમાં વિયોગનો ભાસ કરાવે છે. પરંતુ આ રહસ્યને તે જ પ્રેમીઓ જાણે છે, જેઓ મુક્તિ અને મુક્તિની દાસતાથી મુક્ત છે. અર્થાત જેમણે ભોગ અને મોક્ષને ઠુકરાવી દીધા છે અને પ્રેમને જ પોતાનું સર્વસ્વ માન્યું છે. - સંત પત્રાવલી ૨

૪૮. પ્રીતિનું ક્રિયાત્મક રૂપ સેવા જ છે અને પ્રીતિનું વિવેકાત્મક રૂપ જ બોધ છે અને પ્રીતિનું ભાવાત્મક રૂપ જ પ્રીતમને રસ આપવો છે. - સંત પત્રાવલી ૨

૪૯. જેનું કાંઈ નથી અને જેને કાંઈ નહીં જોઈએ, તે જ પ્યારા પ્રભુને પોતાના માની શકે છે અને તેને જ પ્રેમની પ્રાપ્તિ થાય છે. - સંત પત્રાવલી ૨

૫૦. પ્રેમાસ્પદથી ભિન્નની સત્તા સ્વીકાર કરવાથી પ્રીતિમાં શિથિલતા આવે છે. પ્રીતિને સુરક્ષિત રાખવાને માટે પ્રેમાસ્પદથી ભિન્ન અન્યનું અસ્તિત્વ જ નહીં સ્વીકારવું જોઈએ. ત્યારે જ પ્રીતિ સબળ તથા સ્થાયી બની શકે છે. - પાથેય

૫૧. પ્રીતિનો ઉદય ત્યારે જ થાય છે, જ્યારે અનેક વિશ્વાસ એક વિશ્વાસમાં, અનેક સંબંધ એક સંબંધમાં તેમજ અનેક ચિંતન એક ચિંતનમાં વિલીન થઈ જાય છે. - પાથેય

૫૨. પ્રીતિ કોઈ કર્મ અને અભ્યાસથી પ્રાપ્ત નથી થતી, પરંતુ આત્મીયતાથી પ્રાપ્ત થાય છે, જે વિશ્વાસથી સિદ્ધ છે. જેણે એક વાર 'મારા નાથ' કહી દીધું, બસ પ્રીતિ પ્રાપ્ત થઈ ગઈ. - પાથેય

૫૩. શું પ્રીતિને શરીરની આવશ્યકતા છે ? કદાપી નહીં. - પાથેય

૫૪. જેને કંઈ નહીં જોઈએ, તેને જ પ્રેમાસ્પદ પોતાનું પ્રેમ તત્ત્વ પ્રદાન કરેછે. જેને કંઈ બીજું જોઈએ, તેને પ્રેમની પ્રાપ્તિ નથી થતી. - પાથેય

૫૫. અભ્યાસનું મહત્ત્વ કાર્યકુશળતામાં ભલે હોય, પરંતુ પ્રેમના સામ્રાજ્યમાં તો અભ્યાસનો પ્રવેશ જ શક્ય નથી. - સત્સંગ ઔર સાધન

૫૬. જેના સંબંધમાત્રમાં જ દેહાભિમાન ગળી જાય છે, તેમના પ્રેમની પ્રાપ્તિમાં ભલા દેહાદિની શું અપેક્ષા હશે ? - સત્સંગ ઔર સાધન

૫૭. 'પ્રેમ'માં તો સ્વંય પોતાને મટી જવાનું હોય છે અને 'સેવા'ને માટે પોતાનું સર્વ કંઈ આપવાનું હોય છે. જે પોતે પોતાને મિટાવી નથી શકતો, તે પ્રેમ નથી કરી શકતો અને જે પોતાનું સર્વસ્વ નથી આપી શકતો, તે સેવા કરી શકતો નથી. - જીવન દર્શન

૫૮. કર્મ કરવાનું સામર્થ્ય અને વિવેક તો અનંતની અહૈતુકી કૃપાથી સ્વતઃ પ્રાપ્ત છે; પરંતુ પ્રેમ-પ્રાપ્તિને માટે તો આપણે એ અનંતને સમર્પિત થવું પડશે. - જીવન દર્શન

૫૯. જીવનનો મુખ્ય ઉદ્દેશ પ્રેમ-પ્રાપ્તિ છે. તે ત્યારે જ પ્રાપ્ત થશે, જ્યારે આપણે તેમની કૃપાનો આશ્રય લઈને પોતાને તેમને સમર્પિત કરી દઈએ. આ બાબત માટે ચિંતિત ન થઈએ કે આપણે કેવા છીએ? જેવા પણ છીએ, તેમના છીએ. તેઓ જેવા પણ છે, આપણા છે. તેમની કૃપા પોતે જ આપણને તેમની સાથે પ્રેમ કરવાને લાયક બનાવી દેશે. - જીવન દર્શન

૬૦. પ્રેમના સામ્રાજ્યમાં પ્રેમાસ્પદથી ભિન્ન કશું થયું જ નથી. - જીવન દર્શન

૬૧. ત્યાગરૂપી ભૂમિમાં જ પ્રેમરૂપી વૃક્ષ ઉત્પન્ન થાય છે અર્થાત ત્યાગનું ફળ જ પ્રેમ છે. - જીવન દર્શન

૬૨. 'અહં' અને 'મમ'નો નાશ થયા વિના પ્રેમના સામ્રાજ્યમાં પ્રવેશ થઈ શકતો નથી.
- જીવન દર્શન

૬૩. પ્રેમ પ્રાપ્તિ પ્રેમાસ્પદની અહૈતુકી કૃપા પર નિર્ભર છે અને જિજ્ઞાસાની પૂર્તિ જિજ્ઞાસાની પૂર્ણ જાગૃતિ પર નિર્ભર છે. - જીવન દર્શન

૬૪. પ્રેમને સ્થાયી તથા સબળ બનાવવવાને માટે ઈચ્છારહિત થવું અનિવાર્ય છે; કેમ કે ઈચ્છાની ઉત્પત્તિ પ્રેમને દૂષિત કરે છે. ત્યાં સુધી કે પ્રેમ ત્યારે જ સુરક્ષિત રહી શકે છે, જ્યારે સદ્‌ગતિની પણ કામના ન હોય. એટલું જ નહીં. કામનારહિત બનવાની પણ કામના ન હોય; કેમ કે કામનાની ઉત્પત્તિ ભિન્નતા ઉત્પન્ન કરે છે, જે પ્રેમમાં બાધક છે. - જીવન દર્શન

૬૫. પ્રેમ ત્યારે જ સુરક્ષિત રહી શકે છે, જ્યારે પ્રેમીમાં આ ભાવનો પણ ઉદય ન થાય કે હું પ્રેમી છું; કેમ કે પ્રેમ પ્રેમીને ખાઈને જ પુષ્ટ થાય છે. - જીવન દર્શન

૬૬. એ પ્રશ્ન જ નથી કે તમારા સાધ્ય કોણ છે. પ્રશ્ન એ છે કે તમારી તમારા સાધ્યમાં પ્રિયતા છે કે નહીં ? જીવનમાં મૂલ્ય પ્રિયતાનું છે. - સફલતા કી કુંજી

૬૭. જેને પોતાને માટે કોઈ પણ વસ્તુ, વ્યક્તિ વગેરેની અપેક્ષા છે, તેનો પ્રેમ સામ્રાજ્યમાં પ્રવેશ જ થવા પામતો નથી. - દર્શન ઔર નીતિ

૬૮. પ્રેમ તે જ કરી શકે છે, જે કામનાથી રહિત હોય, જેની પ્રસન્નતા બીજાઓ પર નિર્ભર છે, તે પ્રેમ નથી કરી શકતો. - ચિત્તશુદ્ધિ

૬૯. જેને કોઈ પણ વસ્તુ, અવસ્થા વગેરેની આવશ્યકતા છે, તેને પ્રીતિ પ્રાપ્ત નથી થતી.
- ચિત્તશુદ્ધિ

૭૦. પ્રેમ એક એવું અલૌકિક તત્ત્વ છે, જેની નિવૃત્તિ, ક્ષતિ કે પૂર્તિ શક્ય નથી. નિવૃત્તિ કામનાઓની અને પૂર્તિ જિજ્ઞાસાની થાય છે. આ દૃષ્ટિથી પ્રેમ પ્રેમાસ્પદની જ અભિવ્યક્તિ છે, બીજું કંઈ નથી. - ચિત્તશુદ્ધિ

૭૧. પ્રેમમાં નિર્દોષતા અને નિર્દોષતામાં પ્રેમ ઓતપ્રોત છે અર્થાત પ્રેમ અને નિર્દોષતામાં વિભાજન થઈ શકતું નથી. - ચિત્તશુદ્ધિ

૭૨. પોતાને પ્રેમી માનીને પ્રેમાસ્પદને રસ પ્રદાન કરવો સાધન અને પ્રેમાસ્પદ પાસેથી કંઈ પણ માગવું અસાધન છે. - ચિત્તશુદ્ધિ

૭૩. પ્રેમ ક્ષતિ, પૂર્તિ તથા નિવૃત્તિથી રહિત છે. નિવૃત્તિ 'કામ'ની થાય છે, પ્રેમની નહીં. પૂર્તિ 'જિજ્ઞાસા'ની થાય છે, પ્રેમની નહીં. ક્ષતિ 'સુખભોગ'ની થાય છે, પ્રેમની નહી. પ્રેમની તો

ઉત્તરોત્તર વૃદ્ધિ જ થાય છે. - ચિત્તશુદ્ધિ

૭૪. કામનાઓની નિવૃત્તિ અને જિજ્ઞાસાની પૂર્તિ થવાથી જ પ્રેમની પ્રાપ્તિ થાય છે. - ચિત્તશુદ્ધિ

૭૫. ઈચ્છા-રહિત થયા વિના પ્રીતિનો ઉદય થતો જ નથી. આ દૃષ્ટિથીપ્રીતિની ભૂમિ બંધનથી રહિત છે અથવા એમ કહો કે મુક્તિ જ પ્રીતિનું ઉદ્‌ગમ સ્થાન છે. - ચિત્તશુદ્ધિ

૭૬. પ્રીતિમાં જ સમસ્ત સાધનોની સમાપ્તિ છે. પ્રીતિ વિના કદી કોઈને રસની ઉપલબ્ધિ થઈ શકતી જ નથી. તેના વિના ખિન્નતા, ક્ષોભ, ક્રોધ, રાગ વગેરે વિકારોનો અંત થઈ શકતો જ નથી. - ચિત્તશુદ્ધિ

૭૭. પ્રીતિ એકમાં બે અને બેમાં એકનું દર્શન કરાવે છે અથવા એમ કહો કે એક અને બેની ગણનાથી વિલક્ષણ છે. તેમાં ભેદ અને ભિન્નતાની તો ગંધ જ નથી. - ચિત્તશુદ્ધિ

૭૮. પ્રીતિ એવી નિર્મળ ધારા છે, તે કોઈમાં બંધાયેલી નથી રહેતી, બલકે બધાને પાર કરીને અનંતમાં જ સમાઈ જાય છે. - ચિત્તશુદ્ધિ

૭૯. (૧) આ (સંસાર) જે કંઈ છે, તે તેમનું છે અર્થાત પ્રેમપાત્રનું છે - આ પ્રેમની પહેલી અવસ્થા છે. (૨) આ જે કંઈ દૃશ્ય છે, તે તેમનું જ સ્વરૂપ છે - આ પ્રેમની બીજી અવસ્થા છે. આ અવસ્થામાં સૃષ્ટિ મટીને પ્રેમપાત્રનું સ્વરૂપ પ્રતિત થાય છે અર્થાત સંસાંરનો ભાવ મટી જાય છે. (૩) પ્રેમની જે ત્રીજી અવસ્થા છે, તે કોઈ રીતે કહી શકાતી નથી. ફક્ત એટલો સંકેત કરી શકાય છે કે પ્રેમપાત્રના સિવાય બીજું કંઈ કદી થયું જ નથી. - સંત સમાગમ

૮૦. જે પોતાના પ્રેમપાત્રને પોતાનામાં અનુભવ કરે છે, તેમને વિયોગનું દુઃખ ઉઠાવવું નથી પડતું. હૃદયથી ભિન્ન ભલે તદ્દન નજીક કેમ ન હોય, છતાં પણ વિયોગ અવશ્ય લાગશે. તેથી પ્રેમપાત્રને પોતાનામાં અનુભવ કરવાથી તેમની સાથે સ્થાયી સંગ થઈ જાય છે. પ્રેમપાત્રને પોતાનાથી ભિન્ન તે જ જુએ છે, જે વિષયોની સત્તાનો ત્યાગ નથી કરી શકતા. આ જ કારણે વિષયી પ્રેમપાત્રની ખોજ કરવાને માટે સંસારમાં ભટકે છે. - સંત સમાગમ

૮૧. એ સારી રીતે સમજી લો કે પ્રેમ કોઈ વ્યક્તિથી નથી થતો. વ્યક્તિઓથી તો રાગ-દ્વૈષ જ થઈ શકે છે અને ત્યાગ પણ કોઈ વ્યક્તિવિશેષનો નથી થતો. 'ત્યાગ' સમગ્ર સંસારનો અને 'પ્રેમ' જે સંસારથી અતીત છે, તેની સાથે થાય છે અથવા 'ત્યાગ' શરીરનો અને 'પ્રેમ' જે શરીરથી પર છે, તેની સાથે થાય છે. - સંત સમાગમ

૮૨. એક સમયમાં, એક હૃદયમાં બે સ્વતંત્ર સત્તાઓ રહી શકતી નથી. પ્રેમપાત્રનાં આવતાં જ પ્રેમીની સત્તાનો અંત થઈ જાય છે. પ્રેમીના રહેતાં પ્રેમપાત્ર આવી શકતું નથી. ફક્ત

માનેલા સંબંધના આધાર પર હૃદય ક્યારેક ક્યારેક ભાવાવેશથી ભરાઈ જાય છે, તે ખરેખરો પ્રેમ કહી શકાતો નથી. - સંત સમાગમ

૮૩. અભિલાષી જાતે અભિલાષાને પોતાના સ્વરૂપમાં અનુભવે છે, જેવી રીતે એમ.એ.નો અભિલાષી એમ.એ. થવાથી 'હું એમ.એ. થઈ ગયો' એવો અનુભવ કરે છે, અર્થાત પ્રેમી પ્રીતમને પોતાનાથી અલગ નથી જોતો. વહાલા, પ્રીતમ જ્યારે રુચિ સ્વરૂપે હોય છે, ત્યારે પ્રેમી કહેવાય છે. રુચિ પૂર્ણ થતાં પ્રેમી 'પ્રીતમ' બની જાય છે. પ્રેમી અને પ્રીતમની જેમ જ 'અપૂર્ણ' તથા 'પૂર્ણ'ને સમજો. પૂર્ણની અભિલાષા જ અપૂર્ણતા છે. - સંત સમાગમ ૧

૮૪. ઊંડાણથી જુઓ, પોતાના જેવું બીજું કોઈ પ્રિય નથી. એ અત્યંત પ્રિયનો પોતાનામાં જ અનુભવ કરવો સાચો સંબંધ છે. ક્રિયા તથા ભાવ દ્વારા થયેલો સંબંધ માત્ર વેપાર છે - અથવા એમ કહો કો માનેલી અહંતાને જીવિત રાખવાનો ઉપાય છે. - સંત સમાગમ ૧

૮૫. જે મનુષ્ય પોતાનાથી ભિન્ન પોતાના પ્રેમપાત્રને જુએ છે, તેમનો પ્રેમાસ્પદથી યોગ નથી થતો, બલકે સંયોગ થાય છે. - સંત સમાગમ ૧

૮૬. પ્રેમપાત્રના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા છે; કેમ કે તેઓ માત્ર જગા ન મળવાને કારણે આવી શકતા નથી. પ્રેમીથી વધારે પ્રેમપાત્રને પ્રેમીની આવશ્યકતા છે; કેમ કે પ્રેમી સિવાય બીજે ક્યાંય સંસારમાં પ્રેમપાત્રને જગા નથી મળતી. - સંત સમાગમ ૧

૮૭. જોકે દરેક પ્રાણીમાં પ્રેમ ઉપસ્થિત છે, પરંતુ સ્વીકૃતિમાત્રને સત્તા માની લેવાથી પ્રેમ જેવું અલૌકિક તત્ત્વ પણ સીમિત થઈ જાય છે. સીમિત પ્રેમ સંહારનું કામ કરે છે, જે પ્રેમથી તદ્દન વિપરીત છે. જેમ કે દેશના પ્રેમે દેશો પર, સંપ્રદાયના પ્રેમે અન્ય સંપ્રદાયો પર, જાતિના પ્રેમે અન્ય જાતિઓ પર અત્યાચાર કર્યા છે. - સંત સમાગમ ૨

૮૮. જો પ્રેમપાત્રના પ્રેમને ચાહો છો તો બધી રીતે તેમના થઈ જાઓ. આમ કરવાથી ભિન્ન-ભિન્ન પ્રકારનાં સાધનોની ખોજ નહીં કરવી પડશે. - સંત સમાગમ ૨

૮૯. પ્રેમી અને પ્રેમપાત્રને મળવા માટે કોઈ ત્રીજાની મદદની જરૂર નથી હોતી અર્થાત પ્રેમી સ્વતંત્રતાપૂર્વક પ્રેમપાત્રને મળી શકે છે. - સંત સમાગમ ૨

૯૦. આત્મીયતા સાધન છે અને પ્રેમ સાધ્ય છે. પ્રેમી આત્મીયતાના બળથી પ્રેમપાત્રને પામે છે. - સંત સમાગમ ૨

૯૧. ત્યાગ અને પ્રેમ - એ બન્નેય એક જ વસ્તુ છે. બિચારો કામનાયુક્ત મનુષ્ય ત્યાગ અને પ્રેમનું આસ્વાદન કરવા પામતો નથી. - સંત સમાગમ ૨

૯૨. પ્રેમ પોતાને થાય છે, ભિન્નને નહીં ઊંડાણથી જુઓ, જેનો કોઈ રીતે પણ ત્યાગ થઈ શકે છે, તેનાથી પ્રેમ થઈ શકતો નથી. પ્રેમ તેનો થાય છે, જેનો ત્યાગ થઈ શકતો નથી.

- સંત સમાગમ ૨

૯૩. મોહ દ્વારા માનેલા તમામ સંબંધોનો વિચ્છેદ થઈ જતાં સર્વસમર્થપ્રેમપાત્ર સાથે આપમેળે પ્રેમ થઈ જાય છે. આત્મીયતા થતાં જ પ્રેમની ગંગા લહેરાવા લાગે છે. - સંત સમાગમ ૨

૯૪. કામનાયુક્ત મનુષ્યો પાસે પ્રેમની આશા કરવી એ મોટી ભૂલ છે. - સંત સમાગમ ૨

૯૫. પ્રેમી તથા પ્રેમપાત્રની વચ્ચે ફક્ત ચિંતનની જ રુકાવટ છે, જે બન્નેને મળવા નથી દેતું.

- સંત સમાગમ ૨

૯૬. જે રીતે નદીનું શુદ્ધ પાણી કોઈ ખાડામાં બંધિયાર થઈ અનેક વિકાર ઉત્પન્ન કરે છે, એ રીતે સ્નેહ કોઈ શરીર, વસ્તુ કે અવસ્થામાં બંધાઈને મોહયુક્ત અનેક વિકાર ઉત્પન્ન કરે છે.

- સંત સમાગમ ૨

૯૭. ભગવત્-પ્રેમનું મહત્ત્વ છે, ભગવત્દર્શનનું કોઈ મહત્ત્વ નથી. ભગવાન રોજ દેખાય અને પ્રિય ન લાગે તો તમારો વિકાસ થશે નહીં. ભગવત્વિશ્વાસ, ભગવત્સંબંધ અને ભગવત્પ્રેમનું મહત્ત્વ છે. - સંતવાણી (પ્રશ્નોત્તર)

૯૮. કામી કામિનીને પ્રેમ નથી કરતો. તેઓ એકબીજાને નષ્ટ કરે છે, ખાઈ જાય છે.

- સંતવાણી (પ્રશ્નોત્તર)

૯૯. એકમાત્ર પ્રભુને પોતાના માનવા અને બીજી કોઈ કામના રાખવી નહીં. આ જ પ્રેમ પ્રાપ્ત કરવાનું ઉત્તમ સાધન છે. - સંતવાણી (પ્રશ્નોત્તર)

૧૦૦. પ્રેમમાં પ્રેમનું જ આદાન-પ્રદાન છે; કારણ કે પ્રેમના બદલામાં પ્રેમ જ થઈ શકે છે, કંઈ બીજું નહીં. - માનવતા કે મૂલ સિદ્ધાંત

૧૦૧. પ્રેમની પ્રાપ્તિમાં જીવનની પૂર્ણતા રહેલી છે, જે આસ્તિકવાદની પરાકાષ્ઠા છે.

- માનવતા કે મૂલ સિદ્ધાંત

૧૦૨. પ્રિયતા નિષ્કામતા વિના વ્યાપક નથી થતી. સીમિત પ્રિયતા આસક્તિઓની જનની છે અને અસીમ પ્રિયતામાં જ પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે, જે વાસ્તવિક જીવન છે.

- માનવતા કે મૂલ સિદ્ધાંત

૧૦૩. જે પ્રેમ થાય છે, તે વ્યક્તિ કેવો છે એ વાત પર નિર્ભર નથી બલકે એ વાત પર નિર્ભર છે કે તે વ્યક્તિ પોતાનો છે. તે કેવો છે, એ વાતની જરૂર ત્યારે ઊભી થાય છે, જ્યારે આપણે

તેની પાસેથી કંઈક લેવું હોય. અર્થાત પોતાના સુખ માટે માણસ વિચારે છે કે અમુક વસ્તુ કેવી છે, અમુક વ્યક્તિ કેવી છે. - સંતવાણી ૮

૧૦૪. જેને કંઈ નહીં જોઈએ અને જેની પાસે પોતાનું કરીને કંઈ નથી, તે જ પ્રેમ આપી શકે છે અને જેની પાસે સર્વ કંઈ છે, તે જ માત્ર પ્રેમથી પ્રસન્ન થઈ શકે છે. આ દૃષ્ટિથી જોવામાં આવે તો તમારા પ્રેમનું પાત્ર કોણ હશે ? જેની પાસે સર્વ કંઈ હશે અને જેને કંઈ નહીં જોઈએ. અને પ્રેમ આપી કોણ શકે છે ? જેની પાસે કંઈ નહીં હોય અને જેને કંઈ નહીં જોઈએ. તો પ્રેમ આપવાને માટે બે બાબતો જરૂરી થઈ ગઈ - મારી પાસે મારું કહેવાય એવું કંઈ નથી અને મારે કંઈ જોઈતું નથીઅને ત્રીજી બાબત - જેને પ્રેમ આપવાનો છે, તે જ મારો પોતાનો છે, બીજું કોઈ મારું પોતાનું નથી. - સંતવાણી ૮

૧૦૫. જે ખરેખર નિત્ય વર્તમાન છે, તે પરમાત્મા પોતાને અને જે સદાસર્વદા નથી, તે (સંસાર)ને પણ પ્રકાશિત કરે છે. પણ પરમાત્માની પ્રીતિ, જે વાસ્તવમાં નથી, તે (સંસાર)ની નિવૃત્તિમાં અને જે છે તે (પરમાત્મા)ની પ્રાપ્તિમાં સમર્થ છે. એટલા માટે ભગવત્ પ્રીતિનું મહત્ત્વ ભગવાનથી વધારે છે. - સંત સૌરભ

૧૦૬. ભોગી મનુષ્ય પ્રેમનો અધિકારી નથી થતો. તે તો સેવાનો અધિકારી છે. - સંત સૌરભ

૧૦૭. પ્રેમીનું મન અને ઈન્દ્રિયો વગેરે કંઈ પણ ભૌતિક નથી રહેતા, કેમ કે ભગવાન સ્વયં જે ચિન્મય પ્રેમની ધાતુથી બન્યા છે; તેનાથી તેમનો પ્રેમી, તેમનું દિવ્ય ધામ અને સર્વ કાંઈ બન્યું છે. - સંત સૌરભ

૧૦૮. બોધ પછી પ્રેમ થવો અસંગત નથી. આમાં તો સચ્ચિદાનંદઘન પૂર્ણબ્રહ્મ લીલામય પરમેશ્વરના સગુણ-સાકાર રૂપની સાર્થકતા છે. પ્રેમ સિવાય સગુણ બ્રહ્મના હોવામાં કોઈ કારણ જ નથી. - સંત સૌરભ

૧૦૯. પ્રેમ કોઈ પણ કર્મને આધીન થતો નથી. તે કોઈ પ્રકારની ક્રિયામાંબંધાતો નથી કે અમુક પ્રકારની ક્રિયા કે વ્યવહારનું નામ જ પ્રેમ છે. - સંત સૌરભ

૧૧૦. જ્યાં પ્રેમ પ્રગટ થઈ જાય છે, ત્યાં ઈન્દ્રિયોના દરવાજા બંધ થઈ જાય છે. - સંત સૌરભ

૧૧૧. પ્રેમની કદી પૂર્ણતા થતી નથી. આ કારણે પ્રેમીને દરેક અવસ્થામાં પ્રેમની કમીનો બોધ થાય છે. - સંત સૌરભ

૧૧૨. જેના પર વિશ્વાસ થાય છે, તેનાથી સંબંધ થઈ જાય છે. જેનાથી સંબંધ થાય છે, તેનું ચિંતન થાય છે. અને જેનું ચિંતન થાય છે, તેમાં પ્રેમ થાય છે. ભગવાન પર વિશ્વાસ અને

પ્રેમ સ્વાભાવિક થવો જોઈએ, કોઈ રીતનું બળ કરીને નહીં; કેમ કે પ્રયત્નસાધ્ય વસ્તુ કાયમી નથી હોતી. -સંત સૌરભ

૧૧૩. જે તનથી, ધનથી, બુદ્ધિથી તમે સંસારમાં ભલા માણસ કહેવાયા તે તન-બુદ્ધિ વગેરેથી તમે પરમાત્માના પ્રેમી થઈ જાઓ, એ શક્ય નથી. -સંત સૌરભ

૧૧૪. જ્યાં સુધી પ્રાણીનો શરીર અને સંસાર સાથેનો સંબંધ નથી છૂટતો, જ્યાં સુધી તે શરીરને 'હું' અને સંસારને પોતાનો માને છે ત્યાં સુધી ગોપીપ્રેમની વાત સમજમાં આવતી નથી. -સંત સૌરભ

૧૧૫. જ્યાં સુધી સ્થૂળ, સૂક્ષ્મ કે કારણ કોઈ પણ શરીરમાં અહંભાવ છે, ત્યાં સુધી મનુષ્યને ગોપીભાવ પ્રાપ્ત થતો નથી; તેથી તે ગોપીપ્રેમનો અધિકારી નથી. -સંત સૌરભ

૧૧૬. ગોપીભાવ પ્રાપ્ત કરવા માટે વસ્તુનો સંયોગ અને ક્રિયાજન્ય સુખનું તો શું કહેવું, ચિંતનના સુખનો પણ ત્યાગ કરવો પડે છે. -સંત સૌરભ

૧૧૭. જ્યાં સુધી દેહભાવ રહે છે, હું પુરુષ છું, હું સ્ત્રી છું, એવો ભાવ થાય છે, ત્યાં સુધી ગોપીચરિત્ર સાંભળવા અને સમજવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. પછી ગોપીપ્રેમ શું છે - એ તો કોઈ સમજી જ કેવી રીતે શકે છે ? -સંત સૌરભ

૧૧૮. વ્રજમાં પ્રવેશ થઈ ગયા પછી પણ ગોપીભાવની પ્રાપ્તિ ઘણી દૂરની વાત છે. દાસ્યભાવ, સખ્યભાવ, વાત્સલ્યભાવ પછી છેલ્લે ગોપીભાવની ઉપલબ્ધિ થાય છે. પછી સામાન્ય માણસ તે ગોપીપ્રેમની વાત કેવી રીતે સમજી શકે છે અને કેવી રીતે કહી શકે છે ? -સંત સૌરભ

૧૧૯. જેનામાં જેટલી ચતુરાઈ-ચાલાકી હોય છે, તેટલો જ તે પ્રેમના રાજ્યથી દૂર રહે છે અને જેમાં જેટલું ભોળપણ હોય છે, તેટલો જ તે પ્રેમના રાજ્યમાં પ્રવેશ પામે છે. -સંતસૌરભ

૧૨૦. તમે તમારા નજીકના પ્રિયજનોને પૂછો કે તમે અમને ઘણા વહાલા લાગો છો, પરંતુ અમારી પાસે જે વસ્તુ છે, તે અમે તમને નથી આપી શકતા, તો તમને તરત જવાબ મળશે કે તમારો પ્યાર ચૂલામાં જાય... માત્ર પ્રેમથી રીઝવામાં પ્રભુ સમર્થ છે. ... સમગ્ર સંસારમાં તમે શોધો, એક પણ માણસ તમને એવો નહી મળે કે જે તમને એમ કહે કે અમે તમને અમારા માનીએ છીએ, માત્ર આટલાથી તમે પ્રસન્ન થઈ જાવ. - જીવન પથ

૧૨૧. પ્રેમના સામ્રાજ્યમાં કોઈ પણ પ્રેમી પોતાની પાસે પોતાની માનીને કોઈ વસ્તુ રાખી શકતો નથી. -સંતવાણી ૫

૧૨૨. પ્રેમ કોઈ અભ્યાસ નથી, કોઈ અનુષ્ઠાન નથી, કોઈ શ્રમસાધ્ય પ્રયોગ નથી, પરંતુ માનવમાત્રમાં સ્વભાવથી સ્થિત છે. પરંતુ તેનો બોધ ક્યારે થાય છે ? જ્યારે માનવ આસ્થા-શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક સાંભળેલ પ્રભુને પોતાના માની લે છે. - સંતવાણી ૫

૧૨૩. તમે તમારા સુખ માટે થોડી આશા રાખો છો, ત્યારે વિચારો છો કે તે (પ્રભુ) કેવા છે. જો તમે પ્રેમી છો, તો આવો પ્રશ્ન ક્યાં આવે છે કે તે કેવા છે ! અને તે ક્યાં છે એ પ્રશ્ન પણ આવતો નથી ! તેઓ શું કરે છે એવો પ્રશ્ન પણ ક્યાં થાય છે ! ગમે તેવો હોય, ગમે ત્યાં હોય, ગમે તે કરતા હોય, છે તો મારા પોતાના અને પ્રિય છે. આ છે પ્રેમની દીક્ષા. - સંતવાણી ૫

૧૨૪. જો કોઈ પણ પ્રત્યે તમારા હૃદયમાં પ્રેમની ઊણપ છે અથવા તમે પ્રેમ આપી શકતા ન હો તો તમે પ્રભુ સાથે પ્રેમ કરી શકતા નથી. - સંતવાણી ૪

૧૨૫. પ્રેમીના હૃદયમાં જ્યારે પ્રીતિની વૃદ્ધિ થાય છે તો તેની દરેક પ્રવૃત્તિમાં પ્રીતિ આવી જાય છે. પ્રીતિ કોઈ એવી ચીજ નથી કે તમે જ્યારે બધો કામ-ધંધો છોડી દેશો, ત્યારે પ્રેમ કરશો. - સંતવાણી ૩

૧૨૬. જો કોઈને પોતાના પ્રિયની ભૂખ છે કે અમારો કોઈ પ્રિય હોય તો એનો અર્થ છે કે તેને પરમાત્માના સિવાય બીજું કોઈ નહીં મળે. જે સૌનો પ્રિય હોય, એવા પરમાત્મા જ હોઈ શકે છે. - સંતવાણી ૩

૧૨૭. જે મનુષ્ય ભગવાનને છોડીને કંઈ પણ ચાહે છે તથા ભગવાનનું ભજન કરીને ભગવાનથી કંઈ પણ માગે છે, તે ભગવાનનો પ્રેમપાત્ર બનતો નથી, એટલે કે તેને ભગવાનનો પ્રેમ નથી મળતો. તેનું કલ્યાણ પણ નથી થતું. - સંત ઉદ્બોધન

૧૨૮. આત્મીયતા એ જ કરી શકે છે, જે ભોગ અને મોક્ષને ફુટબોલની જેમ ઠુકરાવી દે. તે મોંઘી છે તો એટલી અને સસ્તી છે તો એટલી કે અજાણતા વિચાર્યા વિના, સમજ્યા વિના એક વાર એટલું કહીને ચૂપ થઈ જાય કે 'પ્રભુ, નિઃસંદેહ તમે સદા મારા છો', 'તમે સદા મારા છો.' - જીવન પથ

૧૨૯. પોતાનામાં પોતાનાથી ભિન્ન પ્રેમાસ્પદની સ્વીકૃતિ શું જરૂરી છે ? જરૂર છે. કારણ કે માનવે પોતાનામાં જ પરાધીનતા, જડતા, અભાવ વગેરેનો સ્વીકાર કર્યો છે, જે હકીકતમાં ભૂલભરેલો છે. ભૂલ પોતાનામાં છે, તત્ત્વમાં નહીં. ભૂલનો અત્યંત પ્રભાવ ત્યારે જ થઈ શકે છે, જ્યારે પોતાનામાં જ પોતાના પ્રેમાસ્પદને અપનાવવામાં આવે. પોતાનામાં પોતાની

પ્રેમાસ્પદની સ્વીકૃતિ ભેદ પેદા કરતી નથી, બલકે ભિન્નતાની નાશક છે. - મૂક સત્સંગ

૧૩૦. જે રીતે દેહાભિમાન રહેતાં ભોગની રુચિ સ્વાભાવિક છે, એ જ રીતે દેહાભિમાન ગળી જવાથી પ્રીતિની લાલસા સ્વાભાવિક છે. - ચિત્તશુદ્ધિ

૧૩૧. પ્રેમપાત્રનો સંગ કરીને નિશ્ચિંત થઈ જાઓ અને સર્વદા અભય રહો. સ્મરણ, ચિંતન, ધ્યાન અને સજ્જનતાના આધાર પર જીવિત રહેવું પ્રેમનું અધૂરાપણું છે, જે કોઈ પણ પ્રેમી માટે શોભાસ્પદ નથી. ચિંતન, ધ્યાન વગેરે અથવા 'સંગ'માં મોટો ભેદ છે. ધ્યાન વગેરેથી અહંભાવ દબાઈ જાય છે અને 'સંગ'થી નષ્ટ થાય છે; કેમ કે ચિંતન, ધ્યાન વગેરેથી કંઈકને કંઈક અંતર જરૂર રહે છે અને 'સંગ'થી કોઈ પ્રકારનું અંતર તથા ભેદ રહેતા નથી. - સંત સમાગમ ૧

(માનવ સેવા સંઘના પુસ્તક 'ક્રાંતિકારી સંતવાણી'માંથી સાદર)

# 11 સત્સંગનું સ્વરૂપ અને સાધન

મહારાજશ્રીએ નિજ અનુભૂત સત્યને સાધકો માટે અનેક રીતે રજૂ કરેલું છે. મહારાજશ્રીએ આ માટે ઠેકાણેઠેકાણે ખાસ સાદા લોકબોલીના શબ્દો વાપરીને એને વિશિષ્ટ અર્થ આપે છે.

જેમ કે આપણે કોઈ ધાર્મિક પ્રવચનથી માંડી રામાયણ, ભાગવત જેવી કથાવાર્તા સાંભળવા જઈએ છીએ. કોઈ વ્યક્તિ તે સમયે આપણને મળે ને સ્વાભાવિક રીતે પ્રશ્ન કરે કે તમે ક્યાં ગયા હતા ? ત્યારે આપણો સ્વાભાવિક જવાબ હોય છે, હું સત્સંગમાં ગયો હતો. મહારાજશ્રી સત્સંગ શબ્દનો એકદમ સાચો ને જુદો જ અર્થ કરે છે. તેઓ ત્રણ શબ્દો પ્રયોજે છે. સત્ચર્ચા, સત્ચિંતન અને સત્સંગ.

જ્યારે વકતા અને શ્રોતા મળીને સત્યનું વિવેચન કરે. જેમ કે કથા, વાર્તા તો એને મહારાજશ્રી 'સત્ ચર્ચા' કહે છે. જ્યારે સત્યના સંબંધમાં વ્યક્તિગત કે સામૂહિક વિચારવામાં આવે તો તેને મહારાજશ્રી 'સત્ ચિંતન' કહે છે. તો પછી સત્સંગ એટલે શું ?

મહારાજશ્રીની દૃષ્ટિએ સત્સંગ એટલે નિજ વિવેકના પ્રકાશથી જાણેલા અસત્નો ત્યાગ. સત્ એટલે સદૈવ રહેનાર, સનાતન, પરમાત્મા. અસત્ એટલે સતત પરિવર્તનશીલ જગત. સત્ય પ્રત્યક્ષ ક્યારે થાય ? જ્યારે સાધક વિવેક વિરોધી કર્મ, સંબંધ અને વિશ્વાસનો ત્યાગ કરી દે ત્યારે. સત્ સદૈવ, સર્વત્ર અને સર્વમાં હંમેશ વિદ્યમાન હોય છે. એ જ બધી ઉત્પત્તિનો આધાર અને પ્રતીતિનું પ્રકાશક છે. માત્ર આપણે જાણેલ અસત્નો સંગ કરવાથી વિકારો ઉત્પન્ન થાય છે. જેને કારણે નિત્ય વિદ્યમાનતાનો આનંદમય અનુભવ નથી થતો. આમ સત્સંગ મનુષ્યનો સ્વધર્મ છે. સત્ચર્ચા, સત્ચિંતન અને સત્કાર્ય સત્સંગના સહયોગી છે, એ સત્સંગ નથી. કારણ કે એક વખત સત્સંગ થાય તો તે સદાને માટે થઈ જાય છે. આને સાક્ષાત્કાર પણ કહી શકાય, સત્યનો, ઈશ્વરનો સાક્ષાત્કાર.

મહારાજશ્રીએ સત્ચિંતન, સત્ ચર્ચા અને સત્કાર્યને જરૂરી બતાવ્યાં, એનો નકાર ન કર્યો,

પરંતુ એને સત્સંગના ઉપયોગી સહયોગી સાધન કહ્યાં. આથી જ માત્ર સત્-ચર્ચા અને સત્-ચિંતનને સત્સંગ માની લેવાથી સાધકને સફળતા નહીં મળે. અધ્યાત્મવાદી વલણ ધરાવતી વ્યક્તિઓ પણ આ સમજવામાં ભૂલ કરી જીવનભેર અહીંતહીં ભટકતી જોવામાં આવે છે.

આને માત્ર ચર્ચા નથી રહેવા દેવામાં આવી, પરંતુ માનવ સેવા સંઘમાં આને વ્યવહારિક રૂપ આપવા માટે સત્સંગની ત્રણ પ્રમુખ વિધિઓ પણ દર્શાવવામાં આવી છે. એ ત્રણ વિધિ આ મુજબ છે. (૧) મૂક અથવા વ્યક્તિગત સત્સંગ (૨) પારિવારિક સત્સંગ (૩) સામૂહિક સત્સંગ.

**(૧) મૂક સત્સંગ :**

'માનવ સેવા સંઘ'ની સ્થાપના વખતે મહારાજશ્રીની પાયાની વાત એક જ હતી કે માનવ માનવ વચ્ચે કર્મની ભિન્નતા હોઈ શકે, પરંતુ પ્રીતિની તો એકતા જ હોવી જોઈએ. આજે જે કોઈ સાંપ્રદાયિક વૈમનસ્ય ઊભું થયેલું છે તેનું મુખ્ય કારણ છે દરેક સંપ્રદાયના માનનારાઓનો એવો ખ્યાલ કે માત્ર અમારો જ સંપ્રદાય શ્રેષ્ઠ છે અને તેની વિચારધારા અને સાધનપદ્ધતિ અપનાવ્યા સિવાય માનવીની મુક્તિ શક્ય નથી, નથી ને નથી. આ જાતના વિચારને લઈ કટ્ટરવાદનો જન્મ થયો છે જેના પરિણામે અનેક જાતના ધાર્મિક સંઘર્ષો અને યુદ્ધો ખેલાતાં રહે છે અને અમાનવીય હિંસાથી આ પવિત્ર પૃથ્વીપટ ખરડાતો રહે છે. શરણાનંદજી મહારાજને ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે થયેલ અત્યાચારો અને તેથી વહેલ ખૂનની નદીઓથી ગહન અંતર્વેદના થયેલી. તેમના મનમાં તરહ તરહના વિચારો ઘૂમરાતા હતા. જેમાંથી એમણે પોતાની જાતને સમગ્ર માનવજાતને પજવતા મૂળભૂત પ્રશ્નો પૂછ્યા અને પ્રખર સાધના, પ્રભુપ્રેમ તથા પ્રભુકૃપા દ્વારા એનાં સમાધાનો શોધી 'માનવ સેવા સંઘ'ની રચના કરી.

જાતિભેદ, રંગભેદ, મઝહબ અને વર્ગભેદ, વાદ અને ઈઝમના ભેદો જેવી વિવિધ સંકિર્ણતાઓમાં વિભાજિત સંસારના વિભિન્ન દેશો આજે પણ એકબીજાના નાશ માટે સતત લાગેલા જણાય છે, સાથે રાજનૈતિક સ્વાધીનતા પછી ભારતીય નાગરિકો પણ જે રીતે અધિકાર લોલૂપતા, સત્તાલોલૂપતામાં ફસાયા એ જોઈને વ્યથિત શરણાનંદજીએ કોંગ્રેસની સક્રિય સેવા છોડી તે આજ પણ દરેક પક્ષમાં મટ્યું છે ખરું? નથી જ મટ્યું. આથી જ શરણાનંદજીના મનમાં ઊઠેલા પ્રામાણિક પ્રશ્નો અને તેનાં કરુણાસભર સમાધાનો આજના યુગને તથા આવનારા સમયને પણ શાશ્વત સાંત્વન આપનારાં છે. તેમને આ પ્રશ્નો જન્મેલા.

૧. વ્યક્તિનું કલ્યાણ થાય અને સાથે સુંદર સમાજનું નિર્માણ થાય એ કેમ કરવું ?

૨. વિશ્વશાંતિ સુરક્ષિત કઈ રીતે રહે ?
૩. મઝહબી ભેદભાવ કેમ કરી મટે ?
૪. સામાજિક વિષમતાઓ કઈ રીતે દૂર થાય ?
૫. મનુષ્યની અંદર વિદ્યમાન પરંતુ સુષુપ્ત માનવતાને કઈ રીતે જાગૃત કરવી ?
૬. માનવમાત્રનું જીવન પૂર્ણ કેમ થાય ? અર્થાત તેની શાંતિ, મુક્તિ અને ભક્તિની માંગ કઈ રીતે પૂરી થાય ? વગેરે.

આના પરિણામ રૂપ જે સમાધાનો તેમને મળ્યાં તેના દર્શન પર તેમણે 'માનવ સેવા સંઘ'ની સ્થાપના કરી.

આમાંથી જે મુખ્ય વ્યવહારિક સાધન તેમણે શોધ્યું છે તે છે 'મૂક સત્સંગ.' માનવજીવનની મુખ્ય માંગ છે યોગ, બોધ અને પ્રેમ. આના આધાર પર માનવ જીવનની આ મૌલિક માંગની પૂર્તિ માટે એક એવું સાધન - મૂક સત્સંગ - તેમણે આપ્યું જે પ્રત્યેક દેશ, કાળ, મત, સંપ્રદાય, વિભિન્ન રુચિ, યોગ્યતા અને સામર્થ્યની વ્યક્તિ માટે સમાન રૂપથી કારગત નીવડે. આમાં તમારે મૂક સત્સંગ વખતે તમારી રુચિ, સંપ્રદાય, માન્યતા, શાસ્ત્ર કે વિધિ છોડવાની સહેજ પણ જરૂરત નથી.

મહારાજશ્રીએ એમ ઉદ્‌ઘોષણા કરી કે 'માનવ સેવા સંઘને હું તો એક એવો મંચ માનું છું, જ્યાં એક અંગ્રેજ, એક અમેરિકન, એક રશિયન, એક હિન્દુ, એક મુસ્લિમ, એક બૌદ્ધ એમ વિભિન્ન દેશોના વિભિન્ન મતોના લોકો એક સાથે બેસે અને જીવનના શુદ્ધ સત્ય પર વિચાર કરી શકે.'

હવે જોઈએ શું છે મૂક સત્સંગ ?

સાધક તરીકે આપણે સૂક્ષ્મતાથી તપાસીએ તો જાણવા મળે છે કે આપણે જે કાંઈ કાર્ય કરીએ છીએ તેના ઉદ્‌ગમમાં, મૂળમાં શાંતિ (વિશ્રાંતિ) હોય છે અને કાર્ય પૂરું થઈ જાય ત્યારે પણ શાંતિ (વિશ્રાંતિ) વ્યાપી જાય છે. આ આપણા બધાનો જાત અનુભવ છે કે પ્રત્યેક ગતિના મૂળમાંય સ્થિરતા છે અને ગતિના અંતમાંય સ્થિરતા છે. આ એક પ્રાકૃતિક અને વૈજ્ઞાનિક તથ્ય છે. તેથી આનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

આમ પ્રત્યેક સંકલ્પની ઉત્પત્તિની પૂર્વે અને સંકલ્પપૂર્તિની પશ્ચાત સ્વાભાવથી જ નિર્વિકલ્પતા રહે છે. આ નિર્વિકલ્પતામાં સત્ છે. એથી આ નિર્વિકલ્પતાનું નામ છે 'મૂક સત્સંગ' જેનાથી આવશ્યક શક્તિનો વિકાસ થાય છે.

આથી કાંઈ સાંભળતા પહેલાં પણ આપણે શાંત થઈ જઈએ અને સાંભળ્યા બાદ પણ આપણે શાંત થઈ જઈએ. સાંભળવાના પહેલાની શાંતિ આપણને યશેષ્ટ સામર્થ્ય પ્રદાન કરશે અને શ્રવણના અંતમાં જે શાંતિ હશે તે સાંભળેલાને સ્થિર કરી દેશે. આમ આ જે શાંત રહેવું છે તે એક બહુ મોટું સાધન છે. આમ મૂક સત્સંગ શ્રમ-સાધ્ય પ્રયોગ નથી તેમ અભ્યાસ પણ નથી, પરંતુ એ તો અંદર અને બહારથી શાંત થઈ જવું છે. મતલબ કે આપણા તરફથી કંઈ ન કરવું એટલે કે સહજ ભાવથી શ્રમરહિત થઈ જવું. એટલે મૂક સત્સંગ. પોતાના તરફથી ઈચ્છાપૂર્વક કોઈ પણ કર્મ કે ચિંતનનો આરંભ ન કરવો. પ્રાતઃકાલ સૂઈને ઊઠીયે ત્યારનો સમય કે રાત્રિના નિદ્રાધીન થતા હોઈએ તે પહેલાં, પ્રત્યેક પ્રવૃત્તિના આદિ અને અંતમાં થોડીવાર શ્રમરહિત થઈ જવું અનિવાર્ય છે. આમ મૂક સત્સંગમાં વ્યાપ્ત શાંતિ અને નિર્વિકારતામાં ક્રિયારહિત થઈ રહેવાનું હોવાથી તેમાં સંપ્રદાયની માન્યતા, પદ્ધતિ કે વિધિવિધાન કશાની જરૂર નથી. કારણ વિશ્રામનો અનુભવ મનુષ્યમાત્રને એક સરખો જ થશે. આમ આ મૂક સત્સંગ કોઈ પણ માન્યતા કે ધર્મનાં મનુષ્ય કરી શકે છે કારણ કે મૂક સત્સંગ એટલે કર્મ અને ચિંતન માત્રથી અસહયોગ.

આમાં સાધકને એ પ્રશ્ન થાય કે વિશ્રામ તો નિદ્રાથી પણ પ્રાપ્ત થાય છે. તો નિદ્રા અને મૂક સત્સંગમાં ફર્ક શો છે ? આનું સમાધાન એ છે કે જાગ્રતની પ્રવૃત્તિ અને સ્વપ્ન બાદ જ્યારે પ્રગાઢ નિદ્રા એટલે કે સુષુપ્તિ આવે છે, તો આપણે જડતામાં લીન થઈએ છીએ. પ્રગાઢ નિદ્રાથી પણ એક પ્રકારની શક્તિ મળે છે, પરંતુ તે દ્વારા આપણે પુનઃ સૃષ્ટિ તરફ ગતિશીલ થઈએ છીએ. આવો જડતાયુક્ત વિશ્રામ મનુષ્યને દેહાભિમાનથી મુક્ત નથી કરી શકતો. આપણે તો જાગ્રત અવસ્થામાં સુષુપ્તિ પ્રાપ્ત કરવાની છે, અર્થાત જાગ્રત અવસ્થામાં શ્રમરહિત થવાનું છે તો જ અવિનાશી જીવન તરફ ગતિ થાય. આથી સ્પષ્ટ થાય છે કે જડતાયુક્ત, નિષ્ક્રિયતા, આળસ અને અકર્મણ્યતા મૂક સત્સંગ નથી. અહંકૃતિના નાશ દ્વારા જાગ્રત-સુષુપ્તિ એ જ મૂક સત્સંગ છે. આથી એ પણ સમજવું કે મૂક સત્સંગ માટે સાચી પ્રવૃત્તિનો નિષેધ નથી, ઊલટું સહજ નિવૃત્તિ માટે સાચી પ્રવૃત્તિ તો અપેક્ષિત છે, ઈચ્છનીય છે, જરૂરી છે.

આમ માનવ સમાજ જીવનની પ્રાપ્તિના આ મૂળ મંત્રને અપનાવી બધા જ સાંપ્રદાયિક સંઘર્ષોનો નાશ કરી શકે છે. કોઈ મંદિરમાં ફૂલ ચડાવે છે કે મસ્જિદમાં નમાઝ પઢે છે. અથવા તો ચર્ચમાં જઈ પ્રાર્થના કરે છે. આ વાતોથી કોઈ અંતર નહીં પડે. કેમ કે વિભિન્ન અનુષ્ઠાનોની સંપાદનમાં પ્રક્રિયામાં ભેદ છે, પરંતુ 'ન કરવામાં' કોઈ ભેદ નથી. વિશ્રામમાં કોઈ સરહદ નથી, પરંતુ પૂર્ણ એકતા છે. કાર્યના ક્ષેત્રમાં બે વ્યક્તિ સમાન નથી, પરંતુ વિશ્રામના ક્ષેત્રમાં બધા સમાન છે. આથી વિશ્રામ દ્વારા

જે સમતાનો અનુભવ થશે તે ભેદ અને ભિન્નતાને સમાપ્ત કરી દેશે. ભેદ અને ભિન્નતાનો અંત થતાં વ્યક્તિગત જીવનની અસફળતા અને સામાજિક જીવનના સંઘર્ષનો નાશ સંભવ થશે. આમ મૂક સત્સંગ દ્વારા માનવ સમાજનો સર્વાંગી વિકાસ થાય છે.

મૂક સત્સંગ કરવાની વિધિમાં એમ બતાવવામાં આવ્યું છે કે વ્યક્તિની પ્રાતઃકાળે ઊંઘ સમાપ્ત થાય ત્યારે બ્રાહ્મ મુહૂર્તમાં શાંત થઈને પોતાના વિષે વિચાર કરે, પોતાના લક્ષ્યને સ્પષ્ટ કરે. વર્તમાનમાં જે દોષ જોવા મળે તેનો ત્યાગ કરે અને તે નિર્દોષતાની શાંતિમાં અહંકૃતિરહિત થઈને નિવાસ કરે. અહંકૃતિરહિત થતાં કુદરત શરીર સાથે તાદાત્મ્ય તોડવાનું સામર્થ્ય પ્રદાન કરે છે. અશરીરી જીવનનો અનુભવ થાય છે. આ વિકાસ આપમેળે થાય છે. આમાં પરાશ્રય કે પરિશ્રમની બિલકુલ જરૂર નથી. માત્ર શાંત નિર્વિકાર ચિત્તમાં કર્મ કે ચિંતન કાંઈ પણ કર્યા વિના જેટલો વધુ સમય રહી શકાય તેટલું રહેવાનું છે. ધીમેધીમે ક્ષણાર્ધના અનુભવ બાદ સમય અંતરાલ વિસ્તરશે જેમાં આ વિશ્રામ અનુભવાશે.

**૨. પારિવારિક સત્સંગ :**

આમાં સૂચવાયું છે કે આખા દિવસના ૨૪ કલાકમાંથી થોડો સમય એ રીતે અનામત રાખીને કાઢવો કે ત્યારે કુટુંબના બધા સભ્યો પ્રેમપૂર્વક એક સાથે બેસી જીવનના સત્ય પર વિચાર કરે. અંદરોઅંદર પારિવારિક વ્યવહારની મુશ્કેલીઓ અને મતભેદોને દૂર કરવા માટે અને પોતપોતાની ભૂલો જાણી તેનો ત્યાગ કરવાનું આ સમય દરમિયાન વ્રત લેવાય. આ યોજનાથી કુટુંબની અંદર ગેરસમજને કારણે ઉત્પન્ન થનાર વૈમનસ્યનો અંત આવે છે. અને એકબીજાના સહસંકલ્પથી શુભ વિચારોને બળ મળે છે, તથા પરિવારના અન્ય સભ્યોના અધિકારની રક્ષા કરવાથી - વડીલો, બાળકો, અશક્તો દરેકની કર્તવ્યનિષ્ઠા પુષ્ટ બને છે. આ બધી વાતોથી આંતરિક અને વ્યવહારિક ઉન્નતિ સધાય છે.

**૩. સામૂહિક સત્સંગ :**

જ્યારે પણ એક સમાન ધ્યેયનો સમૂહ સામૂહિક સત્સંગના વિચારથી એકઠો થાય ત્યારે બધાએ અનેક પ્રકારની ભિન્નતા હોવા છતાં સાધ્યની એકતાના સંબંધે મૌન રહી સર્વાત્મભાવની સાધના કરવી. પ્રીતિની એકતા સામૂહિક ઉન્નતિનો પાયો છે. માનવ સેવા સંઘે આ પ્રીતિની એકતાને સુરક્ષિત રાખવા પર બહુ ભાર મૂક્યો છે. આથી જ ગોષ્ઠિમાં વિભિન્ન મત, સંપ્રદાય એ વિચારના

સાધકો એકસાથે બેસી જીવનના સત્યનું વિવેચન કરે છે અને પોતપોતાના ઘડતર મુજબ પોતાની સાધનાપદ્ધતિનું અનુસરણ કરી લાભ મેળવે છે.

શાંતિ, મુક્તિ અને ભક્તિ સત્‌નો સંગ કરવાથી એટલે કે વિવેકપૂર્વક અસત્‌નો ત્યાગ કરવાથી પ્રાપ્ત થાય છે, અભ્યાસથી નહીં. સત્સંગ થવાથી સાધના, ધ્યાન, ભજન, જાપ આપોઆપ થવા માંડશે. ક્રિયાત્મક સાધનાના અભ્યાસથી વ્યક્તિની ક્રિયા વિશેષમાં વિશેષ આસક્તિ થઈ જવાથી જીવનની અભિવ્યક્તિ નથી થતી. આ ત્રણે પ્રકારના સત્સંગની યોજના અપનાવવાથી સાધકને ખૂબ લાભ થશે, એ અનેક સાધકોએ અનુભવેલી વાત છે.

12

# મૂક સત્સંગ
## (પ.પૂ. શરણાનંદજી મહારાજનું ચિંતન)

૧. જે રીતે દરેક છોડને માટે ભૂમિ અનિવાર્ય છે, એ જ રીતે દરેક સાધકને માટે મૂક સત્સંગ અનિવાર્ય છે. - મૂક સત્સંગ

૨. જેવી રીતે તમામ છોડ જમીનથી પેદા થઈ તેમાં જ રહે છે એ તેમાં જ વિલીન પણ થાય છે, એ જ રીતે મૂક સત્સંગ તમામ સાધનોની અભિવ્યક્તિથી અગાઉ પણ અપેક્ષિત છે અને તમામ સાધનોની પૂર્ણતા પણ મૂક સત્સંગમાં જ રહેલી છે. - મૂક સત્સંગ

૩. મૂક સત્સંગમાં બધાં જ સાધનોનો સમાવેશ છે. - પાથેય

૪. મૂક સત્સંગ હકીકતમાં આદિ સાધન છે અથવા એમ કહો કે અંતિમ સાધન છે. કારણ કે જે કંઈ કરવામાં આવે છે, તેના મૂળમાં 'ન કરવું' જ હોય છે અને કરવાના અંતમાં પણ 'ન કરવું' હોય છે. આ દૃષ્ટિથી આદિ અને અંતમાં મૂક થવાથી જ બધાને સર્વ કંઈ મળે છે. - પાથેય

૫. મૂક-સત્સંગની શરૂઆત શાંત રસથી અને અંત, અનંત-રસમાં થાય છે. - સાધન તત્ત્વ

૬. આ જે શાંત રહેવું છે, એ ઘણી મોટી સાધના છે. પરંતુ આ રહસ્યને કોઈ વિરલા જ જાણે છે. - સંત ઉદ્‌બોધન

૭. આપણે મોટાં-મોટાં કામ કરી શકીએ છીએ, મોટા મોટા અભ્યાસી બની શકીએ છીએ, મોટા મોટા પુરુષાર્થી બની શકીએ છીએ, પરંતુ બે-ત્રણ મિનિટ પણ શાંત રહી શકતા નથી. - સંતવાણી ૪

૮. દરેક સાધનને માટે આ અત્યંત અનિવાર્ય છે કે તે દરેક કાર્યના આદિ અને અંતમાં સ્વભાવથી જ શાંત બની મૂક સત્સંગ કરવાનો સ્વભાવ બનાવી લે. ... જ્યારે આપણે મૂક સત્સંગ કરવાનો સ્વભાવ બનાવી લઈશું તો તમે સાચું માનો કે, જે સત્ય કોઈને પણ મળ્યું છે, તે અમને અને તમને મળશે. - પ્રેરણા પથ

૯. મૌનનો અર્થ ખાલી ચૂપ થવું નથી, બલકે વિચારરહિત થવું છે અને પોતાના તરફથી ન જોવું પણ છે. મારે જે જોઈએ, તે તો મારામાં છે, પછી ઈન્દ્રિયોની શું જરૂર ? મૌનની પાછળ એક દર્શન છે કે, અમારે જે જોઈએ, તે અમારામાં છે, અમારો છે અને અત્યારે છે.

- સંત ઉદ્‌બોધન

૧૦. દરેક સંકલ્પની ઉત્પત્તિના પહેલાં અને દરેક સંકલ્પની પૂર્તિ પછી સ્વભાવથી નિર્વિકલ્પતા રહે છે. આ નિર્વિકલ્પતાનું નામ જ 'મૂક સત્સંગ' છે, જેનાથી જરૂરી શક્તિનો વિકાસ થાય છે. - સંત ઉદ્‌બોધન

૧૧. કોઈ કામ કરતાં રહીએ ત્યારે કોઈ એવી વાતની યાદ રાખવી, જેનો સંબંધ એ કાર્ય સાથે નથી, આ જ 'જાગ્રતનું સ્વપ્ન' છે અને વર્તમાન કાર્યથી સંબંધ ન રહે તથા અન્ય કામની પણ યાદ ન આવે, આ ભીતર- બહારનું મૌન જ 'જાગ્રતની સુષુપ્તિ' છે. - માનવકી માંગ

૧૨. મૂક સત્સંગ ખરેખરો સત્સંગ છે. વિચાર-વિનિમય વગેરેનો પ્રયાસ ખરેખરા સત્સંગનું સહયોગી અંગ છે અર્થાત વિચાર વિનિમયથી મૂક સત્સંગનું સામર્થ્ય આવી જાય છે.

- મૂક સત્સંગ

૧૩. મૂક સત્સંગ કોઈ અભ્યાસ નથી, બલકે તમામ સાધનોની ભૂમિ છે. મૂક સત્સંગ કરવામાં નથી આવતો, આવશ્યક કાર્યના અંતમાં આપમેળે થાય છે. - મૂક સત્સંગ

૧૪. જે જાતે કરવાનું છે, એ જ સત્સંગ છે. નિર્મમ તથા નિષ્કામ થતાં જ મૂક સત્સંગ આપમેળે સિદ્ધ થઈ જાય છે. - મૂક સત્સંગ

૧૫. મૂક સત્સંગથી જ સર્વતોમુખી વિકાસ થાય છે. - મૂક સત્સંગ

૧૬. મૂક સત્સંગથી વિસ્મૃતિનો નાશ થાય છે. - મૂક સત્સંગ

૧૭. મૂક સત્સંગ કલ્પતરુના જેવો છે અર્થાત આવશ્યક સામર્થ્ય, વિચારનો ઉદય અને પ્રીતિની જાગૃતિ મૂક સત્સંગમાં જ રહે છે. - મૂક સત્સંગ

૧૮. મૂક સત્સંગ કોઈ ઉપાય નથી, બલકે વાસ્તવિક જીવનનું એક પાસું છે. - મૂક સત્સંગ

૧૯. દેહાભિમાનનો અંત કરવાને માટે સહજ નિવૃત્તિપૂર્વક મૂક સત્સંગ અનિવાર્ય છે.

- મૂક સત્સંગ

૨૦. મૂક સત્સંગ વિના દેહાભિમાનનો નાશ શક્ય નથી. - મૂક સત્સંગ

૨૧. મૂક સત્સંગ વિશ્વાસ તથા વિચાર બન્નેય માર્ગોને માટે સમાન છે; કારણ કે વિચારનો ઉદય તથા પ્રીતિની જાગૃતિ મૂક સત્સંગથી આપમેળે થાય છે. - મૂક સત્સંગ

૨૨. મૂક સત્સંગ માનવને કોઈ સ્થિતિમાં બાંધતો નથી, બલકે બધાથી અસંગ કરે છે.

- મૂક સત્સંગ

૨૩. મૂક સત્સંગ અકર્મણ્યતા, જડતા તેમજ અભાવમાં આબદ્ધ નથી થવા દેતો, બલકે કર્તવ્યપરાયણતા, ચિન્મયતા તેમ જ પૂર્ણતાથી અભિન્ન કરે છે. - મૂક સત્સંગ

૨૪. મૂક સત્સંગથી નિર્મમ, નિષ્કામ તેમ જ અસંગ થવાનું સામર્થ્ય આપમેળે આવી જાય છે.

- મૂક સત્સંગ

૨૫. સત્-ચર્ચા તથા સત્-ચિંતન કરતાં રહીને આંશિક અસતનો આશ્રય રહે છે; પરંતુ મૂક સત્સંગથી સર્વાંશમાં સત્સંગ થાય છે અથવા એમ કહો કે મૂક સત્સંગ જ સત્સંગ છે.

- મૂક સત્સંગ

૨૬. મૂક સત્સંગ તથા નિત્યયોગ એક જ સિક્કાની બે બાજુ છે. આ બન્નેમાં સ્વરૂપથી વિભાજન નથી, પરંતુ મૂક સત્સંગમાં જ નિત્યયોગ અને નિત્યયોગમાં જ મૂક સત્સંગ ઓતપ્રોત છે.

- મૂક સત્સંગ

૨૭. આ નિયમ છે કે જ્યારે માનવ વસ્તુ, અવસ્થા, પરિસ્થિતિના આધારથી રહિત થાય છે, ત્યારે સર્વાધારનો આધાર આપમેળે પ્રાપ્ત થઈ જાય છે. આ દષ્ટિથી આસ્થામાં સજીવતા મૂક સત્સંગથી જ સાધ્ય છે. - મૂક સત્સંગ

૨૮. મૂક સત્સંગમાં કોઈ અભ્યાસ, અનુષ્ઠાન તેમ જ શ્રમસાધ્ય પ્રયોગ નથી; પરંતુ સહજ તથા સ્વાભાવિક સ્વતઃ સિદ્ધ તથ્ય છે. નિત્યપ્રાપ્તની પ્રાપ્તિ તથા પરાશ્રયની નિવૃત્તિ મૂક સત્સંગમાં જ રહેલી છે. - મૂક સત્સંગ

૨૯. જો આપણે થોડી થોડી વારને માટે વિશ્રામ કરવાનો સ્વભાવ બનાવી લઈએ, એકલા થવાનો સ્વભાવ બનાવી લઈએ, તો આપણને આપણામાં જ (ક્યાંય બહાર નહીં) પ્રીતમની પ્રાપ્તિ થઈ જશે. - સંતવાણી ૬

૩૦. એકલા હોવું ઘણું જ ઉત્તમ છે; પરંતુ શરીરથી એકલા હોવું એકલા હોવું નથી.જ્યારે પ્રાણી માનેલા સંબંધોથી તથા સ્વીકૃતિજન્ય સત્તાથી પોતાને પર કરી લે છે, ત્યારે એકલો થવા પામે છે. - સંત પત્રાવલી ૧

૩૧. ચાહરહિત ભૂમિમાં જ મૂક સત્સંગરૂપી વૃક્ષ પેદા થાય છે અને સંબંધ-વિચ્છેદરૂપી જળથી તેને સીંચવામાં આવે છે. વર્તમાન પરિસ્થિતિનો સદુપયોગ જ તે વૃક્ષની રક્ષા કરનારી વાડ છે. તેમની મધુર સ્મૃતિ તે વૃક્ષનો મોર છે અને અમરત્વ જ તે વૃક્ષનું ફળ છે, જેમાં

પ્રેમરૂપી રસ ભરપૂર છે. - પાથેય

૩૨. મૂક સત્સંગમાં આળસ તથા શ્રમ બન્નેનો અભાવ છે. મૂક સત્સંગમાં ઈન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરેની ચેષ્ટાઓથી પૂર્ણ અસંગતા તથા અસહયોગ છે. - પાથેય

૩૩. બળનો સદુપયોગ થવાથી જે સ્વાભાવિક વિશ્રામ છે, તે પણ મૂક સત્સંગ છે અને પોતે પોતાને અનંતની અહૈતુકી કૃપા પર નિર્ભર કરી દેવાનું પણ મૂક સત્સંગ છે અને બધી બાજુએથી વિમુખ થઈને પોતાનામાં જ સંતુષ્ટ થઈ જવું પણ મૂક સત્સંગ છે. - પાથેય

૩૪. હવે રહી વૈજ્ઞાનિક દૃષ્ટિ, જેનાથી નિશ્ચિત સમય પર મૂક સત્સંગ કરવાની યોજના છે - સવારે ૩.૩૦ વાગ્યાથી લઈને ૫ વાગ્યાસુધીનો સમય ઘણો જ યોગ્ય છે. ... ખરેખર તો દરેક પ્રવૃત્તિનો ઉદય અને અંત મૂક સત્સંગમાં જ થવો જોઈએ. મૂક સત્સંગ અખંડ સાધન છે, એ કોઈ અભ્યાસ નથી, પરંતુ બધી રીતથી એ અનંતના બની જવાનું છે, જે સર્વમાં છે, સર્વથી અતીત છે, જેનાથી દેશ, કાળ વગેરેનું અંતર જ નથી. - પાથેય

૩૫. અસત્‌ના સંગનો પ્રભાવ પ્રગટ થયા વિના નાશ નથી થતો. શ્રમસાધ્ય સાધન પેલા પ્રભાવને દબાવે છે, પ્રગટ થવા દેતું નથી. મૂક સત્સંગ પેલા પ્રભાવને પ્રગટ કરે છે.

- સત્સંગ ઔર સાધન

૩૬. 'છે'નો સંગ શ્રમસાધ્ય નથી. તેથી મૂક સત્સંગથી જ 'છે'નો સંગ સાધ્ય છે. મૂક સત્સંગ વર્તમાન દશાનો બોધ કરાવવામાં અચૂક મંત્ર છે. - સત્સંગ ઔર સાધન

૩૭. મૂક સત્સંગ વિના સત્‌નો સંગ શક્ય નથી. - સત્સંગ ઔર સાધન

૩૮. જે સાધક અસમર્થતાનો અનુભવ કરે છે, તે મૂક સત્સંગ દ્વારા કર્તવ્યનિષ્ઠ થાય છે અને જે સાધક મળેલા સામર્થ્યનો પવિત્ર ભાવથીસદુપયોગ કરે છે, તે કર્તવ્યનિષ્ઠ બની મૂક સત્સંગ પ્રાપ્ત કરે છે. - સત્સંગ ઔર સાધન

૩૯. ભૌતિકવાદની દૃષ્ટિથી કર્તવ્યપરાયણતા, અધ્યાત્મવાદની દૃષ્ટિથી અસંગતા અને આસ્તિકવાદની દૃષ્ટિથી શરણાગતિ જ અંતિમ પ્રયાસ છે. આ ત્રણે પ્રયાસોની પૂર્ણતા મૂક સત્સંગમાં રહેલી છે. - સત્સંગ ઔર સાધન

૪૦. મૂક સત્સંગ સિદ્ધ થતાં જ 'કરવું' 'બનવું'માં અને 'બનવું' 'છે'માં વિલીન થઈ જાય છે, એ થતાં જ અમરત્વ સાથે અભિન્નતા થાય છે. - સત્સંગ ઔર સાધન

૪૧. અહમ્‌નો નાશ શ્રમસાધ્ય નથી. શ્રમના મૂળમાં બીજરૂપથી પોતાનું સુખ છુપાયેલું રહે છે. મૂક સત્સંગ સાધકને સુખની દાસતા અને દુ:ખના ભયથી રહિત કરી દે છે, એ થતાં જ

અહમ્ પોતાની જાતે ગળી જાય છે. - સત્સંગ ઔર સાધન

૪૨. જીવનની પૂર્ણતા જે વિશ્રામ, સ્વાધીનતા અને પ્રેમમાં રહેલી છે, તે મૂક સત્સંગથી જ સિદ્ધ છે. - સત્સંગ ઔર સાધન

૪૩. મૂક સત્સંગને માટે તો કોઈ ખાસ પરિસ્થિતિની અપેક્ષા જ નથી. તેથી સાધક ગમે તે પરિસ્થિતિમાં હોય, મૂક સત્સંગ સ્વાધીનતાપૂર્વક થઈ શકે છે. - સત્સંગ ઔર સાધન

૪૪. યોગ્યતા, રુચિ તથા સામર્થ્યનો ભેદ હોવા છતાં પણ મૂક સત્સંગ સૌને માટે સમાન છે. મૂક સત્સંગ દ્વારા સઘળાં અસાધનોનો નાશ થઈ શકે છે અને યોગ્યતા, રુચિ તથા સામર્થ્યને અનુરૂપ વ્યક્તિગત સાધનની અભિવ્યક્તિ પણ થઈ શકે છે. - સત્સંગ ઔર સાધન

૪૫. મૂક સત્સંગ અભ્યાસ નથી, બલકે જીવનનું સહજ, સ્વાભાવિક તેમ જ અવિભાજ્ય અંગ છે. તેનો કોઈ પણ સાધક ત્યાગ નથી કરી શકતો; પરંતુ તેને સત્સંગનું રૂપ કોઈ વિરલો જ આપવા પામે છે. - સત્સંગ ઔર સાધના

૪૬. ભીતર-બહારથી એકલા રહેવાનો સ્વભાવ બનાવો. આમ કરવાથીતેને તે (આનંદ) મળી જશે, જે તમારા વિના નથી રહી શકતો અથવા એમ કહો ‘જે તમારી આવશ્યકતા છે.’

- સંત સમાગમ ૨

૪૭. મૂક સત્સંગ અભ્યાસ નથી, બલકે ચિર-વિશ્રામ છે, જેની માગ સ્વભાવથી જ દરેક સાધકને છે. - સાધન તત્ત્વ

૪૮. ભૌતિકવાદની દૃષ્ટિથી ‘કર્તવ્યપરાયણતા’નું, અધ્યાત્મવાદની દૃષ્ટિથી વિવેકપૂર્વક ‘અસંગતા’નું અને આસ્તિકવાદની દૃષ્ટિથી ‘સમર્પણ’નું પરિણામ મૂક સત્સંગ છે. કર્તવ્યપરાયણતા, અસંગતા અને સમર્પણથી મૂક સત્સંગ આપમેળે થઈ જાય છે.

- સાધન તત્ત્વ

૪૯. મૂક સત્સંગ વિના અહમ્ ભાવનો અંત થઈ જ શકતો નથી. તેથી દરેક સાધકે સર્વ કંઈ કરવા છતાં પણ મૂક સત્સંગને અપનાવી લેવો અનિવાર્ય છે; કેમ કે તેને અપનાવ્યા વિના અચાહ, અપ્રયત્ન તેમજ અભિન્નતા શક્ય નથી. - સાધન તત્ત્વ

૫૦. જ્યારે તમારી સુષુપ્તિ જાગૃતિમાં બદલાય તો તે સમયે પથારીમાં તે દશામાં, જે રીતે તમને સુખ મળે, થોડી વારને માટે જાગૃત અવસ્થામાં જ સુષુપ્તિવત્ વિશ્રામ કરો. તેનું પરિણામ એ થશે કે જો તમને બે-ત્રણમિનિટની વિશ્રામ કરવાની આદત થઈ જશે તો તમારું ધ્યાન આપમેળે થઈ જશે. પોતાની જાતે થઈ જશે. દસ-બાર મિનિટમાં ધારણા થઈ જશે; અડધા

કલાકમાં સમાધિ થઈ જશે. - સંતવાણી ૪

૫૧. આપણે થોડી વાર માટે બે, ચાર કે દસ મિનિટ (આનાથી વધારે નહીં)કોઈ કામ કર્યા વિના એકલા રહેવાનો સ્વભાવ બનાવો. એ કોશિશ કરવી કે દસ મિનિટ સુધી આપણે કોઈ કામ નહી કરીશું, એકલા રહીશું, સામાન વિના, સાથી વિના રહીશું, શરીર પણ નહીં. આપણને જે ઘણાંય સાથી દેખાય છે, ઘણોય સામાન દેખાય છે, તેના વિના રહીશું. આનો અર્થ એ નથી કે આપણે સાથીઓને નારાજ કરી દઈએ કે સામાન બરબાદ કરી દઈએ. આવો મારો હેતુનથી. પરંતુ થોડી વારને માટે એવો અનુભવ કરીએ કે માની લો, આપણી પાસે આપણું શરીર પણ રહેશે નહીં, ત્યારે આપણે હોઈશું કે નહીં? આવો પ્રશ્ન પોતાની સામે રાખીએ. - સંતવાણી ૬

(માનવ સેવા સંઘના પુસ્તક 'ક્રાંતિકારી સંતવાણી'માંથી સાદર)

13

# સમાજ દર્શન

જેમનું જીવન ભારત પાકિસ્તાનના ભાગલા વેળા આચરાયેલી બર્બરતા અને હિંસાથી અતિ વ્યથિત થઈ ગયું તેવા પરમ શરણાગત સ્વામીશ્રી શરણાનંદજી ભાગલા પછીના વર્ષોમાં સુંદર, સ્વસ્થ સમાજનું નિર્માણ કઈ રીતે શક્ય બને તેના ગહનચિંતનમાં ડૂબી ગયા. આ ગહન ચિંતનમાંથી જે વિચાર નવનીત બહાર આવ્યું તેના વ્યાપક પ્રયોગો તેઓએ પોતાના શેષ જીવનમાં આદર્યા અને સફળ કરી દાખવ્યા.

અત્યારનો આ અતિ બેચેન સમય કે જેમાં છાશવારે વર્ગવિગ્રહો અને આતંકવાદી ઘટનાઓથી સમાજમાં ચારે બાજુ ભય, આતંક, વિહ્વળતા અને સંશયનું વાતાવરણ સર્જાયું છે ત્યારે તાતી જરૂરત છે કે શરણાનંદજી મહારાજના સમાજ દર્શનના સિદ્ધાંતો તથા પ્રયોગોને સમજવામાં આવે તથા તેનો તાત્કાલિક અમલ કરવામાં આવે.

હવે આપણે જરા શાંતિથી બેસીને ચિંતન કરીએ કે આપણી દૃષ્ટિએ સુંદર સમાજ એટલે કેવો સમાજ ? શું સુંદર સમાજ એટલે ભવ્યાતિભવ્ય મહાલયો, સુંદર રસ્તાઓ કે જેની આજુબાજુ લીલાછમ્મ વૃક્ષોની હરોળ હોય કે પછી રમતગમતના વિશાળ મેદાનો અને સગવડભર્યા બેસવાના બાંકડાથી શોભતા બાગબગીચાઓ ? શું એવો સમાજ કે જેમાં રૂપાળા સ્ત્રી પુરુષો પોતાના રૂપાળા બાળકો સાથે વિધવિધ સ્થળે મહાલતા ટહેલતા હોય ? કે પછી આબાલ-વૃદ્ધ સુંદર રંગબેરંગી વસ્ત્રો પહેરીને જેમાં જાતજાતની વાનગીઓ આરોગતા હોય ? એક એવો સમાજ કે જેમાં ચિત્રકલા કારીગરીનાં નિયમિત પ્રદર્શનો યોજાતાં હોય કે જેના રંગમંચો સુંદર નૃત્યોથી ધમધમતા હોય અને નાટકો ભજવવાથી શોભતા હોય ? જ્યાં સંગીતની રાગ-રાગિણીઓના વિવિધ સ્વરો વિવિધ વાદ્યો પર ગૂંજતા હોય કે પછી જેના મંદિર મસ્જિદમાં ભજન-કીર્તનો-અજાનો ગાજતી હોય ? કદાચ આ ખ્યાલો મહારાજશ્રી માન્ય નથી કરતા. તો પછી શરણાનંદજી મહારાજના દર્શન મુજબનો સુંદર સમાજ એટલે કેવો સમાજ ?

આ માટે શરણાનંદજી મહારાજ બે સૂત્રો આપે છે વ્યક્તિનિર્માણ માટે કારણ કે વ્યક્તિ સમાજનું અંતિમ ઘટક છે અને વ્યક્તિઓના સમૂહથી જ સમાજ બને છે. આ બન્ને સૂત્રો આ મુજબ છે.

૧. દરેક વ્યક્તિએ અન્યનું સુખ જોઈને પ્રસન્ન થવું અને અન્યનું દુ:ખ જોઈને વ્યથિત; કરુણિત થવું.

૨. દરેક વ્યક્તિએ પોતાના અધિકારનો ત્યાગ કરવો અને અન્યના અધિકારનું રક્ષણ કરવું.

હવે જોઈએ પહેલા સૂત્રને. વ્યક્તિના જીવનમાં સામાન્ય રીતે શું બને છે ? અન્ય કોઈના જીવનમાં વ્યક્તિ જ્યારે એ સુખ સવલતો અને સાધનો જુએ છે જે એને પ્રાપ્ત નથી થયા તો તેના હૃદયમાં આવી સુખી વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા ભાવનો ઉદય થાય છે અને તે આવી વ્યક્તિનું મનોમન પતન ઈચ્છે છે. એ સાથે જ અન્ય વ્યક્તિનું દુ:ખ જોઈને એના હૃદયમાં કદાચ ક્ષણાર્ધ માટે દયા ઊભી થાય છે પરંતુ એ સંવેદના સેવાકાર્યમાં પરિણમતી નથી. આને કારણે વ્યક્તિનું હૃદય સંવેદના અને કર્તવ્ય બન્નેથી ચૂકી જાય છે અને પરિણામે ઊંડી અશાંતિ અને અજંપામાં જીવનભર તડપતાં તડપતાં, ઈર્ષ્યા કરતાં જીવે છે.

શરણાનંદજી સૂચવે કે આ રોગનો મૂળભૂત ઉપાય. તેઓ અન્યના દુ:ખને જોઈ કરુણિત થવાનું કહે છે. આ કરુણા જો અનુભવાશે તો તાત્કાલિક એ દુ:ખ દૂર કરવાની સંવેદના દેખા દેશે અને આપણે તે દુ:ખ દૂર કરવા કંઈ કાર્ય કરવા તત્પર થશું. આમ સંવેદનશીલ વ્યક્તિનું નિર્માણ થશે. આપણે સૌ મોટાભાગે ક્ષણાર્ધ માટે પણ આપણી આજુબાજુ કોઈ દુ:ખદ બનાવ બને જેમકે મૃત્યુ કે અકસ્માત કે પછી ટેલિવિઝનની સ્ક્રીન પર એવા દુ:ખદ દૃશ્યો જોઈએ તો સ્વાભાવિક રીતે દુ:ખ અનુભવીએ છીએ પરંતુ એક વિપરીત વાત પણ છે જેના પર આપણું ધ્યાન જ નથી જતું એ છે કોઈનું સુખ જોઈને આપણાંમાં પ્રસન્નતા નથી ઉત્પન્ન થતી પરંતુ ઈર્ષ્યાભાવ ઉત્પન્ન થાય છે. આજ આપણી અશાંતિનું મૂળ કારણ છે. જો આપણે 'માણસ'માંથી 'માનવ' થવાની યાત્રા કરવી હશે તો શરણાનંદજીનું પહેલા નંબરનું સૂત્ર આત્મસાત કરી એ મુજબનું જીવન જીવવું પડશે. એ સૂત્ર છે 'દુ:ખીને જોઈને કરુણિત; સુખીને જોઈને પ્રસન્ન.' સુખીને જોઈને વિચારો કે સુખ-દુ:ખ આપનાર તો એકમાત્ર ભગવાન જ છે, અન્ય કોઈ નથી તો ફલાણી વ્યક્તિ જો સુખી છે તો જરૂર આ જન્મ કે આગલા જન્મમાં એણે સારા કામો કર્યા હશે તેથી જ પરમાત્માએ પ્રસન્ન થઈ તેને સુખ આપ્યું છે મારે પણ સારા કામ કરીને પરમાત્માની પ્રસન્નતા અર્જિત કરવી જોઈએ. ખોટી રીતે હવે હું સુખી વ્યક્તિની ઈર્ષ્યા નહીં કરું પરંતુ કોઈને સુખી જોઈ અંત:કરણપૂર્વક હું રાજી થઈશ. આમ વર્તવાથી વ્યક્તિના હૃદયમાં સંતોષ અને શાંતિ પ્રવર્તશે અને તે સત્કર્મ કરવામાં પ્રવૃત્ત થશે. ઈર્ષ્યા, અદેખાઈ જેવા નકારાત્મક વિચારોથી એનું જીવન દૂર થઈ જશે. તે 'માણસ'માંથી 'માનવ'

બનવા તરફ ગતિમાન થશે. હવે જોઈએ શરણાનંદજી મહારાજનું બીજા નંબરનું સૂત્ર.

૨. સૂત્ર નંબર ૨ કહે છે કે, 'પોતાના અધિકારનો ત્યાગ કરો અને અન્યના એટલે કે સામેનાના અધિકારનું રક્ષણ કરો.' આ સૂત્ર ખરેખર જ જીવનમાં અદ્‌ભૂત ક્રાંતિ અને બદલાવ સર્જે તેવું છે. આપણે દૂર નહીં કુટુંબજીવન પ્રત્યે જ દૃષ્ટિ માંડીને વિચારીએ.

આજે શું છે કુટુંબમાં વાસ્તિવક સ્થિતિ ? બાપ કહેશે કે દીકરાને ઉછેરવામાં, ભણાવવા ગણાવવામાં મેં આટલી જહેમત લીધી. હવે એ દીકરો જ મારી પરવા નથી કરતો; મરજી પડે તેમ વર્તે છે. સાસુ કહેશે કે હું મારી આ વહુ આવી ત્યારથી દુઃખી છું. એકબાજુ મારો દીકરોયે ખોયો અને બીજી બાજુ કુટુંબ સંચાલનમાં વહુ મુખ્ય થતી જાય છે. મારું રાજ ઝૂંટાતું જાય છે. ભાઈ-ભાઈ વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, સાસુ વહુ વચ્ચે, મિત્ર-મિત્ર વચ્ચે, શેઠ નોકર વચ્ચે, ગુરુ શિષ્ય વચ્ચે, શિક્ષક વિદ્યાર્થી વચ્ચે ક્યાંય જાણે સમજદારી નજરે નથી પડતી. બધી જગાએથી બસ ! સતત ફરિયાદના સ્વરો જ ઊઠી રહ્યા છે જેનો મુખ્ય ધ્વનિ એક જવાક્યમાં કહી શકાય, 'મેં આટઆટલો ભોગ આપ્યો પરંતુ આજ મારી કોઈને પરવા નથી.'

પૂ. શરણાનંદજી મહારાજનું બે નંબરનું સૂત્ર કુટુંબ, સમાજ અને વિસ્તરી ને રાષ્ટ્ર તથા દુનિયાના આ અસંતોષને મીટાવનારું ઔષધ છે. કઈ રીતે ? આપણે માત્ર પિતા અને પુત્રના સંબંધમાં 'પોતાના અધિકારનો ત્યાગ અને સામેનાના અધિકારનું રક્ષણ.' સૂત્ર વિચારીએ. આ સૂત્રનું પિતા તથા પુત્ર બન્ને જો પાલન કરે તો કેવું ચિત્ર ઉભરશે ? પિતા હૃદયપૂર્વક માનશે કે પરમકૃપાળુ પરમાત્માએ મને પિતા બનાવ્યો. એક પિતા તરીકે મારી પવિત્ર ફરજ છે મારા સંતાનને હું યોગ્ય સંસ્કાર આપું, ભણાવી ગણાવી હોંશિયાર બનાવી, પરણાવું; નોકરી ધંધે લગાડું. આમ મારી જે કાંઈ ફરજો છે એનું પાલન કરી નાખું. એ મારો ધર્મ છે; પિતા ધર્મ પરંતુ બદલામાં પિતા તરીકે મને પુત્ર જે અધિકાર આપવાના છે તેની તો લેશમાત્ર પણ આશા નહીં રાખું; કોઈ અપેક્ષા નહીં સેવું. આ અપેક્ષાઓ એટલે ? મારો પુત્ર મારા કહ્યામાં રહે, મારી સલાહ સાંભળી તેનો અમલ કરે, મારી સેવા-ચાકરી કરે, કમાણી લાવીને પહેલી તારીખે મારા ચરણમાં મૂકે, મારી સાચી ખોટી બધી જ આજ્ઞાઓ માને, વૃદ્ધાવસ્થામાં મારી સેવા ચાકરી કરે... વિ. વિ. એક પિતા પાસે આજે આશા અપેક્ષાનું અનંત આકાશ હોય છે. આ અપેક્ષાઓ જ્યારે પૂરી ન થાય ત્યારે દુઃખ અને વિષાદ ઉત્પન્ન થાય. એને બદલે પિતાએ શરણાનંદજી મહારાજના સૂત્ર મુજબ પોતાની તો પિતા તરીકેની બધી જ ફરજો બજાવી નાખવાની પરંતુ બદલામાં પુત્ર પાસે પિતા તરીકેના પોતાના બધા જ અધિકાર જતા કરવા. જો આ વૃત્તિ હશે તો પિતા-પુત્રના સંબંધમાં નિર્મળ પ્રેમનું

ઝરણું ક્યારેય નહીં સૂકાય.

હવે પુત્રને જોઈએ. એ પણ આ સૂત્રને અનુસરશે એટલે વિચારશે કે હવે હું પુત્ર તરીકેના અધિકાર જતા કરું મતલબ કે પિતા મને લાડ લડાવે, પોતા પાસે બાકી રહેલ મિલકત અને ઘર વિ. મારા નામે કરી દે, મારું બધી રીતે ધ્યાન રાખે... વિ. વિ. એના બદલામાં એ એમ વિચારે કે હવે મેં મારા અધિકાર તો છોડ્યા પરંતુ મારા પિતાના અધિકાર તો મારે સાચવવા જ પડશે કારણ કે મારે પુત્રધર્મ બજાવવાનો છે. આથી આપોઆપ જ વૃદ્ધાવસ્થામાં મા-બાપની સેવા, રોગની અવસ્થામાં સેવાચાકરી, માતાપિતાનું યોગ્ય રીતે ભરણપોષણ વિ. બધું જ આપોઆપ થવા લાગશે. એ બધું ભારરૂપ પણ નહીં લાગે.

આ સિદ્ધાંત બધા જ સંબંધોમાં લગાવો, 'પોતાના અધિકારનો ત્યાગ અને સામેનાના અધિકારનું રક્ષણ.' પછી જુઓ જીવનનું કેવું અદ્ભૂત ફૂલ ખીલી ઊઠે છે. શરણાનંદજી મહારાજના ચિંતન પ્રમાણે સુંદર સમાજ એટલે એવો સમાજ જેના પ્રત્યેક ઘટક, પ્રત્યેક સભ્ય, પ્રત્યેક વ્યક્તિના અધિકારનું રક્ષણ થતું હોય. પરિવારમાંના વૃદ્ધો યુવાનોના અધિકારનું રક્ષણ કરતાં હોય, પત્નીના અધિકારનું રક્ષણ પતિ દ્વારા થતું હોય, પતિના અધિકારનું રક્ષણ પત્ની દ્વારા થતું હોય. માતાપિતા સંતાનોના અધિકારના રક્ષણ માટે તત્પર રહેતા હોય, મા બાપના અધિકારો સંતાનો દ્વારા સુરક્ષિત રહેતા હોય. આ સંબંધો લોહીના સંબંધોથી હવે આગળ સમાજમાં વિસ્તરે તો પ્રત્યેક કુટુંબ પોતાના આડોશી-પાડોશી-જ્ઞાતિ-જાતિ-નગર-પ્રાંત અને દેશથી માંડીને સમગ્ર માનવજાતિનાં પ્રત્યેક વ્યક્તિ અન્યના અધિકારનું રક્ષણ કરવા તત્પર હોય અને તેસાથે જ પ્રત્યેક વ્યક્તિ પોતાના અધિકારના ત્યાગ માટે હરપળે તૈયાર હોય. મતલબ કે જે સમાજમાં કોઈ કોઈના અધિકારને છીનવી ન લે તેને સુંદર સમાજ કહી શકાય. મતલબ કે શિક્ષક-વિદ્યાર્થીનો અધિકાર ન છીનવે, ન છીનવે વિદ્યાર્થી શિક્ષકનો અધિકાર. આજ વાત રાજનેતા-મતદાતા, ગુરુ-શિષ્ય, મિત્ર-મિત્ર અને રાષ્ટ્ર તથા નાગરિક અને સમાજ તથા વ્યક્તિને લાગુ પડે. વ્યક્તિ એમ વિચારે હું સમાજ માટે શું કરું; સમાજ એ વિચારે હું વ્યક્તિના કલ્યાણ માટે શું કરું ?

આથી સુંદર સમાજ એટલે 'સમતા'વાળો સમાજ. ધ્યાન રાખજો કે 'સમતા' અને 'સમાનતા' વચ્ચે ભેદ છે. સમાજમાં ઊંચ-નીચ સામર્થ્યની રીતે રહેવાના જ. કોઈ જ્ઞાની હશે કોઈ અજ્ઞાની. કોઈ તવંગર હશે, કોઈ ગરીબ. કોઈ શક્તિશાળી હશે કોઈ નિર્બળ પરંતુ આ પરિસ્થિતિ ભેદ કે જે કુદરતી છે જ તેના હોવા છતાં સમાજમાં સંઘર્ષની સ્થિતિ નહીં હોય. પરિસ્થિતિ પરિવર્તનથી સુંદર સમાજનું કદી નિર્માણ પણ નહીં થઈ શકે. આ સુંદર સમાજમાં તો દરેકે દરેક વ્યક્તિ પોતાને

મળેલી પરિસ્થિતિનો દુરુપયોગ નહીં કરે પરંતુ સદુપયોગ કરશે. દા.ત. પૈસાદાર મોજશોખ કરી જુગાર દારુ વેશ્યાવૃત્તિના ભોગમાં નહીં ડૂબે પરંતુ જરૂરતમંદ ગરીબોની મદદ કરશે. આનાથી જ આવા સમાજમાં સદાય સંતોષનું વાતાવરણ પ્રવર્તતુ રહેશે. માટે શરણાનંદજી મહારાજની દષ્ટિએ તો સુંદર સમાજ એટલે એવો સમાજ જ્યાં યત્ર તત્ર સર્વત્ર સંતોષનો વાસ.

આવા સમતાવાળા સુંદર સમાજમાં સંઘર્ષનું નામોનિશાન નહીં હોય. આજે સમગ્ર વિશ્વ અશાંતિમાં ગરકાવ છે તેના મૂળમાં છે દરેક સ્તરે ચાલી રહેલ સંઘર્ષ. આ સંઘર્ષ ક્યાંથી જન્મ્યો એ જરા ધ્યાનથી વિચારો. આ સંઘર્ષના મૂળમાં છે સંગ્રહની વૃત્તિ. આજે દરેક વ્યક્તિ ભવિષ્યની ભીતિ સેવીને પોતાની જાતને અસુરક્ષિત હોવાનું અનુભવે છે, જેને કારણે દરેક વ્યક્તિ સંગ્રહવૃત્તિથી જ જીવે છે. વળી સમાજમાં જ્યારે પણ સંગ્રહ કરવાની વૃત્તિ બળવાન બનશે ત્યારે એ સંઘર્ષને જન્મ આપવાની જ.

સમાજ તો ઈશ્વરનો સુંદર બગીચો છે. સમાજ તરફ દષ્ટિ કરતાં ચાર વર્ગ નજરે પડશે. જેને સંભાળવાના છે.

૧. બાળકો અને વૃદ્ધો - અશક્તોનો વર્ગ.

૨. રોગીઓનો વર્ગ.

૩. કોઈપણ જાતના ઉત્પાદન કરવાને માટે અશક્ત વર્ગ.

૪. સમાજ કલ્યાણ માટે સત્યની શોધમાં પરાયણ રહેનારો વર્ગ.

હવે સીધી સાદી સમજાય તેવી વાત છે કે બાળકો તથા વૃદ્ધો અને અશક્તો તો કોઈ પણ જાતનું ઉપાર્જન કરવા માટે શક્તિમાન નથી. એજ રીતે રોગીઓ છે તે પણ શક્તિની ક્ષીણતા અનુભવતા હોવાથી ઉત્પાદનમાં યોગદાન આપવા સમર્થ નથી. હવે આ જગતમાં ભૌતિકવિજ્ઞાન તથા અધ્યાત્મ વિજ્ઞાનમાં જે સત્યો છુપાયેલા છે તેની ખોજ કરવા નિરંતર ચિંતન કરી સમાજના કલ્યાણ માટે લગાડવા જે સત્ય શોધકોનો વર્ગ છે તે પણ ઉપાર્જન સીધી રીતે નહીં કરે કારણ કે તેઓ જ્ઞાનની ઉપાસનામાં છે. આથી આ ત્રણેય વર્ગો બાળકો-અશક્તો, વૃદ્ધો-રોગીઓ અને સત્યશોધકો એ ત્રણેની જે શરીરને લગતી આવશ્યકતાઓ છે તે ઉત્પાદક વર્ગે જ પૂરી કરવાની રહી. આ બધાના શરીરની જે આવશ્યકતાઓ છે એની પૂર્તિ તો સમાજે જ કરવી રહી. મતલબ કે તેમના આ અધિકારનું રક્ષણ-જતન થવું અતિ જરૂરી છે.

આજ વિશ્વ સમાજની સ્થિતિ કેવી જણાય છે ? જે સશક્ત ઉત્પાદક વર્ગ છે તેણે પોતાની ઉદારતા બિલકુલ ખોઈ નાખી છે. સમગ્ર વિશ્વમાં જાણે ઉત્પાદક વર્ગ કે જે ઉપાર્જન કરે છે તે સંપતિસંગ્રહમાં

પડી ગયો છે જેથી સમાજમાં હવે જાણે બે જ વર્ગ રહેવા પામ્યા છે - એક ધનિકો કે જેની પાસે સર્વ કાંઈ છે અને એક વર્ગ નિર્ધનનો છે જેના હાથ ખાલી છે; એની પાસે જાણે કાંઈ જ નથી.

શરણાનંદજી મહારાજ સમજાવે છે કે પ્રત્યેક વ્યક્તિ જાણે કે માલી છે અને સમાજ એક વાટિકા; બગીચો. માલી બાગની સેવામાં તલ્લીન રહે છે અને એનું જીવન બાગ પર આધારિત પણ છે. બીજી રીતે કહીએ તો વેપારી વર્ગ ઉદર એટલે પેટ જેવો છે. જેમ પેટમાં સમગ્ર ભોજન જાય છે અને તેનું પાચન થઈ શક્તિનું નિર્માણ થાય છે તેનો ભોગ પેટ એકલું નથી કરતું પરંતુ આ શક્તિને હાથ, પગ, માથું.. શરીરના ખૂણે ખૂણે વહેંચી દે છે અને પોતે જરૂર પૂરતો જ શક્તિનો જથ્થો વાપરે છે. બરાબર આમ જ વિતરણ વ્યવસ્થા ચલાવનારા વેપારી વર્ગે વર્તવું જોઈએ. વળી ઉત્પાદનનાં મૂળ સાધનો પ્રાકૃતિક છે આથી એના પર માલિકી ભાવ મહાપાપ છે. ઉત્પાદકનું હૃદય તો 'માઁ' જેવું હોવું જોઈએ. જે પ્રમાણે કુટુંબમાં માતા નાના મોટા બધાની જરૂરિયાતોનું ધ્યાન રાખે છે તેવો જ ભાવ વેપારી વર્ગે રાખવો જોઈએ કે સૌ કોઈને આવશ્યક વસ્તુઓની પ્રાપ્તિ થઈ જાય. શરણાનંદજી આમ સમજાવે છે કે, 'જ્યારે શ્રમ અને સંગ્રહ અર્થાત પરિશ્રમ અને પરિગ્રહમાં પરિગ્રહનું મૂલ્ય વધી જાય છે અને પરિશ્રમનું મૂલ્ય ઘટી જાય છે ત્યારે વ્યક્તિ વસ્તુઓનો દાસ બની જાય છે. સિક્કો એટલે ધન પણ વસ્તુ છે. આનું બહુ ભયંકર પરિણામ એ આવે છે કે ધનપતિઓ કે જે વસ્તુઓનો સંગ્રહ કરે છે તેઓ શારીરિક મહેનતુ લોકો અને બૌદ્ધિકોને પોતાને આધિન કરી લે છે જેથી સમાજ અતિ દુર્દશામાં ઘસડાઈ જાય છે.' આજ આવી સ્થિતિ સ્પષ્ટ જણાય છે.

આજ સમાજમાં બીજું ખૂબ મહત્ત્વનું પરિબળ કે જેનાથી સામાજિક અશાંતિ સર્જાય છે તે છે સાંપ્રદાયિક ભેદ. બધા જ જાણે છે કે ઈશ્વર એક જ છે અને તેને અભિવ્યક્ત કરતા અનેક જુદા જુદા ધર્મો છે. જેમકે હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્ત, શીખ, જૈન, બૌદ્ધ...વિ. આ દરેક ધર્મનું પાલન કરનારા માને છે કે માત્ર મારો અને મારો જ ધર્મ સર્વશ્રેષ્ઠ છે. બીજા બધા જ ધર્મ કનિષ્ઠ છે. તથા મુક્તિ માત્ર મારા ધર્મ દ્વારા જ મેળવી શકાશે અન્ય કોઈ ધર્મ દ્વારા નહીં. માત્ર મારા જ ધર્મે આપેલી ક્રિયાકાંડની આજ્ઞાઓ માનવા જેવી છે અન્ય બધી જ નકામી. માત્ર મારા જ ધર્મનાં પુસ્તકો અને ઉપદેશ સર્વશ્રેષ્ઠ છે વિ. આમાંથી સાંપ્રદાયિક ઝનૂનનું નિર્માણ થાય છે અને તે ઝનૂનમાંથી આજે આપણે જે અનુભવ કરીએ છીએ તે આતંકવાદનું વરવું સ્વરૂપ ઊભું થાય છે.

શરણાનંદજીએ ઊંડું ચિંતન કર્યું આ સાંપ્રદાયિક સંઘર્ષ વિશે કારણ કે હિન્દુસ્તાન પાકિસ્તાનના ભાગલા વખતે જે લાખો કત્લો થઈ તેમાંથી તેમનું કોમળ હૃદય હચમચી ગયું. આમાંથી જન્મ થયો 'માનવ સેવા સંઘ'; વિશ્વ માનવની ભાવનાઓ. વિશ્વ માનવ વિશે અનેક મહાપુરુષોએ વાત

કરેલી છે પરંતુ શરણાનંદજી એ માનવતાથી મહેકતા વિશ્વમાનવના નિર્માણ માટે માર્ગ પણ કંડારી આપ્યો છે. આ માટે તેમણે માનવ સેવા સંઘ માટે માનવતાના મૂળ સિદ્ધાંત જેવા ૧૧ માર્ગદર્શક સિદ્ધાંતો આપ્યા. બીજું તેમણે એ કહ્યું કે જે સંપ્રદાયમાં તમારો જન્મ થયો એ તમારી ભૂમિ છે. વ્યક્તિગત ઉત્થાન માટે વ્યક્તિગત રીતે તમારા સંપ્રદાયના સિદ્ધાંતોનો સાચો અભ્યાસ કરશો તો સમજાશે કે પ્રત્યેક ધર્મ ઈશ્વરમાં આસ્થા રાખવાનું કહે છે અને માનવ બનવાનો બોધ આપે છે. આ માનવ કેમ બનાય તે માટે શરણાનંદજી મહારાજે માનવ સેવા સંઘનો મંચ આપ્યો જેમાં બધા જ ધર્મના લોક એક સાથે બેસી વિચાર કરે અને સુંદર સમાજનું નિર્માણ કરે. તેમણે જે અદ્‌ભૂત સાધન આપ્યું તે છે વ્યક્તિગત સત્સંગ અને મૌન સત્સંગ. વ્યક્તિગત સત્સંગમાં દરરોજ રાત્રે સૂતાં પહેલાં વ્યક્તિએ પોતાની સંપૂર્ણ દિનચર્યા ધ્યાનથી યાદ કરવાની છે કે મારાથી ક્યાં ક્યાં ભૂલો થઈ ? આ ભૂલો ન દોહરાવાનું વ્રત લઈ તેને લગતું સામર્થ્ય મેળવવા માટે માત્ર સરળ હૃદયથી પ્રભુ પ્રાર્થના કરવી.

મૌન સત્સંગ અદ્‌ભુત, અકલ્પનીય ઉપાય છે. મહારાજશ્રીએ જોયું કે અત્યાર સુધી પ્રત્યેક ધર્મમાં કાંઈ ને કાંઈ કરવા માટેનું સાધન નિર્દેશવામાં આવ્યું છે. આ વિધિવિધાન દરેકે દરેક ધર્મમાં અલગ અલગ હોવાથી ભેદ ભાવ નિર્માણ થયા છે. આથી શરણાનંદજી મહારાજે એ ગહન ચિંતન કર્યું કે એવું કયું સાધન કે જે બધા કરી શકે ? તેમાંથી હાથ આવ્યું, 'સાધનવિહિન સાધન' એટલે મૌન સત્સંગ. મૌન સત્સંગમાં વાણી, વિચાર, મનથી કાંઈ જ નથી કરવાનું. આ જે નિરવતા નિર્માણ થશે તેમાં પરમના પદચાપ સંભળાશે. આ માટે ઉત્તમ સમય છે બે. એક નિદ્રાધીન થયા પહેલા; એક નિદ્રા તૂટ્યા બાદ. મૌન સત્સંગ વખતે કોઈ વિધિ વિધાનની જરૂર નથી. માત્ર સવલતભર્યા આસનમાં બેસી ક્રિયા અને વિચાર બન્નેને છોડી પરમ શાંતિમાં ડૂબી જવાનું છે. મૌન સત્સંગ કોઈ પણ ધર્મની વ્યક્તિ માનવ બનવા કરી શકે તેવું સુલભ સાધન છે. પૂજ્ય શરણાનંદજી મહારાજે રાષ્ટ્રના પતન માટે શિક્ષિતવર્ગને જવાબદાર માન્યો છે. તેઓ કહે છે, 'જે દેશ, વર્ગ અથવા સમાજનો શિક્ષિત વર્ગ સ્વાર્થપરાયણ થઈ વ્યક્તિગત સુખની આસક્તિમાં ડૂબી જાય છે. તે વર્ગ, દેશ અને સમાજ વિનાશ તરફ ધકેલાઈ જાય છે.' આ માટે જ સુંદર રાષ્ટ્ર અને સમાજના નિર્માણ માટે ઉત્તમ શિક્ષકો અનિવાર્ય છે. તો જ પ્રજા, રાષ્ટ્ર અને સમાજનો સર્વાંગીણ વિકાસ થાય.

ટૂંકાણમાં શરણાનંદજીની સાદીસીધી વાત આ છે :

**જગ કી સેવા, ખોજ અપની, પ્રીતિ પ્રભુ સે કિજીએ,**
**જિંદગી કા રાજ હૈયે જાનકે જી લિજીએ.**

આમ સેવા ,ત્યાગ અને પ્રેમ દ્વારા જ સુંદર સમાજનું નિર્માણ થઈ શકે, અન્યથા નહીં.

# 14 વિશ્વશાંતિ વિષે ચિંતન

સમગ્ર વિશ્વ એક ઈકાઈ છે જે ખંડ, રાષ્ટ્ર, રાજ્ય, પ્રાંત તો છે જ પરંતુ એનું અંતિમ એકમ તો વ્યક્તિ છે. આજે આપણી વિડંબના શી છે ? આપણે વાત તો કરીએ છીએ વિશ્વ શાંતિની પરંતુ આપણે ખુદ અશાંત મનોદશામાં છીએ. હવે વિશ્વનું અંતિમ એકમ વ્યક્તિ જ જો અશાંત હોય તો વિશ્વ શાંતિ સંભવી શકે ખરી? કદાપી નહીં.

પૂ. શરણાનંદજી મહારાજનું માનવું છે કે મનુષ્ય કે જેને પરમાત્માએ સ્વતંત્ર ઈચ્છાશક્તિને વિવેક આપેલા છે તેણે જ સર્વપ્રથમ શાંત થવું પડશે. તો આ માટે શું કરવું પડશે ? મનુષ્યએ 'બુરાઈરહિત જીવન' જીવવું પડશે. બુરાઈરહિત જીવન એટલે પોતે જાણેલ બુરાઈ ન કરવી. જો બુરાઈ થઈ જ ગઈ હોય તો તે ફરીને ન કરવી. આ ઉપરાંત ન તો કોઈને ખરાબ સમજવું, ન કોઈ વિશે ખરાબ ઈચ્છવું કે ન તો કોઈનું ખરાબ કરવું. આ થયું બુરાઈરહિત જીવન અને તે જ બની જશે સર્વોચ્ચ વિશ્વ સેવા.

થોડું વિચારી લઈએ. શું કોઈ આપણને ખરાબ માને તે વાત આપણે પસંદ કરીશું ? કદાપી નહીં. આથી પૂર્વશરત એ છે કે જો આપણને કોઈ ખરાબ ન સમજે એમ જો આપણે ઈચ્છીએ જ છીએ તો એ માટે આપણે પણ કોઈને ખરાબ ન સમજવા. કોઈને ખરાબ ન સમજવાથી આપણા વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક ત્રણ સ્તરના જીવનમાં એકદમ શાંતિનું ઉતરાણ થશે.

માનવી માત્રમાં ત્રણ પ્રકારની શક્તિ પરમતત્ત્વે આપેલી છે ; કરવાની શક્તિ, માનવાની (આસ્થા) શક્તિ અને જાણવાની શક્તિ. હવે આપણે એક જ વાત કરવી રહી. આ ત્રણે શક્તિઓનો દુરુપયોગ ન કરીએ તો પણ આપોઆપ વિશ્વશાંતિ થશે. તો ક્યારે થશે વિશ્વશાંતિ ? વિશ્વશાંતિ ત્યારે આવશે જ્યારે પ્રત્યેક ભાઈમાં, પ્રત્યેક બહેનમાં આ ચેતના પ્રગટશે કે પહેલાં હું માનવ છું અને પછી જ હું હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી કે સામ્યવાદી, સમાજવાદી વિ.વિ. છું. હું બળનો દુરુપયોગ નહીં કરું કારણ કે હું માનવ છું. જરા ધ્યાનથી વિચારજો કે તમે ભલે ભલાઈ કરો કે ન કરો તેથી

સમાજમાં અશાંતિ નથી ફેલાતી પરંતુ અશાંતિ ત્યારે ફેલાય છે જ્યારે તમે બૂરાઈ કરો છો. તો જ્યારે તમે બૂરાઈ છોડી દેશો કે તરત વિશ્વશાંતિના મહાન પૂજારી બની જશો. કાંઈ નથી કરવાનું, ભલાઈ ન કરો , કંઈ વાંધો નહીં. બસ ! માત્ર તમારી જાણેલી બૂરાઈનો ત્યાગ કરી દો. વળી બૂરાઈનો ત્યાગ કરી દેવા તો માનવ માત્ર સમર્થ અને સ્વતંત્ર છે જ.

તમે માત્ર આટલું જ માની લો કે કોઈ પણ વ્યક્તિ ચાહે તે ખરાબ હોય કે સારી પણ હું બૂરાઈ નહીં કરું. વિચારો, જ્યારે આપણને પોતાને આપણી જાતની જ પૂરેપૂરી જાણકારી નથી હોતી તો અન્ય વ્યક્તિની જાણકારી આપણને કેમ હોઈ શકે ? વળી જો વાલિયો પણ વાલ્મિકી બને છે તો માણસ માત્ર સદૈવ એક સરખો તો રહેતો જ નથી. જેમ કે આજ તમે મને બૂરાઈ કરતાં જોયો અને મને ખરાબ માન્યો. કાલે ઊઠીને મેં તે બુરાઈ છોડી દીધી તો તમારો નિર્ણય ખોટો પડશે કે નહીં ? માટે આજથી જ ગાંઠ બાંધી લો કે અન્ય વ્યક્તિ વિશે કોઈ પણ અભિપ્રાય બાંધવો એ મોટી ભ્રમાત્મક ધારણા અને ભૂલ છે. આથી પણ ઉત્કૃષ્ટ વાત તો એ જ છે કે આપણે કોઈને ખરાબ ન સમજીએ. આથી શાંતિ માટે પહેલી વાત શું થઈ ? આપણે કોઈને ખરાબ નહીં માનીએ. બીજા નંબરની વાત આપણે કોઈનું ખરાબ નહીં ઈચ્છીએ અને ત્રીજી અને છેલ્લી વાત આપણે કોઈનું ખરાબ થાય તેવું કામ નહીં કરીએ. જરા ધ્યાનથી સમજી લો. કોઈનું બૂરું કરવું નાની વાત છે. એનાથી મોટી બૂરાઈ છે કોઈનું બૂરું ઈચ્છવું અને એનાથીયે મોટીબૂરાઈ છે કોઈને ખરાબ સમજવું.

આથી જો આ વિશ્વમાં વિશ્વશાંતિ ઉતારવી હશે તો દરેક વ્યક્તિએ વ્રત લેવું પડશે કે આજથી હું કોઈને પણ ખરાબ નહીં સમજું. હવે તમને એમ થશે કે વ્યક્તિગત બૂરાઈરહિત જીવન અને વિશ્વશાંતિ ને વળી શો સંબંધ ? જુઓ જ્યારે કોઈ પણ વ્યક્તિ બૂરાઈ ન કરવાનો નિર્ણય લે છે ત્યારે વિશ્વશાંતિ માટે મોટું કામ થાય છે. કારણ કે જે ચીજ સૂક્ષ્મ હશે તે સ્થૂળ કરતાં વધુ વ્યાપક હશે. અને જે સ્થૂળ હશે તે સીમિત રહેવાની. દા.ત. જો હું વાણીથી બોલું તો જીભની સરખામણીએ મનનો સંકલ્પ સૂક્ષ્મ છે અને જે સૌથી સૂક્ષ્મ છે તે આપણો અહંકાર છે.

ભૂલથીયે એવું ન માનવું કે કોઈ ખાસ પરિસ્થિતિ હશે તો જ વિશ્વશાંતિ થશે. પરિસ્થિતિ વ્યક્તિગત હોવાથી દરેકની જુદી જુદી રહેવાની જ. જુઓને પિતાપુત્રની તથા પતિ-પત્નીની પરિસ્થિતિ પણ એક સરખી નથી જ હોતી તેમ છતાં આ એક અનુભૂત સત્ય છે કે પ્રત્યેક પરિસ્થિતિમાં આપણે વિશ્વશાંતિ માટે તથા આત્મકલ્યાણ માટે સહયોગી બની જ શકીએ છીએ. સુખમાં સેવા કરો અને દુઃખમાં કામના ત્યાગ કરો. દરેક વ્યક્તિની યોગ્યતા, રૂચિ અને પરિસ્થિતિમાં તો ભેદ રહેવાનો જ.

અંતે એક દાખલો જ વિચારીએ. ધારો કે એક ફેક્ટરી છે. હવે ફેક્ટરીમાં તો જે કર્મચારીગણ હશે તેમાં મેનેજર, એન્જિનિયરથી માંડી અને ક્લાર્ક તથા મજૂર પણ હશે. આ બધા લોકો સાથે ભળીને જુદા જુદા કામો કરતા રહીને ફેક્ટરી ચલાવે છે. હવે ધારો કે બધા એમ વિચારે કે અમે બધા સમાન થઈને જ પછી જ ફેક્ટરી ચલાવીશું તો શું ફેક્ટરી ચાલશે ? બધા જ જો ક્લાર્ક થઈ જાય કે બધા જ મેનેજર કે એન્જિનિયર બની જાય તો ફેક્ટરી ચાલશે ? કદાપિ નહીં. તો વિચારો આજ જે વિચારધારા આપણે સેવી રહ્યા છીએ કે દુઃખી લોકોનું દુઃખ ભલે મટે કે ના મટે પરંતુ સુખી લોકો કમ સે કમ દુઃખી તો થઈ જ જાય તો આ જે સુખીને દુઃખી બનાવવાની અને તે દ્વારા એકતા સાધવાની જે વાત છે તે ભ્રામક છે; ખોટી છે.

હોવું શું જોઈએ ? હોવું એ જોઈએ કે તમે એ અનુભવ કરો કે આ ફેક્ટરી મારી છે પરંતુ જે કામ મને સોંપવામાં આવ્યું છે તે હું બીજા ન કરી શકે તેટલી સારી રીતે કરીશ. આજ વિચાર કેમિસ્ટ, ઈજનેર, મેનેજર અને મજૂર કરે. આજ અનુભવ ફેક્ટરીનો માલિક પણ કરે કે જે ફેક્ટરીના માલિક તરીકેનું મને કાર્ય મળ્યું છે તે હું એટલી સારી રીતે કરીશ કે અન્ય કોઈ તેમ ન કરી શકે. આની અર્થવ્યવસ્થા જે હોય તે યોગ્યતા અનુસાર જ હોય. આમ જો દરેક વ્યક્તિ વિચારે કે મારી જે ડ્યૂટી છે, મને જે કર્તવ્ય મળ્યું છે તે હું પૂરેપૂરી ઈમાનદારીથી નિભાવીશ તો દરેક વ્યક્તિ કર્તવ્યપરાયણ બની જવાની અને આ કર્તવ્ય પરાયણતામાં રહેવાથી જ નિજી જીવનમાં શાંતિ પ્રાપ્ત થશે અન્યથા નહીં. જુઓને ! ગમે તેટલા કાયદા ઘડો અને લાગુ કરો પણ ઈમાનદારી હજુ સુધી પેદા થઈ નથી.

આજકાલ શું થઈ રહ્યું છે ? વ્યક્તિગત જીવનમાં તો ફેલાયેલી છે અશાંતિ અને આપણે ગાઈ રહ્યા છીએ વિશ્વશાંતિનાં ગીતો ! આ ક્યારેય બનવાનું નથી. માત્ર જો વ્યક્તિગત જીવનમાં શાંતિ ઉતરે તો જ વિશ્વશાંતિ ફેલાય અને તે માત્ર કર્તવ્યપરાયણતા દ્વારા જ શક્ય બનશે. આથી દરેક વ્યક્તિએ પોતાનું કર્તવ્ય એ રીતે બજાવવાનું છે જેથી અન્યની રક્ષા થાય.

તમે જે પણ નાનામાં નાનું કામ કરતા હો તે એ માનીને કરો કે ભલે હું વિશ્વવાટિકાનો નાનામાં નાનો ભાગ હોઉં, મારે ફાળે આવેલું કામ હું પૂરેપૂરી ઈમાનદારીને કર્તવ્યપરાયણતાથી બજાવીશ. દરેક વ્યક્તિમાં એ ગૌરવ રહેવું જોઈએ કે હું મજૂર હોઉં તો શું અને કોઈ માલિક હોય તો શું ? હું કોઈથી હીન નથી પરંતુ કાર્યમાં એટલો જ પ્રતિનિધિ છું જેટલા કોઈ અન્ય. આજે ગેરસમજણ એ છે કે સમાજમાં મિલમાલિકને લોકો મોટો પ્રતિનિધિ અને મજૂરને નાનકડો પ્રતિનિધિ માની રહ્યા છે ! મારા ભાઈ ! એક વિરાટકાય મશીનને જ જુઓને ? તેમાં પણ નાનાથી માંડીને

મોટા પૂર્જા આવેલા જ છે. વિચારો મશીન શું માત્ર મોટા પૂર્જા હશે તો જ ચાલશે ? જેમ મશીન સુચારુ ચાલવા માટે નાનાથી માંડી મોટા પૂર્જા હોવા જોઈએ તેવું જ સમાજ સંચાલનનું પણ છે. તેમાં પણ નાનાથી માંડી મોટાની જરૂર પડશે પરંતુ કર્મનું ગૌરવ એકસરખું રહે. કામ બધા જ એકસરખું ગૌરવ ધરાવે છે. શરીરથી જ વિચારોને ? માથું સૌથી ઉપર આવેલું છે અને પગ સૌથી નીચે, તો શું પગ માથા કરતાં ઓછા મહત્ત્વના છે ? આજની આ ખરાબ પરિસ્થિતિ એટલે નિર્માણ થઈ છે કે માત્ર મનુષ્ય હોવામાં જે ગૌરવ છે તે આપણે વિસરી ગયા ને પરિસ્થિતિના આધાર પર જીવનનું મૂલ્યાંકન કરવા લાગ્યા. ખોટી રીતે વિચારતા થયા કે મારી પાસે પૈસા છે એટલે હું મોટો માણસ છું. સત્તા છે એટલે મોટો માણસ છું, પદ છે એટલે મોટો માણસ છું, યોગ્યતા છે એટલે મોટો માણસ છું.

મનુષ્યમાત્રે પોતાને પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ માત્ર કરવાનો છે. જીવનનો મૂળ મંત્ર છે સાચું કામ કરવું ને વિશ્રામ પ્રાપ્ત કરવો. જીવન વિશ્રામમાં છે અને વિકાસ સાચું કામ કરવામાં, વિચારી જોજો શાંત મનથી. કામ કર્યા બાદ જે ફળ પ્રાપ્ત થાય છે તેનાથી વિકાસ નથી થતો વિકાસ થાય છે સાચું કામ કરવાથી. સાચું કામ પણ ત્યારે જ કરી શકાશે. જ્યારે આપણે એ વાતનો સ્વીકાર કરીશું કે આપણે જે કાંઈ પણ કામ કરવાનું છે તે સમાજ માટે, વિશ્વ માટે કરવાનું છે. આપણી પ્રત્યેક પ્રવૃત્તિ જ્યારે વિશ્વને અનુલક્ષીને થશે ત્યારે વિશ્વશાંતિ માત્ર કલ્પના નહીં વાસ્તવિકતા બનશે.

આજે આ પ્રશ્નો કેમ પેદા થયા છે જાણો છો ? આપણે ખુદ તો અશાંત છીએ અને ગીતો ગાઈએ છીએ વિશ્વશાંતિનાં. આ તો દંભ છે; ભ્રમ છે; દગો છે. આ ક્યારેય નહીં બની શકે. ભાઈ મારા ! શાંતિની જરૂર તો પ્રાઈમ મિનિસ્ટરને પણ છે, મિલમાલિકને પણ છે, ક્લાર્કને પણ છે અને કર્મચારીને પણ. આ શાંતિ બધાની આવશ્યકતા છે અને તે ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે સમગ્ર વિશ્વને આપણે એક ઈકાઈ માનશું ને આપણને પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ કરવા આપણે કર્તવ્યપરાયણ બનીશું. જુઓ વ્યક્તિ, જગત અને પરમાત્મા મળીને જ સમગ્ર અસ્તિત્વ બને છે.

જ્યાં સુધી આપણે વર્ગ, પ્રાંત, દેશ, સંપ્રદાય વિ.ની અનેકાનેક કલ્પનાઓથી બંધાયેલા રહીશું ત્યાં સુધી ન તો વ્યક્તિગત શાંતિ પ્રાપ્ત થાય કે ન તો વિશ્વશાંતિ. આપણે એ માન્યતા પર આવવું જ પડશે કે ભલે આપણે પરમાત્માને માનીએ કે ન માનીએ, જગતને માનીએ કે ન માનીએ, અંતમાં આપણે સૌ માનવ જ છીએ અને માનવ હોવાથી સાધક જ છીએ. અને માનવ હોવાને નાતે આપણે એવું કોઈ પણ કામ નથી કરવાનું જેનાથી સમાજમાં સંઘર્ષ પેદા થાય.

સવારના ઊંઘમાંથી જાગીને સર્વપ્રથમ વિચાર એ કરજો કે આજના દિવસમાં હું એવું કોઈ કામ નહીં કરું જેથી મારી જાતમાં, પરિવારમાં કે સમાજમાં સંઘર્ષ પેદા થાય તો વિશ્વશાંતિ ઉતરશે.

દરેક વ્યક્તિએ 'સુખીને જોઈને પ્રસન્ન રહેવાનું છે.' અને 'દુઃખીને જોઈને કરુણાવાન બનવાનું છે.' સુખીને જોઈને પ્રસન્ન થવાથી કામનાઓનો નાશ થશે અને દુઃખીને જોઈ કરુણાવાન થવાથી ભોગવૃત્તિ નાશ પામશે. આ બન્ને થયા બાદ યોગ-પરમતત્ત્વ સાથે જોડાણ થશે જે અવશ્યંભાવિ છે.

અંતમાં જોઈએ તો વિશ્વશાંતિ ઉતારવામાં આપણે સહભાગી બની શકીએ એ સંબંધમાં ચાર વાતો આપણા જાણવામાં આવી.

૧. મન, વાણી અને કર્મથી બૂરાઈરહિત બની જવું.

૨. પરિસ્થિતિ અનુસાર સામર્થ્ય અનુસાર ભલાઈ કરવી.

૩. ભલાઈના બદલામાં ફળની આશા ન રાખવી; નિષ્કામ થવું.

૪. પ્રભુપ્રેમી થઈને જીવન વીતાવવું.

બૂરાઈરહિત થવાથી વિશ્વની સેવા થશે; ભલાઈ કરવાથી શરીર, પરિવાર અને સમાજની સેવા થશે; અચાહ થવાથી પોતાની સેવા થશે અને પ્રેમી થવાથી પરમાત્માની સેવા થશે. મતલબ કે વિશ્વશાંતિનો પ્રશ્ન હલ કરવો છે તો વિશ્વની સેવા કરો. વ્યક્તિગત શાંતિ જોઈએ તો અચાહ બનો. સામાજિક શાંતિ ઈચ્છતા હો તો યશાશક્તિ ભલાઈ કરો, પ્રભુસેવા કરવી હોય તો પ્રભુના પ્રેમી ભક્ત બનો.

વિશ્વશાંતિ લાવવા માટે ભાગીદાર, સહયોગી થવું પડશે. એને માત્ર વ્યાખ્યાનો; ધર્મ કે ઇઝ્મ સુધી સીમિત રાખશું તો એ માત્ર કલ્પના રહેશે. વિશ્વશાંતિને પોતાનો પ્રશ્ન બનાવો ને કટિબદ્ધ થઈ મંડી પડો.

ટૂંકાણમાં મનુષ્યજીવનમાં ઉદારતા પ્રથમ પગથિયે છે, સ્વાધિનતા બીજે પગથિયે અને અંતિમ પગથિયે છે પ્રેમ જ્યારે આ ત્રણે જાતનો વિકાસ સધાઈ જશે ત્યારે વ્યક્તિગત શાંતિ, સામાજિક શાંતિ અને વિશ્વશાંતિ એ ત્રણે પ્રશ્નો ઉકેલાઈ જવાના. આ માટે ટૂંકાણમાં બસ ! પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ કરો અને અપ્રાપ્ત પરિસ્થિતિનું ચિંતન છોડી દો.

15

# પ્રશ્નોત્તર સત્સંગ

*(સ્વામીજી જોડે સાધકોએ અનેક પ્રશ્નો પૂછી માર્ગદર્શન અને સમાધાન પ્રાપ્ત કરેલ છે. જે સર્વ સાધકોને, સર્વ કાલે મદદ કરે તેવા છે. તેવા થોડા પ્રશ્નોત્તર અહીં મૂકેલ છે.)*

પ્રશ્ન : મનની એકાગ્રતા કઈ રીતે પ્રાપ્ત થાય ?

સ્વામીજી : મનની એકાગ્રતાના ઉપાય અનેક છે, કારણ કે સાધકોની પ્રકૃતિ, યોગ્યતા અને વિશ્વાસ અલગ અલગ હોય છે. તેમ છતાં મુખ્ય સાધન છે વૈરાગ્ય. એટલે કે રાગનો અભાવ. એમ તો અભ્યાસ દ્વારા પણ મનની એકાગ્રતા થાય છે ખરી, પરંતુ માત્ર અભ્યાસ દ્વારા કરેલી એકાગ્રતા ટકતી નથી, એ ફરીથી ચંચળતામાં ફેરવાઈ જાય છે.

જ્યારે મનમાં બધી જ ઈચ્છાઓનો અભાવ થઈ જાય છે ત્યારે સ્વાભાવિક એકાગ્રતા પ્રાપ્ત થાય છે, જે ટકાઉ હોય છે. જે મનની ચંચળતાથી દુઃખી થઈ એકમાત્ર એકાગ્રતાનો ઈચ્છુક હોય છે કે જેને મન એકાગ્ર ન થાય ત્યાં સુધી તીવ્ર બેચેની રહે તેનું મન પણ અવશ્ય એકાગ્ર થાય છે.

તેમ છતાં એટલું જરૂર સમજજો કે જે સાધક કોઈ સ્થિતિને પામવાના હેતુથી કોઈ વસ્તુ, વ્યક્તિ કે ભાવમાં કર્તૃત્વભાવ સાથે મનને એકાગ્ર કરવા પ્રયત્ન કરે છે, તેનું મન સમય વીતે એકાગ્ર નહીં રહે. કારણ કે પ્રકૃતિનો એવો નિયમ છે કે કર્તાભાવ અને ભોક્તાભાવને કાયમ રાખી જે સ્થિતિ પ્રાપ્ત કરાય એનો અંત અવશ્ય થાય.

પ્રશ્ન : મનુષ્ય મરવાથી કેમ ભય પામે છે ?

ઉત્તર : શરીરને હું માનવાથી તથા મૃત્યુનો મહિમા ન જાણવાને કારણે જ મનુષ્ય મૃત્યુથી ડરે છે.

પ્રશ્ન : મૃત્યુનો મહિમા શું સમજવો ?

ઉત્તર : ઉત્પત્તિ, સ્થિતિ અને મૃત્યુ એટલે કે લય એ ત્રણે આમ અલગ અલગ જણાય છે, પરંતુ વિચાર કરતાં જણાશે કે આ ત્રણેમાં કોઈ ભેદ નથી. જેમકે બાલ્યાવસ્થાના વિનાશથી કિશોરાવસ્થાની ઉત્પત્તિ થાય છે અને યુવાની વૃદ્ધત્વ તરફ જાય છે. તેમ જીવનની દરેક

અવસ્થામાં દરેક સમયે પરિવર્તન થતું રહે છે. એક મૃત્યુ જ અન્ય જીવનનું કારણ બને છે. વળી સમજી લો કે આ સંસારમાં એવું બને કે કોઈ જ મૃત્યુ ન પામે તો જનસંખ્યા એટલી તો વધી જાય કે કદાચ રહેવા માટે આ પૃથ્વી પર જગા ન મળે અને દુઃખ એટલું તો વધી જાય કે કોઈ જીવવા જ ન ઈચ્છે. એટલા માટે જ મૃત્યુની આવશ્યકતા છે અને એ બહુ મહત્ત્વની ચીજ છે.

એક શરીરનો નાશ થવાથી જ નવું શરીર મળે છે. એટલે મૃત્યુ જ નવું જીવન પ્રદાન કરે છે. આવું સમજનાર બુદ્ધિમાન મનુષ્ય મૃત્યુથી ડરશે નહીં, પરંતુ એનું સ્વાગત કરશે. જેમ જૂનાં વસ્ત્ર ઉતારી નવું વસ્ત્ર પહેરવામાં કોઈ સમજદાર વ્યક્તિને ડર નથી લાગતો, પણ પ્રસન્નતા થાય છે. કારણ કે એને ખબર જ છે કે આમ કરવામાં હાનિ નથી લાભ જ છે. મૃત્યુનો ડર એ જ લોકોને લાગે છે, જે પોતાની વર્તમાન સ્થિતિનો સદુપયોગ નથી કરતા. કારણ કે વર્તમાનના સદુપયોગથી જ ભવિષ્ય ઉત્કૃષ્ટ અને આશાજનક બને છે. હવે જેણે પોતાના ભવિષ્યને આ રીતે ઉજ્જવળ બનાવી લીધું હોય તેઓ મૃત્યુથી શાને ડરે ? જેઓએ વર્તમાનનો દુરુપયોગ કર્યો હોય તેઓ જ મૃત્યુથી ભયભીત થાય છે.

પ્રશ્ન : મૂર્તિપૂજા ક્યાં સુધી કરવી જોઈએ ?

ઉત્તર : કોઈ પણ આસ્તિક ભક્ત મૂર્તિની પૂજા નથી કરતો, તે તો મૂર્તિમાં પોતાના ઈષ્ટદેવની પૂજા કરે છે. એટલા માટે જ્યાં સુધી પોતાનો ભાસ રહે ત્યાં સુધી પોતાના ઈષ્ટની પૂજા કરવી જોઈએ.

જ્યારે મનુષ્ય કોઈ પુસ્તક કે પત્ર વાંચે છે ત્યારે એ કાંઈ કાગળ કે શાહીને નથી વાંચતો, પરંતુ તેમાં લખેલ સંકેત દ્વારા એના અર્થને વાંચે છે. કાગળ, શાહી કે અક્ષર તો એ અર્થ સમજાવવાનાં ચિહ્ન માત્ર છે. જે અર્થ છે તે તો વાંચનારની બુદ્ધિમાં પરંપરાથી વિદ્યમાન છે. આ જ મુજબ ભક્ત મૂર્તિને સંકેત બનાવી પોતાની ઈષ્ટની પૂજા કરે છે, એ મૂર્તિની પૂજા નથી કરતો.

આ જ રીતે ગીતા વગેરે પુસ્તકો વિશે પણ સમજાવ્યું. વાંચનાર એને ભગવાનની વાણી સમજીને વાંચે છે અને એ ભાવથી જ એનો આદર કરે છે. શ્રી તુલસીદાસજી રામનામનો જપ કરતા હતા તો તેમના ભાવમાં પરમેશ્વર અને તેમનાં પૂર્ણ ઐશ્વર્ય, માધુર્ય, સૌંદર્ય વગેરે સમસ્ત ગુણો નામ-જાપમાં ભરપૂર હતા. તેઓ રામ અને બ્રહ્મ બન્ને કરતાં નામને વિશેષ માનતા હતા. છતાં એમના વિષયમાં કોઈ પણ એમ નહીં કહી શકે કે તેઓ

પરમેશ્વરનું સ્મરણ નહોતા કરતા, માત્ર શબ્દજાપ કરતા હતા. એટલા માટે સાધકે એ તો સમજી લેવું કે કોઈ પણ સાધન નીચલી કોટિનું નથી હોતું.

સાધકને જે સાધન પ્રિય હોય, જે એ પોતાની યોગ્યતા પ્રમાણે સુગમતાથી કરી શકે, જેનામાં એનો પૂર્ણ વિશ્વાસ હોય, જેનાથી એનામાં કોઈ પણ પ્રકારનાં સંદેહ બચવા ન પામે એ જ સાધન એના માટે સર્વ શ્રેષ્ઠ છે. કોઈ પણ પ્રકારનો સંદેહ ન રહેવાથી સાધકની બુદ્ધિ સાધનામાં લાગી જાય છે. પ્રેમ થવાથી હૃદય દ્રવિત થઈ ઊઠે છે. વિશ્વાસ હોવાને કારણે મનમાં કોઈ પ્રકારનો વિકલ્પ નથી રહેતો અને એમાં મન લાગી જાય છે. અતઃ સાધનમાં કોઈ નાનુંમોટું ન સમજવું.

મનુષ્ય ભલે ને કેવો પણ દીનહીન, મલિન કેમ ન હોય, કેટલોય પાપી કેમ ન હોય, તે જેવો પણ હોય, જે પરિસ્થિતિમાં હોય તેમાં જો વિશ્વાસપૂર્વક ભગવાનનો બની જાય અને તેમને મેળવવા માટે વ્યાકુળ થઈ ઊઠે. ભગવાનના વિયોગમાં એને કોઈ પણ પ્રકારે ચેન ન પડે, તો એને ભગવાન અવશ્ય મળે છે. માત્ર સાધકે કોઈ પણ પ્રકારના ગુણદોષનું અભિમાન ન રાખવું. ભગવાનને અને એમના પ્રેમને પ્રાપ્ત કરવા માટે સરળ વિશ્વાસપૂર્વક એમનાથી સંબંધ હોવો જોઈએ. જો કોઈ પણ પ્રકારનું ગુણનું અભિમાન ન હોય અને કોઈ પણ પ્રકારના દોષ ઉત્પન્ન ન થાય તો એવા સાધકથી ભગવાન દૂર નથી રહેતા.

પ્રશ્ન : ગીતામાં નિષ્કામ કર્મને પરમાત્માની પ્રાપ્તિનો ઉપાય કહ્યો છે. અમે લોકો તો ગૃહસ્થ છીએ. અમને લૌકિક ઉન્નતિની ચેષ્ટા કરતાં કરતાં નિષ્કામ થવું બહુ મુશ્કેલ લાગે છે, તો શું કરવું ? કઈ રીતે જીવવું ?

ઉત્તર : જુઓ લૌકિક ઉન્નતિ અને પારલૌકિક ઉન્નતિ અર્થાત ભગવદ્ પ્રાપ્તિનાં સાધન અલગ અલગ નથી. જે વાસ્તવિક રીતે જોતાં લૌકિક ઉન્નતિનું સાધન છે એ જ પારલૌકિક ઉન્નતિનું પણ સાધન છે. આ બન્નેમાં ભેદ માનીને જ લોકો પોતાના કર્તવ્યમાં ભૂલ કરી બેસે છે. વાસ્તવમાં લૌકિક ઉન્નતિવાળી વ્યક્તિ એ છે, જેની આવશ્યકતા બીજાને પડે. આ સંસારમાં જે મોટા માણસો લેખાય છે તેઓ પણ જેની પાછળ પાછળ ફરતા રહે અને એ વ્યક્તિ તેમની કોઈ વસ્તુનો પોતા માટે ઉપયોગ કરે તો પોતાને અહોભાગી સમજે.

જે મનુષ્ય બીજાથી કાંઈ લેવા ઈચ્છે, પોતાના સુખનો આધાર, બીજાને માને, બીજા લોકોથી આશા લગાવી રાખે તે શું ઉન્નતિશીલ કહેવાય ખરો ? એ તો ભલે કેટલોય વૈભવશાળી કેમ ન હોય, પરંતુ દરિદ્ર. ઉન્નતિશીલ તો એ છે જે પ્રાપ્ત વિવેકનો આદર કરે

અને બળનો સદુપયોગ કરે. જે બીજાના હિતમાં પોતાના તન, મન, ધનનું સર્મપણ કરે. લોભી મનુષ્ય ક્યારેય ઉન્નતિશીલ નહીં બની શકે.

વિચાર કરો, કે કર્મ કરવાનું વિધાન શા માટે છે ? મનુષ્યમાં જે જન્મજાત ક્રિયાશક્તિનો વેગ છે, એની કર્મ કરવામાં જે આસક્તિ છે, એ મટાડવા માટે જ કર્મનું વિધાન છે. એટલા માટે પોતાના સ્વભાવ અને પરિસ્થિતિ અનુસાર જે કર્મ કર્તવ્યના રૂપમાં પ્રાપ્ત થયું છે એને ખૂબ સાવધાની સાથે, ઉત્સાહપૂર્વક સાંગોપાંગ પૂરું કરી દો, પરંતુ એ કર્મના ફળસ્વરૂપે પ્રાપ્ત થનારા પદાર્થોથી પોતાનું મૂલ્ય અધિક સમજો. એના બદલામાં પોતાની જાતને વેચતા નહીં, કારણ કે જે વ્યક્તિ કર્મના બદલામાં પ્રાપ્ત થનારા ફળથી પોતાની કિંમત ઓછી કરી લે છે, ફળના બદલમાં પોતાને વેચી દે છે, એ ન તો વાસ્તવિક લૌકિક ઉન્નતિ કરી શકશે અને ન તો પારલૌકિક ઉન્નતિ કરી શકશે. એ તો વસ્તુઓની દાસતાને કારણે સદૈવ જીવનમાં અભાવનો અનુભવ કરશે.

વળી જે એમ સમજે કે જો મારે કર્મથી કાંઈ સ્નાનસૂતક જ નથી તો હું કર્મ શા માટે કરું એ પણ કર્મને બરાબર નહીં કરી શકે. એ આળસુ, પ્રમાદી બની જશે. એ જ રીતે જે ફળની લાલચથી કર્મ કરે છે, એનું લક્ષ્ય પણ કર્મની સુંદરતા પર નહીં રહે. કારણ કે લોભને વશ થઈને એ કર્મમાં અનેક ત્રૂટિઓનો સમાવેશ કરી લેશે. કર્મને સાંગોપાંગ તો એ કરી શકે જેના મનમાં ફળનો લોભ ન હોય, પરંતુ કર્તવ્યકર્મને સાંગોપાંગ પૂરું કરવું એ જ જેનો ઉદ્દેશ હોય.

કર્મનું જે ફળ દેખાશે તે તો કર્તા ઈચ્છશે તોપણ થશે અને નહીં ઈચ્છે તો પણ થવાનું. તમે ઈચ્છો કે ન ઈચ્છો એનાથી એનામાં કોઈ અંતર નહીં પડે. જેમ કે ભોજન કરવાથી ભૂખની નિવૃત્તિ તો બન્નેની થશે જ, પરંતુ જે સ્વાદની લાલચે ભોજન કરશે તે કર્મના વિધાન મુજબથી વિપરીત વસ્તુઓ ખાઈને પોતાનું અહિત કરશે. આ જ પ્રકારે વેપારમાં પણ સમજી લેવું જોઈએ. વેપારમાં પણ નફો-નુકસાન જે કાંઈ થવાના હોય તે થશે, પરંતુ જે મનુષ્ય લાભની લાલચથી અને હાનિના ભયથી જોડાઈને વેપાર કરશે તે એ વેપારમાં એ નિયમોનું પણ યથાયોગ્ય પાલન નહીં કરી શકે, જેનું પાલન લૌકિક ઉન્નતિની દૃષ્ટિએ આવશ્યક છે.

આનાથી એ સિદ્ધ થયું કે નિષ્કામ કર્મમાં કોઈ તકલીફ નથી, એ તો સકામ કર્મની સરખામણીએ સુગમ છે, અને એ જ લૌકિક ઉન્નતિનો ઉપાય પણ છે.

જે સંપત્તિવાન મનુષ્ય લોભને વશ થઈ તે સંપત્તિનો સદુપયોગ નથી કરતો, એનાથી નિર્ધનોના અભાવને દૂર નથી કરતો તે મનુષ્યને આ લોકમાં કોઈ ઉન્નતિશીલ નથી માનતું. એ જ રીતે નિર્ધન મનુષ્ય પણ જો ધનની કામનાનો ત્યાગ નહીં કરે તો તે સુખી નહીં થઈ શકે. એટલે લૌકિક ઉન્નતિ મેળવવા માટે પણ બધા પ્રકારની કામનાઓનો ત્યાગ આવશ્યક છે.

જે સાધક પોતાના સ્વભાવ અને પરિસ્થિતિને અનુરૂપ કર્તવ્ય રૂપે જે કર્મ પ્રાપ્ત થયું હોય તેને કોઈ પણ પ્રકારના ફળની આશા રાખ્યા વિના યોગ્ય રીતે એ રીતે પૂરું કરે છે જે રીતે કરવું જોઈએ. એમાં એ આળસ કે પ્રમાદને વશ થઈ કોઈ પ્રકારની ત્રૂટિ નથી કરતો. જેમ કે શૌચ જવું, સ્નાન કરવું, આજીવિકાના કર્મ કરવાં, સેવારૂપ કર્મ કરવાં, ભોજન કરવું, શયન કરવું વગેરે જેટલાં પણ આવશ્યક કર્મ છે તે બધાંને યશાવશ્યક સમય પર સારી રીતે કુશળતા અને ઉત્સાહપૂર્વક સંપન્ન કરે છે. તે કર્તવ્યપાલનથી એની ક્રિયાશક્તિનો વેગ અને કર્મ કરવાની આસક્તિ મટતી જાય છે. એનું ચિત્ત શુદ્ધ થઈ જાય છે. એની ભોગવાસના નષ્ટ થઈ જાય છે. કોઈ પણ પ્રકારની ઈચ્છા ન રહેવાથી ચિત્ત નિર્વિકલ્પ બની જાય છે. પછી યોગથી સામર્થ્ય, વિવેકથી બોધ અને વૈરાગ્યથી ભગવત્ પ્રેમની પ્રાપ્તિ થઈને એનો પરલોક પણ સુધરી જાય છે.

પ્રશ્ન : ભગવાને ગીતામાં એમ કહ્યું છે કે શરીરરૂપી યંત્ર પર ચડેલા પ્રાણીઓના હૃદયમાં સ્થિત પરમાત્મા એમને ફેરવે છે. મતલબ કે કર્મ કરાવે છે, તો પછી એનું ફળ મનુષ્યોને કેમ ભોગવવું પડે છે?

ઉત્તર : ક્રિયામાં અને કર્મમાં ફર્ક છે. એ શબ્દને સમજી લેશો તો આ પ્રશ્ન હલ થઈ જશે. ક્રિયા એટલે જેમાં કોઈ કર્તા નથી, તેથી આપોઆપ થાય છે. એને કરવામાં નથી આવતી. દા.ત. હવા દ્વારા વૃક્ષના પાંદડાઓનું હાલવું. પરંતુ કર્મ એ છે કર્તા દ્વારા રાગદ્વેષપૂર્વક કરવામાં આવે છે. આથી સાધકનો જ્યારે સાચોસાચ એ ભાવ બની જાય કે જે કાંઈ થઈ રહ્યું છે, તે ઈશ્વરની શક્તિ અને પ્રેરણા દ્વારા થઈ રહ્યું છે. મારો એની સાથે કોઈ જ સંબંધ નથી. એ ભાવથી જે પોતાને સર્વથા અસંગ સમજી લે છે એ ન તો એ કર્મનો કર્તા બને છે અને તેથી એ કર્મમાં આસક્ત નથી થતો એટલે કર્મનો ભોક્તા પણ નથી બનતો. એના કર્મ ક્રિયારૂપ બની જાય છે. તેથી એનું કોઈ કર્મફળ નહીં બને. પરંતુ સામાન્ય રીતે તો મનુષ્ય સ્વયં કોઈ પણ કર્મનો કર્તા બને છે. એ તો કરવામાં આસક્તિ રાખી કોઈ ને કોઈ

ઈચ્છિત કર્મફળની આશા પણ રાખે છે. આથી એને કર્મફળ ભોગવવું જ પડશે. કારણ કે જે કર્તા છે એ જ ભોક્તા છે. જે કર્તાભાવે કર્મફળની આશા રાખે છે, તે કર્મફળ ભોગવે પણ છે.

પ્રશ્ન : ગાંધીજીના વિશે તમે શું માનો છો ?

ઉત્તર : તેઓ કઈ સ્થિતિ સુધી પહોંચ્યા હતા તે તો કાં તો એ જાણે છે અને કાં તો પરમેશ્વર. હું તો એટલું કહી શકું છું કે તેઓ મારાથી સારા હતા. ઈશ્વર-નિર્ભરતા અને માનવતા એમના જીવનમાં આદર્શરૂપ હતી. ઈશ્વર-વિશ્વાસ જ બધાં સાધનોનું મૂળ છે. વિશ્વાસ વિના સાધનરૂપ જીવનમાં ઉત્સાહ અને સફળતા નથી મળતી.

પ્રશ્ન : ભગવાનના નામનો જાપ કરવો એ જ ભક્તિ છે કે બીજું કાંઈ ?

ઉત્તર : જેના પ્રત્યે પ્રેમ હોય છે એના નામનો જપ નથી કરવો પડતો. વિચાર કરી જુઓ, સંસારિક સંબંધોમાં સ્ત્રી,પુત્ર, મિત્ર વગેરેમાં તમારો પ્રેમ હોય છે, તો શું તમે તેનો જાપ કરો છો ? જેને ધન પ્રિય હોય એ શું ધનનો જાપ કરે છે ? જેના પ્રત્યે પ્રેમ હોય તેનું સ્મરણ અને ચિંતન આપમેળે થયા કરે છે, એ કરવું નથી પડતું. કારણ કે પ્રેમ છે તે પ્રયત્નસાધ્ય નથી, એ તો ભગવાનને પોતાના સમજી એમના પર વિશ્વાસ કરી પોતાની જાતને તેમનાં ચરણોમાં સમર્પિત કરવાથી થાય છે.

એનાથી એમ નહીં સમજતા કે નામજપ ન કરવો જોઈએ. જેના નામ પર વિશ્વાસ હોય તેના માટે નામજપ બહુ લાભકારક છે. મારો કહેવાનો અભિપ્રાય માત્ર એટલો જ લેજો કે માત્ર નામજપ જ ભક્તિ છે એવું નથી.

પ્રશ્ન : ગુરુનું ઋણ ચૂકવવા માટે મનુષ્યે શું કરવું જોઈએ ?

ઉત્તર : જેના દ્વારા આપણને આપણા કર્તવ્યનું જ્ઞાન પ્રાપ્ત થાય અર્થાત બીજા અર્થમાં જે આપણી સાધના માટે સાધનનિર્માણ કરી દે એ જ ગુરુ છે અને ગુરુનું ઋણ ચૂકવવા માટે તેમણે જે સાધન દર્શાવ્યું હોય તેને સંપૂર્ણ રીતે જીવનમાં ઓતપ્રોત કરી એ મુજબ જ જીવન જીવવું એ જ ગુરુના ઋણમાંથી મુક્ત થવું ગણાય, કારણ કે ગુરુને એ જ પ્રસન્ન કરે.

હાડ-માંસનું જે ગુરુનું શરીર છે તે ગુરુ નથી, પરંતુ ગુરુમાં જે દિવ્ય જ્ઞાન છે એ ગુરુતત્ત્વ જ ગુરુ છે. એ ગુરતત્ત્વને આદર આપી એ પ્રમાણે જીવનનિર્માણ કરવું એ જ શિષ્યનું શિષ્યત્વ છે.

મનુષ્યને ગુરુતત્ત્વની પ્રાપ્તિ ચાર રીતે થાય છે.

૧. વિવેક : પહેલો ગુરુ છે ભગવાનની કૃપાથી મળેલ વિવેક એટલે સારાસાર સમજવાની શક્તિ. એના દ્વારા દરેક મનુષ્ય પોતાના સાધનનું નિર્માણ કરી શકે છે. જે પ્રાપ્ત વિવેકનો આદર કરે છે તે સાધકને બાહ્ય સદ્‌ગુરુની જરૂરત નથી પડતી. જે વિવેકનો આદર નહીં કરે તે બીજા ગુરુને મેળવીને પણ સાધન નિર્માણ નહીં કરી શકે.

૨. વ્યક્તિ ગુરુ : બીજા ગુરુ વ્યક્તિના રૂપમાં મળે છે. જેને સાધારણ અર્થમાં લોકો ગુરુ માનતા હોય છે. જ્યારે મનુષ્ય પોતાને પ્રાપ્ત વિવેકનો આદર ન કરે અને સદ્‌ગુરુની આવશ્યકતાનો સતત અનુભવ કરી તેમને મેળવવાની ચેષ્ટા કરે ત્યારે તેને વ્યક્તિના રૂપમાં ગુરુની પ્રાપ્તિ થાય છે. એમની કૃપાથી સાધક એમના ઉપદેશને અનુસરી સાધન નિર્માણ કરી શકે છે.

૩. ગ્રંથ રૂપે ગુરુ : ત્રીજી રીતે ગુરુ ગ્રંથના રૂપમાં પણ મળે છે. જ્યારે મનુષ્યની કોઈ વ્યક્તિ પર શ્રદ્ધા ન બેસે અને તે કોઈના પણ બતાવેલ સાધન અનુસાર પોતાનું જીવન નિર્માણ ન કરી શકે ત્યારે સત્‌શાસ્ત્રને અર્થાત ગીતા-રામાયણાદિ સત્‌પુરુષો દ્વારા રચાયેલા શાસ્ત્રોને ગુરુના રૂપમાં સ્વીકારે છે અને એ શાસ્ત્રોના ઉપદેશ અનુસાર પોતાના સાધનનું નિર્માણ કરી તેને અનુકૂળ પોતાનું જીવન બનાવે છે.

૪. સત્સંગ : ચોથો ગુરુ સત્સંગ છે, જેમાં પોતાના દોષોને સાથે રાખી પરસ્પર વિચાર-વિનિમય દ્વારા એના પર વિચાર કરી સાધનનું નિર્માણ સાધી શકાય છે. ત્યારબાદ એ અનુસાર સાધક પોતાનું જીવન ઘડી શકે.

એટલે એમ સાબિત થાય છે કે સાધનતત્ત્વ એ જ ગુરુતત્ત્વ છે અને સાધ્યતત્ત્વ છે. જેમ ધન કરતાં ધનની પ્રાપ્તિના સાધનનું અધિક મહત્ત્વ ગણાય તે જ રીતે સાધ્ય (ભગવાન) કરતાં સાધન (ગુરુ)નું મહત્ત્વ અધિક છે. આ ભાવને લઈને જ ગુરુને ભગવાનથીય મોટા દર્શાવાય છે. જોકે ગુરુના શરીરની સેવા કરવી એ પણ શિષ્યનું કામ છે, તેમ છતાં ગુરુની અસલી સેવા તો છે એમની આજ્ઞા અનુસાર જીવન જીવવું.

શ્રદ્ધા ગુરુમાં કરવી જોઈએ અને પ્રેમ ભગવાનમાં કરવો જોઈએ. ગુરુ પણ આ જ વાત શીખવે છે.

પ્રશ્ન : મોહ અને પ્રેમ વચ્ચે શો ભેદ છે ?

ઉત્તર : મોહનો સંબંધ શરીર સાથે હોય છે, પ્રેમનો સંબંધ આત્મા અને પરમાત્મા સાથે હોય છે. મોહથી મનુષ્ય વિયોગકાળમાં દુઃખી થાય છે, પરંતુ પ્રેમ વિયોગકાળમાં વધુ ચમકી ઉઠે

છે. મોહ ફસાવે છે. જ્યારે પ્રેમ બધી જાતનાં બંધનોથી છુટકારો અપાવે છે.

પ્રશ્ન : દીનતા તથા અભિમાન કેવી રીતે છૂટે ?

ઉત્તર : પરમાત્મા સન્મુખ દીન થવું એ દીનતા નથી. તેને મિટાવવાની જરૂરત નથી. દીનતા તો એ મિટાવવાની છે જેને લઈને મનુષ્ય સંસારની દૃષ્ટિએ દીન બની રહે છે. પોતાથી વધારે દુઃખી જોઈ દીનતાનું દુઃખ અને પોતાથી વધુ સુખી જોઈ અભિમાન જાય છે, પરંતુ એ અસલી ઉપાય નથી. પરમાત્માના સંબંધમાં જે દીનતા અને અભિમાનને મટાડવામાં આવે, તે જ બધી જાતની દીનતા અને અભિમાનીને મિટાવી દે છે. ભાવ એ છે કે પોતાને ભગવાનનો સમજવાથી બાદમાં દીનતા નથી રહેતી અને બધાને ભગવાનના સમજી લીધા બાદ કોઈ પણ વસ્તુ, પરિસ્થિતિ કે શક્તિ વગેરેનું અભિમાન નથી રહેતું. જે વ્યક્તિ સન્માનને યોગ્ય ન હોય તે છતાં પણ સન્માન ઈચ્છે તે માનની દાસતામાં ફસાઈ જાય છે. તે ઉન્નતિ નથી કરી શકતો.

પ્રશ્ન : વિદ્યા અને કેળવણીમાં શો ફેર છે?

ઉત્તર : વિદ્યા અને કેળવણીમાં ઘણો ફર્ક છે. જે વાતને પંડિત ભણીને શીખે છે તે વાત સંત અનુભવથી જાણે છે. શીખેલી વાત સ્મૃતિના રૂપમાં હોય છે. જ્યારે જાણેલી વાત જીવન બની જાય છે. ચિત્ત શુદ્ધ થયા બાદ જે જ્ઞાન પ્રાપ્ત થાય એ જ યોગ્ય જ્ઞાન છે. માત્ર શિક્ષણ દ્વારા જે જાણકારી મળે છે એ જ્ઞાન નથી. એનાથી તો અભિમાન વધે છે, જે સાધનામાં વિઘ્ન ઊભું કરે છે.

પ્રશ્ન : બાળકો પોતાનું ધાર્યું કરે છે. કહીએ છીએ તે વાત નથી માનતાં, આના માટે શું કરવું જોઈએ ?

ઉત્તર : બાળકોને કાંઈ જ ન કહો, એમને કહેવું હોય તે કરીને દર્શાવો તો તમારા જીવનની તેના પર અસર થશે. જે કાંઈ જરૂરી કરવાનું હોય તે ચૂપચાપ કરતા રહો. થોડા દિવસ બાદ તેમનો સ્વભાવ બદલાઈ જશે. તમે તમારા પોતાના બાળપણને ભૂલી ગયા છો, એને યાદ કરો.

પ્રશ્ન : જીવનમાં સંતોષ કેમ આવે ?

ઉત્તર : જેવી રીતે પિતા પોતાના સંતાનને યોગ્ય બનાવી દે છે ત્યારે પિતૃઓના ઋણમાંથી મુક્ત થઈ સંતુષ્ટ થઈ જાય છે. તેવી જ રીતે જ્યારે વ્યક્તિ પોતાના કર્તવ્યનું પાલન કરી સંસારના અધિકારને પૂર્ણ કરી દે છે ત્યારે એનાથી ઋણમુક્ત થઈ જાય છે અને તેથી સંતુષ્ટ થઈ જાય છે.

પ્રશ્ન : ભગવાન આપણને પ્રેમ કરે છે તેની જાણ કઈ રીતે થાય ?

ઉત્તર : જયારે ભગવાન પર વિકલ્પરહિત વિશ્વાસ અને આત્મીય સંબંધ બંધાય ત્યારે આની જાણ જરૂર થાય.

જેવી રીતે એક મા પોતાના સંતાન માટે તડપે છે, તે જ રીતે ભગવાન પણ પોતાના ભક્ત માટે તડપે છે. બાળક લંગડું, કાણું, બદસૂરત કે અંધ હોય તો પણ મા બાળકને પ્રેમ કરે જ છે. બાળક પણ એમ સમજે છે, મારી મા છે એટલે મને પ્રેમ મળશે જ. એને એવો શક નથી થતો કે હું કાણો, લૂલો, લંગડો, અંધ અથવા કુરુપ છું એટલે મા મને પ્રેમ નહીં કરે. ભગવાનમાં તો મા કરતા પણ અનંતગણું વાત્સલ્ય હોય છે. એટલે એ ભક્તની રક્ષા કરશે જ એમાં વળી કહેવાનું શું ? એટલા માટે જ એકમાત્ર ભગવાનને જે પોતાના માને છે, એને પ્રભુપ્રેમ પ્રાપ્ત થાય છે. આ ભક્તોની અનુભવેલી વાત છે.

પ્રેમી ભક્તને પરમાત્મા ખુદ શોધે છે. ભક્ત ઈશ્વરને શોધવામાં પોતાને અસમર્થ માને છે. વિચારશીલ સાધક ઈશ્વરની ખોજ કરે છે. આ જ વિચારમાર્ગ અને પ્રેમમાર્ગ વચ્ચેનો તફાવત છે. પ્રેમ મન-ઈન્દ્રિયોનો વેપાર નથી, એ તો વિશ્વાસ અને આત્મીય સંબંધથી પ્રાપ્ત થાય છે.

# 16 સત્સંગ પ્રસંગ અને પ્રશ્નોત્તર

સ્વામી શરણાનંદજીના જીવનમાં એવી અનેક ઘટનાઓ છે, જેનાથી આપણને એમની ઈશ્વર પ્રત્યેની અવિચળ આસ્થાની તથા અનન્ય શરણાગતિની ભાળ મળે છે. જ્યારે પણ તેઓ વૃંદાવનમાં હોય તો પ્રતિદિન તેઓ શ્રી બાંકેબિહારીજીના દર્શને અવશ્ય જતા. એક દિવસ કોઈ મિત્રે એમને અચાનક પૂછ્યું કે 'મહારાજજી, તમે જોઈ તો શકતા નથી. એટલે ઈશ્વરદર્શન પણ નથી કરી શકતા તો પછી આપ મંદિરમાં શા માટે જાઓ છો ?' શ્રી મહારાજજીએ જવાબ આપ્યો, 'અરે ! ભલા માણસ ! થોડું તો વિચાર, મારી આંખો નથી એ વાત સાચી, પણ શું ઠાકોરજીને આંખ નથી ? અરે ! હું તેમને નથી જોઈ શકતો પરંતુ તેઓ તો મને જોઈ શકે છે ને ? મને જોઈને તેમને પ્રસન્નતા થાય છે, એટલે હું મંદિરે જાઉં છું.' કેટલો સજીવ વિશ્વાસ હતો મહારાજજીનો !

✣

બીજા એક પ્રસંગની વાત છે. સ્વામીજી મહારાજ ટ્રેનમાં બેસી પ્રવાસ કરી રહ્યા હતા. એ સમયે ઈસાઈ મતનો કોઈ પાદરી પણ ત્યાં આવીને બેઠો. થોડા સમય પછી એણે સ્વામીજીને પૂછ્યું, 'તમે મસીહાને ઓળખો છો ?' મહારાજશ્રીએ સહજ ભાવે પ્રત્યુત્તર વાળ્યો, 'જી હા, હું જાણું છું.' પાદરી સાહેબે ફરીથી પ્રશ્ન પૂછ્યો કે, 'મસીહા સંબંધમાં આપ શું જાણો છો ?' આ પ્રશ્ન સાંભળી અતિ પ્રસન્નતાથી અને ઊંડા આત્મવિશ્વાસથી રણકતા અવાજે મહારાજશ્રી બોલી ઉઠ્યા, 'મસીહા ખુદા કે પુત્ર હૈં ઔર મૈં ખુદા કા દોસ્ત હૂં ઈસલિયે મસીહા મેરા સગા ભતીજા હૈ. મૈં ઉસકો અચ્છી તરહ જાનતા હૂં' એક ભગવા વસ્ત્રધારી હિન્દુ સંન્યાસી ઈસામસીહને પોતાના સંબંધી માને છે અને આત્મીયતાને નાતે તેમને પ્રેમ પણ કરે છે. આવા સંબંધની કલ્પના પાદરી સાહેબને તો ક્યાંથી આવે ? શ્રી મહારાજજીનો જવાબ સાંભળીને પાદરી સાહેબ અવાક બની ગયા.

✣

શ્રી સ્વામીજી મહારાજને સંન્યાસ દેવાવાળા ગુરુએ એકવાર વિદાય વખતે કહી દીધું કે 'બેટા !

જબ તુમ આઝાદ હો જાઓગે તો સારી પ્રકૃતિ તુમ્હારી સેવા કે લિયે લાલાયિત રહેગી. ચરાચર જગત તુમ્હારી આવશ્યકતા પૂર્તિ કે લિયે તૈયાર રહેગા. વૃક્ષ તુમ્હેં ફલફૂલ દેંગે ઔર ખૂંખાર શેર તુમ્હેં ગોદમેં લેકર તુમ્હારી રક્ષા કરેંગે.' આટલું કહી સદ્‌ગુરદેવે સ્વરચિત દોહો સંભળાવ્યો,

**જીતેજી મર જાય, અમર હો જાવે, દિલ દેવે, સો દિલબર કો પાવે.**

શ્રી સ્વામીજી મહારાજે આ ગુરુવાણીને જીવનભર સર્વાંશે ધારણ કરી જીતેજી મર જાય અર્થાત અકિંચન, અચાહ, અપ્રયત્ન થઈ જવું, 'દિલ દેવે' અર્થાત માત્ર પ્રભુને પોતાના માની પ્રભુને પોતાની જાત સમર્પિત કરવી. તેઓ જીવનભર આ જ રીતે રહ્યા.

✣

૧૯૨૧માં દેશની સ્વતંત્રતા માટે અસહયોગના આંદોલનનો આરંભ થયો. 'શરીર વિશ્વરૂપી વાટિકાનું ખાતર છે.' એ સત્ય જેમણે અનુભવેલું તેવા આ સેવાભાવી સંત દેશસેવાનો અવસર કઈ રીતે જવા દે ! તેઓ તો સ્વતંત્રતા આંદોલનમાં કૂદી પડ્યા. એક દિવસ એમના ગુરુદેવના એક મિત્ર સંત મહારાજશ્રીને આંદોલનમાં વ્યસ્ત જોઈ એમની પાસે આવ્યા અને ખૂબ પ્રેમથી પૂછ્યું, 'બેટા ! ક્યા , તુમને ઈસીકે લિયે ઘર છોડા થા?' શ્રી શરણાનંદજી મહારાજે ખૂબ દૃઢતાથી સ્પષ્ટ ઉત્તર આપ્યો, 'બિલકુલ નહીં ! દેશની સેવા કરવાના રાગને હું વિચારથી ન મિટાવી શક્યો. એટલા માટે આ કાર્યમાં લાગ્યો છું.' સંતે ફરી પૂછ્યું, 'તારી શી હાલત છે?' એમણે પ્રત્યુત્તર વાળ્યો કે 'મૈં સર્વકાલ મેં અપની અખંડતામેં સ્થિત હૂં. મૈં કરતા-કરાતા કુછ ભી નહીં.' સેવામાં મશગૂલ રહ્યા છતાંયે તેમના દેહાતીત આનંદની અખંડતા અક્ષુણ્ણ રહેતી હતી.

✣

વિશ્વ વિખ્યાત દાર્શનિક અને પ્રખર ચિંતક શ્રી જે. કૃષ્ણમૂર્તિ અને શરણાનંદજી મહારાજ વચ્ચે થયેલ વાતચીત દરેક રીતે અનોખી હતી. કારણ કે એક તરફ શ્રી જે. કૃષ્ણમૂર્તિમાં પરંપરાગત અથવા રૂઢિવાદી માન્યતાઓની કોઈ સ્વીકૃતિ નથી, પરંતુ સતત એક નિષેધાત્મક વલણ જ દેખાય છે. જ્યારે બીજી તરફ સ્વામીજી વિધિ-નિષેધના વિસ્તારના સર્વાંગી સ્પર્શ છતાં કેન્દ્ર પર દૃષ્ટિ કરી સમન્વિત રીતે અભિવ્યક્ત થાય છે. આ ઘટના સ્વામીજીના મહાપ્રયાણના થોડા સમય પહેલાંની છે.

માનવતાના પૂજારી અને મૂર્ધન્ય મનીષી સ્વામીજી કારમાંથી ઊતરે તે પહેલાં જ શ્રી કૃષ્ણમૂર્તિજીએ સ્વયં આવીને કારનો દરવાજો ખોલી, સ્વામીજીને આવકારી સૌહાર્દપૂર્વક પગથિયાં ચડી તેમને સભાખંડ સુધી દોરી લાવ્યા. પગથિયાં પર એક ફૂલદાની પોતાના સ્થળેથી ખસી પડી

ગયેલી તે કૃષ્ણમૂર્તિજીએ વાયુવેગે નમીને સીધી કરી. સાથમાં ચાલી રહેલ દુભાષિયાએ આ વાત સ્વામીજીને કરી. સભાભવનમાં જઈને શ્રી કૃષ્ણમૂર્તિજીએ સ્વામીજીને પોતાના માટે રાખેલ વિશેષ ખુરશી પર માનભેર બેસાડ્યા અને પોતે એક સાધારણ ખુરશી પર બેસી ગયા. થોડા મૌનની ક્ષણોમાં અલૌકિક શાંતિ પ્રસરી રહી, તે પછી થોડીવારે સ્વામીજીએ મૌનભંગ કરી પૂછ્યું, 'કૃષ્ણમૂર્તિજી, આપ દરેક વાતનો નિષેધ કરો છો તો શું આપ અંતમાં અભાવનો સ્વીકાર કરો છો ?' એ સાંભળતા જ કૃષ્ણમૂર્તિજી ઝડપથી બોલ્યા, 'નહીં ! નહીં !! લાઈફ (જીવન) છે ને !' સ્વામીજીએ સહજ સરળતાથી નિર્દોષ હાસ્ય સાથે કહ્યું, 'જેને તમે લાઈફ કહો છો એને જો હું પરમાત્મા કહું તો આપને આપત્તિ શા માટે થવી જોઈએ?' મુલાકાતમાં દીર્ઘ મૌન ફેલાઈ રહ્યું. બન્ને મહાપુરુષોએ જાણે પોતા વચ્ચે અદ્‌ભુત સામ્યનો અનુભવ કર્યો. જેમાં વિરોધ-વૈષમ્યને કોઈ જગા જ ન બચી.

થોડી ક્ષણોના મૌન બાદ સ્વામીજીની વાણી ફરી મુખરિત થઈ અને તેઓએ પૂછ્યું, 'કૃષ્ણમૂર્તિજી, જ્યારે એક વિચાર સમાપ્ત થાય અને બીજા વિચારનો ઉદય થાય એ સંધિકાળમાં આપ ક્યાં રહો છો ?' હવે શ્રી કૃષ્ણમૂર્તિજી સ્વામીજીના મુખમંડળ તરફ ધ્યાનથી જોઈ રહ્યા અને એક આશ્ચર્યકારક ગંભીરતાથી તેઓ બોલ્યા, 'હું આના પર વિચાર કરીશ.'

સ્વામીજી ત્યારબાદના એક સત્સંગમાં કહે છે, 'ભગવાન વિરુદ્ધ જે અવાજ ઊઠે છે, ને એ તર્કથી નથી ઊઠતો, એ તો ઊઠે છે ભગવાનમાં માનવાવાળાનાં દુષ્ચરિત્રોને કારણે. જો ભગવાનને માનનાર યોગ્ય વ્યક્તિ હોય તો ભગવાન વિરુદ્ધ કોઈ બોલી જ નહીં શકે.'

✣

ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુ જોડે સ્વામીજીનો સત્સંગ પ્રસંગ એ રીતે બન્યો કે કોઈ મિત્ર દ્વારા પ્રેરણાવશ સ્વામીજી રાષ્ટ્રપતિ ભવન ગયા. ત્યાં તેમના પરિચિત મહાકવિ શ્રી મૈથીલીશરણ ગુપ્ત પણ હાજર હતા. પ્રશ્ન-ઉત્તરનો એ સત્સંગ હતો. સ્વામીજીએ શિષ્ટાચારને નાતે વાત શરૂ કરી. ગુપ્તજીને કહ્યું, 'આપ કોઈ પ્રશ્ન કરો.' રાજેન્દ્રબાબુએ વિનમ્રતાથી કહ્યું કે 'પથ પ્રદર્શન કરો.'

સ્વામીજીનો જવાબ હતો, 'ચાલવાની રુચિમાં જ પથનું દર્શન છુપાયેલું છે, પથ દેખાઈ રહે છે.' આ વાત પરથી શ્રી રાજેન્દ્રબાબુએ પ્રશ્ન પૂછ્યો કે 'સ્વામીજી, ચાલવાની રુચિ પણ છે, પથ પણ દેખાય છે તેમ છતાં તેના પર અમે ચાલી નથી શકતા.' તેમણે બહુ સુંદર અને સાચી વાત કહી. આ વાત માત્ર તેમની થોડી છે, આ તો આપણા બધાની, સાધકોની પણ એ જ વાત છે.

સ્વામીજીએ ઉત્તર આપ્યો, 'ન ચાલી શકવાની વેદનામાં જ ચાલવાનું સામર્થ્ય છુપાયેલું છે.' રાજેન્દ્રબાબુ પ્રસન્ન થઈ ગયા.

✤

આવો જ અદ્‌ભુત પ્રસંગ જે એમણે દરેક પ્રવૃત્તિ સર્વહિતકારી કરવાની વાત કરી છે તેને લગતો છે. આ પ્રસંગ પૂ. દેવકીજી જોડે બનેલો.

એક વખત મહારાજશ્રી પોતાના સત્સંગીઓ સહિત હરદ્વાર ગયેલા. ત્યાં તેઓએ ગંગાસ્નાનનો કાર્યક્રમ કર્યો. મહારાજશ્રી બધા સાથી જોડે અતિ આનંદથી ગંગા મૈયાના પુનિત પ્રવાહમાં સ્નાન માટે ઊતર્યા ત્યારે તેમને ખ્યાલ આયો કે દેવકીજી કિનારે બેઠાં હતાં. તેઓ સ્નાન કરવા ગંગાજીમાં નહોતાં આવ્યાં. આના પરથી મહારાજશ્રીએ દેવકીજીને કહ્યું,'લાલી, તું પણ સ્નાન કરવા આવ.' ત્યારે દેવકીજીએ કહ્યું કે, 'મહારાજશ્રી, મને આ ક્રિયામાં શ્રદ્ધા નથી.' ખરું કારણ એ પણ હતું કે દેવકીજીને ત્યારે ચામડીનો રોગ હતો જેથી ઠંડા પાણીના સ્પર્શથી એમના શરીરે ફોલ્લીઓ ઊઠી આવતી. દેવકીજીએ ના કહી તેમ છતાં મહારાજશ્રીએ તેમનો આગ્રહ ચાલુ રાખ્યો ત્યારે દેવકીજીએ પોતાને શ્રદ્ધા ન હોવાનું તથા ચામડીના રોગની વાત કરી. હવે મહારાજશ્રી ગુરુરૂપે પ્રગટ થયા અને તેમણે આજ્ઞા કરી કે 'દેવકીજી, ઊતરો સ્નાન કરવા. અરે ! તમારી શ્રદ્ધા નથી, તમે નથી માનતા એ સાચું, પરંતુ શું તમે એ હજારો-લાખો લોકોને યાદ કરીને પણ સ્નાન નથી કરી શકતાં કે જેઓની ગંગામૈયામાં અતૂટ શ્રદ્ધા હોવા છતાં કોઈને કોઈ કારણથી - આર્થિક, સામાજિક, શારીરિક, તેઓ હજુ સુધી ગંગાજી સુધી પહોંચ્યાં નથી ? લાલી ! એવા અસમર્થ લોકોને યાદ કરી, તેમના માટે સ્નાન કર. બાજુએ મૂક તારા અંગત વિચાર.' દેવકીજી લખે છે, પછી તો ગુરુઆજ્ઞાએ તેઓ ભાગીરથી પ્રવાહમાં ઊતર્યાં. તેમના આશ્ચર્ય વચ્ચે હજારો અસમર્થોને તેમણે તેમની ડૂબકી સાથે ગંગામાં સ્નાન કરતાં નિહાળ્યાં. એટલું જ નહીં, જે રોગથી તેઓ પીડાતાં હતાં. એને લગતી કોઈ જ પ્રતિક્રિયા એમના શરીર પર પણ ન થઈ.

17

# થોડા વિશેષ પ્રશ્નોત્તર

### રોગ સંબંધી પ્રશ્નો

પ્ર. : શારીરિક રોગ આવે ત્યારે દુઃખ શા માટે થાય છે ?

ઉ. : 'હું શરીર છું' અથવા 'શરીર મારું છે' એવું સમજવાથી દુઃખ થાય છે.

પ્ર. : રોગીને દુઃખથી પરેશાની ન થાય એ માટે શું કરવું જોઈએ ?

ઉ. : રોગ પ્રાકૃતિક તપ છે એવું માનીને તેનો હર્ષપૂર્વક સ્વીકાર કરવાથી પરેશાની દૂર થઈ જશે.

પ્ર. : રોગી વ્યક્તિએ રોગાવસ્થામાં શું કરવું જોઈએ ?

ઉ. : પ્રત્યેક અવસ્થામાં સાધકે પ્રભુની અહૈતુકી કૃપાનો અનુભવ કરવો અને હૃદયને પ્રીતિથી ભરપૂર રાખવું. શરીરના રહેવા કે ન રહેવાથી ખરેખર તો સાધકોને કોઈ લાભ-હાનિ નથી થતી. શરીર હંમેશને માટે રહે તે કામનાનો ત્યાગ આવશ્યક છે.

પ્ર. : બીમારીથી ડર શા માટે લાગે છે ?

ઉ. : જે સુખનો ભોગ ઈચ્છશે તેણે દુઃખ ભોગવવું રહ્યું એવો અફર નિયમ છે. રોગ આવે છે સુખ-ભોગની રુચિ મટાડવા માટે.

પ્ર. : રોગનો સદુપયોગ શું છે ?

ઉ. : રોગમાં દુઃખનો પ્રભાવ થવો જોઈએ. રોગ દેહની વાસ્તિવકતા (ક્ષણભંગુરતા)નો અનુભવ કરાવે છે. શરીરથી અસંગ થવા માટે સાધકને રોગ મદદગાર થાય છે.

પ્ર. : રોગની દવા અથવા તો નિદાન શું છે?

ઉ. : શરીરના રોગથી નિવૃત્ત થવાનું લક્ષ્ય સાધકે રાખવું જોઈએ. શારીરિક સ્વાસ્થ્યનું યથાશક્તિ ધ્યાન રાખી શરીરની સેવા કરવી જોઈએ. આમ કરવાથી શરીરના રોગનો અંત થઈ જાય છે. શરીર તો વિશ્વવાટિકાની સેવાસામગ્રી માત્ર છે. સાધકની પ્રાર્થના તો આ જ હોવી

જોઈએ, 'હે પ્રભુ ! આ શરીર વિશ્વને કામ આવે, અહમ્ અભિમાન શૂન્ય થઈ જાય અને હૃદય પ્રેમથી ભરપૂર થઈ જાય.'

**સુખ તથા દુઃખ વિશે :**

પ્ર. : દુઃખનું આવવું શું માણસ પાપી છે એવો બોધ કે પરિચય આપે છે ?

ઉ. : ના, દુઃખનું આવવું એ પતિત હોવાનું ફળ નથી, દુઃખ તો આવે છે સુખભોગની આસક્તિની નાબૂદી માટે.

પ્ર. : મહારાજજી, ભૌતિક ઉન્નતિનાં સાધન શું છે ?

ઉ. : યોગ્યતા, પરિશ્રમ, ઈમાનદારી અને ઉદારતા.

પ્ર. : દુઃખી થવું અને કરુણિત થવું શું એક જ વાત છે ?

ઉ. : ના, દુઃખથી જડતા આવે છે, કરુણાથી ચેતના પ્રગટે છે અને સંસારથી સંબંધ વિચ્છેદ થાય છે.

પ્ર. : દુઃખ આખરે થાય શા માટે છે ?

ઉ. : સુખભોગની ભૂમિમાં જ દુઃખરૂપી વૃક્ષ ઉત્પન્ન થાય છે. આ સંસારમાં એવું કોઈ જ દુઃખ નથી, જેનો જન્મ સુખભોગ સિવાય થયો હોય.

પ્ર. : દુઃખ અને સુખનું પરિણામ શું છે ?

ઉ. : જે સુખ તમને કોઈનું દુઃખ બની પ્રાપ્ત થાય છે તે કોઈ ને કોઈ સમયે મટી જઈને બહુ મોટું દુઃખ પ્રાપ્ત થાય છે અને જે દુઃખ કોઈ વ્યક્તિનું સુખ બનીને પ્રાપ્ત થાય છે, તે મટી જઈને ક્યારેક ને ક્યારેક આનંદ પ્રદાન કરે છે. માણસ સુખથી બંધાય છે અને દુઃખથી મુક્ત થાય છે. સુખથી દુઃખ પ્રાપ્ત થાય છે અને દુઃખથી આનંદ પ્રાપ્ત થાય છે.

પ્ર. : સાચું સુખ માનવીને ક્યારે અને કઈ રીતે મળે ?

ઉ. : આમ જુઓ તો માનવજીવનની આ જ તો સૌથી મોટી સમસ્યા છે, પરંતુ આના સમાધાન માટે માણસ છે સ્વતંત્ર. આના પર ગંભીરતાપૂર્વક વિચાર નથી કરવામાં આવતો એ બહુ મોટી ભૂલ છે. માનવતા પ્રાપ્ત કરવાથી મનુષ્યને એ સુખ મળી જાય છે, જેમાં દુઃખ નથી હોતું અર્થાત સાચું સુખ પ્રાપ્ત થાય છે.

સાધકે સહજભાવથી પ્રભુને પ્રાર્થના કરવી - 'હે નાથ ! આ હૃદયને આપની પ્રીતિથી ભરી દો. આ શરીરને દુઃખી લોકોની સેવામાં લગાડી દો. બુદ્ધિને વિવેકયુક્ત બનાવી દો.

આ જગતરૂપી વાટિકામાં મને એક સુંદર પુષ્પ બનાવી દો. હું સદા આપની કૃપાની પ્રતીક્ષામાં રહું.' આવી પ્રાર્થના કરવાથી પ્રેમપાત્ર, કરુણાનિધાન તમને પોતાની સેવા માટે જરૂર યોગ્ય બનાવશે એવો મારો દૃઢ વિશ્વાસ છે.

**ગૃહસ્થાશ્રમમાં સાધના :**

પ્ર. : શું સાધનાના નિર્માણ માટે ઘર-ગૃહસ્થી વગેરે છોડવાં જરૂરી છે ?

ઉ. : સાધનના નિર્માણ માટે સત્સંગ જરૂરી છે. આ માટે કોઈ વિશેષ પરિસ્થિતિની જરૂરત નથી. દરેક પરિસ્થિતિમાં માનવમાત્ર સત્સંગ કરી જ શકે છે.

પ્ર. : પરિસ્થિતિનો સાચો અર્થ શું છે ?

ઉ. : વ્યક્તિગત વિકાસની સાધન-સામગ્રી એટલે પરિસ્થિતિ.

પ્ર. : સ્વામીજી, શું કરીએ ? ગૃહસ્થજીવનમાં રહીને સાધન સંબંધી વાતો બહુ જ મુશ્કેલ જણાય છે.

ઉ. : ગૃહસ્થજીવન વાસ્તવિક જીવન પ્રાપ્ત કરવાની એક પ્રયોગશાળા છે. સંપૂર્ણ ગૃહસ્થજીવનને સાધનમય બનાવવા માટે 'પોતાના અધિકારનો ત્યાગ કરો અને અન્યના અધિકારની રક્ષા કરો.' આપણી ભૂલ એ થાય છે કે આપણે પોતાના હક્ક જતા કરવા તૈયાર નથી થતા એના કારણે ગૃહસ્થજીવનમાં સાધનનિર્માણની વાત મુશ્કેલ જણાય છે.

પ્ર. : સ્વામીજી, ઘરગૃહસ્થીમાં રહીને પણ વ્યક્તિ અચાહ બની શકે ખરી ?

ઉ. : હા બની શકે; સેવા અને કર્તવ્ય દ્વારા. યથાશક્તિ વ્યક્તિએ દુઃખીજનોની સેવા કરવી અને પોતાના કર્તવ્યનું પાલન કરવું. એક વાત સમજી લો, અચાહ થવા માટે કામ છોડી દેવું જરૂરી નથી. કામને પરિવાર, સમાજ, સંસાર અને પરમાત્માનું માનીને કરો અને કામ પૂરું થાય એટલે શાંત થઈ જાવ.

કામ પોતા માટે ન કરો. શરીર અને પરિવારની સેવા કરો અને પરિવાર માટે સમાજની સેવા કરો. સમાજને હાનિ પહોંચાડીને પરિવારનું પાલનપોષણ ન કરો. વળી કુટુંબને દુઃખ આપી શરીરનું સુખ પણ પ્રાપ્ત નહીં કરતા. વિરક્ત લોકો માટે કર્તવ્યનો પ્રશ્ન જ નથી, ગૃહસ્થો માટે છે.

કર્તવ્યપાલન અચાહ થવામાં બાધક નથી, સહાયક છે. એ જ રીતે અચાહ થવું કર્તવ્યમાં સહાયક છે, બાધક નથી. તમે ભાવ અને ઈરાદો બદલી નાખો. પોતાના સુખ માટે કાંઈ

પણ ન કરો, બીજાના હિત માટે કરો. બીજાને સુખ આપતાં તકલીફ પણ પડશે તોય આનંદની પ્રાપ્તિ થશે. આ જીવનનું વિજ્ઞાન છે. એટલા માટે તો જે વિવેકી લોકો છે એ પોતા માટે એનું સુખ નથી ઈચ્છતા જેમાં બીજાનું દુ:ખ સમાયેલ હોય. તેઓ તો એ દુ:ખ પસંદ કરે છે જેમાં બીજાને સુખ મળે.

પ્ર. : આપણે ઈમાનદાર હોઈએ છતાંય કોઈ આપણને ખરાબ સમજે તો શું કરીએ ?

ઉ. : કોઈ તમને ઈમાનદાર માને છે કે નહીં તેની ચિંતા છોડી દો. જો તમને તમારામાં કોઈ બૂરાઈ દેખાય તો એને દૂર કરવાનો પ્રયત્ન કરો. જો બૂરાઈ ન હોય તો બીજાની માન્યતાની ચિંતા છોડી દો.

**સાધના અંગે પ્રશ્નો :**

પ્ર. : સ્વામીજી, બધાં જ શાસ્ત્રો અને ઉપદેશોનો સાર સમજાવવાની અમારા પર કૃપા કરો.

ઉ. : જુઓ, બધાં જ શાસ્ત્રો અને ઉપદેશોનો સાર છે - ભગવાનનું ભજન. ભજન ત્યારે થાય છે જ્યારે જીવનમાં સેવા, ત્યાગ અને પ્રેમ આવે. જો મનુષ્યના જીવનમાં સેવા, ત્યાગ અને પ્રેમ આવી ગયાં તો સમજી લો કે એણે બધાં જ શાસ્ત્રોનો સાર સમજી લીધો. જો સેવા, ત્યાગ અને પ્રેમ ન આવ્યાં તો એણે બધું જ જાણ્યું હોય તો પણ એણે કાંઈ જ નથી જાણ્યું. કારણ કે સાચું ભજન એટલે જીવનમાં સેવા, ત્યાગ અને પ્રેમનું આવવું.

જરા સમજી લો, જપ, તપ, કથા, કીર્તન વગેરે જે બધાં મુક્તિ પ્રાપ્ત કરવાનાં સાધન બતાવ્યાં છે તે સુખભોગી મનુષ્ય માટે તો જીવિકા માટેનાં સાધન જ બની જાય છે. કોઈ મનુષ્ય ખૂબ જપ-તપ કરીને આકાશમાં ઊડવાની શક્તિ પણ પ્રાપ્ત કરી લે, પાણી પર પણ ચાલી શકે. મૃત્યુ પામેલાને જીવતા કરી શકે કે જીવતાને શાપ આપી ભસ્મ કરવાની શક્તિ પણ પ્રાપ્ત કરી લે, પરંતુ નિર્દોષ, નિષ્કામ, અસંગ અને શરણાગત થયા વિના મનુષ્યનું કલ્યાણ થાય તે શક્ય નથી. આની પ્રાપ્તિ માટે બાહ્ય કોઈ સાધનની જરૂર જે અનુભવાય છે તે ભ્રમ છે. આ માટે કોઈ બાહ્ય સામગ્રીની આવશ્યકતા જ નથી.

પ્ર. : સામાન્ય રીતે ભજન જેને લોકો માને છે અને તમે જે ભજન કહો છો, એમાં ફરક જણાય છે. તમારી દૃષ્ટિએ ભજન એટલે શું ?

ઉ. : જીવનમાં સેવા, ત્યાગ અને પ્રેમ એકઠાં થઈ ગયાં એટલે ભજન થયું. ભજનમાં સેવા પણ છે, ત્યાગ પણ છે અને પ્રેમ પણ છે. કર્મથી સેવા કરો, અચાહ થઈને ત્યાગ કરો, ભગવાનને

પોતાના સમજી પ્રેમી બની જાઓ.

જ્યાં સુધી ભગવાનને પોતાના નહીં માનો, વળી જ્યાં સુધી પ્રભુ પ્યારા નહીં લાગે ત્યાં સુધી તેમની યાદ નહીં આવે અને જ્યાં સુધી યાદ નહીં આવે, ભજન થશે નહીં.

પ્રભુના મહિમાનો સ્વીકાર કરો એટલે સ્તુતિ થઈ ગઈ. પ્રભુ સાથે સંબંધ સ્વીકાર કરો એ ઉપાસના થઈ. પ્રભુપ્રેમની આવશ્યકતાનો અનુભવ કરો એ થઈ પ્રાર્થના.

પ્ર. : ભજનનું સ્વરૂપ શું ? એની કોઈ વિધિ ખરી ? સાચું ભજન થાય કેવી રીતે ?

ઉ. : ભજનનું વાસ્તવિક સ્વરૂપ છે - સેવા, ત્યાગ અને પ્રેમ. ભજન કરવાની વિધિ અને તેનો ઉપાય છે પ્રભુમાં આસ્થા, વિશ્વાસ અને આત્મીયતા હોવાં. આ ચારે વાતો જો જીવનમાં આવી જાય તો ભજન આપમેળે થાય છે. એનો મતલબ આ ચાર વાતો માની લો. વાસ્તવિક ભજન સ્વતઃ થશે. એક પ્રભુ છે; બે તેઓ સર્વશ્રેષ્ઠ છે; ત્રણ તેઓ સુખ અને સૌંદર્યનો ભંડાર છે અને ચાર તેઓ મારા છે.

આપણાં બધામાં પ્રીતિ તો છે જ અને જેના પ્રત્યે પ્રીતિ હોય એના સ્મરણ માટે પ્રયત્નની જરૂર નથી. સ્મરણ તો આપમેળે થાય છે. આથી સ્વતઃ સ્મૃતિ જાગવી એ જ સાચું ભજન છે. જ્યાં સુધી સાધક મમતા, કામના અને આસક્તિનો ત્યાગ નહીં કરે, સાચું ભજન નહીં થાય. આનો ત્યાગ કર્યા વિના પ્રભુમાં આસ્થા પણ નહીં થાય. આ ત્યાગ થશે ત્યારે જ સેવા, ત્યાગ અને પ્રેમની પ્રાપ્તિ થશે.

સેવાનો અર્થ છે : આપણને જે કાંઈ પણ મળેલું છે તે પ્રભુના સંબંધથી બીજાની સેવામાં લગાડી દઈએ અને બધા સાથે ભલાઈ કરીએ, સારો વ્યવહાર કરીએ. આ સેવા જ પ્રભુની પૂજા છે. એટલા માટે આવી સેવાનું નામ ભજન છે.

ત્યાગ એટલે શું ? સંસારમાં જે કાંઈ છે એ મારું નથી; મારા માટે નથી, આથી મને કાંઈ પણ નથી જોઈતું. આ સમજણ એટલે ત્યાગ. માનવના જીવનમાં આ ત્યાગ આવશે તો અસંગતા આપોઆપ આવશે. આ ત્યાગનું નામ પણ ભજન છે.

જુઓ સેવાથી જગત પ્રસન્ન થાય છે, ત્યાગથી આપણા પોતામાં પ્રસન્નતા ઊતરે છે અને પ્રેમથી પરમાત્મા પ્રસન્ન થાય છે.

પ્રેમ એટલે માત્ર એક પરમાત્માને પોતાનો માનો. બાકી બધા સંબંધોમાં પોતાનો અધિકાર છોડી દઈ; અન્યના અધિકારની રક્ષા કરી અસંગ થઈ સેવા કરો.

દુરાચારી અને ભોગી મનુષ્ય જ હૃદયહીન, નિર્દયી અને હિંસક બને છે. એટલા માટે જ

એ સેવા, ત્યાગ, પ્રેમને પ્રાપ્ત નથી કરી શકતો. એટલા માટે સદાચારી અને સંયમી બનો. ત્યારે જ સેવા, ત્યાગ અને પ્રેમ મેળવવાના અધિકારી થઈ માનવ બનશો. પછી ભજન આપમેળે થવા લાગશે.

સાધકે આટલું જ સમજવું કે સેવા અને ત્યાગ વિના પ્રેમનો પ્રાદુર્ભાવ નથી થતો અને પ્રેમ વિના પરમાત્મા નથી મળતા.

આટલા માટે સેવા, ત્યાગ અને પ્રેમ પ્રાપ્ત કરો, આ જ છે સાચું ભજન.

પ્ર. : સ્વામીજી, જીવનમાં ભય શા માટે લાગે છે ?

ઉ. : જીવનમાં ત્રણ પ્રકારના ભય થાય છે.

(૧) વિયોગનો ભય : આ ભયનું કારણ છે વ્યક્તિ પ્રત્યેનો મોહ. ખરેખર જે પોતાનું છે એના પોતાનાપણાનો અનુભવ કરી લો તો વિયોગનો ભય છૂટી જશે.

(૨) હાનિનો ભય : આ ભયનું કારણ છે વસ્તુની મમતા. આનું કારણ છે ભ્રમ. કારણ કે જે વસ્તુ આપણી નથી તેને આપણે પોતાની કરીને માની છે.

(૩) અપમાનનો ભય : આ ભયનું કારણ છે દેહનું અભિમાન. આપણે શરીરને હંમેશ માટે સલામત રાખવા ઈચ્છીએ છીએ. જે કોઈ પણ રીતે શાશ્વત કાળ સુધી રહે તે શક્ય જ નથી. આ ખોટા ખ્યાલથી દેહ પ્રત્યે મોહ થઈ ગયો છે.

પ્ર. : સ્વામીજી, સંસાર શું છે ?

ઉ. : સંસાર એટલે ભગવાનને મળવાની ટ્રેનિંગ સ્કૂલ. જે સંસારમાં યોગ્ય રીતે રહે છે તે ભગવાનને પણ સારી રીતે મળશે. જો એ કદાચ ભૂલી પણ જશે તો ભગવાન પોતે આવીને એને મળશે. સાધકે પરિસ્થિતિઓનો યોગ્ય ઉપયોગ કરી લેવો પછી તમને પ્રભુને યાદ કરવાની જરૂરત નહીં પડે. તમને તો ખુદ ભગવાન યાદ કરશે. સિદ્ધિઓ તમારે વશ થશે, ધર્મનું તમારામાં અવતરણ થશે.

પ્ર. : સાધકની સાચી માંગ શું છે ? તે કેમ પૂરી થાય ?

ઉ. : માનવની માંગ એક જ છે - દુઃખોની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ. આ માંગ પૂરી કરવાનો ઉપાય છે ભગવત્ શરણાગતિ.

શરણાગતિ માટે આપણા ત્રણે શરીર - સ્થૂળ, સૂક્ષ્મ, કારણથી સંબંધ વિચ્છેદ કરવો પડશે.

સ્થૂળ શરીરથી સંબંધ વિચ્છેદ થશે અકિંચન ભાવ રાખી જગતની સેવા કરવાથી. આ

સંબંધ વિચ્છેદ સધાયાથી અશુભ કર્મોમાં પ્રવૃત્તિ નહીં થાય.

સૂક્ષ્મ શરીરથી સંબંધ વિચ્છેદ થશે અહંતા-મમતા છોડવાથી, અચાહ થવાથી આ સંબંધ વિચ્છેદ થતાં અનિષ્ટ ચિંતન ખતમ થશે.

કારણ શરીરથી સંબંધ વિચ્છેદ થશે અપ્રયત્ન થવાથી, શરણાગત થવાથી. ત્યારબાદ બધી જાતની વાસના અને ગુણોનું અભિમાન ઓસરી જશે.

આ રીતે શરણાગતિ થયા બાદ સાધકનાં બધાં જ દુઃખોની નિવૃત્તિ થઈ જાય છે અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

પ્ર. : માનવ સેવા સંઘની વાતો કહેવા સાંભળવામાં બહુ સારી લાગે છે. તેમ છતાં તે જીવનમાં નથી ઉતારી શકાતી તેનું કારણ શું ?

ઉ : એનું એકમાત્ર કારણ એ છે કે આપણે વસ્તુઓ અને શરીર દ્વારા સુખ ભોગવવા ઈચ્છીએ છીએ અને તેના આકર્ષણને છોડવા તૈયાર નથી થતા. જો સાધકને એટલું જ સમજાઈ જાય કે દરેક સુખ કોઈ ને કોઈનું દુઃખ પણ છે તો સુખ ભોગનું આકર્ષણ આપોઆપ મટી જશે અને જો આકર્ષણ નહીં રહે તો માનવ સેવા સંઘની બધી વાતો સ્વતઃ જીવનમાં આવી જશે.

પ્ર. : સ્વામીજી ! જીવનની મૌલિક માંગની પૂર્તિનો સરળ અને અચૂક ઉપાય શું છે ?

ઉ. : બધા વિશ્વાસોને એક વિશ્વાસમાં, બધા સંબંધોને એક સંબંધમાં અને બધી ઈચ્છાઓને એક આવશ્યકતામાં વિલીન કરી દેવી એ જ જીવન પ્રાપ્તિનો સરળ અને અચૂક ઉપાય છે.

પ્ર. : સ્વામીજી, માનવ સેવા સંઘનો ઉદ્દેશ્ય શું છે ?

ઉ. : માનવ સેવા સંઘનો ઉદ્દેશ્ય છે, માનવનું પોતાનું કલ્યાણ અને સુદર સમાજનું નિર્માણ. પોતાના કલ્યાણનો અર્થ છે પોતાની પ્રસન્નતા માટે 'અન્ય'ની આવશ્યકતા ન રહે એવું સ્વાધીન જીવન.

સુંદર સમાજ એટલે એક એવો સમાજ જેમાં વસનાર પ્રત્યેક વ્યક્તિના અધિકાર સુરક્ષિત હોય, કોઈના અધિકારનું અપહરણ ન થતું હોય.

આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે 'બીજાના અધિકારને રક્ષો અને પોતાના અધિકાર ત્યાગો.'

જુઓ બીજાના અધિકારની રક્ષા કરશો એટલે સુંદર સમાજનું નિર્માણ પણ થશે અને સાધકમાં વિદ્યમાન રાગની નિવૃત્તિ થશે. પોતાના અધિકારનો સાધક ત્યાગ કરી દેશે એનાથી એનામાં નવા રાગની ઉત્પત્તિ નહીં થાય.

પ્ર. : સંસ્થાઓ તો અનેક છે તો માનવ સેવા સંઘની વિશેષતા શું છે ?

ઉ. : માનવ સેવા સંઘ સાધકને એ વિશ્વાસ આપે છે કે જે જીવન આજ પર્યંત કોઈ પણ મહાપુરુષને મળ્યું છે તે જ વર્તમાનમાં પણ મોજૂદ છે અને દરેક માનવીને સ્વાધીનતાપૂર્વક તે મળી શકે તેમ પણ છે.

પ્ર. : મૃત્યુનો ડર શા માટે લાગે છે ?

ઉ. : પ્રાણશક્તિનો નાશ થઈ જાય તેમ છતાં વાસનાઓ શેષ રહી જાય તેનું જ નામ મૃત્યુનો ડર. જો સાધક પ્રાણશક્તિ રહે ત્યાં સુધી વાસનાઓનો નાશ કરી નાખે તો મરવાનો ડર નહીં લાગે.

પ્ર. : માનવ સેવા સંઘના દર્શનમાં એવું બતાવવામાં આવે છે કે સંસારને નાપસંદ કરવાથી મુક્તિ અને ભક્તિ મળી જાય છે. આ વાતને વ્યાવહારિક રીતે સાધક જીવનમાં કઈ રીતે ઉતારી શકે ?

ઉ. : સંસારને નાપસંદ કરવાનો અર્થ માત્ર એટલો જ છે કે સંસારને રુચિપૂર્તિ માટેનું સાધન ન બનાવવો, પરંતુ એની સેવા કરવી. પરમાત્માને પસંદ કરવા એટલે 'પ્રભુને પોતાના માનવા એના બદલામાં કશાની પણ ઈચ્છા ન રાખવી.'

ભોજન કરો તો ખવડાવનારની પ્રસન્નતા માટે કરો. સાંભળો તો બોલનારની ખુશી માટે. બોલો તો સાંભળનારની ખુશી માટે. કાંઈ પણ કરો તો બીજાને રાહત આપવા માટે - આમ કરવાથી મુક્તિ અને ભક્તિ જરૂર મળશે. આમાં કોઈ વાતે સંદેહ નથી. જો સાધક હાર ન માને તો તે અવશ્ય વિજયી થાય છે.

પ્ર. : સાધના માટે શું કરીએ ?

ઉ. : પ્રામાણિકપણે કહું તો એ છે કે કાંઈ ન કરો - પહેલી વાત તો આ જ છે. બીજી વાત - બૂરાઈ ન કરો, ત્રીજી - ભલાઈનું અભિમાન ન રાખો. ચોથી - પોતાના હક્ક ન માગો, પાંચમી વાત ઉદાર અને પ્રેમી થઈ જાઓ.

પ્ર. : પૂર્ણ વિકાસનો અર્થ શું ?

ઉ. : આપણે સંસાર અને પરમાત્મા બન્નેને કામ આવી જઈએ અને બદલામાં બન્નેમાંથી કોઈ પણ પાસે કાંઈ પણ ઈચ્છા ન રાખીએ.

પ્ર. : સ્વામીજી ! પુસ્તકોની નીચે તમે તમારું નામ લેખક તરીકે કેમ નથી લખતા ?

ઉ. : સમષ્ટિની શક્તિઓ દ્વારા જે સત્ય શોધાયું તેમને છોડીને મારું નામ કેમ લખાવું ?

પ્ર. : શરણાગતિ ભાવ છે કે કર્મ ?

ઉ. : શરણાગત થતાં જ સૌ પ્રથમ અહંતા પરિવર્તિત થાય છે. 'શરણાગતિ' ભાવ છે, કર્મ નથી. ભાવ અને કર્મમાં એક ભેદ છે ભાવનું ફળ વર્તમાનમાં મળે છે, કર્મનું ભવિષ્યમાં. ભાવકર્તા ભાવ સ્વતંત્રતાપૂર્વક કરી શકે છે, જ્યારે કર્મ સંઘટનથી થાય છે.

પ્ર. : શરણનો મહિમા શું છે ?

ઉ. : 'શરણ' સફળતાની ચાવી છે, નિર્બળનું બળ છે, સાધકનું જીવન છે, પ્રેમીનો અંતિમ પ્રયોગ છે, ભક્તનો મહામંત્ર છે, આસક્તિનું અચૂક શસ્ત્ર છે, દુ:ખીની દવા છે, પતિતનો પોકાર છે.

તે નિર્બળને બળ, સાધકને સિદ્ધિ, પ્રેમીને પ્રેમપાત્ર, ભક્તને ભગવાન, આસક્તિને આસ્તિકતા, દુ:ખીને આનંદ, પાપીને પવિત્રતા, ભોગીને યોગ, પરતંત્રને સ્વાતંત્ર્ય, બદ્ધને મુક્તિ, નીરસને સરસતા અને મર્ત્યને અમરતા પ્રદાન કરે છે.

પ્રત્યેક વ્યક્તિ કોઈ ને કોઈનું શરણાગત હોય જ છે. ફર્ક છે એટલો આસ્તિકનું શરણ એક છે, નાસ્તિકના અનેક.

પ્ર. : સ્વામીજી ! માનવ સેવા સંઘનું દર્શન ટૂંકામાં ટૂંકી રીતે અમને કહેવાની કૃપા કરો.

ઉ. : જગ કી સેવા, ખોજ અપની, પ્રીતિ પ્રભુ સે કીજિયે<br>
જિંદગી કા રાજ હૈ યે જાનકર જી લીજિયે.

18

# એક પ્રવચન

પૂ. શરણાનંદજી મહારાજ

(પૂ. મહારાજશ્રી તો સતત પ્રવચનો આપતા રહ્યા હતા. તે પ્રવચનોનાં ઘણાં પુસ્તકો છે. અહીં એક પ્રવચન મૂકીએ છીએ.)

**'પોતાને પ્રભુની મરજી પર છોડો અને શરીરને સંસારની મરજી પર છોડો.'**

જો આપણે શરીરને જગતની મરજી પર છોડી દઈએ અને ખુદને પ્રભુની મરજી પર છોડી દઈએ તો આ જીવનમાં જેટલી પણ સમસ્યાઓ નજરે પડે છે, એ બધી જ હલ થઈ જાય. આપણે ભૂલ શું કરીએ છીએ કે ન તો આપણે શરીરને જગતની મરજી પર છોડીએ છીએ અને ન તો ખુદને પરમાત્માની મરજી પર. જો આપણે શરીરને સંસારની મરજી પર છોડી દઈએ તો શરીરની જેટલી આવશ્યકતાઓ છે તેનું ચિંતન આપણને નહીં થાય અને ખુદને પરમાત્માની મરજી પર છોડી દેશું તો પછી કોઈ પ્રકારનો ભય કે પ્રલોભન નહીં રહે, પરંતુ સાચા અર્થમાં જોઈએ તો આપણે અંદરથી એ વાત નથી સ્વીકારતા કે જગત ઉદાર છે અને પરમાત્મા કરુણાસાગર છે. જો આપણે પ્રભુની કરુણામાં શ્રદ્ધા બેસે અને જગતની ઉદારતામાં વિશ્વાસ આવી જાય તો આપણે ખૂબ સુગમતાથી જીવનને સાર્થક બનાવી શકીએ. મારો પોતાનો તો એવો વિશ્વાસ છે કે એક મનુષ્ય પ્રમાણમાં જેટલો સારો હોય છે તેનાથી જગત એને વધુ સારો માને છે અને એક મનુષ્ય જેટલો ખરાબ હોય છે તેનાથી જગત એને હંમેશા ઓછો ખરાબ માને છે અને પરમાત્મા તો હંમેશા પતિતથી પતિતને પણ અપનાવવા માટે લાલાયિત રહે છે. આતુર રહે છે. હવે જો આ વાત તમારી સમજમાં આવી જાય અને તેમાં તમારી આસ્થા બંધાય તો આનો અનુભવ કરીને જુઓ.

તમે વિચાર કરો કે આ સૃષ્ટિનો આધાર અને પ્રકાશક કોઈ એક છે અને તે બધાને પોતાના સમજે છે. તેમ છતાં એણે માનવને એ સ્વાધીનતા આપી છે કે માનવ વિવેક-વિરોધી કર્મ ન કરે, વિવેક વિરોધી સંબંધ ન રાખે અને વિવેકવિરોધી વિશ્વાસ ન રાખે. આ માટે માનવીને વિવેકનો

પ્રકાશ આપ્યો છે પરમાત્માએ. અન્ય કોઈ પ્રાણીને વિવેકનો પ્રકાશ આપ્યો છે કે નહીં એ તો ખબર નથી, પરંતુ આપણા સાંભળવામાં આમ આવે છે કે અન્ય પ્રાણીઓને નહીં માત્ર માનવને આ વિવેકનો પ્રકાશ મળ્યો છે. વિચારો તો ખરા કે અગર પરમાત્મા ચાહે કે તમે બૂરાઈ ન કરો તો શું તમે બૂરાઈ કરી શકો ખરા ? વિચારો કે કોઈ ખોટું બોલવા ઈચ્છે અને તે સમયે પ્રકૃતિનું વિધાન એની બોલવાની શક્તિ છીનવી લે તો શું એ વ્યક્તિ ખોટું બોલી શકશે ખરી?

શ્રોતા : નહીં.

મહારાજશ્રી : પરંતુ પ્રકૃતિને એમ વર્તતી જોવામાં તો નથી આવતી. જોવામાં એ આવે છે કે કોઈ પણ વ્યક્તિ પોતે જૂઠું સાંભળવા નથી ઈચ્છતી. પોતે બીજા પાસે સહયોગની અપેક્ષા જરૂર રાખે છે કે સમાજ મારી જરૂરતોને પૂરી કરે. મને ભૂખ લાગે તો મને સમાજ રોટી આપે. પછી એ મારા કામના બદલામાં આપે કે હું ભિક્ષા માગું તો આપે. સમાજ ઉદાર બનીને દઈ દે કે પછી મારા પરિશ્રમના બદલારૂપે આપે પણ આપે જરૂર. તો જ્યારે આપણે પોતાની શારીરિક આવશ્યકતાઓ માટે સમાજ પાસે આશા રાખીએ છીએ તો આપણામાં સમાજમાં વસતા અન્ય લોકો પ્રત્યે પરપીડા અનુભવવાનો ભાવ હોવો જોઈએ કે નહીં ? હોવી જ જોઈએ આ ભાવના. હવે જેના હૃદયમાં પરપીડા થાય છે તેને પોતાના જીવનમાં સુખ-ભોગની રુચિ નથી રહેતી. આ જીવનનું સત્ય છે. આજે આપણે શરીરની જરૂરતો અંગે પરેશાન છીએ કે ભૂખ લાગે તો રોટી મળવી જોઈએ. તરસ લાગે તો પાણી જોઈએ. ઠંડી લાગે તો વસ્ત્ર જોઈએ. મતલબ કે જીવનમાં એવી જરૂર તો જણાય છે જેને પૂર્ણ કરવા આપણે આતુર હોઈએ છીએ, પરંતુ કોઈ પ્રસંગે સમાજને આપણી જરૂરત લાગે તો તરત વૈરાગ્યભાવ સેવીએ છીએ ખરા ? શું આ ખરેખર વૈરાગ્ય છે ખરો ? જુઓ ! દુનિયામાં ખરેખર મોટો માણસ કોને ગણવો ? મોટો માણસ એ છે જે બીજાની જરૂરતોને પોતાની જરૂરતો સમજે અને જેના પોતાના બધા જ સંકલ્પ પ્રભુના સંકલ્પમાં કે જગતના સંકલ્પમાં વિલિન થઈ ગયા હોય એ જ છે આ દુનિયાના મોટા માણસ! એનું કારણ એટલું જ છે કે એના પોતાના કોઈ જ સંકલ્પ નથી. હવે જેને પોતાના કોઈ સંકલ્પ નથી હોતા તે પ્રત્યેક પરિસ્થિતિમાં ચિરશાંતિમાં વાસ કરે છે. આનાથી વિરુદ્ધ પોતાનો સંકલ્પ રાખીને ક્યારેય પણ કોઈ પણ વ્યક્તિ શાંતિ નહીં જ મેળવી શકે. હવે આ વાત જો તમને બરાબર લાગે, પસંદ પડે તેવી લાગે તો અનુભવ કરીને જોઈ લો.

સમજી લો કે, 'અમે અમારો કોઈ સંકલ્પ નહીં રાખીએ.' એ કહેવા માનવાનું સામર્થ્ય જો તમારામાં નહીં હોય તો તમે ક્યારેય પણ , ક્યાંય પણ, કોઈ પણ પ્રકારની શાંતિ નહીં મેળવી

શકો. શા માટે શાંતિની પ્રાપ્તિ નહીં થાય ? શું કારણ છે એનું ? કારણ કે આપણા સંકલ્પોની પૂર્તિની મથામણમાં જ તો આપણા જીવનનો મોટા ભાગનો સમય ચાલ્યો ગયો; કોને ખબર કોણ જાણે કેટલાય જન્મોથી આપણે આગ જ ભટકી રહ્યા છીએ. તો જો તમે જાગૃત છો, માનવ છો તો મહેરબાની કરીને પોતાનો સંકલ્પ નહીં રાખતા.

શ્રોતા : મહારાજ, સાધનરૂપી સંકલ્પ પણ ન રાખવો ?

સ્વામીશ્રી : જુઓ, સાધનરૂપી સંકલ્પ નથી હોતો. સંકલ્પ એને કહેવાય, જે વસ્તુઓ સાથે આપણો સંબંધ જોડી દે. સંકલ્પ એને કહીએ જે વ્યક્તિ સાથે આપણો સંબંધ જોડે. સંકલ્પ એને કહેવાય જે પરિસ્થિતિની સાથે આપણો સંબંધ જોડે. સાધનની તો જીવનમાં માંગ હોય છે. જરા વિચારો, સાધન શું છે ? સાધન શું તત્ત્વ છે ? સાધન એને કહેવાય જેને અપનાવી લીધા બાદ સાધ્યથી અંતર, ભેદ અને ભિન્નતા ન રહે. સાધન સાધકનું સાધ્યથી અંતર રાખવા નથી દેતું, ભેદ રાખવા નથી દેતું, ભિન્નતા રાખવા નથી દેતું. આને કહેવાય છે સાધન અને આ જે સાધન છે એ કોઈ શ્રમસાધ્ય ઉપાયથી ઉદય નથી પામતું. એ તો સાધક જ્યારે જીવનના સત્યનો સ્વીકાર કરે છે ત્યારે સાધન ઉદય થાય છે. ઉદાહરણ રૂપે કલ્પના કરો કે તમે કોઈના કોઈ સંબંધ દ્વારા બધાને પોતાના આત્મીય માની લેશો તો જીવનમાં ઉદારતા આવી જશે કે નહીં ? એ જ રીતે જો પ્રભુને પોતાના માની લો તો જીવનમાં પ્રિયતા આવી જશે કે નહીં ? અથવા તો તમે આ મારું છે એવી ભાવના છોડી દેશો તો સ્વાધીનતા આવી જશે કે નહીં ? આમ ઉદારતા સાધન છે, સ્વાધીનતા સાધન છે, પ્રિયતા સાધન છે. જેનો ઉદય જીવનના સત્યનો સ્વીકાર કરવા માત્રથી થયો.

તમે વિચાર કરીને જુઓ કે સમાજમાં આદર કોને મળે છે ? જે આદરને યોગ્ય થઈ જાય છે તેને. તમે એ પણ જાણો છો કે જે આદરને યોગ્ય બની જાય છે તેમાં પછી આદર મેળવવાની વાસના નથી રહેતી. આ એક ઘણી મોટી કસોટી છે કે સમાજ કોને આદર આપે છે ? જે આદરને યોગ્ય હોય તેને. આદરને યોગ્ય કોણ ગણાય ? જરા વિચારો. જેમાં આ છ વાતો મુખ્યત્વે હોય તે યોગ્ય હોય, ઈમાનદાર હોય, પરિશ્રમી હોય, ઉદાર હોય, સ્વાધીન હોય અને પ્રેમી હોય. હવે જેનામાં આ છ વાતો હોય છે એ સૌથી પ્રથમ પોતાની દૃષ્ટિએ આદરને યોગ્ય બની જશે અને જે પોતાની દૃષ્ટિમાં આદરને યોગ્ય બની જશે તે સૌની નજરમાં આદરને યોગ્ય બની જશે. હવે તમે જ કહો કોઈ યોગ્ય વ્યક્તિ કોઈને પણ ખરાબ લાગશે ? નહીં. તો પછી પરિશ્રમી કોઈને ખરાબ લાગશે ? ઈમાનદાર કોઈને ખરાબ લાગશે ? યોગ્યતા, ઈમાનદારી અને પરિશ્રમથી મનુષ્ય સંસારને કામ આવે છે અને ઉદારતા, સ્વાધીનતા અને પ્રેમથી એ પ્રભુને કામ આવે છે.

હવે યોગ્યતાનો અર્થ એ નથી કે આપણી પાસે વિદ્યાલય, મહાવિદ્યાલય કે વિશ્વવિદ્યાલયની ડિગ્રીઓ હોય. યોગ્યતાનો માત્ર એટલો જ અર્થ છે કે સમાજના કોઈ કાર્ય માટે આપણે ઉપયોગી થઈ જઈએ. એ કાર્ય ભલેને ઝાડૂ લગાવવાનું કેમ ન હોય, કપડાં ધોવાનું કેમ ન હો કે પછી રોટી પકવવાનું કેમ ન હોય ! સમાજના કોઈ પણ કાર્યમાં ઉપયોગી થઈ જવાનો અર્થ છે યોગ્યતા.

શ્રોતા : પરંતુ જો કાર્યમાં કુશળતા ન હોય તો એ બેકાર ગણાય.

સ્વામીજી : યોગ્યતા એટલે જે કોઈ પણ જાતના કાર્ય માટે યોગ્ય હોય. એના પછી આવશે એનામાં પરિશ્રમ અને પછી ઈમાનદારી. હવે જો વ્યક્તિ યોગ્ય હોય, ઈમાનદાર હોય, પરિશ્રમી હોય તો કાર્યકુશળ તો તે બની જ જશે. વ્યક્તિ શું ભૂલ કરે છે કે યોગ્યતા હોવા છતાં એ કાર્યકુશળ કેમ નથી બનતો ? એનું કારણ એ છે કે કામમાં પૂરું મન નથી લગાડતો, બેદરકારીથી કામ કરે છે. હવે વિચાર કરીએ કે તમે કામમાં પૂરું મન કેમ નથી લગાડી શકતા ? એનું કારણ એ છે કે તમને એ વિશ્વાસ નથી કે આ કામ કરવાથી મને વિશ્રામ મળશે. આ વિશ્વાસ જ તમે ખોઈ દીધો છે. જો તમારી અંદર એવો વિશ્વાસ આવી જાય કે હું સાચું કામ કરીશ તો મને વિશ્રામ મળશે અને વિશ્રામ મળશે તો જીવન મળશે અને જીવન મળશે તો સ્વાધીનતા અને પ્રેમ મળશે તો તમે પૂરી લગનથી કામ કરશો. આ પ્રશ્ન ઊભો થાય છે એનું મૂળ કારણ આમ છે. યોગ્યતા ઓછી હોવી એ કારણ નથી.

હવે કામ કરવામાં આવે છે આરામ માટે અને આરામ હોય છે પોતાના માટે. શા માટે ? કારણ કે વિશ્રામમાં જીવન છે. વિશ્રામમાં જ્ઞાનનો પ્રકાશ અને પ્રેમનો રસ છે. એટલા માટે આપણે વિશ્રામ જોઈએ છે. હવે વિશ્રામ કાંઈ કોઈ પરિસ્થિતિથી નથી મળતો એ તો પરિશ્રમથી મળે છે. એટલા માટે આપણે જે પરિશ્રમ કરીએ તે પવિત્ર ભાવથી કરીએ, લક્ષ્ય પર દૃષ્ટિ રાખી, વિધિવત કરીએ તો કાર્યકુશળતા આપમેળે આવી જશે. વિચારો તો ખરા મારા ભાઈ ! જો આપણા ભાવમાં પવિત્રતા નથી, વિધિ પ્રમાણે આપણે કાર્ય નથી કરતા અને પોતાના લક્ષ્યને ભૂલી જઈએ તો કાર્યકુશળતા કઈ રીતે આવે ? જ્યારે સુખલોલુપતા હોય ત્યારે કાર્યકુશળતા નહીં આવે, કારણ કે સુખલોલુપતામાં આળસનું પણ એક સુખ હોય છે. જુઓ, જેમ ભોગોનું સુખ હોય છે તેમ આળસનું પણ એક સુખ હોય છે. એક મમતાનું સુખ પણ હોય છે. હવે જ્યારે કોઈ વ્યક્તિમાં કોઈ જાતની વ્યક્તિગત મમતા ન રહે એટલે કાં તો બધા એના પોતાના છે અથવા તો એનું પોતાનું કોઈ જ નથી એવી સ્થિતિ થાય ત્યારે તેનો ભાવ પવિત્ર થઈ જાય છે. એનામાં કાર્યકુશળતા આવી જાય છે. એ વિધિથી કામ કરશે કેમ કે પોતાનું હોય તે બધાને પ્રિય લાગે ને ? શું કહો છો ? બોલો.

શ્રોતા : પ્રિય લાગે છે.

સ્વામીજી : સારું ત્યારે ! પોતાના પ્રિયનું કામ કરતી કોઈ પણ વ્યક્તિમાં ક્યારેય તમે અસાવધાની જુઓ છો ?

શ્રોતા : નહીં.

સ્વામીજી : તો આપણને એટલા માટે સાચું કામ કરતાં નથી આવડતું કારણ કે આપણે બધાને પોતાના નથી માનતા. બીજી રીતે આપણે વિવેકપૂર્વક એ પણ નથી માનતા કે કોઈ પણ સમયે આપણું કહી શકાય તેવું કોઈ છે જ નહીં. નહીં તો આપણે અચાહ ન બની જાત ! સ્વાધીન ન બની જાત ! અરે ! આપણે તો એ પણ નથી માની શકતા કે સર્વ સમર્થ પરમાત્મા આપણા છે, નહીં તો અખંડ સ્મૃતિ જાગૃત થઈ હોત ? મારા ભાઈ ! શું જે પોતાનો છે એની પોતાને યાદ આવશે કે નહીં ? જે પોતાનો હોય તે પ્રિય જણાય કે નહીં ? શું નિર્ણય છે તમારો ?

શ્રોતા : પ્રિય લાગશે.

મહારાજશ્રી : તો હું તમને પૂછું છું કે પરમાત્મા પ્રિય હોય અને પ્રભુની સ્મૃતિ જેનું જીવન છે એના જીવનમાં ક્યારેય નીરસતા આવે ખરી ? અને જો નીરસતા ન રહે તો કામની ઉત્પત્તિ થશે ખરી ? અને જો કામની ઉત્પત્તિ નહીં થાય તો વિકારોનો જન્મ થઈ શકે ખરો ? વિકારોનો જન્મ જ નહીં થાય.

એટલા માટે જીવનમાં જો કોઈને પ્રભુનો વિશ્વાસ હોય તો જુઓ. વિશ્વાસ ન હોય તો હું એમ નહીં કહું કે તમે વિશ્વાસ કરો. કારણ કે વિશ્વાસ કરવાનું મનુષ્યને જન્મજાત આવડે છે. એ કોઈને કોઈમાં વિશ્વાસ તો કરે જ છે, પરંતુ જે પરમાત્મામાં વિશ્વાસ કરે છે એના જીવનમાં અન્ય વિશ્વાસ નથી રહેતો. હવે જો અન્ય વિશ્વાસ નહીં રહે તો અન્ય સંબંધ કેમ રહે ? અને હવે જો અન્ય સંબંધમાં ન રહે તો અન્ય ચિંતન કઈ રીતે રહેશે ? અને જો અન્ય ચિંતન નહીં રહે તો માનસિક રોગ કેમ થઈ શકે ? એટલા માટે જો તમને પ્રભુમાં વિશ્વાસ હોય તો અન્ય વિશ્વાસોને છોડી દો. વિશ્વાસનું કામ છે સંબંધ જોડવો. હવે જો આપણે પ્રભુમાં વિશ્વાસ કરીશું તો આપણો સંબંધ પ્રભુ સાથે થઈ જશે અને સંબંધનું કામ છે સુષુપ્ત સ્મૃતિને જગાડવી. સંબંધ સ્મૃતિને જાગૃત કરી દે છે. આજે આપણા અને પરમાત્મા વચ્ચે ભેદ, અંતર અને જુદાઈ કેમ છે ? એનું એકમાત્ર કારણ છે : વિસ્મૃતિ. જો સ્મૃતિ જાગૃત થઈ જશે તો દૂરી મટી જશે, ભેદનો નાશ થઈ જશે અને જુદાઈનો પણ નાશ થઈ જશે.

સમજી લો ! ભગવદ્-સ્મૃતિ કોઈ શરીર ધર્મ નથી કે શરીર દ્વારા આપણે ભગવદ્ સ્મરણ કરી

શકીએ. શું આપણું શરીર બળવાન હશે તો જ સ્મૃતિ જાગશે ? કે પછી ખૂબ ભણેલા ગણેલા વિદ્વાન હશું તો જ સ્મૃતિ જાગશે ! કે સમાજમાં ઊંચું સ્થાન હશે તો જ સ્મૃતિ જાગશે ? આવું નથી. સ્મૃતિ છે સ્વધર્મ અને તે માત્ર પ્રભુને આત્મીય માનવાથી જાગૃત થાય છે. આત્મીય સંબંધ સિવાય સ્મૃતિ ક્યારેય જાગૃત નથી થતી. જે પ્રભુથી સંબંધ જોડે છે એ સૌથી પહેલાં કઈ વાત માને છે ? તેઓ માને છે કે અહીંયાં જે કાંઈ છે તે આ સમગ્ર સૃષ્ટિ પ્રભુની છે એમ માને છે. હવે મનુષ્ય એમ માની લે કે અહીંયા જે કાંઈ છે એ પ્રભુનું છે તો તેનામાં મમતા રહેશે ખરી ?

શ્રોતા : નહીં.

મહારાજશ્રી : અને મમતાનો નાશ થઈ ગયા પછી કામના ઉત્પન્ન થશે ખરી ?

શ્રોતા : નહીં.

મહારાજશ્રી : એટલે વ્યક્તિ જ્યારે એવું માની લે છે કે અહીંયાં બધું જ પરમાત્માનું છે ત્યારે મમતા છૂટી જાય છે. કામનાથી રહિત થઈ જાય છે અને જે મમતા અને કામનાથી છૂટી જશે તેને શું નિર્વિકારતા અને શાંતિ નહીં મળે ? અને જીવનમાં જો નિર્વિકારતા અને શાંતિ આવી જશે તો પછી ચિત્ત શુદ્ધ અને શાંત નહીં થાય ? અને જ્યારે ચિત્ત, શુદ્ધ અને શાંત થઈ જાય છે ત્યારે એ પરમાત્મા કે જે ક્યાંય દૂર જણાતા હતા એ સર્વત્ર જણાવા માંડે છે ત્યારે સાધક કહે છે કે અહીં જે કાંઈ પણ છે, તેમાં સત્તારૂપથી પરમાત્મા જ છે ત્યારે એને એ પણ જાણ થઈ જાય છે કે એના પોતાના પ્રિય પરમાત્મા કેવળ એક અને અદ્વિતીય સત્તારૂપે વ્યાપ્ત છે. હવે જ્યારે પ્રેમની વૃદ્ધિ થાય છે, ત્યારે બધું જ ખોવાઈ જાય છે. અને માત્ર એક પરમાત્મા જ રહે છે. મતલબ પ્રીતિ અને પ્રીતમનો નિત્યવિહાર બાકી રહી જાય છે. આ જ વિચાર વૈષ્ણવ મત મુજબ રાધા અને કૃષ્ણનો વિહાર કહેવાય છે. સીતા-રામનો વિહાર કહેવાય છે. ગૌરીશંકરનો વિહાર પણ કહેવાય છે. આ જીવન કોનું છે ? જેણે ઈમાનદારીથી પોતા દ્વારા આ સત્યને સ્વીકાર્યું કે પ્રભુ મારા પોતાના છે અને બધું પ્રભુનું છે, બધામાં પ્રભુ છે. કેવળ પ્રભુ જ છે. સાધકની દશા આવી થઈ જાય છે.

તો મારે નિવેદન એ કરવાનું છે કે જેણે આ વાત સ્વીકારી કે બધાના હોવાથી પરમાત્મા મારા છે અને બધું જ પરમાત્માનું છે તો તેના જીવનમાં પરમાત્માના સંબંધથી બધા પ્રત્યે સદ્ભાવ અને સહયોગ થશે કે નહીં થાય ? થશે જ. જુઓ યથાશક્તિ સહયોગ એ શરીરધર્મ છે અને સદ્ભાવ એ હૃદય કે મનનો ધર્મ છે. આવી વ્યક્તિનું તન અને મન જગતની સેવામાં લાગી જશે. કારણ કે એના મનમાં બધા પ્રતિ સદ્ભાવ જાગ્રત થઈ ગયો એટલે એ બધાને યથાશક્તિ સહયોગ આપશે. હવે જે બધા પ્રતિ સદ્ભાવ રાખે અને યથાશક્તિ સહયોગ આપે તે રાગરહિત આપોઆપ બની

જાય છે અને રાગરહિત સાધકને બધામાં પોતાના પરમાત્માનાં જ દર્શન થાય છે. પછી એ કલ્પના નથી કરતો કે ભાવના નથી કરતો પણ સહજ બને છે.

**દર દીવાર દર્પન ભયો, જિત દેખું તિત તોય,**
**કંકર, પત્થર, ઠીકરી, ભયી આરસી મોર.**

જ્યારે એ બધામાં એકમાત્ર પરમાત્માને જોશે ત્યારે એની દૃષ્ટિ બધા પર રહેશે કે ફક્ત પરમાત્મા પર રહેશે? ફક્ત પરમાત્મા પર રહેશે. એનાથી એનામાં અગાધપ્રિયતાનો ઉદય થશે, હવે જ્યારે અગાધપ્રિયતાનો ઉદય થાય છે ત્યારે પ્રભુ અને પ્રભુની પ્રિયતા જ શેષ રહી જાય છે. બાકી બધું જ સમાપ્ત થઈ જાય છે.

જુઓ વિચાર કરવા જેવી વાત છે કે આ સૃષ્ટિ કોઈ નક્કર વસ્તુ નથી કે એને ઉઠાવીને તમે ક્યાંક રાખી દો કે એને પકડી શકો કે પ્રાપ્ત કરી શકો. આ સૃષ્ટિ એવો અદ્ભૂત ખેલ છે કે જેની કોઈ સ્વતંત્ર સ્થિતિ જ નથી. આ વાત તમે સમજી શકો છો ખરા કે દેખાતી સૃષ્ટિની સ્વતંત્ર સ્થિતિ છે જ નહીં ! જો તમે એક વખત આનો અનુભવ, આ સત્યનો અનુભવ કરી લેશો કે આ દેખાતી સૃષ્ટિની સ્વતંત્ર સ્થિતિ છે જ નહીં તો તમે અકિંચન અને અચાહ બની જશો. એટલે કે તમે કહી ઊઠશો, મેરા કુછ નહીં, મુઝે કુછ નહીં ચાહિયે અને જ્યારે આપણે અકિંચન અને અચાહ બની જઈએ છીએ ત્યારે ચિત્ત શુદ્ધ અને શાંત થઈ જાય છે. જુઓ ચિત્તની શાંતિ મેરા કુછ નહીં હૈ, એ વાતથી થાય છે. મને કાંઈયે નથી જોઈતું એ વાતથી થાય છે. આ ચિત્ત શુદ્ધિનો સૌથી મોટો ઉપાય છે, જે જીવનનું સત્ય છે. કઈ રીતે ? કેમ સત્ય છે આ ? કારણ કે ખરેખર મારો કોઈ વસ્તુ પર અધિકાર છે ખરો ? શું કોઈની બધીયે કામનાઓ પૂરી થતી આપે સાંભળી છે ? તો જે મનુષ્ય વ્યક્તિગત રીતે એટલું માની લે કે સંસારમાં એનું વ્યક્તિગત કાંઈ જ નથી. પર્સનલ કાંઈ જ નથી, એટલે મને કાંઈ જ નથી જોઈતું તો એનું ચિત્ત શુદ્ધ અને શાંત થઈ જશે. જ્યારે ચિત્ત શુદ્ધ થઈ જાય છે ત્યારે વિકાર ઉત્પન્ન નથી થતા અને જ્યારે શાંતિ થઈ જાય તો જ્યાં (પ્રભુમાં) એણે લાગવું જોઈએ, ત્યાં તે સાધના માટે લાગી જાય છે.

આપણને કઈ રીતે સમજાય કે આપણું ચિત્ત પરમાત્મામાં લાગી ગયું ? કઈ રીતે સમજવું ? જ્યાં સુધી ચિત્ત લાગે અને પાછું ખસી જાય ત્યાં સુધી એ પરમાત્મામાં નથી લાગ્યું. મતલબ કે એમ થાય કે લાગ્યું ને હટી ગયું, ફરી લાગ્યું ને હટી ગયું, ત્યાં સુધી ચિત્ત નથી લાગ્યું. જ્યારે ચિત્ત વાસ્તવિક રીતે પરમાત્મામાં લાગી જાય છે તો એ પછી હટવાનો પ્રશ્ન જ શેષ નથી રહેતો અને જ્યારે ચિત્ત પરમાત્મામાં લાગી જાય છે તો પરમાત્માથી એને નિત્ય યોગ, એનો બોધ અને એનો

પ્રેમ પ્રાપ્ત થઈ જાય છે. જેવું પરમાત્મામાં ચિત્ત લાગે છે તેવી જ યોગ, બોધ અને પ્રેમની પ્રાપ્તિ થઈ જાય છે. સંતોષ ન માનો ભાઈ, આનો અનુભવ કરી જાણી લો. આ અનુભવ કઈ રીતે થાય ? પરમાત્મામાં ચિત્ત ક્યારે લાગશે ? જ્યારે આપણે એ માની લઈએ કે પરમાત્મા આપણા છે, આપણામાં જ છે. વર્તમાનમાં અત્યારે જ છે. બધું એમનું જ છે. મને એમની પાસેથી કાંઈ જ નથી જોઈતું. શા માટે કાંઈ પણ ન જોઈએ ? અરે ! જ્યારે ખુદ પરમાત્મા જ આપણા છે તો આપણે હવે શાની આવશ્યકતા રહે ? અરે ભાઈ ! એટલું તો સમજો કે જ્યારે માલિક ખુદ જ્યારે આપણો હોય ત્યારે એની મિલકતમાંથી યે વળી કોઈ વસ્તુની જરૂરત હોય ખરી ? શું કહેવું છે તમારું ? જ્યારે માલિક આપણો પોતાનો છે તો એ માલિકની મિલકતથી આપણને શો મતલબ. વિચારી જુઓ. મિલકત તો માલિકની પાછળ દોડશે. જે માલિકને પસંદ કરી લેશે, મિલકત એની પાછળ દોડશે, પરંતુ એને મિલકતથી શી નિસ્બત ? આથી પરમાત્મામાં ચિત્ત લાગી જાય છે. પરમાત્માને પોતાના માનવાથી અને બધું જ પરમાત્માનું છે અને મને એની પાસેથી કાંઈ જ નથી જોઈતું એ માનવાથી. ટૂંકાણમાં મેરા કુછ નહીં હૈ, મુઝે કુછ નહીં ચાહિયે અને સબ કુછ પરમાત્મા કા હૈ - આ માનવાથી પરમાત્મામાં મન લાગી જાય છે અને જ્યારે પરમાત્મામાં મન લાગી જાય છે ત્યારે એ 'અમન' થઈ જાય છે. અમન એટલે મનનું ન રહેવું. આ હિન્દી ભાષાનો અર્થ થયો. ઉર્દૂમાં અમન એને કહે છે, જ્યાં સૌંદર્ય હોય અથવા આનંદ હોય. ઊર્દૂમાં અમન એટલે મોજ, બહાર, આનંદ અને હિન્દીમાં અમન એટલે મનરહિત. તો જ્યાં મન નથી ત્યાં ચિર શાંતિ છે, જીવનમુક્તિ છે. હવે કોઈ રોકી નથી શકતું. જ્યાં આનંદ હોય ત્યાં આનંદ સિવાય બીજું શું હોય ? એટલા માટે પરમાત્માને માનવા બહુ મોટી વાત છે.

હવે આના પછી શું કરવું ? સાધકને પ્રશ્ન એ થશે કે પ્રભુને તો પોતાના માની ચૂક્યા. હવે શું કરવું ? પછી અર્થ એટલો જ રહેશે કે બધા પ્રતિ સદ્ભાવ રાખીએ અને બધાને સહયોગ આપીએ. કોને સહયોગ આપીશું ? જેને પણ આપણા સહયોગની આવશ્યકતા હોય તેને યથાશક્તિ સહયોગ આપતા રહીશું. સદ્ભાવ બધા પ્રત્યે રાખવાનો. આપણે તો ન સંસાર પાસેથી કાંઈ જોઈએ ન પરમાત્મા પાસેથી કાંઈ જોઈએ. કારણ કે જે આપણા પોતાના હોય તેની પાસે માંગવાની વાત જ ક્યાં હોય. જે પોતાના હોય તેને પોતાનાની ફિકર સ્વતઃ રહેતી જ હોય છે. સંસારમાં સંબંધો જ તમારા જુઓને. જો આપની ધર્મપત્ની બીમાર છે તો એની દવાની વિસ્મૃતિ તમે કરો છો ? નથી થતી ને ! તો શું પરમાત્મા એટલી ઓછી સમજ ધરાવે છે કે આપણે એમને પોતાના માનીએ અને એમના જ થઈને રહીએ અને તેઓ આપણી જરૂરતોનું ધ્યાન ન રાખે ? એટલા માટે જ જે સાચા

ઈશ્વરવાદી છે તેઓ કાંઈ જ ઈચ્છતા નથી. તેઓ તો પ્રાપ્ત પરિસ્થિતિનો ભગવત્ નાતે સદુપયોગ કરે છે.તેઓ એમ નથી માનતા કે ભૂખ લાગી છે, તો રોટી મળવી જ જોઈએ. તેઓ તો એમ કહે છે, અરે ભાઈ ! ક્યારેય એવું બનવા જ ન પામે કે મારા માટે રોટી આવશ્યક હોય અને એ મને ન મળે ! અને શું માત્ર અન્ન ખાવું એ જ મારા જીવનનું લક્ષ્ય છે ? આખી જિંદગી ખાતાં ખાતાં પસાર કરી દીધી.ભોજનમાંથી છૂટકારો થયો ખરો ? અરે ! ખાધા કરીએ છીએ તોય મૃત્યુથી બચીએ છીએ ખરા ? ભોજન મૃત્યુને રોકી નથી શકતું; ભોજન કરવાથી ભોજનની રુચિ ખતમ નથી થતી. એટલા માટે જ પ્રભુ આપણા છે. એમની પાસેથી મને કાંઈ નથી જોઈતું. હા ! એમના સંબંધને કારણે બધા પ્રતિ સદ્ભાવ રાખીશ અને યથાશક્તિ સહયોગ આપીશ.

હવે આજકાલ લોકો વાતચીતમાં કહેતા હોય છે કે સાહેબ કામ નથી મળતું. બેકારી ખૂબ વધી છે. હું તમને એ પૂછું છું કે બરાબર કામ નથી કરતા એ ફરિયાદ વધારે આવે છે કે કામ નથી મળતું એ ફરિયાદ વધારે આવે છે ? આજકાલ તો એવી મુસીબત થઈ ગઈ છે કે સાચા મજૂર જ નથી મળતા. જે કોઈ સાધકને રાખવા ઈચ્છીએ એનું મગજ ફરેલું જ હોય છે. તો ખરેખર તો લોકો કામ કરવા જ નથી માગતા અને ફરિયાદ એમ કરે છે કે કામ નથી મળતું. ખરેખર કોઈ સારી રીતે કામ કરવા ઈચ્છતું જ નથી, નહીં તો શું કામ કરવાવાળાને કામ ન મળે ?

સાંભળો, અમારા એક મિત્ર હતા. હવે તો એ બિચારાનું શરીર નથી રહ્યું. તેમણે મને એક વાત કહી હતી કે, ' સ્વામીજી ! મારી પાસે એક માણસ આવ્યો અને તેણે મને કહ્યું કે મને સર્વિસ જોઈએ છે. આ વાત સોહનલાલ સાંઘીએ કહી હતી મને તો. તેમણે કહ્યું કે મારી પાસે કામ નથી. પછી તેઓ બોલ્યા કે ભાઈ ! હું તો દર મહિને ૫૦ રૂા.થી વધારે ન આપી શકું. તે વ્યક્તિ બોલી. સાહેબ, હું ક્યાં એમ કહું છું કે ૫૦ રૂા. આપો, તમે મને કામ આપો અને મહેનતાણું તમને ઠીક લાગે તે આપો. એ જ માણસ ત્યારબાદ તેમની પેઢીમાં મેનેજરની પદવીએ પહોંચ્યો અને પ્રતિ માસ રૂા. ૪૦૦નો પગાર લેતો થયો !' કેમ ભલા ? એ યોગ્ય રીતે કામ કરતો રહ્યો. જેનાથી એની માર્કેટ વેલ્યુ વધી. માર્કેટ વેલ્યુ કેમ નથી વધતી ? શું કારણ છે એનું ? કારણ એટલું જ છે આપણે સાચી સેવા નથી કરતા. અરે ભાઈ ! જ્યારે નોકરીમાં કામ કરવાથી માર્કેટ વેલ્યુ વધી જાય તો પછી સેવા કરવાવાળા સેવક પાછળ તો સમાજ પોતે જ દોડતો આવે, ખરું કે નહીં ? પરંતુ આપણે સાચી સેવા કરતા જ નથી.

એટલા માટે જ મારું આપને નમ્ર નિવેદન છે કે આપ માનવ છો અને માનવ હોવાથી આપના હૃદયમાં પર-પીડા વસવી જોઈએ. પશુ અને મનુષ્યમાં શો તફાવત છે ? પશુ જે છે તે માત્ર

પોતાના દુઃખે દુઃખી થાય છે અને પોતાના સુખે સુખી થાય છે. જ્યારે સાચો માનવ પરપીડાથી પીડિત થાય છે અને પરસુખથી સુખી થાય છે. આ મનુષ્યનું પ્રથમ પગલું છે. આ કાંઈ અંતિમ વાત છે એમ નહીં માનતા. જો આપણા હૃદયમાં પરપીડા રહેવા લાગશે તો શું થશે ? તો આપણે પોતાના વ્યક્તિગત દુઃખથી દુઃખી નહીં થવું પડે. તમે કહેશો સંસ્થામાં પણ નુકસાન તો થાય છે. સારું, થોડોક ઈમાનદારીથી વિચાર કરો કે સંસ્થામાં જે લોકો ઈમાનદારીથી કામ કરતા હોય તેમને શું સંસારના લોકોને થાય તેવો જ કામ અને મોહ રંજાડે છે ? ભાઈ આ સાહેબને પૂછો તેમણે તો ઘણીબધી સંસ્થાઓમાં કામ કરેલું છે. ભાઈ, તમે કહો કે સંસ્થામાં ક્યારેક નુકસાન થાય છે કે નહીં? અચ્છા, ત્યારે શું લોભ સતાવે છે ? ક્યારેય નથી સતાવતો લોભ. માત્ર નુકસાન બાદ વધુ જાગ્રત રહે છે. સવાધાન રહીને કામ કરશે. આનાથી વિપરીત પરિવારમાં શું થાય છે ? તો હું આપને માત્ર એટલું જ પૂછું છું કે 'જે વ્યક્તિ સમાજની સેવા નહીં કરે તે પોતાના વ્યક્તિગત દુઃખથી બચી શકશે ખરો ?' શું માનવું છે તમારું ? તમે કદાચ એ વાત સાંભળી હશે કે જ્યારે બંગલાદેશમાં જુલ્મ થઈ રહ્યા હતા ત્યારે વિનોબાજીના મુખેથી એક વાક્ય સરી પડેલું, 'કઈ રીતે કરું ? મારાથી તો આજ ભોજન પણ ખૂબ દુઃખ સાથે કરાયું.' બંગાળના લોકોના દુઃખથી દુઃખી હતા તેઓ. તો શું વિનોબાજીને પોતાના દુઃખથી દુઃખી થવું પડ્યું ? આજ આપણે આ સત્યને ભૂલી ગયા છીએ એને કારણે જ અન્યના દુઃખથી વ્યથિત નથી થતા. એ વખતે પ્રકૃતિમાતા શું કાનૂન લાગુ પાડે છે તમને ખબર છે ? આપણને આપણા વ્યક્તિગત દુઃખથી દુઃખી થવાનું આવશે. હવે હું માત્ર તમને આટલું જ પૂછું છું કે વ્યક્તિગત દુઃખથી દુઃખી થશો એ સાધન બનશે કે પરપીડાથી પીડિત થશો એ સાધન બનશે સાધકનું ?

શ્રોતા : બીજાના દુઃખથી પીડિત થવું, સ્વામીજી.

સ્વામીજી : એટલા માટે જ હું આપને નિવેદન કરું છું કે ભાઈ ! માણસે એ વિચારવું જોઈએ કે એક દિવસ હું એટલો અસમર્થ હતો કે મારા મોઢા પર બેઠેલ માખીને ઉડાડવા પણ હું અસમર્થ હતો. આ તો સમાજની ઉદારતાને કારણે જ કાંઈ કરી શકવાને સમર્થ થયા છીએ. તો જ્યારે આ કાંઈક કરી છૂટવા આપણે સમર્થ બન્યા ત્યારે પોતાના સુખના ભોગની ચિંતા કરવી જોઈએ કે સમાજના હિતની ચિંતા કરવી જોઈએ ? ભાઈ, સમાજના હિતની જ ચિંતા કરાય ને ?

એટલા માટે હું આપને આ નમ્ર નિવેદન કરવા ઈચ્છું છું કે મનુષ્યના વિકાસનું પહેલું પગલું જ એ છે કે એ બીજાના દુઃખથી દુઃખ પામે. એ આવું અનુભવશે ત્યારે એના હૃદયમાં કરુણાનો રસ પ્રવાહિત થશે. એ સાથે જ્યારે એ અન્યના સુખથી સુખી થશે; પ્રસન્ન થશે તો એના હૃદયમાં

પ્રસન્નતાનો રસ વહેવા માંડશે. આ કરુણા અને પ્રસન્નતા આપણી નિજ-નિધિ, ખુદની મિલકત બનવી જોઈએ. જ્યાં સુધી કરુણાનો રસ જીવનમાં નહીં આવે, સુખ-ભોગની રુચિ સમાપ્ત નહીં થાય અને પ્રસન્નતાનો રસ જ્યાં સુધી નહીં આવે ત્યાં સુધી ઈચ્છાઓ-કામનાઓ નાશ નહીં પામે. બસ ! એટલા માટે જ આપણા બધાનું હૃદય કરુણા તથા પ્રસન્નતાથી ભરપૂર રહેવું જોઈએ. એ ત્યારે જ શક્ય બનશે જ્યારે આપણે બીજાના દુઃખથી દુઃખી થશું અને બીજાના સુખથી પ્રસન્ન થશું. આ છે પહેલું કદમ. તો પછી છેલ્લું પગલું શું છે ? જ્યારે ભોગની રુચિ અને કામનાનો નાશ થઈ જાય છે, ત્યારે જીવનમુક્તિનો આનંદ પ્રગટે છે. હવે જેવી ભોગની રુચિ નાશ પામશે તે યોગ પ્રાપ્ત થશે ને જેવો કામ નાશ પામશે કે રામ પ્રાપ્ત થઈ જશે. પછી શું થશે ? જ્યારે યોગ અને બોધ પ્રાપ્ત થાય છે, ત્યારે આપમેળે પ્રેમ અને પ્રેમાસ્પદનો નિત્ય વિહાર થવા માંડે છે. આ વિહારની માંગ જ મનુષ્યની પોતાની માંગ છે. આપણા અસ્તિત્વમાં પ્રેમથી અલગ કાંઈ જ શેષ ન રહે. આપણું અસ્તિત્વ બોધ અને યોગથી અલગ ન રહી જાય. ભોગ-મોહ અને આસક્તિની અત્યંત નિવૃત્તિ થઈ જાય ને યોગ-બોધ-પ્રેમની પ્રાપ્તિ થઈ જાય. આ માંગને હંમેશા આપણી સામે રાખવી જોઈએ. આ માંગનું આપણને ક્યારે પણ વિસ્મરણ ન થાય.

દિવસમાં અનેક વખત યાદ કરો કે મને યોગ-બોધ અને પ્રેમ જોઈએ ! મને યોગ-બોધ અને પ્રેમ જોઈએ!! મારા સામે સમસ્યા એક જ છે, મારે ભોગ, મોહ અને આસક્તિની નિવૃત્તિ કરવાની છે અને મારું લક્ષ્ય, મારી પ્રાપ્તિ છે - યોગ, બોધ, પ્રેમ પ્રાપ્ત કરવાં. આ માંગ અવશ્ય પૂરી થશે, પરંતુ ક્યારે પૂરી થશે ? એક જ રીતે આપણે સત્ય સ્વીકારી લઈએ. શું છે આ સત્ય જેને સ્વીકારવું ફરજિયાત છે ? પરપીડાથી પીડિત થવું એ સત્ય છે, અચાહ થવું એ સત્ય છે. ભગવાનનો આશ્રય લઈ શરણાગત થવું એ સત્ય છે. તો શરૂ ત્યાંથી કરીએ જ્યાં આપણી પસંદગી ઊતરે - મન થાય તો શરણાગતિથી આરંભ કરો, મન થાય તો અચાહ થાવ. પસંદ પડે તો પરપીડાથી પીડિત થઈ જાવ. આ ત્રણેનું પરિણામ એક જ છે. મંજિલ એક જ છે અને તે છે તમને યોગ-બોધ અને પ્રેમની પ્રાપ્તિ અને ત્યારબાદ આપણે હંમેશ હંમેશને માટે ચિર શાંતિ, જીવનમુક્તિ અને ભગવદ્ ભક્તિ પ્રાપ્ત કરી કૃતકૃત્ય બની જશું. આ નિર્વિવાદ સત્ય છે.

19

# પ્રવચન

દિવ્ય જ્યોતિ પૂ. દેવકીજી

બૂરાઈરહિત થવું એટલે સ્થૂળ શરીરને શુદ્ધ કરવું. અચાહ થવું એટલે સૂક્ષ્મ શરીરને શુદ્ધ કરવું અને અપ્રયત્ન થવું એટલે કારણ શરીરને શુદ્ધ કરવું. આપણા લોકોની સમક્ષ પ્રશ્ન આ છે કે મનને શાંતિ નથી મળતી અને જ્યારે આપણે ચૂપ થવા માટે, શાંત રહેવાને માટે, વિશ્રામ પ્રાપ્ત કરવા માટે સમય કાઢીએ છીએ ત્યારે સ્થૂળ શરીરથી કામ છોડી દઈએ તે છતાં પણ સૂક્ષ્મ શરીરમાં એટલે કે મનમાં એટલી બધી જાતનું ચિંતન ઊછળે છે કે શાંત રહેવાનો આનંદ નથી આવતો. આ દશા છે ! આનો ઈલાજ સ્વામીજી મહારાજ દર્શાવી રહ્યા છે. શું બતાવી રહ્યા છે ? એ નથી કહી રહ્યા કે ક્યાં બેસશો ? ક્યાં વનમાં કુટિયા બનાવશો? કઈ રીતે આસન લગાવશો ? આંખ બંધ કરશો કે કાન બંધ કરશો ? તે બધું પણ નહીં. આ બધું કરવાથી સૂક્ષ્મ શરીર તો શાંત થાય કે શુદ્ધ થાય. સાચો ઉપાય શું છે ? કે આપણે કર્તવ્યનિષ્ઠ બનવાનું છે. ધર્માત્મા થવું એટલે બૂરાઈરહિત થવું. ધર્માત્મા થવાનો અર્થ શું છે ? કોઈના પણ સાથે કોઈ પણ જાતની બૂરાઈ ન કરવી.

હવે અહીંથી સાધના આરંભ થઈ રહી છે - જીવનમાંથી બૂરાઈનો અંત કરો. આમાં જે કરવાનો ભાગ છે તે સ્થૂળ શરીર દ્વારા સંપાદિત થાય છે એટલા માટે બૂરાઈ કરવાનું છોડી દેશો એટલે સ્થૂળ શરીર શુદ્ધ થઈ જશે. ત્યારબાદ અચાહ બની જાવ; કોઈ પણ પ્રકારની કોઈ જ કામના ન કરો. અપ્રાપ્તની કામના જ ચાહ કહેવાય છે. હવે આટલું ધન થઈ જાય, આટલું સન્માન મળી જાય, આટલી સુખની સામગ્રી થઈ જાય, આવું મકાન મળી જાય, સગાં-સંબંધી મળી જાય - આવા પ્રકારની જે ઈચ્છાઓ હોય છે તે ઈચ્છાઓ જ વ્યક્તિને ચંચળ બનાવે છે. એનાથી જ વ્યર્થ ચિંતન ઉત્પન્ન થાય છે. વ્યર્થ ચિંતનનો નાશ કરવો હશે તો સૂક્ષ્મ શરીરને શુદ્ધ કરવું પડશે. સૂક્ષ્મ શરીરની શુદ્ધિ અચાહ થવાથી થાય છે. ચાહ છોડી દો તો સૂક્ષ્મ શરીર શુદ્ધ થઈ જશે. આમ સ્થૂળ શરીરની શુદ્ધિ, સૂક્ષ્મ શરીરની શુદ્ધિ અને ત્યારબાદ કારણ શરીરની શુદ્ધિ - આ શુદ્ધિના આધાર પર વ્યક્તિને વિશ્રામ પ્રાપ્તિ થશે.

આ રહસ્યને બહુ થોડા લોકો જાણે છે. અનેક પંથો છે જે લોકોને જાતજાતનાં વિધિ-વિધાન

શીખવાડે છે. માનવ સેવા સંઘના પ્રણેતા સંતે જીવનની વૈજ્ઞાનિકતાને સામે રાખી અને આ કહ્યું કે ભાઈ, જયારે તમે બૂરાઈ રહિત થઈ જશો ત્યારે તમારું સ્થૂળ શરીર શુદ્ધ થઈ જશે અને બૂરાઈરહિત થવાથી કર્તવ્યનિષ્ઠ બનશો અર્થાત જે બૂરાઈરહિત ભલાઈ કરે છે તે ધર્માત્મા કહેવાય છે. ધર્માત્માની પરિભાષા છે - 'બૂરાઈરહિત બનવું'. કપડાં કેવાં પહેરો છો, તિલક ચંદન લગાવો છો કે નહીં, કંઠી-માલા પહેરો છો કે નહીં, વિશેષ પ્રકારની રહેણીકરણીનો આરંભ કર્યો કે કેમ ? આ બધું તો તમારી મોજની વાત છે. જીવમાં આવે તો કરો, નહીં તો ન કરતાં, પરંતુ કોઈના પણ સાથે કોઈ પણ પ્રકારની બૂરાઈ કરશો તો ધર્માત્મા નહીં થઈ શકો અને ધર્માત્મા થઈને સંસારમાં રહેવાનું શીખી જાવ, આ બહુ મોટી વાત છે. યોગવિદ્ થવા માટે તત્ત્વવિદ્ થવા માટે, ભગવદ્ ભક્ત થવા માટે આ પહેલું પગલું છે.

હવે બીજી વાત દર્શાવી રહ્યા છે - અચાહ થઈને સૂક્ષ્મ શરીરને શુદ્ધ કરો. મારું તમારું જે મન છે તે સૂક્ષ્મ શરીરનું કાર્ય છે. સૂક્ષ્મ શરીરની ક્રિયાઓ મનની ક્રિયા કહેવાય છે. હવે મનની શુદ્ધિની જરૂરત છે. શાંત થવા માટે સાઉન્ડ પ્રૂફ કમરાની જરૂરત નથી. કારણ કે બહારથી કોઈ પ્રકારના અવાજો નહીં આવે તો મોટું ગહન ધ્યાન લાગી જશે એવી વાત નથી. કારણ કે બહારના જે અવાજ છે તે વ્યક્તિને વધુ પરેશાન નથી કરતા જેટલા અંદરની કામનાઓથી ઊઠતી ક્રિયાઓથી અંતે પરેશાની થાય છે. મનની અંદર અનેક પ્રકારની કલ્પનાઓ છે, ચહલપહલ છે, ચિંતન છે. વ્યર્થ ચિંતનથી વ્યક્તિને જેટલી પરેશાની થાય છે, તેટલી તકલીફ એને બહારના ધ્વનિ કે બહારના દશ્યોથી નથી થતી. હવે આ અંદરની તકલીફોને ખતમ કરવાની છે એટલા માટે સ્વામીજી મહારાજ કહી રહ્યા છે કે અચાહ બનીને સૂક્ષ્મ શરીરને શુદ્ધ કરી લો. તો બે વાતો થઈ ગઈ. સ્થૂળ શરીરની શુદ્ધિ ને સૂક્ષ્મ શરીરની શુદ્ધિ.

હવે આગળ વધીએ. ત્યારબાદ થોડા થોડા સમય માટે જે વિશ્રામકાળ ચાલે છે, એ માનવ સેવા સંઘની પદ્ધતિનું સાધન મૂક સત્સંગ છે. એના માટે સ્વામીજી મહારાજ કહે છે કે થોડા સમય માટે બિલકુલ શાંત થઈ જાઓ. આ છે અપ્રયત્ન થવું. પોતાનું કાંઈ નથી, પોતાને કાંઈ જોઈતું નથી અને વર્તમાન ક્ષણમાં કાંઈ કરવું નથી. આ રીતે અપ્રયત્ન થવાથી કારણ શરીરની શુદ્ધિ થાય છે.

જ્યારે ત્રણે શરીરોની શુદ્ધિનો પુરુષાર્થ તમે કરી લેશો ત્યારે દેહાતીત જીવનના અધિકારી બનશો. આપણને જે શરીર મળેલું છે તેનાથી અલગ, બિલકુલ અલગ, આપણું એક સ્વતંત્ર અસ્તિત્વ છે; જેમાં દુઃખ નથી, મૃત્યુ નથી, અભાવ નથી. અત્યારે એ અસ્તિત્વની જાણ આપણને

નથી; તે દેહાતીત જીવન કહેવાય છે, ખરેખર તો તે જ જીવન છે. શરીરની સાથે ઓતપ્રોત થઈ આપણે જીવી રહ્યા છીએ એટલે ભૂખ-તરસ,ઠંડી-ગરમી અને બીજા અનેક પ્રકારનાં શારીરિક કષ્ટ, અનેક પ્રકારની શારીરિક ઉત્તેજનાઓ - આ બધાની અસર આપણા પર થઈ રહી છે, પરંતુ જે લોકો દેહાતીત જીવનમાં રહેવું શીખી ગયા છે, તેમના પર આ બધી વાતોની કોઈ અસર નથી થતી, તેમને કોઈ તકલીફ નથી થતી. નથી કોઈ કષ્ટ પહોંચતું. એ દેહાતીત જીવન સુધી પહોંચવા માટે ત્રણે શરીરોની શુદ્ધિની ચર્ચા કરી.

હવે આનું પરિણામ જુઓ ! તેમાં પણ બહુ મોટું વૈજ્ઞાનિક સત્ય છે. શું છે તે સત્ય ? જેમ કે માની લો. આપણે ભોજન તથા વસ્ત્રોનું અને રમતગમતનું સુખ લેવા ઈચ્છીએ છીએ, તો જેને ઉત્તમ -ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન કરવાનો શોખ છે, જેને શરીરના માધ્યમથી સુખ લેવાની ઈચ્છા છે એ શરીરનો આધાર છોડી નહીં શકે. જેને આંખો દ્વારા સુંદર, મોહક રૂપ જોવાનો શોખ છે, તે આંખોનો સહારો નહીં છોડી શકે. જ્યાં સુધી આંખો રહેશે ત્યાં સુધી એ જોવાનું સુખ લેશે અને આંખો નહીં રહે ત્યારે રુદન કરશે. દેખાતું ને નષ્ટ થતું, બનતું અને બગડતું આ જે શરીર છે એનાથી જો આપણા સુખ માટે કાંઈ પણ કરશું તો એ સુખનો ભોગી શરીરથી ઉપર ઊઠવાનું સામર્થ્ય નહીં પ્રાપ્ત કરી શકે. એ તો માની પણ નહીં શકે કે શરીર સિવાય પણ કોઈ જીવન હોય છે. બીજું પણ કાંઈ અસ્તિત્વ હોય છે. આવી વ્યક્તિ પછી સમજે તો કઈ રીતે ? અને એ અનુભવ પણ કઈ રીતે કરે ? એ તો શરીરને જ સર્વસ્વ માની રહેલ છે. પરંતુ જે સાધકોને વિશ્રામ પસંદ છે, જે યોગવિત્ થઈ તેમાં કેવો એક નિત્યાનંદ અનુભવમાં આવે છે, એ વાતના નિશ્ચયી છે. તેઓ શરીરોના સહારાથી મળનારાં જગતનાં સુખોનો ત્યાગ કરી દે છે. જેમને નિત્ય-યોગ મેળવવો છે એ શરીરનો સાથ લઈ ભોગમાં રચ્યાપચ્યા નહીં રહે. એટલા માટે મહારાજજીએ કહ્યું કે પહેલાં આને શુદ્ધ કરી લો. જો શરીરોને શુદ્ધ કરી લેશો તો એનો આધાર છોડી શકશો. જો અશુદ્ધ રહેશો તો તેમાં જ ફસાયેલા રહેશો, શરીરનો આધાર નહીં છોડી શકો. આ પ્રથમ વાત થઈ ગઈ. યોગવિત્ બનવા માટે, તત્ત્વવિત્ત બનવા માટે, ભગવદ્-ભક્ત થવા માટે અતિ જરૂરી એ છે કે વ્યક્તિ સૌ પ્રથમ તો બૂરાઈરહિત બની જાય.

બીજી વાત તેઓ એ કહે છે કે જે બૂરાઈરહિત બની ધર્માત્મા થઈ જાય, મતલબ કે શરીરો દ્વારા કોઈ નિજી સુખ ન ભોગવે અને દુ:ખીજનોની સેવામાં દેહને લગાવી દે તેને ખુદ પોતાના માટે શરીરની આવશ્યકતા નથી રહેતી. બૂરાઈરહિત થઈ જવાથી શરીરની આવશ્યકતા જ ખતમ થઈ જાય છે.

હવે વિચારો, કામનાની ઉત્પત્તિની જાણ આપણને ક્યારે થાય છે ? જ્યારે મનમાં એનું ચિત્ર દેખાવા લાગે. કોઈ સુંદર, સ્વાસ્થ્યપ્રદ સ્થાનમાં જવાની માની લો કે તમને ઈચ્છા થઈ તો એક કામના ઉત્પન્ન થઈ ચૂકી. જેવી કામનાની ઉત્પત્તિ થાય તેવી વ્યક્તિ ગતિશીલ બની જાય છે અને તેની શાંતિ ખતમ થઈ જાય છે. પછી ત્યાં જવા માટે દોડધામ શરૂ થઈ જાય છે. શો પ્રોગ્રામ બનાવવો, શી વ્યવસ્થા કરવી - આવી અનેક વાતો એક સાથે મનમાં ઉત્પન્ન થઈ જાય છે. એના જ ચિંતનમાં મન વ્યસ્ત થઈ જાય છે. જરા વિચારો, ત્યાં પહોંચવાનું સુખ પણ સુખદ ક્યારે જણાય છે ? જ્યારે અંદર ત્યાં પહોંચવાની કામના હતી ત્યારે. આનાથી ઊલટું જો તમારો કોઈ સંકલ્પ નહીં હોય, ત્યાં જવાની તમારી કોઈ કામના જ નહોતી તો તે સ્થળે પહોંચીને પણ તમને કોઈ વિશેષ સુખની અનુભૂતિ નહીં થાય - તમારી અંદર કોઈ વિશેષ ફેરફાર, અંતર નહીં આવે.

આમ કામનાની ઉત્પત્તિ માત્રથી વ્યક્તિની અંદર ચિંતન આરંભ થઈ જાય છે, તો જે વ્યક્તિ બધી જાતની કામનાઓનો ત્યાગ કરી દેશે એના મનમાં કોઈ પણ પ્રકાસ્ના ચિંતનનો આરંભ જ નહીં થાય. જ્યારે ચિંતન શરૂ નહીં થાય ત્યારે સૂક્ષ્મ શરીર શુદ્ધ થઈ જશે.

આ પ્રમાણે તમે વિચારીને જુઓ કે કામનાની ઉત્પત્તિને કારણે જ વ્યક્તિની અંદર ચિંતન શરૂ થાય છે. જે વ્યક્તિ બધા જ પ્રકારની કામનાઓ છોડી દેશે એના મનમાં કોઈ પણ પ્રકારનું ચિંતન આરંભ જ નહીં થાય. હવે જો ચિંતન શરૂ નહીં થાય તો સૂક્ષ્મ શરીર શુદ્ધ થઈ ગયું. આમ પોતા માટે સુખ લેવાનું છોડ્યું એટલે સ્થૂળ શરીરની જરૂરત જ ખતમ થઈ ગઈ. હવે પોતાના જીવનમાંથી કામનાઓનો અંત કરી દીધો તો સૂક્ષ્મ શરીરની જરૂરત પૂરી થઈ ગઈ અને પોતા દ્વારા જો અપ્રયત્ન થઈ ગયા તો કારણ શરીરની જરૂરત પૂરી થઈ ગઈ. જે વ્યક્તિના જીવનમાં ત્રણે શરીરોના હોવા છતાં એ ત્રણે શરીરોની આવશ્યકતા ખતમ થઈ જાય છે, એ યોગવિત્ થવાને અધિકારી છે. આ સ્વામીજી મહારાજે અનુભવેલું સત્ય છે. તેથી જ આપણને તેઓ આવી સલાહ આપી રહ્યા છે.

જેની આપણે ચર્ચા કરી રહ્યા છીએ, તેની પ્રક્રિયા હવે જોઈએ. શું કહે છે સ્વામીજી ? કે ભાઈ, ઈન્દ્રિયોને વિષય-વિમુખ કરી દો. મનને નિર્વિકલ્પ કરો અને બુદ્ધિને સમ કરી લો. હવે ઈન્દ્રિયોને વિષય-વિમુખ કરવાનું સામર્થ્ય કોનામાં આવશે ? જે ઈન્દ્રિય-લોલૂપ હશે તેમાં આવશે કે જે સંયમી હશે તેનામાં આવશે ? જ્યાં સુધી ઈન્દ્રિયોનો વિષય સાથેનો સંયોગ આપણને પસંદ પડે ત્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિને મનમાં વિલીન કરવી સંભવ નહીં બને. કારણ કે એ તો બહારની બહાર જ રહે છે. અંદરથી આવેગ ઉત્પન્ન થયા કરે છે. હમણાં સામેનું દૃશ્ય નીરખીએ, હમણાં મન બહેલાવીએ, હમણા આમ કરીએ, હમણા તેમ કરીએ - આટલી બધી ઈચ્છાઓ સેવી જે

અંદરથી ઈન્દ્રિયો દ્વારા સુખ લેવાની કામના રાખતો હોય તે ઈન્દ્રિયોને વિષય-વિમુખ નહીં કરી શકે. હવે ઈન્દ્રિયો જો વિષય-વિમુખ નહીં થાય તો મન શાંત થઈ જ નહીં શકે. કારણ કે મનની શાંતિ એ વાત પર નિર્ભર કરે છે, ભાઈ કે ઇન્દ્રિયોની શક્તિને મનમાં વિલીન કરી દો. શું આમ કરી દઈએ તો આવું સ્વતઃ બને છે ? હા, જે લોકો ઈન્દ્રિયજનિત વિષયોનું સુખ પસંદ નથી કરતા એમની ઈન્દ્રિયોની શક્તિઓ આપમેળે મનમાં વિલીન થાય છે. હવે જ્યારે ઈન્દ્રિયોની શક્તિઓ મનમાં વિલીન થઈ જાય તો મનના માટે કોઈ કામ જ ન રહે કેમ કે પોતાનો કોઈ સંકલ્પ જ નથી. પોતાની કોઈ કામના જ નથી તો હવે મનના માટે કોઈ જ કામ ન રહ્યું અને જ્યારે મન પાસે કોઈ કામ ન રહે તો શું થાય ? માણસને મનની ભાળ જ નથી મળતી કે મારી પાસે મન છે ! આ જીવનનું વૈજ્ઞાનિક સત્ય છે, સાધક લોકો મનથી બહુ પરેશાન રહે છે, જેને પણ સાંભળો એક જ ફરિયાદ કરશે, અરે ! આ મન બહુ ચંચળ છે, કાબૂમાં જ નથી રહેતું, એનું દમન નથી કરી શકાતું, એની ચંચળતા થોભવાનું નામ જ નથી લેતી. મન વિશે સાધકો એવી એવી વાતો કરે છે કે જાણે મન કોઈ જબરજસ્ત દુશ્મન હોય, પરંતુ હકીકત એમ નથી. એ સાધકની પોતાની જ ભૂલ છે અને આપણી ભૂલ એ છે કે એક તરફ આપણે વિવિધ પ્રકારની કામનાઓને પસંદ કરીએ અને કામનાપૂર્તિના સુખને પસંદ કરીએ. વળી એ માટે કામનાપૂર્તિના પ્રયાસોમાં પણ રચ્યાપચ્યા રહીએ અને સાથે સાથે ચંચળતા પણ મટાડવા ચાહો તો એ નહીં મટે. એટલા માટે સંતની સલાહ છે કે ભાઈ ! બૂરાઈરહિત બની જાવ તો સ્થૂળ શરીરની જરૂર નહીં રહે. એ શુદ્ધ થઈ જશે. ઈન્દ્રિયોને વિષય-વિમુખ કરી લેશો તો ઈન્દ્રિયોની આવશ્યકતા નહીં રહે. જુઓ જ્યારે બહાર આપણે કાંઈ જોવું જ નથી તો કેવું પણ સુંદર દશ્ય સામે કેમ ન આવ્યું હોય જ્યારે તે જોવાથી ઉત્પન્ન થતું સુખ ભોગવવું જ નથી તો આંખો ખોલવાની જરૂરત જ નથી. હવે આંખોની જે શક્તિ જોવામાં વ્યય થતી હતી તે મનમાં જઈને શાંત થઈ જશે. એટલે જે સાધકને દશ્ય જગતની જરૂરત જ નથી, તેની ઈન્દ્રિયોની શક્તિ મનમાં જઈને વિલીન થઈ જાય છે. મતલબ કે જે પ્રાણશક્તિ બહાર ખર્ચ થઈ રહી હતી તે હવે બચી જશે. જ્યારે તમે એ શક્તિને બહાર પ્રવાહિત થવાની રોકી દેશો, ત્યારે તે સ્વતઃ અંદરની તરફ પ્રવાહિત થઈ જવાની. એ મનમાં જઈને વિલીન થશે. બધી જ ઈન્દ્રિયોની શક્તિઓ, બધી જ્ઞાનેન્દ્રિયો, બધી કર્મેન્દ્રિયો આ બધાની શક્તિઓનું શું થાય છે આ ક્ષણે ? બધી જ અંદર તરફ વહેવા માંડશે, જ્યાંથી એ નિકળીને આવી હતી તે તરફ પ્રવાહિત થશે; એ ઉદ્‌ગમમાં જઈને જ્યારે લય પામી જાય છે ત્યારે મોટો વિશ્રામ મળે છે. આ યોગનું પ્રથમ પગલું શરૂ થયું. હવે વૃત્તિઓ બહિર્મુખી મટીને અંતર્મુખી બની ગઈ તો એક મોટું કામ પાર પડ્યું.

હવે તે બાદ જો તમે કામનારહિત થઈ ગયા, તમે બધા પ્રકારની કામનાઓનો ત્યાગ કરી અચાહ થઈ ગયા તો મનની ગતિશીલતા ખતમ થઈ જાય છે. હવે મનની શક્તિ બુદ્ધિમાં વિલીન થઈ જાય છે.

હવે જ્યારે મનની શક્તિ બુદ્ધિમાં વિલીન થઈ જાય છે, ત્યારે બુદ્ધિ માટે કરવાનું કોઈ જ કામ બાકી નથી રહેતું. જરા સારી રીતે આ વાત સમજી લો. જેમ કે કોઈ વ્યક્તિ બેઠી છે અને એના મનનાં અહીંથી ઊઠીને જવાની કામના પેદા થઈ, ઈચ્છા પેદા થઈ તો તે ઈચ્છા પૂરી કેમ થશે - આના પર બુદ્ધિ વિવેચન કરે છે કે આ વ્યવસ્થા કરો, આમ કરો, તેમ કરો વગેરે. પરંતુ જ્યારે આપણા તરફથી કોઈ કામના જ હવે શેષ ન રહી તો પછી બુદ્ધિની જરૂરત નથી રહેતી. તેનું કામ પૂરું થઈ જાય છે જેને પરિણામે બુદ્ધિ સમ થઈ જાય છે; શાંત થઈ જાય છે - આને જ સમાધિ કહેવાય છે.

હવે અપ્રયત્ન થવાનો અર્થ એ છે કે મનુષ્યના જીવનમાં અશુભ કર્મનું તો કોઈ સ્થાન જ નથી તેમ છતાં જો શુભ કર્મની પણ ઉત્પત્તિ થઈ રહી છે તો કારણ શરીરનો આધાર જોઈશે. જેમ કે અંદરથી શુભ કર્મની સ્ફૂર્તિ થાય છે, તો આરંભ કારણ શરીરથી થાય છે, પછી તે કામનાઓના રૂપમાં સૂક્ષ્મ શરીર એટલે મનમાં આવે છે. આને કામનાઓ કહો, ઈચ્છાઓ કહો, સંકલ્પ કહો જે કહો તે. પછી તે જ્ઞાનેન્દ્રિયો ને કર્મેન્દ્રિયોના સ્તર પર આવે છે, ક્રિયાના રૂપમાં જેમ જેમ આપણે આપણી તરફથી અપ્રયત્ન થતા જઈએ છીએ તેમ તેમ પછી શરીરોની આવશ્યકતા નથી રહેતી. જે સાધકનો ત્રણે શરીરોનો સાથ છૂટ્યો, હવે એ જોઈએ જ નહીં એવું થયું, આવા સાધકને પૂર્ણ વિશ્રામ પ્રાપ્ત થાય છે. એટલે બૂરાઈરહિત થવું - પહેલું પગલું, અચાહ થવું - બીજું પગલું, અપ્રયત્ન થયું - એ ત્રીજું પગલું. હવે આ ત્રણે બિન્દુઓ પૂરાં થાય કે સાધક યોગવિત્ બની જાય છે.

વૃત્તિઓને બળપૂર્વક રોકવાનો અભ્યાસ અને વૃત્તિઓ આપમેળે ઉદ્ગમમાં જઈ વિલીન થઈ જાય એ બંનેમાં બહુ મોટું અંતર છે. જે કારણ શરીરની શાંતિની સ્થિતિમાં પહોંચી જાય એની પાસે મન કે ઇન્દ્રિયો છે - અંતે તો એનો કોઈ આભાસ જ નથી રહેતો. તાદાત્મ્ય કાળમાં તો વ્યક્તિ એની કલ્પના જ નહીં કરી શકે. શાંત થવાની સાથે જ શરીર છે, એવો ભાર જ આપણા પર નથી રહેતો. હવે સ્થૂળ શરીરનો બોજ ખતમ થયો અને મનમાં કોઈ પણ પ્રકારનું ચિંતન ન રહ્યું. કોઈ કામના જ ન બચી તો વ્યક્તિને એ ખ્યાલ જ નથી આવતો કે મારી પાસે મન છે. હવે બીજી તરફની દુર્દશા જુઓ - જેમ કે કોઈ કામ કરવું છે તમારે અને તેમાં મન નથી લાગતું એટલે તમે

જબરજસ્તી કરવા ઈચ્છો છો તો મનનો મોટો બોજ જણાશે. તમે બધાએ આ અનુભવ ક્યારેને ક્યારે કર્યો છે ને ? "શું કરીએ મન કેમે કરી લાગતું નથી, પરંતુ કામ તો કરવાનું જ છે." જ્યારે મન લાગે નહીં અને જબરદસ્તી એ કામને કરવા ઈચ્છો તો મોટા બોજ જેવું લાગે છે, ખરું ને ?

એ જ રીતે જે સમયે તમે યોગવિત્ બનવાની ઈચ્છા કરો છો, વિશ્રામ સંપાદન કરવામાં હો છો ત્યારે તમે ઈચ્છો છો એમ કોઈ પણ પ્રકારનું ચિંતન ન થાય પણ એ સમયે અંદરથી એકદમ ચિંતનનું વાવાઝોડું ફૂંકાય છે, હમણાં કંઈક પછી કંઈક, એક પછી એક, એક પછી એક ભૂતકાળ અને ભવિષ્યકાળના ચિંતનથી જ્યારે મસ્તક ભરાઈ જાય ત્યારે ચિંતનથી ભારેખમ એ મનનો બોજ ઉપાડવો આપણને બહુ જ મુશ્કેલ જણાય છે. ત્યારે એમ થાય છે કે આ મન જ ન હોત તો ઠીક થાત, પરંતુ જે લોકો વિશ્રામ મેળવી લે છે એમને તો એ વાતની જાણે નથી રહેતી કે મારી પાસે શરીર છે કે નહીં, મારી પાસે મન છે કે નહીં. તન અને મનના આભાસથી તેઓ મુક્ત થઈ જાય છે. કોઈક વખત એવો પણ અનુભવ થાય કે જ્યારે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોની શક્તિઓ મનમાં વિલીન થઈ જાય અને મનની શક્તિઓ બુદ્ધિમાં વિલીન થઈ જાય તો કોઈ પણ જાતના સ્પર્શની સંવેદનાનું આપણને ભાન જ નથી રહેતું. પછી શું બચે છે ? પછી રહી જાય છે એક પરમ શાંતિમય અવસ્થા જેમાં ન તો દેહનો ભાર છે કે ન તો મનનો. જ્યારે શરીરથી છૂટ્યા તો સ્થૂળ શરીર છૂટી ગયું અને જો મનથી છૂટી ગયા તો સૂક્ષ્મ શરીરથી મુક્તિ મળી ગઈ.

હવે રહી ગઈ કેવળ કારણ શરીરની સ્થિતિની શાંતિ ! ત્યાં એકદમ શાંતિ હોય છે અને એ શાંતિ જ જાણે આપણું અસ્તિત્વ હોય તેવું જણાય છે. આને જ ભૌતિક વિકાસની ચરમસીમા દર્શાવી છે. આ જે સમાધિ છે - બુદ્ધિનું સમ થઈ જવું - એને મહારાજશ્રીએ ભૌતિક વિકાસની ચરમસીમા કહી છે, કારણ કે હજુય કારણ શરીર વિદ્યમાન છે. હવે જે સાધક કારણ શરીરની ઘનીભૂત શાંતિમાં અલૌકિક શક્તિની વૃદ્ધિ કરી લે છે, એમનું કારણ શરીરથી પણ તાદાત્મ્ય છૂટી જાય છે અને ત્યારે તેઓ નિત્ય-યોગના આનંદને પ્રાપ્ત કરે છે. જ્યારે બધા જ પ્રકારનાં શરીરોથી સંબંધ છૂટી જાય ત્યારે નિત્યયોગમાં તત્ત્વબોધ થાય છે અને આ તત્ત્વબોધમાં પરમ પ્રેમ હોય છે.

આમ યોગ-બોધ-પ્રેમ માનવના વિકાસની સૌથી ઊંચી વાત છે તે પૂરું થઈ જાય ત્યારે બધા જ પ્રકારનાં દુ:ખોનો અંત થઈ જાય છે, અભાવ મટી જાય છે અને રસમય આનંદથી જીવન છલકાઈ ઊઠે છે. મેં એવા ભગવદ્‌ભક્ત સંતોને જોયા છે જેમની ઈન્દ્રિયો વિષયવિમુખ થઈ ગયેલ છે અને પરમાત્માના મિલનથી એમનું મન પ્રેમના પ્રભાવમાં બિલકુલ ડૂબી ગયેલ છે.

બીજા એક મોટા રહસ્યની પણ જાણ થાય છે કે આપણા લોકોના વ્યક્તિત્વમાં જે તન, મન

અને ઈન્દ્રિયોની શક્તિઓ કામ કરી રહી છે - આ બધી જ પ્રાકૃતિક શક્તિઓ સમષ્ટિ શક્તિ - Universal Energy માંથી ઉત્પન્ન થઈ થઈને નાનાં નાનાં રૂપોમાં એ આપણા વ્યક્તિત્વમાં કામ કરે છે. આ સમષ્ટિ શક્તિનું ઉદ્‌ગમસ્થાન-સ્રોત ક્યાં છે ? અનંત શક્તિમાન પરમાત્મામાં. આમ અનંત શક્તિમાન પરમાત્મામાંથી નીકળી નીકળીને આ શક્તિઓ આપણા વ્યક્તિત્વમાં કામ કરી રહી છે. આ શક્તિઓને જ્યારે આપણે લોકો બહારની તરફથી અંદર તરફ વાળી દઈએ છીએ ત્યારે જેમ કે પાણીનો પ્રવાહ વહી રહ્યો હોય અને તેને આપણે આગળથી રોકી દઈએ તો ધારા ક્યાં જશે ? પાછળના તરફ જશે. સમજી લો પ્રવાહને આગળ જવાનો રસ્તો ન આપ્યો અને તો ત્યાં પાણી વધી જશે તો પ્રવાહ જ્યાંથી આવેલ ત્યાં જ પાછો વળશે. આવું જ બને છે. બહારની તરફ ઈન્દ્રિયોને વહેવા જ ન દો તો તે પણ પાછળ તરફ વળી જશે. પાછળ તરફ વળી એ એનામાં જઈને વિલીન થશે જેમાંથી એ ઉત્પન્ન થયેલ છે. તો આ નિત્યયોગ કહેવાય છે. આના માટે જ આપણે પૂરેપૂરી વ્યવસ્થા કરવાની છે - એવો સ્વામીજી મહારાજનો પરામર્શ છે. જો આટલું થઈ ગયું તો તમે મૃત્યુંજય બની જશો. સમજો એના પછી શરીરના વિનાશની ક્ષણો આવી પહોંચશે તો કેવું લાગશે ? જાણે કે એક મશીન હમણાં બોલી રહ્યું હતું, કામ કરી રહ્યું હતું અને હવે બંધ થઈ ગયું - એવું લાગશે. તમે બિલકુલ નિશ્ચિંત અને બિલકુલ આનંદથી અલગ થઈ જોતાં રહેશો કે શરીરરૂપી યંત્રને હમણાં જ કાંઈ થઈ ગયું. અને યંત્ર બંધ થઈ ગયું. જો તમે દેહાતીત જીવનના વિશ્રામમાં રહેવાનું શીખી લીધું હશે તો આપણા પર આનો કોઈ જ પ્રભાવ નહીં પડે. આપણા પર આ ઘટનાની કોઈ પણ અસર થઈ જ નહીં શકે. આ છે યોગવિત્ થયાનો અર્થ અને આને જ જીવનમુક્તિ પણ કહેવામાં આવે છે.

જે જીવન દેહાતીત છે તે અવિનાશી પણ છે, આનંદમય પણ છે અને પ્રેમમય પણ છે. આપણે લોકો આની શરૂઆત ક્યાંથી કરશું ? કઈ રીતે આપણે આ જીવનમાં વિશ્રામ પ્રાપ્ત કરશું ? - આ બધી તો સાધકોની પોતપોતાની તૈયારી મુજબની વાત હોય છે. જે લોકો સ્થૂળ શરીરમાં જ ફસાયેલા છે તેમના માટે બૂરાઈરહિત ભલાઈ કરવી અનિવાર્ય છે. આના માટે ખૂબ પરિશ્રમપૂર્વક કામ કરવું પડશે. મહર્ષિ દયાનંદજીને એક વખત કોઈએ પ્રશ્ન કર્યો કે આપે કામને કઈ રીતે જીત્યો ? તેમણે પ્રત્યુત્તર વાળ્યો, 'કામ કરીને.' બીજો પ્રશ્ન પૂછાયો, અંદરની વાસના પર વિજય કઈ રીતે પ્રાપ્ત કર્યો ? મહર્ષિએ જવાબ આપ્યો, 'પરિશ્રમ દ્વારા.'

તો જે સાધકો હાલમાં સ્થૂળ શરીરના સ્તર પર વિકારોમાં ફસાયેલા છે તેમના માટે જરૂરી છે કે તેઓ ખૂબ પરિશ્રમપૂર્વક સેવાકાર્ય કરે. ત્યારબાદ એનાથી ઉપર ઉઠે. આના માટે શું કરે ?

ચોવીસ કલાકમાંથી થોડાક કલાક શરીર દ્વારા ખૂબ કામ લે અને કામ કર્યા બાદ એનાથી આગળના જીવનમાં શાંતિપૂર્વક રહે. મતલબ કે પ્રતિદિનનો ક્રમ શો બનાવવો કે સારું લાગે ? પરિશ્રમપૂર્વક શુદ્ધભાવથી સર્વહિતકારી કામ કરવાનું અને કામ કર્યા બાદ શરીર અને સંસારથી અસંગ થઈ શાંત રહેવું. આટલું સમજાયું હવે ? કે વિકારો પર વિજય પ્રાપ્ત કરી શકાશે સેવાકાર્ય કરીને, સૂક્ષ્મ શરીરને શુદ્ધ કરી શકાશે અચાહ બનીને અને કારણ શરીરથી છૂટ્ટી લઈ શકાશે અપ્રયત્ન થઈને. એટલે કે ધર્માત્મા થવું, અચાહ થવું, અપ્રયત્ન થવું, આ મૌલિક વાતો છે જેનાથી યોગવિત્ થવું, તત્ત્વવિત્ થવું અને ભગવદ્‌ભક્ત થવું સંભવ બને છે. સાધકો ! સાંભળી લો ! આ ચાર વાક્યો જ એટલાં તો ગહન-ગંભીર નીકળ્યાં છે કે એના પર વિચાર કરતા રહો, એ રાહ પર ચાલવાની કોશિશ કર્યા કરો તો આપમેળે જ એટલો આંતરિક વિકાસ સધાશે કે પછી કોઈને પણ કાંઈ જ પૂછવાનું નહીં રહે.

ક્યારેક ક્યારેક સાધક એવો પણ અનુભવ કરે છે કે જ્યારે બુરાઈરહિત થવા માટે કોઈ નિયમ લઈએ છીએ. જેમ કે હવે આ નથી કરવું તો એ વસ્તુમાં જ મન વિશેષ જાય છે અને જ્યાં સુધી એ નથી કરી લેતા એમાંથી છૂટકારો નથી મળતો. આ એક વ્યવહારુ પ્રશ્ન ઊભો થાય છે, સાધનાના સાધનકાળમાં. આનું શું કારણ છે જાણો છો ? સાધકે એ બૂરાઈમાંથી પોતાની નિષ્ઠા નથી હટાવી. સમજી લો આ વાતને - કે બૂરાઈ કરવાવાળાને બૂરાઈ કરવામાં માત્ર દુઃખની જ પ્રાપ્તિ થતી હોય છે એવું નથી હોતું. જેમ કે ઈન્દ્રિયોને અસંયમિત છોડી દેવી એ એક જાતની બૂરાઈ છે. તેમ છતાં અસંયમિત જીવન છોડી દેવાથી કેવળ દુઃખ મળે છે એવું તો નથી. તત્કાલ તો પહેલાં થોડું સુખ જ અનુભવાય છે, બાદમાં દુઃખ થાય છે. તો એવા લોકો કે જે અનુભવ કરે છે કે અમે વિચાર્યું તો હતું કે આ બૂરાઈ નહીં કરીએ તેમ છતાં એ કર્યા વિના રહી નથી શકતાં અને જેવા પોતાને અટકાવવાનો પ્રયત્ન કરીએ છીએ તો અંદરથી વધુ વેગથી બૂરાઈ પેદા થાય છે - એનો મતલબ એટલો જ છે કે સાધકે બૂરાઈના સુખના પ્રલોભનનો નિશ્ચયપૂર્વક ત્યાગ નથી કર્યો. શું કર્યું છે તેણે ? માત્ર એ સુખની ક્રિયાને રોકવાનો પ્રયત્ન કર્યો છે. ક્રિયાની પાછળ સુખનું પ્રલોભન જો જીવનમાં કાયમ રહે તો ક્રિયા કઈ રીતે અટકે ? ન જ અટકે. એટલા માટે સુખના પ્રલોભનનો ત્યાગ કરો, એને છોડો. હવે તેમ છતાં સાધકને બૂરાઈ છોડવામાં પોતે અસમર્થ છે એવું લાગે, તેનો બૂરાઈ સામે પરાજય થયા કરે તો ? જ્યારે આવી જાણ થાય તો સર્વ સામર્થ્યવાન પાસે શક્તિ માગવી જોઈએ. પ્રાર્થના કરવી જોઈએ હૃદયપૂર્વક કે હે સમર્થ ! બૂરાઈને બૂરાઈ તરીકે હું પહેચાનું છું, તેમ છતાં એને છોડવામાં હું પરાજિત થાઉં છું. તો આપ મારી રક્ષા કરો ! રક્ષા કરો ! આ પ્રકારે સમર્થ સ્વામી

પાસે શક્તિ માગશો, આવશ્યકતાનો અનુભવ કરશો તો એ સર્વસમર્થના બળ દ્વારા તમારી બૂરાઈ ખતમ થઈ જશે.

પોતાની અંદરની વૃત્તિઓને શાંત રાખી, અંતર્મુખ બની પોતાના ઉદ્‌ગમને મળવામાં અલૌકિક આનંદ છે. પોતાની જીવનશક્તિને બહારની તરફ પ્રવાહિત કરવામાં યોગવિત્ સંતોને બહુ કષ્ટ પડે છે. એમને એ બિલકુલ નથી ગમતું. ન છૂટકે કોઈ એવો પ્રસંગ આવી પડે તો પરાણે તેઓ બહિર્મુખ થાય છે. એવો છે એ અલૌકિક આનંદ ! મને એ બિલકુલ સ્વાભાવિક જણાય છે, આ બિલકુલ સાચી વાત છે. ઉદ્‌ગમથી વછૂટી જવાથી જ આપણા જીવનમાં એટલી તો નીરસતા ભરાઈ ગઈ છે કે આપણે બધા જ જીવનના રસની ખોજમાં બહારની બાજુ, જગત તરફ ભટક્યા કરીએ છીએ અને દરેક સ્થળે એ રસની ખોજ કરીએ છીએ.

એક વાત સમજી લો એક વખત બહારથી અંદર જવાની પ્રક્રિયા આરંભ થઈ જશે તો પછી આપ એ ઉદ્‌ગમથી મળ્યા વિના, એ નિત્ય યોગથી સંપન્ન થયા વિના રસ્તામાં થોભી નહીં જ શકો. કારણ કે અહા ! એવું આનંદમય છે એ જીવન ! વર્ણનાતીત, શબ્દાતીત.

# 20 શરણાનંદજીનું સાધક-પાથેય

સ્વામીજી ઉપદેશમાં જે વસ્તુ ખાસ કરીને મનને ખૂબ સ્પર્શે છે તે છે ગૂઢ અને જટિલ શાસ્ત્રીય પારિભાષિક શબ્દો દ્વારા નહીં પરંતુ રોજબરોજ વપરાતી આમઆદમીના ભાષાનો પ્રયોગ કરી સત્યને સીધામાં સીધી ભાષામાં અને સરળ રીતે મૂકવું.

આ ઉપરાંત પૂ. સ્વામીજીના ઉપદેશમાં એવું ઘણુંયે મળી આવે છે જેનો ઉપયોગ નિષ્ઠાવાન સાધક પોતાના રોજબરોજના જીવનમાં આસાનીથી કરી શકે. આ પ્રયોગો પણ બહુ સરળતાથી કોઈ પણ સાધક પોતાના જીવનમાં ઉતારી શકે તેવા છે. વળી આ પ્રયોગો સાર્વજનિક છે એ માટે કોઈ પણ માર્ગ અપનાવી ચૂકેલા સાધકે પણ પોતાના ગુરુનો ત્યાગ કરી શ્રી શરણાનંદજીના શિષ્ય થવાની પૂર્વશરત પણ નથી. પૂ. શરણાનંદજીએ સાધકોને વ્યાપક જથ્થામાં અને વિવિધ સાધક-પાથેય બંધાવ્યું છે જેનો ઉપયોગ સાધક પોતાની સાધનામાં વિના સંકોચે કરી શકે તેમ છે. આમાંના આપણા રોજબરોજના જીવનમાં અનુભવાતા ભાવો અને તે સંબંધમાં મહારાજશ્રીની વાણી જોઈએ.

**સુખ અને દુઃખ**

દરેક વ્યક્તિના જીવનમાં સુખની અને દુઃખની પરિસ્થિતિઓ આવે જ છે. દરેક પરિસ્થિતિ પ્રાકૃતિક ન્યાય માત્ર છે અને ન્યાય હંમેશા હિત માટે જ હોય છે. આથી દરેક પરિસ્થિતિનો પ્રસન્નતાથી સ્વીકાર કરવો જોઈએ એ વિધાયક જીવનનું દ્વાર ખોલશે.

બીજું પરિસ્થિતિ બદલવાનું વ્યર્થ ચિંતન ન કરવું, કારણ કે મનુષ્ય માત્ર પરિસ્થિતિનો ઉપયોગ કરવા માટે જ સમર્થ હોય છે.

જો સાધકના જીવનમાં સુખની પરિસ્થિતિ પ્રવર્તતી હોય તો એનો સદુપયોગ છે અન્યની સેવા. દુઃખભરી પરિસ્થિતિમાં જેનાથી અભાવ ઊભો થયો હોય એ ચાહનો ત્યાગ કરી અચાહ બની જવું.

દુ:ખનો ભોગ ન કરવો અન્યથા વિષાદ જન્મશે, દુ:ખનો તો પ્રભાવ જીવન પર પડવા દેવો તેથી જીવનમાં સમજણ અને જ્ઞાન ઉતરશે.

### સત્ અને અસત્

સત્ એટલે શાશ્વત, નિત્ય, હંમેશનું, હરેક કાળે અને હરેક સ્થળે ઉપલબ્ધ, અપરિવર્તનશીલ. આને અનેક નામોથી ઓળખવામાં આવે છે. જેમાંનું એક નામ છે : ઈશ્વર.

અસત્ સત્‌થી વિપરીત છે. આથી એ ક્ષણિક, અમુક કાળ અને અમુક સ્થળમાં ભાસતું, સતત બદલાતું અને પરિવર્તનશીલ છે. આને જગત કહે છે, સંસાર કહે છે.

જીવનનો આધાર અસત્ એટલા માટે નથી બની શકતું કારણ કે એમાં કશું જ તો સ્થાયી નથી. એ તો બદલ્યા કરે છે. આથી જ સંસારને સ્થાયી આધાર બનાવાની આપણી સતત પ્રવૃત્તિઓમાંથી જ દુ:ખ ઉત્પન્ન થાય છે. જીવનનો આધાર છે સત્, પરમેશ્વર.

સત્ મેળવવાની મથામણ ન કરો; માત્ર અસત્‌નો ત્યાગ કરો એટલે સત્‌ની પ્રાપ્તિ થઈ જશે, કારણ કે બન્ને યુગ્મપદ છે. જેવો અસત્‌નો ત્યાગ થશે કે એ જ ક્ષણે સત્‌ની અભિવ્યક્તિ થઈ જવાની.

### સંકલ્પ-વિકલ્પ

મનમાં દિવસ-રાત અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ ઊઠતા જ રહે છે. તેમાં સૌથી મુખ્ય સંકલ્પ છે સંસાર દ્વારા સુખ ભોગનું પ્રલોભન. આને કારણે જ સંસાર નિત્ય પ્રવૃતિમગ્ન રહે છે.

એક સાધકે કાંઈ પણ કરતાં પહેલાં પોતાના સંકલ્પ સમજી લેવા જરૂરી છે.

જે સંકલ્પ કોઈને પણ અહિતકારી હોય તો તે નિરર્થક ગણી ત્યાગી દેવો.

જે સર્વ હિતકારી સંકલ્પ આવશ્યક હોય અને આપણા સામર્થ્ય મુજબનો હોય તેને પૂરા કરી નાખો.

જે સર્વહિતકારી તો હોય પણ તેમ છતાં આપણા સામર્થ્ય બહારના હોય તે પરમાત્માને સોંપી સાધકે નિશ્ચિંત બની જવું. એને માતા પ્રકૃતિ સમય પાકે આપોઆપ પૂરા કરશે.

### સહજ સાધના માટે આશીર્વાદ

સર્વદા, હરહાલમાં શાંત તથા પ્રસન્ન રહો.

દરેક પ્રવૃત્તિ પૂજાની જેમ કરો. એ સેવા કર્યા બાદના નિવૃત્તિકાળમાં પ્રિયતમની પ્રિયતામાં ડૂબી એનું નિત્ય સ્મરણ જગાવો.

### વ્યર્થ ચિંતન

જેમ ગંદી ખાળને સાફ કરતાં દુર્ગંધ અધિક વધી જાય છે, તે જ રીતે સાધક જ્યારે પ્રિયનું ચિંતન કરવા બેસે છે ત્યારે મનમાંથી વ્યર્થ ચિંતન નીકળી પડે છે અને વિચારોનું વાવાઝોડું ફૂંકાય છે. પરંતુ એનાથી સાધકે ગભરાવું નહીં, કારણ કે વ્યર્થ ચિંતન નાશ પામવા માટે જ પ્રગટ થાય છે.

### સાધકનો પુરુષાર્થ

આસ્તિક સાધકનો પરમ પુરુષાર્થ છે પોતાના અનેક વિશ્વાસ એના એક વિશ્વાસમાં અને પોતાના અનેક સંબંધ એના એક સંબંધમાં અને પોતાના અનેક ચિંતન એના (પરમાત્માના) એક ચિંતનમાં વિલીન કરી દેવા.

### સમર્પણ

સાધકે ના તો જગત પાસે કાંઈ માગવું કે ના તો જગતપતિ પાસે કાંઈ માગવું. માત્ર તેમની ઈચ્છા જ આપણું જીવન બનો. 'વે જો ચાહે સો કરે' જેવી રીતે પાંદડું પવનની સત્તાથી ગતિશીલ રહે છે તે જ રીતે સાધકે પરમાત્માની સત્તાથી આંદોલિત થવું.

### દાની

રોગી, વૃદ્ધ, બાળક અને વિરક્ત એ ચાર જ સંગ્રહિત સંપત્તિના અધિકારી છે. એમના માટે જ લક્ષ્મીનો સદ્વ્યય કરો.

### સફળતા

સાધક માટે સફળતાની કૂંચી છે વર્તમાનનો સદુપયોગ અને આગળ પાછળના વ્યર્થ ચિંતનનો ત્યાગ.

કાર્ય કરવાનું સામર્થ્ય, યોગ્યતા અને કાર્યસંબંધી આવશ્યક વસ્તુઓ તો આપમેળે પ્રાપ્ત થાય

છે. એ માટે ખોટી ચિંતા સાધકે ક્યારેય ન કરવી.

પ્રત્યેક સાધકે અનુકૂળતા એટલે સુખ અને પ્રતિકૂળતા એટલે દુ:ખ બન્નેનો સદુપયોગ કરવો. સુખમાં સામર્થ્ય અનુસાર સેવા કરવી અને દુ:ખમાં સમજણપૂર્વક ત્યાગ. સાધકે એટલું જરૂર ધ્યાનમાં રાખવું કે વર્તમાન કર્તવ્યકર્મને બગાડી કોઈ પણ નવું સેવાકાર્ય હાથ ધરવું ન્યાયયુક્ત નથી.

## દેહાભિમાન

દેહાભિમાનથી મુક્ત થવાનો મહામંત્ર છે : દેહ આદિ બધી જ વસ્તુઓ અને પ્રાપ્ત સામર્થ્યને વિશ્વ ભગવાનની પૂજા સામગ્રી માનો. એને પોતા માટે ન માનો.

દુ:ખ અવસ્થામાં પ્રભુનિષ્ઠા વધુ તીવ્ર બને છે જેમ એક તૂટેલફૂટેલ ખંડેર જેવા મકાનમાં સૂર્યપ્રકાશ વધુ પ્રવેશે છે તેમ.

જો સાધક પોતાના શરીરની જેમ અન્યને ચાહતો થાય અને પોતાના શરીર પ્રતિ અન્ય પર કરે છે તેમ ન્યાય કરતો થાય તો ખૂબ જ સુગમતાથી સાધકનો રાગ ત્યાગમાં અને દ્વેષ પ્રેમમાં પરિવર્તિત થઈ જાય છે.

## કાર્યકુશળતા

જેમ લખવા માટે કલમને ગ્રહણ કરવામાં આવે છે અને લખવાનું સમાપ્ત થતાં યથાસ્થાને મૂકી દેવાય છે એ જ પ્રમાણે કાર્ય કરતી વખતે શરીરને ગ્રહણ કરવું અને કાર્ય પૂરું થયે એને એમને એમ ત્યાંને ત્યાં સુરક્ષિત રાખી દેવું. સાધકનો દેહ વિશ્વની વિભૂતિ છે. એને વિશ્વને ભેટ ચડાવવાનો છે. પોતાના દુ:ખથી દુ:ખી થવું પશુતા છે, માનવતા નથી. સાધકે તો સુખીને જોઈને પ્રસન્ન થવું ને દુ:ખીને જોઈને કરુણાવાન.

## અધિકારરક્ષા

બીજાના અધિકારની રક્ષા કરવાથી પરસ્પરના સંબંધોમાં વિશ્વાસ અને સ્નેહનો સ્વતઃ ઉદય થાય છે. પોતાના અધિકારોનો ત્યાગ કરવાથી સાચા અર્થમાં સ્વાધીન જીવનની પ્રાપ્તિ થાય છે. સ્વાધીનતા આવતાં જ જીવન પ્રેમથી પરિપૂર્ણ બની જાય છે. આવો પ્રેમી બધાંને પ્રિય લાગે છે અને તેની આવશ્યકતા સમગ્ર જગતને રહે છે.

## સાધક સમાધાન

સાધકે સુખની આશા અને દુ:ખના ભયને હંમેશને માટે તિલાંજલિ આપવી તથા દુ:ખી અને સુખી બન્ને જાતના માનવોમાં પરમાત્માનું દર્શન કરવું અને કરુણા અને પ્રસન્નતાપૂર્વક તેમની સાથે વર્તવું. અંદરથી સાધકે પરમાત્માની પ્રીતિ બની જગતમાં રહેવું. બધા જ પ્રશ્નોને હલ કરવાનો આ મહામંત્ર છે.

## અશાંતિ

શાંતિનો ભંગ થાય છે ત્રણ કારણે (૧) અનાવશ્યક કાર્યના ચિંતનથી (૨) આવશ્યક કર્મ ન કરવાથી અને (૩) કરેલ કર્મમાં ફલાસક્તિ રાખવાથી.

## નિર્દેશ

ન આપો - વ્યક્તિ વિશે અભિપ્રાય.

ન તોળો - ક્ષણ પર ચુકાદો.

ન કરો - પરિસ્થિતિની ફરિયાદ.

સાધકે વ્યક્તિ પ્રત્યે પ્રેમ અને ક્ષમા રાખવાં, ક્ષણ પ્રત્યે શરણાગતિનો ભાવ રાખવો અને પરિસ્થિતિનો ભક્તિભાવે સ્વીકાર કરવો.

## રોગ અવસ્થા

જે વેશમાં એ બહુરૂપી પધારે એની સેવા કરો, પૂજા કરો. એ રીતે રોગના રૂપમાં પણ પ્યારા પરમાત્મા જ છે, બીજું કોઈ નથી. દેહ ક્ષણભંગુર છે એ સત્ય સાધકને યાદ કરાવવા માટે જ પ્રભુ રોગનું આ રૂપ ધારણ કરીને પધારે છે.

વળી રોગ પ્રાકૃતિક તપ પણ છે. રોગની અવસ્થામાં શાંત, પ્રસન્ન તથા નિર્ભય રહો કારણ કે રોગ પ્રાણશક્તિ મજબૂત થાય ત્યારે આપમેળે ચાલ્યો જાય છે અને પ્રાણશક્તિને બળ તો જ પ્રાપ્ત થાય જો રોગી ચિત્તમાં પ્રસન્નતા રાખે અને હૃદયમાં નિર્ભયતા.

## સાધકનો વાસ્તવિક કાર્યક્રમ

જગતમાં આપણો વાસ્તવિક કાર્યક્રમ શું છે તે આપણે ભૂલી ગયા છીએ.

વાસ્તવિક કાર્યક્રમ છે મમતા (મારાપણું) અને કામનાઓ (ઈચ્છાઓ)નો ત્યાગ કરી ઈશ્વર સાથે આત્મીયતા અપનાવવી કારણ કે આ આત્મીયતામાં જ જીવનની પૂર્ણતા છે.

પરમાત્માની પ્રિયતાનું પ્રવૃત્તિના સમયનું ક્રિયાત્મક સ્વરૂપ સેવા છે.

પરમાત્માની પ્રિયતાની નિવૃત્તિના સમયનું શાંત સ્વરૂપ મધુર સ્મૃતિ છે તથા પરમાત્માની પ્રિયતાનું વિવેકાત્મક સ્વરૂપ મમતા તથા કામનાનો ત્યાગ છે. શરણાગત સાધકે પોતાના બધા જ સંકલ્પો ઈશ્વરસંકલ્પમાં વિલીન કરી દેવાના છે.

## શરીર વિશે

શરીર તો છે વાસ્તવમાં જગતની સેવા-નિધિ. એની રક્ષા કરીએ એ તેની પૂજા છે. પરંતુ તેની મમતા બાંધી એની માવજતમાં રચ્યાપચ્યા રહીએ એ ભૂલ છે.

શરીરમાં રુંવે રુંવે રોગ છૂપાયેલા હોવાથી એ અનેક વ્યાધિઓનું ઘર છે. બીજી રીતે જોઈએ તો શરીર વિશ્વરૂપી મહાસાગરની એક લહેર છે. તેને વિશ્વને સમર્પિત કરીશું તો જ શરીરથી છૂટકારો મળશે. આથી જ ક્રિયાત્મક સેવા સાધક માટે મહત્ત્વની છે. જે કાંઈ પૂજાસેવાના રૂપમાં મળે તેની શરીરરૂપી દીપથી યથાશક્તિ આરતી ઉતારવી.

## રોજબરોજના જીવનમાં સાધના

કોઈ પણ સાધક માટે જીવન બે સ્તર પર જીવાય છે; એક તો બહારના જગતમાં જીવાતું જીવન અને બીજું આંતરિક રીતે અંદર જીવાતું જીવન. શરણાનંદજી મહારાજ આ બન્ને વિશ્વમાં કેવી રીતે જીવવું તેનો સ્પષ્ટ વ્યવહારુ માર્ગ સાધકોને દર્શાવે છે.

**(અ) સાધકે જગત સાથે કેમ જીવવું ?**

મહારાજશ્રી નિર્દેશ આપે છે કે શરીર પંચમહાભૂતોનું બનેલું છે અને જગત પણ પંચમહાભૂતોનું બનેલું છે. આમ સાધકનું શરીર સંસારની સેવાનિધિ છે.

સાધકે જગત પ્રત્યે સેવા, આદર, પ્રેમથી જીવવું.

**(બ) સાધકે પોતા સાથે કેમ જીવવું ?**

આ માટે મહારાજશ્રીનાં ત્રણ સૂત્રો ખૂબ કામ લાગે છે.

(૧) અહીં મારું કાંઈ જ નથી - મેરા કુછ ભી નહીં હૈ

(૨) મને કાંઈ જોઈતું નથી - મુઝે કુછ નહી ચાહિયે

(૩) હું કાંઈ જ નથી - मैं कुछ भी नहीं हूं

ભાષાનો પ્રયોગ કરીને ઉપરનાં સૂત્રો અમલમાં મૂકવા માટે

પહેલું સૂત્ર સાધકને પોતાની જાતને 'અકિંચન' બનવા પ્રેરે છે.

બીજું સૂત્ર સાધકને 'અચાહ' બનવા પ્રેરે છે.

ત્રીજું સૂત્ર સાધકને 'શરણાગત' બનવા પ્રેરે છે.

આમ ત્રણ, જગત માટે સેવા, આદર અને પ્રેમ તથા ત્રણ, પોતા માટેના અકિંચન, અચાહ, અને શરણાગત ભાવ સ્વીકારી સાધક શાંતિ, મુક્તિ અને ભક્તિ પામી શકશે.

## પરમાત્માને રસ મળો

પૂ. શરણાનંદજી જીવનના નિચોડરૂપી એક દર્શન આપે છે કે 'પ્રેમનું દાન માત્ર માનવ જ કરી શકે અને પ્રેમનું પાન માત્ર પ્રભુ જ કરી શકે' આથી સાધકે જીવન એવું જીવવું જેથી પરમાત્માને રસ મળે.

આ માટેનાં સાધના સોપાન મહારાજશ્રી આમ સૂચવે છે.

૧. ભક્ત સૌ પ્રથમ એ પરમાત્માના મહિમામાં અવિચલ શ્રદ્ધા કરે છે.
૨. આ અવિચલ શ્રદ્ધાથી ભક્તનો પરમાત્મા જોડે નિત્યસંબંધ થાય છે.
૩. નિત્ય સંબંધ સ્થાપિત થતાં જ ભક્તના હૃદયમાં સ્વતઃ પરમાત્માની મધુર સ્મૃતિ પ્રગટી ઊઠે છે.
૪. ભક્ત જ્યારે અખંડ રીતે પરમાત્માની મધુર સ્મૃતિમાં ડૂબે છે ત્યારે પરમાત્માને રસ મળે છે અને પરમાત્મા ભક્ત પર ન્યોછાવર થઈ જાય છે ને ભક્ત પરમાત્મા પર.

આ પ્રેમરસની પ્રાપ્તિ માટે જ પરમાત્માએ માનવનું સર્જન કર્યું છે.

21

# અમીસંચય

૧. પ્રેમકી અભિવ્યક્તિ મેં હી કામ કા નાશ હૈ.
૨. પ્રેમ પ્રેમાસ્પદ કા સ્વભાવ ઔર પ્રેમી કા જીવન હૈ.
૩. પ્રેમ ક્ષતિ, પૂર્તિ, નિવૃત્તિ સે રહિત હૈ. પ્રેમ સ્વરૂપ સે દિવ્ય, ચિન્મય, નિત્ય હૈ.
૪. પ્રેમ સે અતિરિક્ત ઔર કુછ પ્રાપ્તવ્ય નહીં હૈ.
૫. અનંત શક્તિ સે ઉદ્‌ભૂત પ્રેમ કી પવિત્ર ધારા અનંત શક્તિ મેં હી વિલીન હોતી હૈ.
૬. પ્રેમ-રૂપ સૂર્ય કે ઉદય હોને સે મોહ-રૂપ અંધકાર મિટ જાતા હૈ.
૭. પ્રેમ સે ઈચ્છાઓંકી નિવૃત્તિ ઔર મોહ સે ઈચ્છાઓંકી ઉત્પત્તિ હોતી હૈ.
૮. પ્રેમ એક સે, મોહ અનેક સે હોતા હૈ.
૯. ઉદારતા, કરુણા તથા પ્રસન્નતા કી જનની હૈ.
૧૦. પ્રેમ કે ઉદય હોતે હી વિષય-વિકાર મિટ જાતે હૈં.
૧૧. સંસાર ઉસીકો પ્યાર કરતા હૈ, જો સંસાર કે કામ આતા હૈ.
૧૨. સંસાર કે કામ વહી પ્રાણી આતા હૈ, જો સબ પ્રકાર સે ભગવાન કા હો જાતા હૈ.
૧૩. સંસાર કી દાસતા મન સે નિકાલ દો, યહી ત્યાગ હૈ.
૧૪. સંસાર સે અપના મૂલ્ય બઢા લો, યહી તપ હૈ.
૧૫. અપની પ્રસન્નતા કે લિયે કિસી અન્ય કી ઓર મત દેખો. યહી મુક્તિ હૈ.
૧૬. ગુણ ઔર દોષ કે રહતે હુએ પ્રેમ નહીં હોતા.
૧૭. જિન્હેં ખ્યાતિ સન્માન ચાહિયે, ઉન્હેં ઉદારતા દેકર વે સમસ્ત જગ કા પૂજ્ય બના દેતે હૈં.
૧૮. જિન્હેં મુક્તિ ચાહિયે, ઉન્હેં વે જ્ઞાન દેકર મુક્ત કર દેતે હૈં.
૧૯. જિન્હેં શાંતિ, મુક્તિ આદિ સબ ખારી લગે વે હી પ્રેમ પાતે હૈં.
૨૦. જો અપને મેં ભગવાન કી સ્થાપના કરતા હૈ વહ જિજ્ઞાસુ હૈ.

૨૧. જો અપને કો ભગવાન કે આગે સમર્પિત કર દેતા હૈ, વહ ભક્ત હૈ.

૨૨. જ્ઞાન મેં જીવ બ્રહ્મ કે સ્તર પર જાતા હૈ, ભક્તિ મેં બ્રહ્મ જીવ કે સ્તર પર આતા હૈ.

૨૩. મન, વાણી, કર્મ સે બૂરાઈ રહિત હોને પર કર્તવ્ય પથ સિદ્ધ હો જાતા હૈ.

૨૪. મેરા કુછ નહીં હૈ, મુઝે કુછ નહીં ચાહિયે, મુઝે અપને લિયે કુછ નહીં કરના હૈ, યાનિ અકિંચન, અચાહ ઔર અપ્રયત્ન હોને સે વિચાર પથ સિદ્ધ હો જાતા હૈ.

૨૫. પ્રભુ સે ભિન્ન કોઈ અપના હૈ નહીં, હો સકતા નહીં, હોગા નહીં. ઈસ બાત કે માનને સે વિશ્વાસ પથ સિદ્ધ હો જાતા હૈ.

૨૬. કર્તવ્ય પથકી સિદ્ધિ સે ધર્માત્મા, વિચાર પથકી સિદ્ધિ એ જીવન-મુક્ત ઔર વિશ્વાસ પથકી સિદ્ધિસે પ્રેમી હોકર આપકો વહી જીવન મિલેગા, જો કિસી ભી ઋષિ-મુનિ, પીર-પૈગમ્બર કો મિલા હૈ.

૨૭. સંસાર ક્યા હૈ ? ભગવાન સે મિલનેકી ટ્રેનિંગ. જો સંસાર મેં ઠીક સે રહ લેતા હૈ, ઢંગ સે રહ લેતા હૈ, વહ ભગવાનસે અચ્છી તરહ મિલ સકતા હૈ.

૨૮. જો બીત ગયા ઉસે ભૂલ જાઓ. આને વાલા કલ તુમ્હારે અધિકાર કે બાહર હૈ. કેવલ વર્તમાન કો સુધારો, કહીં યહ ક્ષણ ભી વ્યર્થ ન બીત જાય !

૨૯. અપને કો પ્રભુ કી મરજી પર છોડ દો ઔર સંસાર કી મરજી પર શરીર કો. ફિર દેખો, જીવન કી કૌન સી સમસ્યા શેષ રહ જાતી હૈ !

૩૦. મનુષ્ય કે વ્યક્તિત્વ મેં જગત કા આકર્ષણ, સત્ય કી જિજ્ઞાસા ઔર પરમ પ્રેમ કી પ્યાસ રહતી હૈ. નાશવાન કા આકર્ષણ ભૂલજનિત હૈ.
ઈસલિયે વહ મિટ જાતા હૈ, જિજ્ઞાસા સત્ય કી હૈ, ઈસિલયે ઉસકી પૂર્તિ હોતી હૈ, પ્રેમાસ્પદ સદા વિદ્યમાન હૈ. ઈસલિયે પ્રેમ રસ કી પ્રાપ્તિ હોતી હૈ.

૩૧. મૈં કૌન હૂં ? - તુમ સાધક હો, સત્સંગ તુમ્હારા સ્વભાવ હૈ.

૩૨. સત્સંગ ક્યા હૈ ? - જીવન કે સત્ય કો સ્વીકાર કરના.

૩૩. સત્ય ક્યા હૈ ? - બૂરાઈ રહિત હોના - કર્તવ્ય ક્ષેત્ર કા સત્ય હૈ. અચાહ હોના - વિચાર ક્ષેત્ર કા સત્ય હૈ. આત્મીયતા સ્વીકાર કરના - વિશ્વાસ કા સત્ય હૈ.

૩૪. શાંતિ કૈસે મિલે ? - ઉદાર હોકર સભી કે કામ આને સે, અચાહ હોકર અપને મેં સંતુષ્ટ હોને સે ઔર શરણાગત હોકર સમર્પિત હોને સે.

૩૫. બંધન ક્યા હૈ ઔર કૈસે છૂટે ? લેના ઔર દેના હી બંધન હૈ. લેના બંધ કરકે, દેના દે ડાલને

પર બંધન જૈસી કોઈ ચીજ નહીં રહતી.

૩૬. સ્તુતિ કા ક્યા અર્થ હૈ ? - પ્રભુ કી મહિમા સ્વીકાર કરના.

૩૭. ઉપાસના કા ક્યા અર્થ હૈ ? - પ્રભુ કે સાથ આત્મીય સંબંધ સ્વીકાર કરના.

૩૮. પ્રાર્થના ક્યા હૈ? - પ્રાર્થના હૈ પ્રભુ કે પ્રેમ કી આવશ્યકતા અનુભવ કરના, પ્રભુ પ્રેમ કી ભૂખ જગાના.

૩૯. સંસાર મેં સંસાર કે લિયે રહો, અપને લિયે સંસાર કી આશા કરના સચ્ચાઈ સે દૂર હોના હૈ.

૪૦. નિશ્ચિંતતા કૈસે આતી હૈ ? - સબ કુછ પરમાત્મા કો સૌંપને સે, સભી કે પ્રતિ સદ્ભાવ રખને સે.

૪૧. રોગ પર વહી વિજય પ્રાપ્ત કર સકતા હૈ, જો શરીર સે અસંગતિ કા અનુભવ કર લેતા હૈ.

૪૨. સત્ય પ્રાપ્તિ કે લિયે ભવિષ્ય કી આશા મત કરો.

૪૩. અનુકૂલતા કી આશા તથા પ્રતિકૂલતા કા ભય મત રખો.

૪૪. થોડે થોડે સમય કે બાદ હૃદય સે પ્રેમપાત્ર કો પુકારા કરો.

૪૫. ભૂતકાલ કી સભી ઘટનાઓંકો ભૂલ જાઓ.

૪૬. વ્યક્તિત્વ કી ગુલામી સે સત્ય નહીં મિલતા.

૪૭. વર્તમાન કા સદુપયોગ હી વિકાસ કા મૂલ હૈ.

૪૮. જો કિસીકા બૂરા નહીં ચાહતા ઉસે સબ કુછ મિલ જાતા હૈ.

૪૯. જો દૂસરોં કો ભય દેતા હૈ વહી ભયભીત રહતા હૈ.

૫૦. સુખ ઉસીકા દાસ હૈ જો સુખ કા દાસ નહીં.

# 22 શરણાનંદજીનું મહાપ્રસ્થાન

એ કાંઈ આકસ્મિક ઘટના નથી કે માનવ સેવા સંઘની સ્થાપના પૂ. શરણાનંદજીએ વૃંદાવનની પવિત્ર ભૂમિ પર કરી. માનવતાનું આવું સંપૂર્ણ દર્શન વૃંદાવનની પવિત્ર પ્રેમભૂમિ સિવાય અન્યત્ર ક્યાં સંભવ હોય ભલા ?

પરમાત્મા પ્રત્યે સ્વામીજીનો અનન્ય સખાભાવ હતો જેની લાજ રાખવા તેમના પ્યારા સખાએ પણ એમના સમગ્ર જીવનકાળ ને અંતિમ ક્ષણો સુધી સ્વામીજી પર પરમ પ્રેમની વર્ષા કરી. સ્વામીજી તો પોતા માટે હંમેશા કહેતા કે, 'હું તો ક્રીડા-કંદૂક (રમવાનો દડો) છું, કિશોરીજી અને શ્યામસુંદરનો. બન્ને મારી સાથે ક્રીડા કરતાં આ જગતરૂપી અનંત ક્રીડા-ખેલ-લીલા કરે છે. પરંતુ તેમ કરતાં બન્નેની નજર તો રહે છે મારા જ ઉપર.' સ્વામીજી સાચે જ યુગલ સરકારના કૃપાપાત્ર હતા.

સ્વામીજીની મહાસમાધિ તથાગત બુદ્ધની મહાસમાધિની યાદ તાજી કરે છે. ભગવાન તથાગતે કુશીનગરના સઘન શાલ વૃક્ષો વચ્ચે મહાસમાધિની વેળાએ એકત્રિત ભિક્ષુ-સમુદાયને ઉદ્દેશીને કહેલું કે, 'ભિક્ષુઓ ! જે કાંઈ પ્રશ્ન પૂછવો હોય, પૂછી લો. હું હજુ આ શરીરમાં છું. પછી ના કહેતા કે અરે ! આ તો પૂછવાનું રહી ગયું.'

વિરહ વેદનાથી વ્યાકુળ ભિક્ષુઓ અવાક્ ઊભા રહ્યા; તેઓ કાંઈ જ બોલી શકવા કદાચ અસમર્થ હતા અથવા તો પ્રગાઢ મૌનથી ઘેરાયેલ. વાતાવરણનો શાંતિભંગ કરવો કદાચ તેમના ગુરુપ્રેમી ચિત્તને અનુચિત લાગ્યો હશે. ત્યારે પરમ કૃપાવાન તથાગત સ્વયં બોલી ઊઠ્યા, હે ભિક્ષુઓ ! એક ગુરુની જેમ નહીં પરંતુ એક તમારા સન્મિત્રની જેમ હું તમને કહું છું તે સાંભળો. હવે પછી તો આ જે આકાશ છે તે તમારો ચંદરવો થશે; આ વૃક્ષલતા તમારાં નિવાસસ્થળ થશે અને સમસ્ત માનવતા તમારી વિહારભૂમિ થશે.' થોડા અટકીને તથાગત ફરીથી બોલી ઊઠ્યા, 'મેં ક્યારેય નથી કોઈ શિષ્ય બનાવ્યો કે નથી ક્યાંય કોઈ મેં સંઘ સ્થાપિત કર્યો.' પછી જાણે દિવ્ય સ્મૃતિના ઉન્માદમાં તથાગત બોલ્યા, 'તમે બધા કોણ છે ? અહીં શા માટે એકત્ર થયા છો ?' આમ

કહીને એમણે મહાયાનની મહાસ્મૃતિમાં સંવરણ કર્યું જેને જગતે 'નિર્વાણ' નામે જાણ્યું.

તથાગતનું એ આશ્વાસન શ્રીકૃષ્ણના 'સંભવામિ યુગે યુગે'ની પ્રતિગુંજ છે કે 'જ્યાં સુધી આ પૃથ્વીના પટ પર એક પણ દુઃખી માનવ શેષ હશે હું થોડોક વિરામ લઈ પુનઃ પુનઃ તેમની વચ્ચે આવતો રહીશ; આવતો જ રહીશ' પૂ. સ્વામીજી આવી જ દિવ્ય શૃંખલાની એક કડી છે એ તેમની મહાપ્રસ્થાનની ઘટના સ્પષ્ટપણે સાધકોને સૂચવે છે.

શરણાનંદજી મહારાજે પોતાનું સમગ્ર જીવન માનવજાતના આત્યંતિક કલ્યાણ માટે હોમી દીધું. પોતાના જીવન અને આચરણ દ્વારા તેમણે માનવજીવનનું સર્વોત્તમ ચિત્રણ આ રીતે કર્યું :

શરીર વિશ્વને કામ આવી જાય (સેવા)

અહમ્ અભિમાન શૂન્ય થઈ જાય (ત્યાગ)

અને હૃદય પરમ પ્રેમથી પરિપૂર્ણ થઈ જાય (પ્રેમ)

તેમણે આ આદર્શને પોતાના જીવનથી તો મૂર્તિમંત કરી બતાવ્યો પરંતુ તેમના મહાપ્રયાણ દ્વારા પણ તેમણે સમગ્ર વિશ્વને આ જ પાઠ ભણાવ્યો.

જ્યારે એમને એ ખ્યાલ આવી ગયો કે હવે તેમનું શરીર સંસારની સેવા કરી શકે તેવું નથી રહ્યું ત્યારે એ શરીરને ત્યાગવાનો સમય, તિથિ અને વિધિ પણ તેમણે મનોમન નક્કી કરી લીધાં. સ્વામીજીએ મહાસમાધિ માટે કયો દિવસ નક્કી કર્યો તે તમે જાણો છો ? એ દિવસ જ એમના પરની અનંતની અહૈતુકી કૃપાનો સૂચક છે અને તેમની પરમ સ્વાધીન સ્થિતિને દર્શાવનારો પણ છે. એમના મહાસમાધિ દિવસે વિશ્વના બધા જ મુખ્ય ધર્મોના પવિત્ર ઉત્સવો હતા. એક તો તે દિવસે પવિત્ર મોક્ષદા એકાદશી હતા. બીજું તે દિવસે ગીતાજયંતી પણ હતી. સાથે ક્રિસમસ અને બકરીઈદ પણ હતાં અને વળી તે માનવ સેવા સંઘનો સ્થાપના દિવસ પણ હતો. કેવો અલૌકિક દિવસ હતો એ ૧૯૭૪ની ૨૫ ડિસેમ્બરનો જે જાણે બધા જ ધર્મોના સંગમ અને સમન્વયનો દિવસ હતો આ વિશ્વસંત અને માનવતા ધર્મ ઉદ્‌ગાતાનો.

આ મહાસમાધિનો દિવસ નક્કી કરી તેમણે અંતિમ ઉપદેશ આપવો શરૂ કર્યો તે છેક અંતિમ ક્ષણો સુધી. તેઓ પોતાના પ્રિયજનો સાથે અવિરત સત્સંગ કરતા જ રહ્યા. તેમને પડતી શારીરિક પીડા જોઈ સત્સંગીઓ ચિરાયેલા હૃદયે તેમને સતત વિનવતા રહ્યા, 'સ્વામીજી, હવે નહીં બોલતા, આપને બહુ કષ્ટ પડે છે. સ્વામીજી, અમારાથી નથી જોઈ શકાતું.' સ્વામીજી ત્યારે કરુણાથી વ્યાપ્ત કંઠે, કરુણાસાગર સાધકોના શરણાનંદજીએ ઉદ્‌ગાર કાઢી કહ્યું, 'કેમ રહું ચૂપ? આનાથી વધુ શું છે આ શરીરનો ઉપયોગ ?' તેઓ આમ જ અંતિમ ઘડી સુધી સત્સંગ કરતા રહ્યા. આ રહ્યા એ

અંતિમ સત્સંગ અને અંતિમ વાક્યો.

૧. હું ત્રિકાળમાંયે શરીર નથી.

૨. શરીરના નાશથી મને દુઃખ નહીં થાય, હું ખૂબ આનંદમાં રહીશ.

૩. હવે તો વચ્ચેની આ ઉપાધિ (શરીર) મટી જવાની તેથી ભક્ત અને ભગવાનના મિલનનો અનંત આનંદ રહેશે. આથી આ શરીર છૂટ્યા બાદ શોકસભાઓ ન કરવી; સત્સંગ સમારોહ કરવા.

૪. મારા મૃત્યુ બાદ શરીરને સજાવીને તેની પાલખીયાત્રા કાઢવાની નથી. હું ક્રાંતિકારી સંન્યાસી છું. તમે લોકો વિધિ-વિધાનમાં ન પડતાં. કુટિયામાંથી મારું પાર્થિવ શરીર કાઢીને સામેના આંગણામાં ચિતા પર ચડાવીને તેને ભસ્મ કરી દેજો. તેમાંથી જે ઘાસ ઊગશે તે મૂક પશુઓનો ચારો બનશે.

૫. સમાધિસ્થળ પર કોઈ પ્રતિક ચિહ્ન ન બનાવતાં. ત્યાં ફૂલ પણ નહીં ચડાવતા.

૬. જુઓ, સાધનોનો ક્યારેય નાશ થતો નથી. આથી સેવા, ત્યાગ તથા પ્રેમનું વ્રત વ્યાપક બની જનસમાજમાં ફેલાશે.

૭. જેને પણ આ શરીરની સેવા કરવામાં રુચિ છે. તેઓ માનવ સેવા સંઘની સેવા કરે. એ જ મારું શરીર છે અને તે હંમેશ માટે રહેશે.

૮. જે લોકો મને પ્રેમ કરે છે તેઓ ભગવાનને પ્રેમ કરે છે કેમકે ભગવદ્ પ્રેમ મારું જીવન છે.

૯. જે લોકો ભગવદ્ વિશ્વાસની જગાએ પોતાના વ્યક્તિત્વનો વિશ્વાસ આપે છે અને જેઓ ભગવદ્ સંબંધને બદલે પોતાનો સંબંધ જોડી દે છે તેઓ મહાઅનર્થ કરે છે.

૧૦. અહીં સિવાય પરમાત્મા બીજું કાંઈ જ નથી; કાંઈ જ નથી; કાંઈ જ નથી.

૧૧. વ્યક્ત જગતની વિવિધતાની અંદર અવ્યક્ત નિત્ય પ્રેમતત્ત્વને જોનારા આ એકત્વદર્શી સંતે કહ્યું : (ક) કોઈ પારકું નથી - આ ધર્મનો મંત્ર છે. (ખ) કોઈ બીજું નથી - આ પ્રેમનો મંત્ર છે.

૧૨. પ્રિય સાધકો, આ સત્યને માનો - એકમાત્ર સર્વ સમર્થ પ્રભુ જ તમારા પોતાના છે. તેના થઈને રહો અને તેનું જ કામ કરો અને જો તેમ કરશો તો આ સદ્ગુરુનું આશીર્વચન છે કે એમનામાં જ તમારો નિત્ય નિવાસ રહશે.

એમના અંતિમ ઉદ્ગાર હતા આ : યા અલ્લાહ ! આ ખુદા ! કોઈ પણ એવું ન સમજે કે શરણાનંદનો કોઈ મજહબ કે સંપ્રદાય છે. જે ખુદાનો છે તે જ શરણાનંદનો છે. માનવ સેવા સંઘ

માનવમાત્રનો છે. એટલા માટે જ કહું છું કે સંઘની સેવા કરજો.

મૈં અમર હું યાર ! અબ મેરા યે શરીર ન રહેગા પર મેરે તો અનેક શરીર હૈ ઉનમેં મિલતા રહૂંગા. ગુરુ મરતા નહીં હૈ ક્યોંકિ ગુરુ શરીર થોડે હી હૈ ! વહ તો અમરતત્ત્વ હૈ.

ગુરુ સે, પ્રભુ સે કભી વિયોગ નહીં હોતા. જિસસે વિયોગ હોતા હૈ વહ ગુરુ નહીં હૈ. વિચારશીલ કે એક નહીં અનેક શરીર હૈ. અતઃ શોક ભય મત કરના, મેરી વિદાઈ કા આદર કરના. સાધ્યસે આપ સાધકોં કે લિયે સહને કી શક્તિ માંગતા હૂં, આપ સાધકો કે લિયે નિર્ભયતા માંગતા હૂં. આપ લોગોં કે લિયે પ્રભુ-વિશ્વાસ માંગતા હૂં. મુઝસે બડા ભિખારી ઔર કૌન હોગા ?

જય પ્રભુ ! જય પ્રભુ !! જય જય પ્રભુ !!! તુમને સબ કુછ દિયા, સબ કુછ દિયા, બિના માંગે દિયા. હમ સભી ઉદાર હો જાયે તુમ્હારી ઉદારતા પા કર. હમ સભી સ્વાધીન હો જાયે તુમ્હારી સ્વાધીનતા પાકર, હમ સભી પ્રેમી હો જાયે તુમ્હારે પ્રેમ કો અપનાકર."

તેઓ અંત ઘડી સુધી પ્રિયજનો સાથે સત્સંગ કરતાં જ રહ્યા. પછી 'પીર હરો હરિ ! પીર હરો હરિ !' ના સમવેત સૂરોમાં કરુણતાથી ગવાતા પોતાના પ્રિય કીર્તનને સાંભળતા સાંભળતા ૐનો ઉચ્ચાર કરતા પોતાના પરમસખા શ્યામસુંદરને ચિરંતન મળવા તેઓએ મહાસમાધિમાં પ્રવેશ કર્યો. પોતાનો નશ્વર દેહ છોડીને તેઓ માનવ સેવા સંઘ રૂપે અમર થઈ ગયા.

તેમની અંતિમ ઈચ્છા મુજબ ત્યાં વૃંદાવનમાં કોઈ સ્મારક નથી બનાવાયું કે નથી કોઈ તેમની પ્રતિમા બેસાડવામાં આવી. તેમનાં અસ્થિફૂલો પર એમની અંતિમ ઈચ્છા મુજબ હરિને પ્રિય શ્યામ તુલસીનાં દળ વાવવામાં આવ્યાં છે. બાજુમાં જ જ્યાં તેઓ સત્સંગ કરતા તે સ્મૃતિખંડ છે.

એ અતિ પાવન તીર્થની તીર્થયાત્રાએ જવાની મારી ઈચ્છા પરમ કૃપાળુ પરમાત્માએ પૂરી કરી ત્યારે શ્યામ તુલસીના ક્યારાઓની ફરતી પ્રદક્ષિણા કરતાં મેં નતમસ્તકે અને ભીની આંખે સાધના જગતના અફાટ મહાસાગરની દીવાદાંડી સમાન પ્રકાશ'માનવમાત્રના શરણાનંદ'નેજગત સમસ્તના સાધકો વતી શત્ કોટિ પ્રણામ કર્યા. એમના એકાંતની પાઠશાળાના મૌન પાઠો દ્વારા પ્રગટેલી શ્રુતિવાણીને એમના કલ કલ વહેતી જાહ્નવી યુગો સુધી પૃથ્વીપટને પાવન કરતી રહેશે અને સાધક હૃદયની મૂંઝવણો તથા જિજ્ઞાસાઓને તૃપ્ત કરતી રહેશે. એમનો નિર્મળ જ્ઞાનનો અખંડ દીપ સદાય સાધક હૃદયના અંધકારને અજવાળશે અને સંદેશ આપશે, 'મેરે પ્રિય સાધકો ! સેવા, ત્યાગ ઔર પ્રેમ કો અપના કે જાન લો કિ માનવતા મેં હી પૂર્ણતા નિહિત હૈ.'

23

# શરણાગતિ વિશે ચિંતન

## પ.પૂ. શરણાનંદજી મહારાજ

૧. જેમ કોઈ કહે કે, 'અમે પ્રભુની શરણાગતિ સ્વીકાર કરી લીધી'; અરે ભાઈ, તેં સ્વીકારી તો તેનાથી અહમ્‌ને કેમ પોષે છે ? શરણાગતિ તો અહમ્‌ને ગાળવાને માટે છે. - જીવનપથ

૨. આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસથી યુક્ત શરણાગત 'શરણાનંદ'થી અભિન્ન થાય છે. - સંત ઉદ્‌બોધન

૩. પ્રિયતાનું ક્રિયાત્મક રૂપ સેવા જ છે. આ દૃષ્ટિથી શરણાગતિમાં પણ કર્તવ્યપરાયણતા આવી જાય છે. - માનવ દર્શન

૪. શરણાગતિની સાધનાથી અહંભાવરૂપી અણુનો નાશ થઈ જાય છે, જેના થતાં જ સર્વને સર્વ કંઈ મળી જાય છે અને પછી કોઈ જાતનો અભાવ, પરાધીનતા તેમજ નીરસતા બાકી નથી રહેતી, જે જીવનનું લક્ષ્ય છે. - સંત ઉદ્‌બોધન

૫. શરણાગત સાધક પોતાનામાં પોતાનું કરીને કંઈ નથી માનતો. - સાધન નિધિ

૬. શરણાગતિ દીનતા નથી, બલકે નિત્ય-સંબંધની સ્મૃતિ છે. - સાધન નિધિ

૭. અહંકૃતિ રહેતાં શરણાગતિ સિદ્ધ નથી થતી. આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક પોતાને સમર્પણ કરવામાં જ શરણાગતિ રહેલી છે. આ દૃષ્ટિથી મૂક સત્સંગથી જ શરણાગતિ સજીવ થાય છે. અહમ્‌ના સમર્પણમાં જ અહમ્‌નો નાશ છે. અહમ્ ને મમનો નાશ જ ખરેખર શરણાગતિ છે. - મૂક સત્સંગ

૮. કૃતિનો આશ્રય રાખીને શરણાગત નહીં થઈ શકે. આ ધ્રુવ સત્ય છે. જેને પોતાના માટે કંઈ પણ કરવાનું છે, ભલા તે પોતાને કેવી રીતે સમર્પિત કરી શકે છે ? અને જે પોતાને સમર્પિત નથી કરી શકતો, તે ભલા શરણાગત કેવી રીતે થઈ શકે છે ? - મૂક સત્સંગ

૯. જેવી રીતે અનંત કાળનો અંધકાર વર્તમાનમાં નાશ થઈ જાય છે, તેવી રીતે જન્મ-જન્માંતરના વિકાર શરણાગત થતાં જ આપમેળે મરી જાય છે. - સંત પત્રાવલી ૧

૧૦. વિવેકપૂર્વક અસંગતા અથવા વિશ્વાસપૂર્વક સમર્પણ - આ બન્નેનું ફળ એક છે. - પાથેય

૧૧. શરણાગતની દૃષ્ટિમાં કોઈ બીજાનું અસ્તિત્વ જ નથી રહેતું. તે અનેક રૂપોમાં પોતાના શરણ્યને જ પામે છે અને દરેક બનાવમાં તેમનું જ દર્શન કરે છે. - સંત પત્રાવલી ૨

૧૨. પોતાના રચયિતાના સંકલ્પમાં પોતાના બધા જ સંકલ્પ વિલીન કરવા ખરેખરી શરણાગતિ છે. - સંત પત્રાવલી ૨

૧૩. શરણાગત થવામાં જ સાધકના પુરુષાર્થની પરાવધિ છે. - પાથેય

૧૪. કોઈ પણ કાળમાં કોઈ બીજું છે જ નહીં. સર્વરૂપમાં પોતાના જ પ્રેમાસ્પદ છે. કોઈ બીજાનો ભાસ થવો જ પોતાની ભૂલ છે. આ ભૂલનો અંત શરણાગત થતાં જ આપમેળે થઈ જાય છે. - પાથેય

૧૫. શરણાગતિ સફળતાની કૂંજી છે અને સાધકના પુરુષાર્થની પરાવધિ છે. શરણાગતના જીવનમાં ભય, ચિંતા અને નિરાશા માટે કોઈ સ્થાન જ નથી. શરણાગત શરણ્યને અત્યંત પ્રિય છે; કારણ કે શરણાગતનું કોઈ બીજું છે નહીં. - પાથેય

૧૬. પ્રીતિ અને પ્રિયતમના નિત્ય વિહારમાં જ માનવજીવનની પૂર્ણતા છે, જે એકમાત્ર શરણાગતિથી જ સાધ્ય છે. - પાથેય

૧૭. જેમણે તેમની અહૈતુકી કૃપાનો આશ્રય લઈ શરણાગતિ સ્વીકાર કરી, તે બધા જ તેમના પ્રેમ-ધનને પામી ગયા. - પાથેય

૧૮. શરણાગતે સદાને માટે મન વગરનું બની જવું જોઈએ. - પાથેય

૧૯. જ્યારે સાધક પોતાનામાં ખરેખરી અસમર્થતાનો અનુભવ કરી લે છે, ત્યારે જ શરણાગત થવાનો અધિકારી થાય છે. - સત્સંગ ઔર સાધન

૨૦. સમર્પણ અને પુરુષાર્થમાં વિરોધ નથી. ..... પુરુષાર્થથી શરણાગતિઅને શરણાગતિથી પુરુષાર્થ આપમેળે થવા લાગે છે. - ચિત્તશુદ્ધિ

૨૧. વિકલ્પરહિત વિશ્વાસના આધાર પર જ્યારે સાધક 'અહમ્' અને 'મમ'ને પેલા અનંતને સમર્પી દે છે, ત્યારે પણ એ જ દિવ્ય જીવન પ્રાપ્ત થાય છે, જે પુરુષાર્થ સાધ્ય છે. - ચિત્તશુદ્ધિ

૨૨. કંઈ ન માગવું અથવા કંઈ ન કરવું સમર્પણ છે. માત્ર શાંતિના પૂજારી ત્યાગપૂર્વક તત્ત્વજ્ઞાનથી શાંતિ પામે છે. માત્ર શક્તિના પૂજારી તપ, યોગ, સંયમ વગેરેથી શક્તિ પામે છે. પરંતુ સમર્પિત થવાથી ત્યાગ તથા તપ સ્વાભાવિક થઈ જાય છે. તેથી સમર્પિત થનારો શક્તિ અને શાંતિ બન્ને પામે છે. - સંત સમાગમ ૧

૨૩. શરણાગત થવાથી પછી કંઈ પણ કરવાનું બાકી નથી રહી જતું. આ ભક્તિયોગનું અંતિમ

સાધન છે. શરણાગતિ જીવનમાં માત્ર એક વારથાય છે. જે પ્રાણીને પોતાના વ્યક્તિત્વનું કંઈ પણ અભિમાન નથી રહેતું, તે જ શરણાગતિના રસને ચાખી શકે છે. - સંત સમાગમ ૧

૨૪. સાચું સમર્પણ જીવનમાં એક વાર થાય છે પછી કંઈ પણ કરવાનું બાકી નથી રહેતું. - સંત સમાગમ ૧

૨૫. શરણાગત-ભાવ ભક્તિયોગનું અંતિમ સાધન છે, જે જીવનમાં માત્ર એક વાર આવે છે. - સંત સમાગમ ૧

૨૬. કોઈ પણ વસ્તુ તેમ જ અવસ્થા એવી નથી, જે નિરંતર પરિવર્તિત નથઈ રહી હોય, જાણે આપણને શીખવી રહી છે કે આપણે કોઈ પણ સીમિત ભાવમાં બંધાયેલા નહીં રહેવું જોઈએ, બલકે પોતાના પરમ સ્વતંત્ર કેન્દ્ર (પરમાત્મા) તરફ પ્રગતિશીલ થવું જોઈએ, જે શરણાગત થવાથી સહેલાઈપૂર્વક થઈ શકે છે. - સંત સમાગમ ૨

૨૭. જે જે વ્યક્તિ તેનાથી ન્યાયાનુસાર જે જે આશા કરે છે, તેના પ્રત્યે શરણાગત એ જ અભિનય કરે છે. પોતાના માટે તે શરણ્યથી ભિન્નબીજા કોઈની આશા નથી કરતો અથવા એમ કહો કે શરણાગતબધાને માટે બધું કંઈ હોવા છતાં પણ પોતાના માટે શરણ્યથી ભિન્ન કોઈ બીજાની તરફ નથી જોતો. - સંત સમાગમ ૨

૨૮. પૂર્ણ સાધન તો તે જ છે, જે સાધકને સાધ્યથી વિભક્ત ન થવા દે. આ દૃષ્ટિથી શરણાગતભાવ સર્વોત્કૃષ્ટ સાધન છે. - સંત સમાગમ ૨

૨૯. પતિતથી પતિત મનુષ્ય પણ શરણાગત થતાં જ પવિત્ર બની જાય છે. - સંત સમાગમ ૨

૩૦. આ નિયમ છે કે જે જેને કામ આવે છે, તે તેનું પ્રીતિ પાત્ર બની જાય છે. તેથી આ નિયમ મુજબ શરણાગત શરણ્યનો શરણ્ય થઈ જાય છે. - સંત સમાગમ ૨

૩૧. શરણાગત બની જવાથી કરવાના ભાવનો અંત થઈ જાય છે અને એવું જણાય છે કે હવે કંઈ પણ કરવાનું બાકી નથી. કરવાનો ભાવ અહંકારને મટવા દેતો નથી. - સંત સમાગમ ૨

૩૨. જે સચ્ચાઈપૂર્વક પ્રભુને શરણાગત થઈ જાય છે, તેમને જરૂરી વસ્તુઓ માગ્યા વિના જ મળી જાય છે, અને બિનજરૂરી માગવા છતાં પણ નથી મળતી. - સંત સમાગમ ૨

૩૩. આપણે પોતાના શરીરને પોતાનું માનીએ છીએ અને ઘણું મહત્ત્વઆપીએ છીએ, એટલા માટે સંસાર આને મહત્ત્વ નથી દેતો. એકસંપત્તિના બે માલિક નથી થઈ શકતા. જે વસ્તુ પ્રભુની થઈ જાય છે, તેની વ્યવસ્થા પોતાની મેળે થઈ જાય છે. - સંતવાણી (પ્રશ્નોત્તર)

૩૪. સંસાર અને શરીરથી વિમુખ થઈ પોતે પોતાને પ્રભુને સમર્પણ કરીને તેમના પર નિર્ભર

રહેવામાં, તેમની અહૈતુકી કૃપાને આશ્રિત થઈ જવામાં કોઈ જાતની પણ મુશ્કેલી નથી. તેથી આ સાધન સહેલું અને અમોઘ છે. - સંત સૌરભ

૩૫. જ્યાં સુધી સાધકની ઈશ્વરમાં સર્વોત્કૃષ્ટ બુદ્ધિ નથી થતી, ત્યાં સુધી તે ઈશ્વરને શરણાગત નથી થઈ શકતો. - સંત સૌરભ

૩૬. શરણાગતિ કોઈ અભ્યાસ નથી. શરણાગતિ ભાવ છે. શરણાગતિનો અર્થ માત્ર એટલો છે કે પેલા સાંભળેલ પ્રભુને સમર્પણ કરી દેવું. - સંતવાણી ૪

**(માનવ સેવા સંઘના પુસ્તક 'ક્રાંતિકારી સંતવાણી'માંથી સાદર)**

24

# હૃદયપૂર્વક....

## (શરણાગત ભગતજી સાથે જીવંત સત્ચર્ચા)

પ્રાતઃ સ્મરણીય શરણાનંદજી મહારાજ સદેહે તો આપણી વચ્ચે નથી પરંતુ માનવ સેવા સંઘ રૂપી મશાલ જે એમણે પ્રજ્વલ્લિત કરી છે તેના દ્વારા પ્રકાશિત સાહિત્ય સાધકોના સાધનાપંથને સતત અજવાળતું રહે છે. તેમ છતાં 'માનવમાત્રના શરણાનંદ'ના લેખક-સંપાદકને સવિશેષ કૃપાદૃષ્ટિ ને કૃપાવર્ષા પ્રાપ્ત થઈ છે ઈશ્વર દ્વારા. એ જીવનનું અદ્‌ભૂત સદ્‌ભાગ્ય રહ્યું છે કે મૌની ભિક્ષુ તરીકે ઓળખાયેલા પૂજ્યપાદ સંપૂર્ણાનંદ બાપુના સ્વમુખેથી આકંઠ જાણે 'શરણાનંદવાણી' માણી છે. પૂ. સંપૂર્ણાનંદ બાપુએ છેલ્લા ૩૦ વર્ષથી 'સેવા, ત્યાગ અને પ્રેમ'નો સમર્પણ માર્ગ શિષ્યોને સમજાવ્યો છે. પૂ. બાપુ આત્મસાક્ષાત્કારી મહાત્મા હતા અને તેમનું સમગ્ર જીવન એટલે શરણાનંદજી મહારાજના જીવન-લેખન જેવી જ જીવતી જાગતી આચરણસંહિતા. પૂ. સંપૂર્ણાનંદ બાપુ ૧૦૮ વર્ષે સમાધિસ્થ થયા ત્યાર બાદ એમના અગ્રીમ હરોળના શિષ્ય સાધક મહાત્મા કે જે છેલ્લા ૨૨થીયે વધારે વર્ષોથી મૌન છે. તેમની જોડે છેલ્લા ૧૫થીયે વધારે વર્ષથી દર ગુરુવારે ત્રણ અંતરંગ મિત્રો અને ચોથા આ મૌની મહાત્માનો સત્સંગ અવિરત ચાલે છે. આ સત્સંગમાં મૌની મહાત્મા સાથે નદી તટે અનેક વિષયોની વાતો થતી રહે છે, સાધકોના હૃદયમાં ઘૂંટાતા અનેક પ્રશ્નો પણ સ્વાભાવિક રીતે પૂછાય છે. પૂજ્યપાદ શરણાનંદજી મહારાજના પુસ્તકોનું વાંચન સત્સંગ થાય છે. આ વાંચન વખતે મૌની મહાત્મા મહત્ત્વના મુદ્દાઓને વધુ વિષદ રીતે સમજાવવા પાટીપેન પર લખીને સમજાવતા પણ હોય છે. આ સત્સંગમાં ઘણી વખત એવા તો મુદ્દાઓ આવે છે જયારે મૌની મહાત્મા આનંદથી ઊભા થઈ જોર જોરથી અટ્ટહાસ્ય કરી, આનંદથી તાળીઓ પાડતા હોય છે અને આનંદથી તાળીઓ પણ આપે છે એ સત્સંગની ધન્ય ક્ષણો હોય છે. અતિ મુશ્કેલીથી વિશ્વભરના સાધકોનું કલ્યાણ થાય તે શરણાનંદ વાણીની ભાગિરથી તેમના જીવનમાં વહે તે માટે ખચકાતા મૌની મહાત્માને આ પ્રમાણે વિનંતી કરી, કે 'શરણાનંદજી મહારાજની વાણી તમારા માટે કોરા શબ્દો નથી. છેલ્લા કેટલાય વર્ષોથી તમે એક કટિવસ્ત્રભેર,

અકિંચન અવસ્થામાં, પ્રેમી શરણાગત બની 'હૈ'(પરમાત્મા)ને રસ આપવા શરણાનંદજીની વાણીના જીવતા જાગતી આચારસંહિતા જેવું જીવન ગુજારી રહ્યા છો. તમારી પાસે આવતાં વેંત જ હૃદયમાં ઘુમરાતા પ્રશ્નો શાંત પડી જાય છે અને હૃદયમાં પરમ શાંતિનો અનુભવ થાય છે. મને ખબર છે સાચા મહાત્માને પ્રસિદ્ધિ નથી ગમતી તેમ છતાં સાધકોનું કલ્યાણ થાય તે માટે આપને અમારી વિનંતી છે કે તમારા જીવનમાંથી આ જે પ્રસન્નતાનું ઝરણું વહી રહ્યું છે તે પ્રમાણિત કરે છે કે શરણાનંદજી મહારાજની શાશ્વત શ્રુતિવાણી પ્રમાણે જીવવાથી જીવન કેવા કેવા શિખરોનું આરોહણ કરે. અમારી આપને માત્ર સમસ્ત સાધકો વતી એટલી જ વિનંતી છે કે તમારી અંતરંગ સાધના સફરની એક અંજલિ તેમને પીવડાવશો ? આ અંજલિપાનથી સાધકોને ખબર પડશે કે શરણાનંદજીની ઉપનિષદવાણી અપ્રાસંગિક નથી. આજના આ અશાંત યુગમાં પણ તમે સંપૂર્ણાનંદ-શરણાનંદને શરણે જઈ આ અવસ્થા પ્રાપ્ત કરી છે તે હકીકત સાધકોના હૃદયમાં સાધનાપથ પર હિંમતપૂર્વક, ધૈર્યધારણ કરી, કટિબદ્ધતાથી આગેકૂચ કરવા અદમ્ય હિંમત અને હામ અપાવશે. તો આપ થોડું આપની સાધના વિશે લખી આપશો ?' તેમણે પરમકૃપા કરી સ્વહસ્તાક્ષરોમાં જે દિવ્ય વિચારોનું તેઓ નિત્યપ્રતિ સેવન કરી રહ્યા છે તેની સંક્ષિપ્ત નોંધ મને લખી આપી જે આ 'હૃદયપૂર્વક'માં વિશ્વભરના સાધકો માટે હવે રજૂ કરું છું; પ્રશ્ન ઉત્તરના સ્વરૂપમાં....

પ્રશ્ન : મૌની ભગતજી, સમસ્ત જગતમાં સર્વત્ર આજ અશાંતિ, અજંપો અને અભાવ વ્યાપ્ત છે જેથી દરેક જીવનમાં આજ નિરાશા દેખાય છે અને દરેક ચહેરા પર વ્યગ્રતા ડોકાય છે ત્યારે એનાથી સાવે વિપરીત તમે તો પરમ પ્રસન્ન અવસ્થામાં જણાવ છો તેનું શું કારણ ?

ભગતજી : સમજી શકો તો એનું કારણ સાવે સીધું સાદું છે. અમે 'હૈ' (પરમાત્મા)ના પ્રેમી છીએ જેથી 'હૈ'ને રસ મળે એવું જીવન જીવવા સતત પ્રયત્નશીલ રહીએ છીએ. દુઃખી એ રહેશે જેને કાંઈ પણ જોઈતું હશે કાં તો પરમાત્મા પાસેથી અને કાં તો જગત પાસેથી. અમે 'અચાહ' છીએ એટલે અમને કોઈ પાસેથી કાંઈ જ નથી જોઈતું. અમને ન તો પરમાત્મા પાસેથી કાંઈ જોઈએ છીએ, ન તો જગત પાસેથી કાંઈ જોઈએ છે. અમને કાંઈ પણ જોઈતું નથી એથી અમે પ્રસન્ન અવસ્થામાં રહીએ છીએ કદાચ.

પ્રશ્ન : આ ન સમજાય તેવી વાત છે ભગતજી. જીવવા માટે રોટી, કપડાં, મકાન તો જોઈએ ને ? આ ત્રણ મેળવવાની ઈચ્છા જ ન હોય તેવું જીવન વળી કેમ સંભવે ?

આવું જીવન જીવવું અમને તો બિલકુલે શક્ય નથી જણાતું. અમારી ગૃહસ્થીઓએ આવા કપરા સમયમાં સારી રીતે જીવીને સાધના કેમ કરવી તે જરા અમને સમજાવોને.

ભગતજી : જુઓ, સાધક થવું હશે તો સૌ પ્રથમ એટલું તો સમજી જ લો કે સાદું સીધું જીવન જીવવાની તૈયારી કરવી પડશે. જીવનમાં રોટી, કપડાં, મકાન એ તો પાયાની જરૂરિયાતો છે. માટે એ તો પૂરી કરવી પડે પરંતુ એટલું સમજી લો એક તો છે 'જરૂરિયાત' અને બીજી બાજુ છે 'વૈભવી જીવન.' જો તમે જરૂરિયાત માંગશો તો માતા પ્રકૃતિ એ જરૂર પૂરી કરશે. પરંતુ ભૂલેચુકે જીવનમાં લક્ઝરી-મોજશોખ માટે દોડ માંડશો તો એ ક્યારેય પૂરી નહીં થાય. એક ઈચ્છા પૂરી થશે તો બીજી ઊઠશે અને એ સંતોષવા જતાં તમારું જીવન ભાગદોડનું બની જશે માટે જો એ દોડમાં પડશો તો જીવન નિરર્થક બની જશે, હાથમાં કાંઈ નહીં આવે ને જગતમાં ખાલી આવ્યા હતા તેવા જ ખાલી હાથે પાછા જવાનું થશે. કબીરનો દોહો યાદ કરો -

**સાહબ ઈતના દિજિયે જામેં દોનો સમાયે**
**મૈં ભી ભૂખા ના રહૂં, સાધુ ન ભૂખા જાયે.**

તમે એટલું જ પ્રમાણિકતાથી કમાવો જેમાંથી ખાવા-પીવાની, પહેરવા ઓઢવાની તકલીફ ન હોય, સંતાનોને યથાયોગ્ય ભણાવી સંસ્કારી બનાવી શકો, વ્યાવહારિક પ્રસંગો સાદગીથી પૂરા કરી શકો અને તમારે ઘેર આવેલ અતિથિનો આદર સત્કાર કરી શકો. આવું સાદું જીવન જીવશો તો સાધના પણ જરૂર કરી શકશો.

પ્રશ્ન : સાધક તરીકે સર્વ પ્રથમ અમારે શું કરવું જોઈએ ?

ભગતજી : મહેરબાની કરીને એક વાત યાદ રાખજો. હું તમને જે કાંઈ હવે પછી કહીશ એમાં મારું કાંઈ જ નથી. જે કાંઈ કહીશ તે અમારા સદ્‌ગુરુ સંપૂર્ણાનંદ બાપુની કૃપા છે જેમના સત્સંગે અમને શરણાનંદજી મહારાજનો પરિચય કરાવ્યો છે. અમે તો આ વાત કહેવાના નિમિત્ત માત્ર છીએ.

ગુરુદષ્ટિએ સૌ પ્રથમ તમારે તમારો મૂળભૂત સ્વભાવ સમજવો પડશે કારણ કે સ્વભાવ સમજાશે તો જ યોગ્ય સાધન સાધના માટેનું પસંદ કરી શકશો.

પ્રશ્ન : આ સ્વભાવ એટલે વળી શું ? તે કેમ ઓળખવો ?

ભગતજી : સ્વભાવ તમારા અંદરબહારના વર્તન પરથી ઓળખાશે. મુખ્યત્વે સ્વભાવ ત્રણ જાતના છે અને એ મુજબ ઈશ્વરે તમારામાં ત્રણ જાતની શક્તિઓ મૂકી છે. કાં તો તમને વિચારવાનો સ્વભાવ હશે, કાં તો તમને કરવાનો સ્વભાવ હશે અને કાં તો તમને માનવાનો એટલે વિશ્વાસ કરવાનો સ્વભાવ હશે. તમે ઈચ્છો તો આને જ્ઞાન, કર્મ, ભક્તિ કહો.

પરમાત્માએ આ ત્રણે સ્વભાવને અનુરૂપ શક્તિઓ પણ દરેક માનવીને આપી છે. એ છે કરવું, માનવું અને જાણવું. સાધકે બીજું કાંઈ જ કરવાનું નથી, માત્ર કરવા, જાણવા અને માનવાની શક્તિનો સદુપયોગ કરવાનો છે.

પ્રશ્ન : આ ત્રણ પ્રકારના સ્વભાવ અને ત્રણ પ્રકારની શક્તિઓ તો સમજાઈ પણ તેનો સદુપયોગ એટલે શું અને તે કેવી રીતે કરવો તે ન સમજાયું તે જરા વિસ્તારથી સમજાવો.

ભગતજી : પહેલાં લો માનવાની શક્તિ. આ માનવું એટલે તમારો વિશ્વાસ. તમે દઢ મનથી માની લો કે 'હૈ' એટલે પરમાત્મા છે અને બધે એનું જ શાસન ચાલી રહ્યું છે. એ થયું માનવાની શક્તિનો સદુપયોગ.

હવે પોતાની જાતને પ્રશ્ન પૂછી જાણી લો કે 'અહીં મારું કાંઈ નથી.' આ થયો જાણવાની શક્તિનો સદુપયોગ. એક દાખલો આપી સમજાવું. દરેક વ્યક્તિને પોતાનું શરીર અતિ પ્રિય હોય છે અને તે હંમેશને માટે રહેવાનું છે એમ પણ બધાને લાગતું હોય છે. પરંતુ થોડું ઊંડાણથી વિચારો આજ નહીં તો કાલ, ૨૫ કે ૫૦ વર્ષે અરે ! વધારેમાં વધારે ૧૦૦ વર્ષે આ દુનિયામાં અત્યારે જીવતા માણસોમાંથી કોઈ નહીં હોય ખરું ને ? આમ તો શરીર જ આપણું નથી તો ચીજવસ્તુ તો ક્યાંથી આપણી થાય ! આમ જાણી લો કે 'અહીં મારું કાંઈ જ નથી.'

હવે રહ્યો કરવાની શક્તિનો સદુપયોગ તો આ સમગ્ર સંસારના રચયિતા એકમાત્ર પરમાત્મા છે, 'હૈ' છે. તેમણે જ આ 'યહ' એટલે જગતની રચના કરી છે. હવે પરમાત્મા તો આપણે પ્રત્યક્ષ નથી લાગતા પરંતુ તેમણે રચેલું જગત આપણી સમક્ષ છે માટે જગતની સેવા કરવી એ થયો કરવાની શક્તિનો

સદુપયોગ. આને આ વાત બીજી રીતે કહીએ તો વિવેક વિરોધી કર્મ, વિવેક વિરોધી સંબંધ અને વિવેક વિરોધી વિશ્વાસનો ત્યાગ કરવો.

પ્રશ્ન : આ વિવેક વિરોધી કર્મ, સંબંધ અને વિશ્વાસની વાત હજુ અમે પૂરેપૂરી રીતે સમજી શક્યા નથી. સહેલાઈથી કેમ સમજીએ ?

ભગતજી : લો શરણાનંદજી મહારાજે આજ વાતે સીધી સાદી રીતે સમજાવી છે તે કહું છું. એ છે તમે 'બૂરાઈ રહિત જીવન જીવો.' જુઓ તમને ભલાઈ કરવાનું નથી કહેવાતું કારણ કે ભલાઈ કરવા માટે કોઈપણ જાતની શક્તિ અને સામર્થ્યની જરૂર પડશે પરંતુ બધી જાતની બૂરાઈ છોડીને જીવવું આપણા હાથની વાત છે. શુદ્ધ જીવન ચિત્ત અને મનથી શુદ્ધ ચારિત્ર્ય માટે ન કોઈનું બૂરું ચાહો, ન કોઈનું બૂરું કરો અને ન તો કોઈને બૂરાં વચન કહો. આ તો કોઈ પણ વ્યક્તિ કરી જ શકે. ખરું ને ?

પ્રશ્ન : આ બૂરાઈ રહિત જીવનની વાત તો સમજયા પણ શાંત બેસી ને થોડીવારે નામ સ્મરણ કે જાપ વિ. કરીએ છીએ તો મનમાં અનેક જાતના વિચારોના ધાડાં દોડ્યાં આવે છે. આ વિચારો કેમ રોકીએ ?

ભગતજી : જુઓ, આ વિચારો તો ઊઠવાના જ. કારણ કે એ તમે જે ભોગવેલા ભોગો અને હજુયે જે ભોગો ભોગવવાની ઈચ્છા રાખો છો તેમાંથી ને ભૂતકાળના બનાવોની સ્મૃતિના સંસ્કારમાંથી જ જન્મે છે. એક વાત સમજી લો શરણાનંદજી આને 'વ્યર્થ ચિંતન' કહે છે. એ મટી જવા માટે જ ઊઠે છે. એને સાક્ષીભાવે, અસંગ થઈ જોયા કરો. આ વ્યર્થ ચિંતનનો પ્રવાહ ધીમે ધીમે ઓછો થઈને શમી જશે.

પ્રશ્ન : ભગતજી, અમે અત્યાર સુધી જીવનમાં જાણે અજાણે ઘણી ભૂલો, ઘણાં પાપ કર્યાં છે તેનો અપરાધભાવ અમને કોરી ખાય છે. આમાંથી છૂટીને ભક્તિ કેમ કરીને કરીએ ?

ભગતજી : જરા ધ્યાન દઈને સાંભળજો. અત્યારે જયારે આ સમયે અહીં બેસીને તમે મારી વાત સાંભળી રહ્યા છો ત્યારે આ ક્ષણે તમે અપરાધી છો ? નથી ને ? તો વર્તમાન કાળ બધાનો નિર્દોષ જ છે. ભૂતકાળમાં જે ભૂલો થઈ ગઈ એ થઈ ગઈ. એને ભૂલી જવામાં જ સાર છે. વર્તમાનમાં તો તમે નિર્દોષ છો. હા ! માત્ર એટલું યાદ રાખો. ભૂતકાળમાં જે ભૂલો તમે કરી તે ફરીથી ન થાય તેનું

તમે અત્યારે જ દઢ વ્રત લો અને હવે પછી કાળજી રાખજો એ ભૂલો ફરીથી તમારા દ્વારા ન થવા પામે. આટલું તો થશે ને ? આ ઉપરાંત આટલું પણ જરૂર કરજો. 'દુ:ખીને જોઈને કરુણાવાન થજો અને સુખીને જોઈને પ્રસન્ન થજો.' આનાથી તમારા હૃદયમાં લાગણી-સંવેદના ઊભી થશે અને ઈર્ષ્યા અદેખાઈ નહીં પેદા થાય.

પ્રશ્ન : અમારી મોટામાં મોટી ભૂલ શું થઈ છે એ જ સમજાતું નથી.

ભગતજી : જુઓ, માણસ માત્રની સૌથી મોટામાં મોટી ભૂલ એ છે કે એ પોતાને શરીર માને છે. તમામ પ્રકારની અશુદ્ધિનું મૂળ આ ખોટી રીતે દઢ થઈ ગયેલ માન્યતા છે. તમે તો પરમાત્માનું સંતાન છો; દિવ્ય ચૈતન્યના અંશ છો. શરીર નથી, નથી ને નથી જ. તમારા આ ચેતન અંશને સ્પર્શવા માટે પ્રકૃતિની તાકાત નથી કારણ એ ઈશ્વરનો અંશ છે ને પ્રકૃતિ, જગત તો જડ છે. રામાયણમાં એટલે જ કહ્યું છે -

**ઈશ્વર અંશ, જીવ અવિનાશી,**
**ચેતન, અમલ, સહજ સુખરાશી**

પ્રશ્ન : આટલું તો સમજાયું. હવે સાધક તરીકે જગતમાં જીવવું કઈ રીતે તે સમજાવો.

ભગતજી : એક જ સૂત્ર યાદ રાખો એ બધી જગાએ દીવાદાંડી જેમ તમને કામ લાગશે. સૂત્ર છે, 'પોતાના અધિકારનો ત્યાગ કરો અને બીજાના અધિકારનું રક્ષણ કરો.'

પ્રશ્ન : આ સૂત્ર વ્યવહારિક રીતે અમે કઈ રીતે અપનાવીને જીવીએ ?

ભગતજી : જુઓ સાધક આંખ બંધ કરે છે 'હૈ' એટલે પરમાત્માને સન્મુખ થવા અને આંખ ખોલીને જુએ છે તો એની સામે જગત હોય છે. સાચા સાધકે જગતના અધિકારની પણ રક્ષા કરવાની છે અને પરમાત્માના અધિકારની પણ.

તમારું જે શરીર છે એ પંચમહાભૂતનું બનેલું છે અને આ જગત પણ પંચમહાભૂતનું બનેલું છે. મતલબ કે શરીરથી તમે આ જગતના અંશ છો. બીજી રીતે જુઓ તો તમારા શરીરની જે કાંઈ જરૂરત છે એ જગત જ પૂરી પાડે છે માટે જ્યારે જગતમાં જીવો ત્યારે લેવાની ઈચ્છાનો ત્યાગ કરો અને જગતને આપો. આ આપવું એટલે એવું જીવન જીવવું કે જગતને લેશમાત્ર પણ નુકશાન ન થાય. જગતમાં પશુપક્ષી પણ છે અને નદીનાળાં પર્વતો વૃક્ષો પણ છે. મનુષ્યો

પણ છે. આ સમગ્ર જગતના અધિકારનું રક્ષણ કરવા આમાંના કોઈને નુકસાન થાય તેવું જીવન સાધક ન જીવી શકે ? આ જ વાત કુટુંબ અને સમાજને પણ લાગુ પડે છે કારણ તે જગતમાં છે.

હવે રહ્યું પરમાત્માના અધિકારનું રક્ષણ. તમને થશે માણસ વળી પરમાત્માના અધિકારનું શું રક્ષણ કરે ? માણસે તો પરમાત્મા પાસે માગવાનું છે એ પરમાત્માને આપી શું શકે ? જરા વિચારો તમારી પાસે એવી એક માત્ર કઈ ચીજ છે જેની પરમાત્માને ઝંખના છે ? એ છે તમારો પ્રેમ. આ પ્રેમ પરમાત્માને તો જ મળે જો તમે રાજીખુશીથી આપો. પરમાત્માએ સાચું માનો તો મનુષ્યની રચના જ કરી છે આ પ્રેમના આદાન-પ્રદાન માટે. જગતમાં મનુષ્ય માત્ર એક એવું ગૌરવ ધરાવે છે જે પરમાત્માને પણ પ્રેમનું દાન કરી શકે. સામે પક્ષે પ્રેમ લઈ શકે તેવા પણ એક માત્ર પરમાત્મા જ છે. આમ પ્રેમની પ્રાપ્તિ એ પરમાત્માનો અધિકાર છે. માટે દરેક પરિસ્થિતિ, અવસ્થામાં પરમાત્માને પ્રેમ કરો.

ધ્યાનથી સાંભળો. આજ સુધી કોઈની બધી જ ઈચ્છા ક્યારેય આ જગત પૂરી કરી શક્યું નથી અને કરી શકશેય નહીં. સાધક માત્ર સત્ય કહો કે ઈશ્વર કહો તેને જ પામવા ઈચ્છે છે કારણ કે એ જ નિત્ય અને સનાતન છે. એટલું જ નહીં એ જ તમારો પરમ આત્મીય પ્રિય છે કારણ કે એ તમારા અંગસંગ રહે છે તમને ક્યારેય છોડીને જતો નથી. જગત કહો તો જગત અને શરીર કહો તો શરીર નાશવંત છે. આજથી માંડીને સો વરસના ગાળામાં એ તો નાશ પામવાનું જ છે. માટે સાધકનું પરમ કર્તવ્ય એક અને એકમાત્ર છે. 'નાશવંત શરીરનો નાશ થાય એ પહેલાં અવિનાશી પરમાત્માને જાણી લેવા, માણી લેવા.' તમે જ જુઓ ને ! તમારી એક કામના પૂરી થાય તો બીજી તરત જ શરૂ થાય છે. જીવન પૂરું થશે પણ કામના પૂરી નહીં થાય. શરીરનો અંત થશે પણ કામનાઓનો નહીં. માટે નિત્ય, સનાતન, પરમ આત્મીય 'હૈ' (પરમાત્મા)ની પસંદગી કરો ને નાશવંત 'યહ' (સંસાર)ને છોડો. સંસારને ભોગવાય નહીં, જરૂરત પૂરતું જ સંસારમાંથી લેવાય અને બાકી તો સંસાર પણ પરમાત્માની એટલે 'હૈ'ની રચના છે. એ નાતે જગતની સેવા કરો.

પ્રશ્ન : અમે તમે કહો છો એ મુજબના સાધના માર્ગે ચાલશું પછી અમને શું સમજાશે ?

ભગતજી : જુઓ, પછી તમે સાધક બની સત્યના માર્ગે ચાલી નીકળશો ત્યારે સાધનાનો આ માર્ગ કાપતાં કાપતાં તમને તમારી ભૂલો સમજાતી જશે. આ ભૂલો કઈ છે તમે જાણો છો ? અનંત કાળથી તમે અનંત જન્મો લીધા છે જેને આપણે દેશી ભાષામાં લખ ચોરાશી કહીએ છીએ. આ જન્મો દરમ્યાન તમે એક જ જાતની ભૂલો ફરી ફરી કરી છે. એ છે 'હું શરીર છું', 'મારું શરીર છે', 'મને આ આ કામના છે', 'આ આ કામના મારે મેળવવી છે', 'આ આ મારા પોતાના સંબંધીઓ છે.' વિ. વિ.

પછી તમને સમજાશે કે તમારા એક નહીં ત્રણ શરીર છે એક તો પ્રત્યક્ષ દેખાતું ભૌતિક શરીર; બીજું આ શરીરમાં રહેલ મન એટલે સૂક્ષ્મ શરીર અને ત્રીજું જેને કારણે ફરી ફરી જન્મ થાય છે તે કારણ શરીર. આ ત્રણે શરીરમાંથી મુક્ત થવાય તો મુક્તિ મળે. ભૂલો થઈ છે શરીર સાથેના તાદાત્મ્યથી, કામનાથી તથા મમતાથી. આ ભૂલો સાધકને ધીમે ધીમે સમજાતી જશે.

પ્રશ્ન : આ ત્રણે શરીરમાંથી આ જ જન્મમાં મુક્ત થવાશે ખરું ?

ભગતજી : શા માટે નહીં ? આ માટે તમે અકિંચન, અચાહ અને અપ્રયત્ન બની જાવ. અકિંચન એટલે સમજી લો, 'અહીં મારું કાંઈ જ નથી' આનાથી સ્થૂળ શરીર છૂટશે.

ત્યારબાદ આવ્યું સૂક્ષ્મ શરીર. એનાથી છૂટવા અચાહ બનો. હવે જ્યારે તમને સમજાઈ ગયું કે મારું કાંઈ જ નથી તો અચાહપણું જન્મશે. મતલબ કે, 'મને કાંઈ જોઈતું નથી.' પછી બસ ! તમે બધા પ્રત્યે સદ્ભાવ રાખો, બધાના ભલાની કામના કરો.

છેલ્લે આવશે કારણ શરીર. એનાથી છૂટવા માટેનો એક જ ઉપાય છે. ન તો ક્રિયા કરો, ન વિચાર. મતલબ કે દરેક રીતે અપ્રયત્ન થઈ જાઓ. મતલબ છે આ વાક્યમાં, 'મૈં કુછ ભી નહીં હૂં', હું કાંઈ જ નથી એટલે તું જ બધું છે; બધે છો. બસ ! જીવનની નૈયા પરમાત્મા રૂપ મલ્લાહના હાથમાં સોંપી શરણાગત થઈ બે હાથ ઊંચા કરી, પછી બે હાથ જોડી કહી દો, ઘોષણા કરો, 'રાજી હૈ હમ ઉસમેં, જિસમે તેરી રજા હૈ.' સારું ખરાબ જે કાંઈ આવે તે પરમાત્મા તરફથી આવતો પ્રસાદ માત્ર છે એમ માની પ્રસન્નભાવે શરણાગત થઈ બધું જ સ્વીકારો. આમ, અકિંચન, અચાહ, અપ્રયત્ન-શરણાગત બની તમે ત્રણે શરીર સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીરથી છૂટી જઈ મુક્ત બની મુક્તિનો આનંદ પામશો.

પ્રશ્ન : ભગતજી તમે આટલી બધી વાતો કરી એને અમે પાળી શકીએ, સમજી શકીએ એવાં

થોડા સૂત્ર વાક્ય બનાવી આપો ને !

ભગતજી : જુઓ, મેં મારી સમગ્ર સાધના અને મારા ગુરુદેવ સંપૂર્ણાનંદજી તથા ગુરુતત્ત્વ જેવા શરણાનંદજી મહારાજની વાતો પરથી સાત સૂત્રો બનાવીને કરી છે. હંમેશા હું આ સાત સૂત્રો પ્રમાણે જીવવા પ્રયત્નશીલ રહું છું કારણ કે હું પણ સાધક જ છું.

સૌથી મહત્વનું અને સૌથી અગ્રીમ મારા માટે પ્રથમ સૂત્ર છે જે મુજબ 'હૈ' એટલે કે પરમાત્મા છે. આ મારો શરણાગત ભક્ત પ્રેમી તરીકેનો દૃઢ વિશ્વાસ છે. હવે સાધક તરીકે જ્યારે મારી સામે જગત હોય મતલબ કે મારે વ્યક્તિ તરીકે વર્તવાનું હોય ત્યારે બીજાં ત્રણ સૂત્રો છે.

૧. હું જગતની સેવા કરું.

૨. હું જગતનો આદર કરું. (કામના મમતાનો ત્યાગ)

૩. હું જગતને પ્રેમ કરું. (જગત એટલે 'યહ' એ 'હૈ'ની રચના છે.) સાધક તરીકે હું મારી જાતની ખોજ કરતો હોઉં છું નિરંતર ત્યારે જેમ ઉપરના ત્રણ સૂત્ર બહારનાં છે તેમ ત્રણ સૂત્ર અંદરના પણ છે.

૧. મેરા કુછ ભી નહીં હૈ (અકિંચન)

૨. મુઝે કુછ નહીં ચાહિયે (અચાહ)

૩. મૈં કુછ ભી નહીં હું (અપ્રયત્ન)

હું આ સાત સૂત્રોને યાદ રાખી નિત્ય સાધના પરાયણ સાધક રહું છું.

પ્રશ્ન : ધારો કે અમારામાં એટલો પ્રભુ વિશ્વાસ નથી અને અમે જગતને સાચું માનીએ છીએ તો ?

ભગતજી : કાંઈ વાંધો નહીં. તો પછી તમારું શરીર પંચમહાભૂતનું છે જગત પંચમહાભૂતનું છે. હવે જગતની સેવા કરો; જગતનો આદર કરો, જગતને પ્રેમ કરો અને જગત માટે અકિંચન, અચાહ, અપ્રયત્ન બનો. આ જ સાત સૂત્રો તમને કામ આવશે.

પ્રશ્ન : ધારો કે ન તો જગતને ન તો પરમાત્માને માનીએ છીએ પરંતુ માત્ર પોતાની જાતમાં વિશ્વાસ છે તો ?

ભગતજી : તો જાતને જાણો. તે જાણવાની જિજ્ઞાસામાં રહો. પાતંજલ યોગ સૂત્ર પ્રમાણે યોગ કરો કે અન્ય રીતે ધ્યાન કરો અને જાતને જાણી લો. આમાં પણ જાતની સેવા, ત્યાગ અને પ્રેમ આવશે તથા અકિંચન, અચાહ, અપ્રયત્ન આવશે જ. આ વિચાર એટલે

જ્ઞાનનો માર્ગ થશે. અંદર ઉતરી તમારી જાતને પૂછો 'હું કોણ છું?' જવાબ મળશે હું શું શું નથી. અંતમાં માત્ર શુદ્ધ આત્મા જ રહેશે જે પરમાત્માનો અંશ છે.

પ્રશ્ન : આ બધી વાત સમજાઈ જાય એવો કોઈ સહેલો ગુટકો છે તમારી પાસે ?

ભગતજી : **જગ કી સેવા,**
**ખોજ અપની,**
**પ્રીતિ રામ સે કિજિએ,**
**જિંદગી કા રાજ હૈ યે જાનકર જી લિજીયે.**

અમે તો શરણાગત છીએ 'હૈ'ના, આ જગત 'હૈ'ની રચના છે જેથી અમે બધે જ વાસુદેવને જ જોઈએ છીએ. વાસુદેવમ્ સર્વમ્ અને કારણ કે 'હૈ'એ સંસાર બનાવ્યો છે જેથી આ સમગ્ર જગત અમારો પરિવાર છે જેની અમે અકિંચન, અચાહ, અપ્રયત્ન-શરણાગત બની યશાશક્તિ, પ્રેમ, આદર, સેવા કરીને નિત્ય પ્રસન્ન રહીએ છીએ.

# My personal notes...

# My personal notes...

# My personal notes...

॥ श्रीहरिः शरणम् ॥

# 'मानवसेवा संघ' का अमूल्य साहित्य

१. सन्त-वाणी (आठ भागों में)
२. सन्त-समागम (तीन भागों में)
३. सन्त-सौरभ
४. साधन-तत्त्व
५. साधन-त्रिवेणी
६. साधन-निधि
७. मानव की माँग
८. मानवदर्शन
९. सन्त-जीवन-दर्पण
१०. सन्त-पत्रावली (तीन भागों में)
११. चित्तशुद्धि (दो भागों में)
१२. जीवन-दर्शन (दो भागों में)
१३. जीवन-पथ
१४. दर्शन और नीति
१५. दुःख का प्रभाव
१६. पथ-प्रदीप
१७. पाथेय (दो भागों में)
१८. प्रश्नोत्तरी (दो भागों में)
१९. प्रार्थना तथा पद
२०. प्रेरणा-पथ
२१. मंगलमय विधान
२२. मानवता के मूल सिद्धान्त
२३. मानवसेवा संघ का परिचय
२४. मूक सत्संग तथा नित्ययोग
२५. 'मैं' की खोज
२६. सत्संग और साधन
२७. सन्त-उद्‌बोधन
२८. सन्त-हृदयोद्‌गार
२९. जीवन-विवेचन (सात भागों में)
३० क्रान्तिकारी सन्तवाणी ('मानव सेवा संघ' के प्रवर्तक ब्रह्मलीन पूज्यपाद स्वामी श्री शरणानन्दजी महाराज के ढाई हजार से अधिक अनमोल वचन)
31. A Saint's call to Mankind
32. Ascent Triconfluent
33. Sadhna-Spotlight by a Saint

**www.swamisharnanandji.org**

मानव सेवा संघ

वृन्दावन - २८११२१ (जि. मथुरा) उत्तरप्रदेश. फोन : (०५६५) २४४२७७८

# મૈં નહીં, મેરા નહીં

મૈં નહીં, મેરા નહીં, યહ તન કિસી કા હૈ દિયા
જો ભી અપને પાસ હૈ, વહ ધન કિસી કા હૈ દિયા

દેને વાલે ને દિયા, વહ ભી દિયા કિસ શાન સે
'મેરા હૈ' યહ લેને વાલા, કહ ઉઠા અભિમાન સે
'મૈં', 'મેરા' યહ કહને વાલા, મન કિસી કા હૈ દિયા
મૈં નહીં...

જો મિલા હૈ વહ હમેશા, પાસ રહ સકતા નહીં
કબ બિછુડ જાયે યહ કોઈ, રાજ કહ સકતા નહીં
જિન્દગાની કા ખિલા, મધુબન કિસી કા હૈ દિયા
મૈં નહીં...

જગ કી સેવા, ખોજ અપની, પ્રીતિ ઉનસે કિજીયે
જિન્દગી કા રાજ હૈ, ય જાનકર જી લીજીયે
સાધના કી રાહ પર, સાધન કિસી કા હૈ દિયા
જો ભી અપને પાસ હૈ, વહ સબ કિસી કા હૈ દિયા
મૈં નહીં....

## સન્ત હૃદય કી કરુણ પુકાર

હે હૃદયેશ્વર; હે સર્વેશ્વર; હે પ્રાણેશ્વર; હે પરમેશ્વર;
હે હૃદયેશ્વર; હે સર્વેશ્વર; હે પ્રાણેશ્વર; હે પરમેશ્વર;
હે હૃદયેશ્વર; હે સર્વેશ્વર; હે પ્રાણેશ્વર; હે પરમેશ્વર;
હે હૃદયેશ્વર; હે સર્વેશ્વર; હે પ્રાણેશ્વર; હે પરમેશ્વર;
હે હૃદયેશ્વર; હે સર્વેશ્વર; હે પ્રાણેશ્વર; હે પરમેશ્વર;

હે સમર્થ, હે કરુણાસાગર, વિનતી યહ સ્વીકાર કરો ।
હે સમર્થ, હે કરુણાસાગર, વિનતી યહ સ્વીકાર કરો ।

ભૂલ દિખાકર ઉસે મિટાકર, અપના પ્રેમ પ્રદાન કરો ।
ભૂલ દિખાકર ઉસે મિટાકર, અપના પ્રેમ પ્રદાન કરો ।

પીર હરો હરિ, પીર હરો હરિ, પીર હરો, પ્રભુ પીર હરો ।
પીર હરો હરિ, પીર હરો હરિ, પીર હરો, પ્રભુ પીર હરો ।